MoU લંબાવીને શેષનાગ સુધીનો રસ્તો સાફ કર્યો,' મહેબૂબાએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. પૂર્વ મુખ્યમંત્રીએ મંગળવારે બાંધકામ સ્થળની મુલાકાત લેવાનો પ્રયાસ કર્યો પરંતુ પોલીસે તેમને અટકાવ્યા. વિકાસના નામે, તે આપણા નાજુક ઈકોલોજી પર હુમલો છે, જેનાથી શેષનાગ ઈકોસિસ્ટમ અને અમરનાથ યાત્રા બંને જોખમમાં મૂકાયા છે. શું મુખ્યમંત્રી અને પ્રવાસન વિભાગ આ MoU અને આપવામાં આવેલી મંજૂરી અંગે સમજાવશે ? 'શું તેઓ તેને પાછું ખેંચી લેશે ? શું તેઓ તેને બદલી ન શકાય તેવા નુકસાન પહેલાં પાછું ખેંચી લેશે ?' તેણીએ પૂછ્યું. BROએ સોમવારે કહ્યું હતું કે, તે અમરનાથ યાત્રા પછીનું કાર્ય તમામ સલામતી ધોરણો અને પર્યાવરણીય સુરક્ષાનું પાલન કરી રહ્યું છે. ઊંચાઈવાળા તળાવની આસપાસ બાંધકામનો વિરોધ કરતી ઓનલાઈન અરજીએ વેગ પકડ્યો હતો અને તે રાતોરાત વેબસાઈટ પરથી ગાયબ થઈ ગઈ હતી. 'કાશ્મીરના આલ્પાઈન તળાવોની આસપાસ બાંધકામ બંધ કરો' શીર્ષકવાળી આ અરજી Zarqua Banday દ્વારા Change.rog પર શરૂ કરવામાં આવી હતી અને તેના પર લગભગ ૧૬૦૦ સહીઓ મળી હતી. અરજદારોએ ટકાઉ પ્રવાસન પહેલ માટે હાકલ કરી હતી જે પ્રદેશના કુદરતી પર્યાવરણને જાળવી રાખશે. માર્ગદર્શિત ટ્રેકિંગ, મર્યાદિત એક્સેસ પરમિટ અને પર્યાવરણને અનુકૂળ રહેઠાણ જેવા ઉકેલો આપણા જંગલને બલિદાન આપ્યા વિના આર્થિક લાભ લાવી શકે છે. સ્વિસ આલ્પ્સ જેવા સમાન પડકારોનો સામનો કરી રહેલા અન્ય પ્રદેશોએ આવી વ્યૂહરચનાઓનો સફળતાપૂર્વક અમલ કર્યો છે. 'આપણે તેમની પાસેથી શીખવાની જરૂર છે અને ટૂંકા ગાળાના લાભો કરતાં લાંબા ગાળાના પર્યાવરણીય સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવાની જરૂર છે,' અરજીમાં લખ્યું છે. જમ્મુ અને કાશ્મીર પ્રદેશ કોંગ્રેસ સમિતિના વડા તારિક હમીદ કરાએ મંગળવારે તળાવ પાસે ખોદકામ કરનારની તેનાતી પર પણ સવાલ ઉઠાવ્યા હતા. અરજી પર હસ્તાક્ષર કરનારા કાશ્મીરના મુખ્ય મૌલવી, મીરવાઇઝ ઉમર ફારૂકે પર્યાવરણીય નુકસાનને રોકવા માટે સામૂહિક પગલાં લેવાની હાકલ કરી હતી. 'આપણે બધાએ આપણા પર્યાવરણના સૌથી નાજુક સ્થળોએ થતાં મૂર્ખ વિનાશને રોકવા માટે સામૂહિક રીતે અવાજ ઉઠાવવો પડશે,' તેમણે કહ્યું. મીરવાઇઝે અબ્દુલ્લાહના મૌન પર પણ સવાલ ઉઠાવતા કહ્યું કે, ચૂંટાયેલા પ્રતિનિધિ તરીકે મુખ્યમંત્રીની દખલ કરવાની જવાબદારી છે. 'આપણા મુખ્યમંત્રી @omarabdullah કેમ ચૂપ છે ? 'પર્યાવરણીય મુદ્દા તરીકે જે રજૂ કરવામાં આવી રહ્યું છે તે વધુને વધુ વિવાદ પેદા કરવાનો, શાંતિપૂર્ણ વાતાવરણને ખલેલ પહોંચાડવાનો અને સંકુચિત રાજકીય લાભ માટે ધાર્મિક લાગણીઓનો ઉપયોગ કરવાનો પ્રયાસ હોવાનું જણાય છે,' પક્ષના પ્રવક્તા અને પૂર્વ MLC ગિરધારી લાલ રૈનાએ એક નિવેદનમાં જણાવ્યું હતું. ઊંચાઈ પરના તળાવની નજીક ખોદકામ કરનારને કાર્યરત દર્શાવતો એક વીડિયો સામે આવ્યા બાદ વિવાદ વધુ તીવ્ર બન્યો.

૧૬ વર્ષની ઉંમરે ૯ ગિનિસ રેકોર્ડ... આર્યનનું મગજ AI કરતાં ઝડપી છે !

નાસિકના આર્યન શુક્લા જેમણે માત્ર ૧૬ વર્ષની ઉંમરે ૯ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા અને બે વાર મેન્ટલ કેલ્ક્યુલેશન વર્લ્ડ કપ જીત્યો, તેને કોઈ પરિચયની જરૂર નથી. કૃત્રિમ બુદ્ધિમત્તાના આ યુગમાં આ 'માનવ કેલ્ક્યુલેટર', જે કેલ્ક્યુલેટર વિના પોતાના મગજમાં જટિલ ગણતરીઓ કરે છે, તેની સફળતા તેની મહેનત અને તેના માતા-પિતાના યોગ્ય માર્ગદર્શનને આભારી છે

(એજન્સી) તા.૨૫

આજે જ્યારે આપણે દરેક નાની ગણતરી માટે સ્માર્ટફોન અથવા કેલ્ક્યુલેટર પર આધાર રાખીએ છીએ, ત્યારે મહારાષ્ટ્રના નાસિકનો ૧૬ વર્ષનો છોકરો તેની મગજશક્તિથી દુનિયાને આશ્ચર્યચકિત કરી રહ્યો છે. જ્યારે AI સેકન્ડોમાં જવાબો આપે છે, ત્યારે ૧૬ વર્ષનો આર્યન શુક્લા તેના મગજમાં જટિલ ગણતરીઓ વધુ ઝડપથી કરે છે. બાળ પ્રતિભાશાળી તરીકે જાણીતા આર્યન પહેલાથી જ નવ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવી ચૂક્યા છે અને ૧૨ વર્ષની ઉંમરે, માનસિક ગણતરી વર્લ્ડ કપ જીતીને ભારતને ગૌરવ અપાવ્યું છે. ચાલો ભારતના "માનવ કેલ્ક્યુલેટર" તરીકે જાણીતા આર્યન શુક્લાની પ્રેરણાદાયી સફળતા અને તેમની સફળતાની વાર્તાનું અન્વેષણ કરીએ.

આર્યનની સફર જાદુઈથી ઓછી નથી. તેણે માત્ર છ વર્ષની ઉંમરે માનસિક ગણિતનો અભ્યાસ શરૂ કર્યો. દોઢ વર્ષની અંદર, તેના માતાપિતાને ખ્યાલ આવ્યો કે તેમના પુત્રની ક્ષમતાઓ સામાન્ય બાળકો કરતા અલગ છે. તેના પિતા, નીતિન શુક્લા, યાદ કરે છે, "દોઢ વર્ષ પછી અમે જોયું કે આર્યન જે કરી રહ્યો હતો તે અસામાન્ય હતું. ત્યારે જ અમે ધ્યાન આપ્યું અને તેને સ્પર્ધાઓમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કર્યા." ૨૦૧૮માં માત્ર ૮ વર્ષની ઉંમરે તેણે ઇસ્તંબુલમાં મેમોરિયલ તુર્કી ઓપન ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું, જેમાં ૭ ગોલ્ડ મેડલ સહિત કુલ ૧૦ મેડલ જીત્યા, બાળકો માટે બે વિશ્વ રેકોર્ડ બનાવ્યા. આર્યનની કારકિર્દીનો સૌથી મોટો વળાંક જુલાઈ ૨૦૨૨માં આવ્યો, જ્યારે તેણે જર્મનીના પેડરબોર્નમાં આયોજિત મેન્ટલ કેલ્ક્યુલેશન વર્લ્ડ કપમાં ભાગ લીધો. વિશ્વભરમાંથી પસંદ



કરાયેલા ૪૦ સહભાગીઓમાં, તે સમયે ફક્ત ૧૨ વર્ષના આર્યન, એ ટાઇટલ જીત્યું. નીતિન સમજાવે છે કે જાપાની ટીમ અગાઉ આ સ્પર્ધામાં પ્રભુત્વ ધરાવતી હતી, પરંતુ નાની ઉંમરે આર્યને પાછું ફેરવી દીધું. આ પછી, તે સપ્ટેમ્બર ૨૦૨૪માં પોતાના ટાઇટલનો બચાવ કરવા પાછો ફર્યો, ૯૦૦ પોઈન્ટમાંથી ૮૧૯.૮૪ પોઈન્ટ મેળવ્યા, વધુમાં ગુણાકાર, વર્ગમૂળ અને કેલેન્ડર તારીખો સહિત તમામ છ ટ્રોફી જીતી અને પાંચ નવા વર્લ્ડ રેકોર્ડ બનાવ્યા. આર્યનની ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ સફર ફેબ્રુઆરી ૨૦૨૪માં શરૂ થઈ, જ્યારે તેણે એક ઇટાલિયન ટીવી શોમાં માત્ર ૨૫.૧૯ સેકન્ડમાં માનસિક રીતે ૫૦ પાંચ-અંકના નંબરો ઉમેરીને પોતાનો પહેલો રેકોર્ડ બનાવ્યો. ત્યારબાદ ડિસેમ્બર ૨૦૨૪ માં દુબઈમાં ગિનીસ વર્લ્ડ રેકોર્ડ્સ ઓફિસમાં એક જ દિવસમાં છ વધુ રેકોર્ડ બનાવ્યા. તેમણે પેન અને કાગળ વિના ૧૮.૭૧ સેકન્ડમાં ૫૦ પાંચ-અંકની સંખ્યાઓ ઉમેરી અને ૩૦.૯ સેકન્ડમાં ૧૦૦ ચાર-અંકની સંખ્યાઓ ઉમેરીને ઇતિહાસ રચ્યો. એપ્રિલ ૨૦૨૬માં ઇટાલીની તેમની મુલાકાત દરમિયાન, તેમણે બે વધુ રેકોર્ડ બનાવ્યા: ૮-અંકની સંખ્યાનું વર્ગમૂળ અને ૧૦-અંકની સંખ્યાને ૫-અંકની સંખ્યાથી ભાગાકાર. આટલી નાની ઉંમરે અસંખ્ય રેકોર્ડ બનાવ્યા હોવા છતાં આર્યન પર તેના માતાપિતા દ્વારા ક્યારેય દબાણ કરવામાં આવ્યું ન હતું. તે હાલમાં નાસિકમાં દિલ્હી પબ્લિક સ્કૂલ (DPS) માં ૧૧મા ધોરણનો વિદ્યાર્થી છે અને ૧૦મા બોર્ડની પરીક્ષામાં ૯૭ ટકા મેળવ્યા છે. તેને ગણિત અને ભૌતિકશાસ્ત્રમાં ખૂબ રસ છે. તેના પિતા સ્પષ્ટપણે માને છે કે તે પરિણામો કરતાં સખત મહેનતને પ્રાથમિકતા આપે છે. જો આર્યન તેના કાર્યોના ૨૦% પણ કરતો હોત, તો પણ તે એટલો જ ખુશ હોત. ટેકનોલોજી અને AIના આ યુગમાં, માનસિક ગણતરીઓનું કોઈ મૂલ્ય બાકી છે કે કેમ તે પ્રશ્ન થવો સ્વાભાવિક છે.

આર્યનની વાર્તા ફક્ત તીક્ષ્ણ ગણતરીઓ વિશે નથી, તે વાલીપણાની એક ઉત્તમ ઉદાહરણ પણ છે. તેના પિતા સ્પષ્ટપણે કહે છે કે માતાપિતાએ તેમના બાળકો પર તેમના અધૂરા સપનાઓનો બોજ ન નાખવો જોઈએ. તેમણે તેમની રૂચિઓને ઓળખવી જોઈએ અને તેમના માટે પૂરતો સમય ફાળવવો જોઈએ, પછી ભલે તે રમતગમત હોય, ગણિત હોય કે અન્ય કોઈ ક્ષેત્ર હોય. આર્યનની સફર સાબિત કરે છે કે જ્યારે બાળકોની જિજ્ઞાસાને યોગ્ય વાતાવરણ અને પ્રેમથી પોષવામાં આવે છે, ત્યારે તેમની ક્ષમતાની કોઈ સીમા નથી હોતી !

મહિને રૂા.૬,૫૦૦ની એક દિવસની નોકરી, રાત્રે પોતાનો વ્યવસાય... રૂા.૮૦ કરોડની કંપની બનાવી !

(એજન્સી) તા.૨૫

પોતાની સખત મહેનત અને સકારાત્મક વિચારસરણીથી, યોગેશ શર્માએ ફૂડ એન્ડ બેવરેજ (F&B) ઉદ્યોગમાં એક નવો સીમાચિહ્ન હાંસલ કર્યો છે. આજે, ઘણા લોકો કારીગરી વેન્ચર્સના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર યોગેશ શર્માની સફળતાની વાર્તા વિશે વાત કરી રહ્યા છે. દિલ્હીમાં પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યા પછી, યોગેશ શર્માએ પુણેની પ્રતિષ્ઠિત સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (SIBM)માંથી 'બિઝનેસ અને માર્કેટિંગ મેનેજમેન્ટ'નો અભ્યાસક્રમ કર્યો. ૨૦૦૭માં તેમણે મુંબઈમાં હિન્દુસ્તાન ટાઈમ્સમાં માર્કેટિંગ એક્ઝિક્યુટિવ તરીકે કામ કરવાનું શરૂ કર્યું, જે દર મહિને રૂા.૬,૫૦૦ પગાર મેળવતા હતો. તે સમયે પગાર ઓછો હોવા છતાં તેમને હંમેશા પોતાનો વ્યવસાય બનાવવાનો શોખ હતો. યોગેશે પોતાની નોકરી ચાલુ રાખતા, મુંબઈમાં રૂા.૧૦ લાખના રોકાણથી ૨૦ સીટનું એક નાનું કાફે ખોલ્યું. તે દિવસ દરમિયાન કામ કરતો અને સાંજે કાફેમાં રેસ્ટોરન્ટ વ્યવસાયની ગૂંચવણો શીખતો. ૨૦૧૧થી ૨૦૧૫ની વચ્ચે, યોગેશ મુંબઈથી દિલ્હી પાછો ફર્યો અને યુવાનો પર ધ્યાન કેન્દ્રિત કરીને રેસ્ટોરન્ટ શરૂ કરી. દેશબંધુ કોલેજ

નગરપાલિકાનો સેનેટરી વિભાગ ક્યારે કાર્યવાહી કરશે ?

ધોળકામાં મામલતદાર કચેરીથી રેલવે સ્ટેશન રોડ પર ગટરના પાણી ભરાતા લોકો ત્રાહિમામ

(સંવાદદાતા દ્વારા)

ધોળકા, તા. ૨૫

ધોળકામાં મામલતદાર કચેરીથી રેલવે સ્ટેશન તરફ જતા મુખ્ય રોડ પર રસ્તો ગંદા પાણીથી ભરાઈ ગયો છે. આ રસ્તા પર ગટરનું ગંદુ પાણી ફરી વળતા વગર વરસાદે ચોમાસા જેવા દ્રશ્યો જોવા મળે છે. એક ફૂટ જેટલું પાણી ભરાતા બાઈક, એક્ટિવા, રિક્ષા અને ટેમ્પો ચાલકો માંડ માંડ પાણીમાંથી પસાર થઈ રહ્યા છે. કેટલાક વાહનો પાણીમાં બંધ પડી જતા પણ જોવા મળે છે.

સૌથી વધારે તકલીફ પગપાળા ચાલનારી મહિલાઓ, વૃદ્ધો અને સ્કૂલે જતા બાળકોને પડી રહી છે. મહિલાઓ દીવાલને અડીને, પાણીમાં ચાલીને પસાર થવા મજબૂર છે. સ્થાનિકો અને વેપારીઓનો આરોપ છે કે, ગટરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવે, જેથી રોજ આવતા-જતા લોકોને હાલાકી ન પડે.

નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટનો ચુકાદો

મોતીપુરામાંથી સગીરાને ભગાડી જઈ દુષ્કર્મ કરવાના કેસમાં આરોપીને ૨૦ વર્ષની કેદની સજા

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૫

નડિયાદના મરીડા, તાબે મોતીપુરા માંથી સગીરા ને પ્રેમ જાળમાં ફસાવી ભગાડી ગયા બાદ તેની સાથે દુષ્કર્મ કરનાર યુવકને નડિયાદની સ્પેશિયલ પોક્સો કોર્ટે દોષિત ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. મળતી માહિતી મુજબ નડિયાદ તાલુકા ના? મરીડા, તાબે મોતીપુરા રહેતો સુરેશભાઈ ઉર્ફે સુકો ગોવિંદભાઈ ચૌહાણ ના મનમાં એક ૧૫ વર્ષ ૧૦ માસ ૨૧ દિવસની ઉંમર ધરાવતી સગીરા વસી ગઈ હતી જેથી તેણી સાથે તેણે સંપર્ક વધાર્યા હતા અને પ્રેમ જાળમાં ફસાવી હતી લગ્ન કરવાની લાલચ આપી તેણીને ગત તા.૩૧/૦૮/૨૦૨૪ના રોજ સવારે આશરે ૮:૦૦ વાગ્યે નડિયાદના પારસ સર્કલ નજીકથી બજાજ પ્લેટીના બાઈક પર બેસાડી ભગાડી ગયો હતો. ત્યારબાદ સગીરાને અમદાવાદના નરોડા જી.આઈ.ડી.સી. વિસ્તારમાં આવેલ કામધેનુ એપાર્ટમેન્ટના બ્લોક નં. ૯, મકાન નં. ૮૮ ખાતે લઈ ગયો હતો અને ત્યાં તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ બનાવ અંગે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં બી.એન.એસ. કલમ ૧૩૭(૨), ૮૭, ૬૫(૧) તેમજ પોક્સો એક્ટની કલમ ૩(એ), ૪ હેઠળ ગુનો નોંધાયો હતો. પોલીસે તપાસ હાથ ધરીને આરોપીને પકડી પાડી તપાસ કર્યા બાદ ગુનો બનતો હોય ચાર્જશીટ તૈયાર કરી કોર્ટમાં મૂકી હતી. આ કેસ નડિયાદના સ્પે. પોક્સો જજ પી. પી. પુરોહિત સમક્ષ ચાલ્યો હતો. કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી સ્પે. પોક્સો કોર્ટે આરોપી સુરેશભાઈ ઉર્ફે સુકો ગોવિંદભાઈ ચૌહાણને જુદી-જુદી કલમો હેઠળ સજા ૨૦ વર્ષની સજા ફટકારી છે

ભોગ બનનારને સવા લાખનું વળતર

નડિયાદ કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સજા કરી છે તેની સાથે સાથે ભોગ બનનાર સગીરાને આરોપી ના દંડની રકમમાંથી રૂ. ૨૫,૦૦૦ વળતર તરીકે ચૂકવવા તેમજ સરકારના ઠરાવ મુજબ ભોગ બનનારને રૂા.૧,૦૦,૦૦૦ વળતર પેટે ચૂકવવાનો હુકમ કર્યો છે.

સહકારી જીન રોડ પર ડમ્પર ફસાતા ટ્રાફિકજામ

હિંમતનગર શહેરમાં ડમ્પરોની અવર-જવરથી નાગરિકો પરેશાન

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૫

સહકારી જીન રોડ પર રેતી ભરેલું ડમ્પર રસ્તા પર ફસાઈ જવાના કારણે માર્ગ પરથી પસાર થતા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ફસાયેલા ડમ્પરને બહાર કાઢવા માટે સૌપ્રથમ ટ્રકમાંથી વધારાની રેતી હટાવવામાં આવી હતી અને ત્યારબાદ જેસીબી મશીનની મદદથી ડમ્પરને બહાર કાઢવાના પ્રયાસ હાથ ધરાયા હતા.

હિંમતનગર શહેરના આંતરિક રસ્તાઓ પર રેતીથી ભરેલા ઓવરલોડ ડમ્પર દોડતા હોવાની ફરિયાદો ઉઠી છે. આવા વાહનો શહેરના રસ્તાઓ પર આવેલી ગટરની કુંડીઓ અને ઢાંકણાં પર ફસાઈ જવાની ઘટનાઓ પણ અગાઉ સામે આવી ચૂકી છે.

શહેરના આંતરિક વિસ્તારોમાં ભારે વાહનોની અવરજવરને કારણે ગટરના ઢાંકણાં અને કુંડીઓને નુકસાન થાય છે તેમજ ટ્રાફિકની સમસ્યા ઊભી થાય છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ઓવરલોડ ડમ્પરો સામે કાર્યવાહી કરવા અને આંતરિક રસ્તાઓ પર ભારે વાહનોની અવરજવર નિયંત્રિત કરવા શહેરીજનોએ નગરપાલિકા અને ટ્રાફિક પોલીસ સમક્ષ માંગ કરી છે.

ભરૂચ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે મર્હૂમ અહમદ પટેલને પુષ્પાંજલિ અર્પણ કરાઈ



(તસવીર : વાહીદ મશહદી, ભરૂચ)

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૨૫

ભરૂચ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા મર્હૂમ અહમદભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ આગેવાન નાઝુ ફળવાળા સહિત હોદ્દેદારો અને કાર્યકરોએ તેમની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. ભરૂચના પીરામણ ગામના વતની મર્હૂમ અહમદભાઈ પટેલે ભરૂચના સાંસદ તરીકે ત્રણ વખત લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું. ગુજરાત કોંગ્રેસના પ્રમુખ, રાજ્યસભાના સાંસદ અને કોંગ્રેસના રાષ્ટ્રીય ખજાનચી તરીકે તેમણે મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવી હતી. સોનિયા ગાંધીના રાજકીય સલાહકાર તરીકે પણ તેમણે લાંબા સમય સુધી પક્ષને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમની રાજકીય સૂઝબૂઝ, સાદગી અને સંગઠન શક્તિને યાદ કરી ઉપસ્થિત આગેવાનોએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

મહાનગરપાલિકા સામે રાત્રિસભાઓ યોજી જનઆકોશ શરૂ

સુરેન્દ્રનગરમાં મૂળચંદ રોડના ૩૫૦ મકાનોમાં આઝાદીના વર્ષો પછી પણ પ્રાથમિક સુવિધા નથી

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૫

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા સામે હવે લોકોનો આકોશ ફૂટી નીકળ્યો છે. એક સમયે પગે લાગી અને મત માંગવા આવતા નેતાઓ હવે ગુમ થઈ ગયા હોવાની હૈયાવરાળ સ્થાનિક લોકો ઠાલવી રહ્યા છે. મૂળચંદ રોડ પર માનવમંદિર પાછળ આવેલ ૩૫૦થી વધુ મકાનોમાં આઝાદીના વર્ષો પછી પણ પ્રાથમિક સુવિધા નથી. જેના કારણે સ્થાનિક લોકોએ હવે રાત્રીસભાઓ યોજીને આંદોલનનો રોડમેપ તૈયાર કર્યો છે. મૂળચંદ રોડ પર માનવમંદિર પાછળના વિસ્તારમાં ૩૫૦થી વધુ મકાનો આવેલા છે. આ મકાનોમાં ૧૨૦૦થી વધુ લોકો વસવાટ કરે છે. આ વિસ્તારમાં મોટાભાગે ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો રહે છે. પરંતુ આ વિસ્તારની હાલત જોઈને એવું લાગે જ નહીં કે આ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાનો વિસ્તાર છે. અહીં સ્ટ્રીટ લાઈટની કોઈ વ્યવસ્થા નથી. રાત્રે અંધારપટ છવાઈ જાય છે. મહિલાઓ અને બાળકોને રાત્રે બહાર નીકળવામાં પણ ડર લાગે છે. અંધારાનો લાભ લઈને અસામાજિક તત્વો પણ સક્રિય થઈ જાય છે. આ વિસ્તારમાં ડ્રેનેજ લાઈન પણ નથી. ગંદુ પાણી રસ્તા પર જ વહે છે. ચોમાસામાં



(તસવીર : ફારૂક ચૌહાણ, સુરેન્દ્રનગર)

તો આ વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે. ગંદકીને કારણે રોગચાળો ફેલાવાનો ભય પણ સતત રહે છે. સ્થાનિક લોકોએ અનેક વખત મહાનગરપાલિકામાં રજૂઆત કરી છે, પરંતુ આજદિન સુધી ડ્રેનેજ લાઈન નાખવામાં આવી નથી. કમ્મરતોડ રોડ-રસ્તાઓથી પણ સ્થાનિક લોકો પરેશાન છે. આ વિસ્તારના રસ્તાઓ એટલા ખરાબ છે કે ચાલવું પણ મુશ્કેલ છે. વાહન લઈને જવું તો દૂરની વાત છે. ખાડા-ટેકરાવાળા રસ્તાઓને કારણે વૃદ્ધો અને બીમાર લોકોને ભારે હાલાકી પડે છે. એમ્બ્યુલન્સ પણ આ વિસ્તારમાં સરળતાથી પહોંચી શકતી નથી. ચૂંટણી સમયે નેતાઓ આ રસ્તાઓ બનાવી આપવાનું વચન આપી ગયા હતા, પરંતુ ચૂંટણી પત્યા બાદ કોઈએ આ વિસ્તાર તરફ ડોકિયું પણ કર્યું નથી. પીવાના પાણીની સ્થિતિ પણ એટલી જ ખરાબ છે. આ વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈન માટે પ્રત્યેક મકાનધારકોએ ૨ હજાર રૂપિયા કાઢીને લીધી છે. લોકોએ પોતાના ખિસ્સામાંથી પૈસા આપ્યા છતાં પણ પાણીની પૂરતી સુવિધા મળતી નથી. લોકોનું કહેવું છે કે, અમે પૈસા આપ્યા છે, તો પછી અમને પાણી કેમ નથી મળતું. આખરે કંટાળીને સ્થાનિક લોકોએ હવે રાત્રીબેઠકો યોજવાનું શરૂ કર્યું છે. દરરોજ રાત્રે લોકો એકઠા થઈને પોતાની સમસ્યાઓ અંગે ચર્ચા કરે છે. આગામી દિવસોમાં આંદોલનનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. જો મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક આ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ, ડ્રેનેજ, રસ્તા અને પાણીની સુવિધા નહીં આપવામાં આવે તો લોકો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી રહ્યા છે.

વાપીની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં બાળ દિવસની ઉજવણી કરાઈ

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૨૫

વાપી ખાતે સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં તાજેતરમાં બાળ દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે કરવામાં આવી હતી. જે એક યાદગાર પ્રસંગ બની રહ્યો. બાળ દિવસ બાળપણનું સન્માન કરવા તેમજ બાળકો આપણા રાષ્ટ્રનું ભવિષ્ય છે તે મહત્ત્વને સ્વીકારવા માટે ઉજવવામાં આવે છે. આ દિવસ આપણને પંડિત જવાહરલાલ નેહરુના વિચારો અને તેમના દૂરંદેશી દૃષ્ટિકોણની યાદ અપાવે છે. તેઓ માનતા હતા કે બાળકો જ પ્રગતિશીલ અને સમૃદ્ધ સમાજનો પાયો છે. ઉજવણીનો પ્રારંભ વિશેષ પ્રાર્થના સભાથી કરવામાં આવ્યો, જેમાં પ્રભુ પ્રાર્થના, બાઈબલ વાચન અને વિશેષ પ્રાર્થના બાદ મધુર પ્રાર્થના ગીતો રજૂ કરવામાં આવ્યાં. ચેરમેન સર, ડૉ. એ. એફ. પિન્ટોનો વિશેષ સંદેશ શાળાનાં પ્રેસિડેન્ટ સુશ્રી ગ્રેસી ચામડિયા દ્વારા રજૂ કરવામાં આવ્યો, જેમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહન અને પ્રેરણા આપતા સુંદર વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા. શિક્ષકોએ પોતાની કાવ્ય પ્રતિભાનું પ્રદર્શન કરતાં મનમોહક કવિ સંમેલન દ્વારા ઉજવણીમાં એક અનોખો રંગ ઉમેર્યો હતો. આ ઉપરાંત, "AI vs HI – આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિરુદ્ધ હ્યુમન ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા વિરુદ્ધ માનવીય બુદ્ધિમત્તા)" વિષય પર એક વિચારપ્રેરક લઘુનાટિકા રજૂ કરવામાં આવી, જેમાં ટેક્નોલોજી પર વધતી જતી નિર્ભરતાના આ યુગમાં માનવીય મૂલ્યો, લાગણીઓ અને બુદ્ધિમત્તાના મહત્ત્વને અસરકારક રીતે દર્શાવવામાં આવ્યું. કાર્યક્રમનું સમાપન રયાન પ્રતિજ્ઞા, શાળા ગીત અને રાષ્ટ્રગાન સાથે કરવામાં આવ્યું હતું, જેના કારણે આ ઉજવણી વધુ અર્થપૂર્ણ અને યાદગાર બની રહી હતી. ઉપરાંત વિદ્યાર્થીઓમાં શારીરિક તંદુરસ્તી, ટીમ ભાવના, શિસ્ત અને ખેલદિલીને પ્રોત્સાહન આપવા માટે વિવિધ રમતગમત પ્રવૃત્તિઓ અને ટુર્નામેન્ટનું



(તસવીર : શકીલ સૈયદ, વાપી)

આયોજન કરવામાં આવ્યું. અંડર-૧૨ અને અંડર-૧૪ વિભાગમાં છોકરાઓ અને છોકરીઓ માટે ફૂટબોલ મેચો યોજવામાં આવી, જ્યારે અંડર-૧૬ અને અંડર-૧૮ વિભાગમાં છોકરાઓ અને છોકરીઓ માટે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું. ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો અને ઉત્તમ ટીમ ભાવના, સંકલન તથા સ્પર્ધાત્મક ખેલદિલીનું પ્રદર્શન કર્યું. આ મેચોએ વિદ્યાર્થીઓને પોતાની રમતગમતની પ્રતિભા દર્શાવવા અને સ્વસ્થ સ્પર્ધાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ અને અભિવ્યક્તિ કૌશલ્યને પ્રોત્સાહન આપવા માટે "Ryan Schools @50 – આગામી પેઢીને પ્રેરણા આપતા" વિષય પર પેનલ ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં "રયાનનાં ૫૦ વર્ષ – શિક્ષણ કેવી રીતે ભવિષ્યનું ઘડતર કરે છે" વિષય પર વિચારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું. આ ઉપરાંત, "ડિજિટલ શિક્ષણ વિરુદ્ધ પરંપરાગત શિક્ષણ" વિષય પર વાદ-વિવાદ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

લીંબડી તાલુકામાં ખેતરમાં કામ કરતી મહિલાને સાપ કરડતા મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૨૫

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી તાલુકામાં સાપ કરડવાથી એક મહિલાનું કરુણ મોત નીપજ્યું છે. મળતી માહિતી મુજબ, લીંબડી તાલુકાના રળોલ ગામની સીમમાં ૫૮ વર્ષીય જુબેદાબેન ટીંબલિયા ખેતીકામ કરી રહ્યાં હતાં. આ દરમિયાન અચાનક સાપે તેમને ડંખ માર્યો હતો. સાપ કરડતાં જ તેમની તબિયત લથડવા લાગી હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો અને પરિવારજનોમાં દોડધામ મચી ગઈ હતી. સાપ કરડ્યા બાદ જુબેદાબેનની સ્થિતિ વધુ ગંભીર બનતાં તેમને તાત્કાલિક સારવાર માટે લીંબડી હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. જોકે, હોસ્પિટલ પહોંચે અને સારવાર શરૂ થાય તે પહેલાં જ તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનાથી પરિવારજનોએ સ્વજન ગુમાવતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. પોલીસ દ્વારા સમગ્ર બનાવ અંગે તપાસ હાથ ધરવામાં આવી છે.

નડિયાદ એક્સપ્રેસ વે પરથી સરકારી યુરિયા ખાતરની ગેરકાયદે હેરાફેરી ઝડપાઈ

રૂા.૬.૩૧ લાખના મુદ્દામાલ સાથે બે શખ્સોની અટકાયત

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૨૫

ખેડા જિલ્લામાં સરકારી સબસિડીવાળા રાસાયણિક ખાતરના કાળાબજાર અને ગેરકાયદે પરિવહન સામે પોલીસે લાલ આંખ કરી છે. આજે બુધવારે સવારે ખેડા એલસીબી પોલીસે નડિયાદ એક્સપ્રેસ હાઈવેના બ્રિજ પરથી સફેદ રંગના પીકઅપ ડાલામાં ગેરકાયદેસર રીતે લઈ જવાતા યુરિયા ખાતરની ૫૦ થેલીઓ સાથે બે શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા છે. મળતી માહિતી મુજબ, ખેડા એલસીબી પોલીસની ટીમ આજરોજ નડિયાદ ટાઉન પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસને બાતમી મળી હતી કે એક સફેદ પીકઅપ ડાલું સરકારી યુરિયા ખાતર ગેરકાયદેસર રીતે ભરીને ચકલાસીથી એક્સપ્રેસ વે થઈ અમદાવાદ તરફ લઈ જઈ છે. જે આધારે એલસીબી પોલીસે સલુણથી નડિયાદ રોડ તરફ જતા એક્સપ્રેસ વેના બ્રિજ પર વોચ ગોઠવી હતી. થોડા સમયમાં બાતમી મુજબનું મહેન્દ્રા પીકઅપ ડાલું ત્યાં આવી પહોંચતા પોલીસે તેને અટકાવી તલાશી લીધી હતી. તેમાં ડ્રાઈવર સહિત બે શખ્સો સવાર હતું. પીકઅપ ડાલામાં ભરેલી સીલપેક થેલીઓ પર 'પ્રધાનમંત્રી ભારતીય જન ઉર્વરક પરિયોજના, ભારત સરકાર' લખેલું રાસાયણિક યુરિયા ખાતર જોવા મળ્યું હતું. આ જથ્થો એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવા અંગે તેમજ ખાતર ખરીદવાના માન્ય બિલ અંગે પોલીસે ડ્રાઈવરની કડક પૂછપરછ કરતા તેની પાસે કોઈ સંતોષકારક જવાબ કે બિલ મળી આવ્યા ન હતા. પોલીસે ઘટનાસ્થળેથી બંને શખ્સોની અટકાયત કરી તેમના નામ-ઠામ અંગે પૂછપરછ કરતાઃ ઉદારામ કાનારામ દેવાસી (રબારી) (રહે. નરોડા, જી.આઈ.ડી.સી. ગેટ નં. ૨૩૪, અમદાવાદ) વાહનચાલક અને વિજયભાઈ ભીખાભાઈ ઠાકોર (રહે. વોરા કોલોની, ચકલાસી, તા. નડિયાદ) – ડ્રાઈવર સીટની બાજુમાં બેઠેલો શખ્સ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે જપ્ત કરેલા મુદ્દામાલમાં યુરિયા ખાતરની થેલીઓ (૫૦ નંગ): કિંમત રૂા.૧,૦૧,૫૫૦, મહેન્દ્રા પીકઅપ ડાલું: કિંમત રૂા. ૫,૦૦,૦૦૦, મોબાઈલ ફોન (૨ નંગ, અંગઝડતીમાંથી): કિંમત રૂા.૩૦,૦૦૦ મળી કુલ મુદ્દામાલ : રૂા.૬,૩૧,૫૫૦નો સમાવેશ થાય છે. આ સમગ્ર મામલે એલસીબી ખેડા પોલીસની ફરિયાદના આધારે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી ખાતરનો આ જથ્થો ક્યાંથી મેળવવામાં આવ્યો હતો અને કોને સપ્લાય કરવામાં આવવાનો હતો ? તે દિશામાં ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

મર્હૂમ અહમદ પટેલની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે શોકાંજલિ અર્પણ કરાઈ

પબ્લિક સ્કૂલ, ખરોડ ખાતે અહમદ પટેલ મેમોરિયલ ફૂટબોલ અને બાસ્કેટબોલ ટુર્નામેન્ટનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૫

પબ્લિક સ્કૂલ, ખરોડ ખાતે આજે 'અહમદ પટેલ મેમોરિયલ ફૂટબોલ (બોયઝ) અને બાસ્કેટબોલ (ગર્લ્સ) ટુર્નામેન્ટ'નો ઉત્સાહભેર અને ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ રમતોત્સવનો શુભારંભ શાળાના ધ્વજારોહણ પણ, મશાલ જ્યોત પ્રજ્વલન અને ખેલાડીઓના શિસ્તબદ્ધ માર્ચપાસ્ટ દ્વારા કરવામાં આવ્યો હતો. આ ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે બોમી બી. કવિના વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે ચેરમેન સૈયદ આરિફ વઝીફદાર, સેક્રેટરી મોહમ્મદ ભૈયાત, વસીમ રાજા, ઇસ્માઇલ જોગિયાત, મયંક બુચ અને આઈ. કે. અન્સારી સહિતના મહાનુભાવોએ હાજરી આપી



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ તમામ પધારેલા મહાનુભાવો દ્વારા મર્હૂમ અહમદ પટેલની તસ્વીરને પુષ્પ અર્પણ કરી શ્રધ્ધાંજલી અર્પણ કરી હતી. આ પ્રસંગે મુમતાઝ પટેલ અને ફૈસલ પટેલે પોતાના શુભસંદેશ પાઠવી ભાગ લઈ રહેલા ખેલાડીઓને હાર્દિક આવકાર આપ્યો હતો અને ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે શુભકામનાઓ પાઠવી હતી. ટુર્નામેન્ટની ફાઇનલ મેચો તા. ૨૬ નવેમ્બર રમાશે, ફાઇનલ મુકાબલામાં વિજેતા થનારી ફૂટબોલ અને બાસ્કેટબોલની બંને ટીમોને આકર્ષક ટ્રોફી અને મેડલ એનાયત કરીને સન્માનિત કરવામાં આવશે. સમારોહના અંતે પબ્લિક સ્કૂલ, ખરોડના આચાર્ય ડૉ. અંજલિ કુલશ્રેષ્ઠાએ ઉપસ્થિત સર્વે મહાનુભાવો, મહેમાનો અને વિવિધ ટીમોના ખેલાડીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ભાવનગર જિલ્લા જેલના કેદી પશુભા ગોહિલનું મોત; મૃતદેહ નહીં સ્વીકારવા પરિવારનો નિર્ણય

રાજકીય કિન્નાખોરીના આક્ષેપ સાથે SIT અથવા CID કાઈમ દ્વારા તટસ્થ તપાસની માંગ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૨૫

ભાવનગર જિલ્લા જેલમાં કેદ આરોપી પશુભા મેરુભા ગોહિલ (પીપરાળી)નું હાર્ટ એટેક આવતા મોત નીપજ્યું છે. આ ઘટના બાદ મામલો ગરમાયો છે અને જ્યાં સુધી કથિત દોષિતો સામે કાર્યવાહી ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવામાં નહીં આવે તેવો પરિવારજનો દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં જ ભાવનગરની સર ટી. હોસ્પિટલ ખાતે મોટી સંખ્યામાં મૃતકના સબંધીઓ અને ક્ષત્રિય સમાજના આગેવાનો ઉમટી પડ્યા હતા. આ બનાવની પ્રાપ્ત વિગતો મુજબ, પશુભા ગોહિલ વિરુદ્ધ લેન્ડ ગ્રેબિંગ અને ગુજસીટોક સહિતના અલગ-અલગ ગુનાઓ નોંધાયેલા હતા અને તેઓ છેલ્લા અઢી વર્ષથી જિલ્લા જેલમાં કેદ હતા. જુલાઈ ૨૦૨૪માં એલસીબી દ્વારા સુરતથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. જેલવાસ દરમિયાન ગતરાત્રે તેમને હાર્ટ એટેક આવતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાંથી સારવાર બાદ તેમને ફરી જેલમાં લઈ જવાયા હતા. ત્યારબાદ વહેલી સવારે ફરી તબિયત લથડતાં તેમને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં તેમનું મૃત્યુ થયું હતું. મૃતકના ભત્રીજા ક્રિપાલસિંહ ગોહિલ સહિતના પરિવારજનોએ મીડિયા સમક્ષ ગંભીર આક્ષેપો કર્યા હતા. પરિવારનો આક્ષેપ છે કે રાજકીય કિન્નાખોરી તેમજ વગદાર અને રાજકીય પ્રભાવ ધરાવતા લોકોના ઈશારે પશુભાને ખોટા કેસોમાં ફસાવી માનસિક ટોર્ચર કરવામાં આવતું હતું, જેના કારણે ઉપરાઉપરી એટેક આવતા તેમનું મોત થયું છે, આ અગાઉ તબિયત નાદુરસ્ત હોવા છતાં તથા બે મહિના પહેલાં પેરોલ લીધા બાદ રિમાન્ડ દરમિયાન પણ કાગળિયાની કાર્યવાહી માટે વાડીએ લઈ જવાયા હતા. ઉલ્લેખનીય છે કે અગાઉ જમીન કૌભાંડ મામલે જેલમાં સાથે રહેલા સતુભા સરવૈયાનું પણ જેલમાં તબિયત લથડ્યા બાદ મોત થયું હતું. પરિવારજનોએ માંગ કરી છે કે સમગ્ર મામલે સત્ય બહાર આવે તે માટે SIT અથવા CID કાઈમ દ્વારા તટસ્થ તપાસ થાય, પોસ્ટમોર્ટમ બાદ યોગ્ય કાયદેસરની કાર્યવાહી થાય અને ખોટી તપાસ કરનાર અધિકારીઓ તથા સંડોવાયેલા લોકો સામે FIR નોંધાય ત્યાં સુધી મૃતદેહ નહીં સ્વીકારે.

જૂનાગઢમાં આર્થિક સંકડામણથી કંટાળી આધેડનો આપઘાત

જૂનાગઢ, તા.૨૫

જૂનાગઢમાં આર્થિક સંકડામણથી કંટાળી આધેડે સેલ્ફોસના ટીકડા ખાય લેતા સારવાર દરમ્યાન મોત નિપજ્યાનો બનાવ સી ડિવિઝન પોલીસ મથકે નોંધાયો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડિવિઝન પોલીસ મથકે પ્રવીણભાઈ મનસુખભાઈ વાઘેલાએ જાહેર કરેલ કે મૃતક નયનભાઈ મનસુખભાઈ વાઘેલા (ઉ.વ.૪૯)એ આર્થિક સંકડામણના કારણે પોતાના માતાના ઘરે સેલ્ફોસના ટીકડા ખાઈ લેતા સારવાર દરમ્યાન મોત નિપજ્યાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

વલસાડ જિલ્લાની કુંજાલી પટેલની ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે નિમણૂક

વાપી, તા.૨૫

ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત બનાવવાના હેતુથી વલસાડ જિલ્લાના કુ. કુંજાલી પટેલને ગુજરાત પ્રદેશ યુથ કોંગ્રેસના ઉપપ્રમુખ પદે નિયુક્ત કરવામાં આવ્યા છે. ઇન્ડિયન યુથ કોંગ્રેસના નેતૃત્વની મંજૂરી બાદ ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ આ અંગેનો સત્તાવાર નિમણૂક આદેશ જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાત યુથ કોંગ્રેસના પ્રમુખ ડૉ. પ્રવીણ વણોલ દ્વારા જાહેર કરાયેલા ઓર્ડિસ ઓર્ડર મુજબ, કુંજાલી પટેલને તાત્કાલિક અસરથી ઉપપ્રમુખની જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂકથી સંગઠનમાં નવી ઊર્જા અને યુવા કાર્યકરોને વધુ સક્રિય બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું માનવામાં આવે છે. કુંજાલી પટેલને નવી જવાબદારી મળતાં તેમના સમર્થકો અને યુવા કોંગ્રેસના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.



નખત્રાણા ખાતે શૈક્ષણિક જાગૃતિ અને તેજસ્વી તારલાઓનું સન્માન

(સંવાદદાતા દ્વારા) ભૂજ, તા.૨૫

નખત્રાણા ખાતે તાજેતરમાં નખત્રાણા તાલુકા સુન્ની મુસ્લિમ હિત રક્ષક સમિતિના ઉપક્રમે શૈક્ષણિક જાગૃતિ અને તેજસ્વી પ્રતિભાઓને પ્રોત્સાહન આપવાના સંકલ્પ સાથે ભવ્ય 'શિક્ષણ સન્માન સમારોહ' ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો. સમિતિના પ્રમુખ ઈકબાલભાઈ સોઢાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સમારોહમાં સમાજના વાલીઓ, વિદ્યાર્થીઓ, આગેવાનો, જિલ્લા કક્ષાના ટ્રસ્ટીઓ તેમજ જિલ્લા મીડિયા પ્રવક્તા ઈકબાલભાઈ જતની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

સમારોહ દરમિયાન શાળા-કોલેજ તથા વિવિધ શૈક્ષણિક ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ ગુણ અને સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને મહાનુભાવોના હસ્તે શિલ્ડ, સન્માનપત્ર અને પ્રોત્સાહક ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી પ્રેરક ઉદ્બોધન આપતા સમિતિના પ્રમુખ ઈકબાલભાઈ સોઢાએ જણાવ્યું હતું કે, "આજના સ્પર્ધાત્મક અને આધુનિક યુગમાં શિક્ષણ એ માત્ર રોજગારનું સાધન



નથી પરંતુ સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસની મુખ્ય ચાવી છે. આપણા સંતાનો ઉચ્ચ શિક્ષણ, કૌશલ્ય અને સંસ્કાર સાથે આગળ વધે તે સમયની માંગ છે. આ પ્રસંગે જિલ્લા મીડિયા પ્રવક્તા ઈકબાલભાઈ જતએ શિક્ષણ અંગે પોતાના અસરકારક અને મા

'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે અમદાવાદમાં કોંગ્રેસની 'સંવિધાન રક્ષા માર્ચ'

૨૦૦ વર્ષમાં અંગ્રેજોએ દેશને લૂંટ્યો એથી વધુ ભાજપે માત્ર ૧૨ વર્ષમાં જ લૂંટી નાખ્યો





અમદાવાદ, તા.૨૫

અમદાવાદમાં ભાજપના લોકતંત્ર બચાવો અરાજકતા હટાવોના અભિયાનના જવાબમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા 'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે 'સંવિધાન રક્ષા માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ચ પહેલાં રાજીવ ગાંધી ભવન ખાતે જાહેરસભા યોજાઈ હતી, જેમાં કોંગ્રેસના નેતા અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી સહિતનાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ૨૦૦ વર્ષમાં અંગ્રેજોએ દેશને જેટલો લૂંટ્યો હતો, તેનાથી વધુ ભાજપે માત્ર ૧૨ વર્ષમાં દેશને લૂંટ્યો છે. જાહેરસભા બાદ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ બંધારણની પ્રસ્તાવનાનું પઠન કરી સંવિધાનના રક્ષણના શપથ લીધા હતા. ત્યારબાદ રાજીવ ગાંધી ભવનથી પાલડી ચાર રસ્તા સુધી 'સંવિધાન રક્ષા માર્ચ' યોજવામાં આવી હતી. જેમાં પ્રદેશ પ્રભારી રણદીપસિંહ સૂરજેવાલા, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. માર્ચ દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા અને તેમની ધરપકડ કરવાની માગ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

કોંગ્રેસના દિગ્ગજ નેતાઓનો જમાવડો

માર્ચના સમાપન બાદ પાલડી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજ્યભરમાંથી કોંગ્રેસના કાર્યકરો બસો ભરીને પાલડી સ્થિત રાજીવ ગાંધી ભવન પહોંચ્યા છે. કાર્યકરોએ 'સંવિધાનનું સન્માન, કોંગ્રેસનું અભિયાન'ના પોસ્ટર સાથે 'વોટ ચોર ગદ્દી છોડો'ના નારા લગાવ્યા હતા. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, તડકો હોવા છતાં કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા છે. આ માર્ચ કોઈ ચૂંટણી કે રાજકીય કાર્યક્રમ માટે નહીં, પરંતુ લોકોના મતના અધિકાર અને બંધારણની રક્ષા માટે યોજવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસની સ્થાપના સત્તા મેળવવા માટે થઈ નહોતી. આઝાદી બાદ જ્યારે પણ બંધારણીય અધિકારો પર હુમલો થયો કે લોકશાહીનું હનન કરવાનો પ્રયાસ થયો, ત્યારે કોંગ્રેસે અવાજ ઉઠાવ્યો છે. લોકશાહી ખતમ કરીને મુઠ્ઠીભર લોકોના શાસનનો પ્રયાસ થશે ત્યાં સુધી કોંગ્રેસ બંધારણ બચાવવા લડત ચાલુ રાખશે.

સરકાર અને નીતિન ગડકરી માનસિક સંતુલન ખોઈ બેઠા છે

પરિવહન મંત્રીના રાજીનામાની માંગ સાથે રિક્ષા-ટેક્સી ચાલકોએ RTO કચેરીને ઘેરી

RTO અધિકારીની ૩ દિવસમાં કાર્યવાહીની બાંહેધરી બાદ હડતાળ સમેટાઈ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરમાં રિક્ષા અને ટેક્સી ચાલકોએ પોતાના રોજગાર અને હકોના રક્ષણ માટે અમદાવાદ આર.ટી.ઓ. (RTO) કચેરી ખાતે 'રોજગાર બચાવો આંદોલન' હેઠળ મોટી સંખ્યામાં એકત્ર થઈને વિરોધ પ્રદર્શન કર્યું હતું. ચાલકોએ RTO કચેરીનો ઘેરાવ કરીને ઓલા, ઉબેર અને રેપિડો જેવી એપ-આધારિત કેબ અને બાઈક ટેક્સી કંપનીઓની કામગીરી સામે રોષ વ્યક્ત કર્યો હતો.

વિરોધ કરી રહેલા ડ્રાઈવરોએ આક્ષેપ કર્યો હતો કે, ઓનલાઈન ટેક્સી અને બાઈક બુકિંગ કંપનીઓ દ્વારા ખૂબ જ ઓછું ભાડું ચૂકવવામાં આવે છે અને કમિશનનો મોટો હિસ્સો કંપનીઓ પોતે રાખી લે છે. આ ઉપરાંત, કંપનીઓ પાસે જરૂરી લાયસન્સ ન હોવાની તેમજ સફેદ નંબર પ્લેટવાળી બાઈક ટેક્સીઓના ગેરકાયદે સંચાલન સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરાઈ હતી. દિવાળી અગાઉ ગેરકાયદે બાઈક અને ટેક્સી ડિટેઈન કરાઈ હોવા છતાં સમસ્યા યથાવત્ રહેતા ચાલકોએ ફરી આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો.

ગુજરાત રાજ્ય ઓટો રિક્ષા ફેડરેશનના મહામંત્રીએ કોમર્શિયલ અને નોન-કોમર્શિયલ વાહનોના વીમા તથા નિયમોના તફાવત અંગે સવાલ ઉઠાવતા જણાવ્યું હતું કે, મોટર વ્હીકલ એક્ટ હેઠળ કોમર્શિયલ વાહનો ઊંચો વીમો ભરે છે ત્યારે મુસાફરોના પરિવારને વળતર મળે છે, જ્યારે સફેદ નંબર પ્લેટવાળા વાહનોના નિયમોમાં સ્પષ્ટતા નથી. અન્ય આગેવાને માત્ર આશ્વાસનો મળતા હોવાનો આક્ષેપ કરી નિકાલ ન આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની વાત કરી હતી. જ્યારે એક ટેક્સી ચાલકે પ્રાઈવેટ ગાડીઓને ટેક્સીમાં ઉપયોગ કરવા દેવાના નિવેદનથી ડ્રાઈવર સમાજને નુકસાન થવાની અને અગાઉ ભરેલા ટેક્સ તથા ફી અંગે ચિંતા વ્યક્ત કરી સરકાર પાસે રક્ષણની માંગ કરી હતી.

આ અંગે ગુજરાત ઓટો રિક્ષા ફેડરેશનના મહામંત્રી અને ટ્રસ્ટી સાજિદ મકરાણીએ જણાવ્યું કે, દોઢ મહિના અગાઉ અમારા અમદાવાદ જિલ્લાના તમામ રિક્ષા યુનિયનોના આગેવાનો અને ગુજરાતના આગેવાનો દ્વારા સરકારના પ્રતિનિધિ એવા વાહન વ્યવહાર કમિશનર સાથે મીટિંગ થઈ. અમે એમને એક સવાલ કર્યો કે, મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૮થી આજ દિન સુધી એવો કોઈ ફેરફાર થયો છે કે, જે નોન-ટ્રાન્સપોર્ટ વ્હીકલ હોય, સફેદ નંબર પ્લેટ વાળી, એને ટેક્સીમાં ચલાવી શકે? તો એમને અમારો જવાબ આપ્યો નહીં. આ સરકાર અને નીતિન ગડકરી માનસિક સંતુલન ખોઈ ચૂક્યા છે. આટલી બધી વસ્તુ જો અમે સામાન્ય રિક્ષા યુનિયનના આગેવાનો અને ફેડરેશનના આગેવાનો જાણતા હોઈએ, તો પછી આવા તઘલખી અને મનસ્વી નિર્ણયો તેઓ કેમ લે છે? અમદાવાદ RTOના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે, રિક્ષા તથા ટેક્સી એસોસિએશનોની રજૂઆતો મુજબ પોતાની કક્ષાએ થતી કાયદેસરની કાર્યવાહી કરાશે અને રાજ્ય કક્ષાના નીતિવિષયક મુદ્દાઓ અંગે ઉપલી કચેરીમાં જાણ કરાશે. અધિકારીએ ૩ દિવસમાં યોગ્ય કાર્યવાહી કરવાની અને નીતિવિષયક બાબતે ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની બાંહેધરી આપતા ચાલકોએ હડતાળ સમેટી લીધી હતી, જોકે સોમવાર સુધીમાં નક્કર ઉકેલ નહીં આવે તો ફરી ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

સાયબર ફ્રોડમાં મ્યુલ એકાઉન્ટ આપવું ભારે પડ્યું

૧.૨૬ કરોડના ડિજિટલ એરેસ્ટ કૌભાંડમાં બે આરોપીઓના જામીન સેશન્સ કોર્ટે ફગાવ્યા

ટ્રસ્ટનું બેંક એકાઉન્ટ કમિશનની લાલચે વાપરવા આપવાનો આરોપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ડિજિટલ એરેસ્ટ જેવા ગંભીર સાયબર ફ્રોડના રૂા.૧.૨૬ કરોડની હેરાફેરી કરવા માટે ટ્રસ્ટનું બેંક એકાઉન્ટ (મ્યુલ એકાઉન્ટ) પૂરું પાડવાના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓની રેગ્યુલર જામીન અરજી અ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. જજ વનરાજસિંહ એ. ધાધલે મહત્વપૂર્ણ અવલોકન કરતા જણાવ્યું હતું કે, મ્યુલ એકાઉન્ટ વગર વિદેશમાં બેઠેલા મગરમચ્છો સાયબર ફ્રોડ કરી શકે તેમ નથી, તેથી સમાજમાં દાખલો બેસાડવા આવા ગુનેગારોને હળવાશથી લઈ શકાય નહીં. 'વ્હાઈટ કોલર ક્રાઈમ' કરનારા લોકો શુદ્ધબુદ્ધિનો દુરુપયોગ કરી પૂરા પ્લાનિંગ સાથે ગુનો કરે છે.

સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના મુજબ, આરોપી પ્રિયકાંત ત્રીકમદાસ સોનારા 'ભારતીય સમાજ સેવા ટ્રસ્ટ'ના પ્રમુખ તરીકે કાર્યરત હતા અને તેમણે ટ્રસ્ટનું કરંટ એકાઉન્ટ ખોલાવ્યું હતું. સહઆરોપી અનિલસિંહ બારુસિંહે પ્રિયકાંત સાથે મળીને ફંડના નામે મળતા રૂપિયામાંથી કમિશન મેળવવાની લાલચે આ બેંક એકાઉન્ટ અન્ય શખ્સોને વાપરવા આપવાનું નક્કી કર્યું હતું. બંને આરોપીઓના કહેવાથી અગાઉ પકડાયેલા આરોપી સુરેશભાઈને ટ્રસ્ટના એકાઉન્ટ સાથે લિંક મોબાઈલ નંબરનું સીમ કાર્ડ આપી દિલ્હી મોકલવામાં આવ્યા હતા. તા.૧૬-૦૪-૨૦૨૬ના રોજ ડિજિટલ એરેસ્ટના ગુનાના રૂા.૧.૨૬ કરોડ આ ટ્રસ્ટના ખાતામાં જમા થયા હતા અને સુરેશભાઈએ ઓટીપી આપતા તે જ દિવસે તમામ રકમ વિથ-ડ્રો થઈ ગઈ હતી. આ કેસમાં આરોપી અનિલસિંહ બારુસિંહ અને પ્રિયાંક ત્રિકમદાસ સોનારાએ રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જેમાં રજૂઆત કરી હતી કે, અમે નિર્દોષ છીએ, ખોટી રીતે સંડોવી દેવામાં આવ્યા છે, પોલીસે આ કેસમાં તપાસ અમે સહકાર આપ્યો છે, કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે અને કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છીએ. તેથી જામીન પર મુક્ત કરવા જોઈએ. જો કે, મુખ્ય સરકારી વકીલ સુધીર બ્રહ્મભટ્ટે જામીન અરજીનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, જો આરોપીઓએ માત્ર ડોનેશનના હેતુથી ખાતું આપ્યું હોત, તો ખાતામાં રૂા.૧.૨૬ કરોડ જમા થઈને ઉપડી ગયાની જાણ થતાં જ તેમણે પોલીસને જાણ કરી હોત. પરંતુ ૬-૮ મહિના બાદ પોલીસે મ્યુલ એકાઉન્ટની તપાસ કરી ત્યારે સમગ્ર ભાંડો ફૂટ્યો હતો, જે તેમની ગુનાહિત સંડોવણી દર્શાવે છે. આ કેસમાં હજુ ચાર્જશીટ થઈ નથી અને દિલ્હી ખાતે બેઠેલા મુખ્ય આરોપીઓ ફરાર છે. જો આરોપીઓને જામીન મળે તો તેઓ મુખ્ય સૂત્રધારોને હિન્ટ આપી તપાસને નુકસાન પહોંચાડી શકે છે. ત્યારે જામીન ન આપવા જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપીના જામીન ફગાવી દીધા છે.

વીક-ડે અને વીક-એન્ડના નવા ટિકિટ દર જાહેર કરાયા

અમદાવાદ ફ્લાવર શોની ટિકિટના ભાવો વધારાયા; હવે ૧૨૦ ચૂકવવા પડશે

આશરે ૬૦ સ્કલ્પચર્સ અને વિવિધ થીમ આધારિત આકર્ષણો મૂકવામાં આવશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે જાન્યુઆરી ૨૦૨૭માં યોજાનારા ઈન્ટરનેશનલ ફ્લાવર શોમાં ફરવા જવું હવે વધુ મોંઘું બનશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા ફ્લાવર શોની ટિકિટના દરમાં રૂા.૨૦નો વધારો કરવામાં આવ્યો છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આ વખતે ફ્લાવર શોની ટિકિટમાં અટલ બ્રિજની મુલાકાત પણ સામેલ કરવામાં આવી છે. એટલે કે, મુલાકાતીઓ અટલ બ્રિજ પર ન જાય તો પણ ટિકિટમાં તેનો ચાર્જ ચૂકવવો પડશે.

રિક્રિએશન કમિટીમાં ટિકિટના નવા દરની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે. ૧૨ વર્ષથી વધુ ઉંમરના મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર સુધી રૂા.૧૦૦ અને શનિવાર-રવિવારે રૂા.૧૨૦ ટિકિટ નક્કી કરવામાં આવી છે. ફ્લાવર શોના ગત બે વર્ષના ભાવ જોઈએ તો ૨૦૨૫માં વીક-ડે રૂા.૭૦, વીક-એન્ડ રૂા.૧૦૦ (શનિ-રવિ) જ્યારે ૨૦૨૬માં વીક-ડે રૂા.૮૦, વીક-એન્ડ રૂા.૧૦૦ હતા. ત્યારે હવે ૨૦૨૭માં વીક-ડે રૂા.૧૦૦, વીક-એન્ડ રૂા.૧૨૦નો દર રહેશે. આગામી ૧થી ૧૮ જાન્યુઆરી, ૨૦૨૭ દરમિયાન ફ્લાવર શો યોજાશે. તેના આયોજન પાછળ અંદાજે રૂા.૨૫ કરોડનો ખર્ચ થવાનો છે. આ વખતે ફૂલોમાંથી તૈયાર કરાયેલાં આશરે ૬૦ સ્કલ્પચર્સ અને વિવિધ થીમ આધારિત આકર્ષણો મૂકવામાં આવશે. આ વખતના ફ્લાવર શોમાં ૩૦ મીટરથી વધુ લાંબી વ્હેલ માછલીનું વિશાળ સ્કલ્પચર તૈયાર કરવામાં આવશે. તેને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન અપાવવા માટે મોકલવાની યોજના છે. આ ઉપરાંત ઓક્ટોપસ, ગાંધીજીની દાંડીયાત્રા, સરદાર પટેલ, હેરિટેજ દરવાજા, ચબૂતરા અને પંચતંત્ર આધારિત પ્રતિકૃતિઓ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે. ફ્લાવર શોના આયોજન પાછળ AMC દ્વારા વર્ષ ૨૦૨૨થી ૨૦૨૬ દરમિયાન કુલ રૂા.૫૪.૧૯ કરોડ ખર્ચવામાં આવ્યા હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ખાસ કરીને ૨૦૨૬માં રૂા.૨૧ કરોડનો ખર્ચ થયો હતો, જ્યારે આવક માત્ર રૂા.૧૨ કરોડ નોંધાઈ હતી. આમ, ખર્ચ અને આવક વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો હતો. હવે ૨૦૨૭માં રૂા.૨૫ કરોડના આયોજન સાથે ટિકિટના દરમાં પણ વધારો કરવામાં આવ્યો છે. વધતી મોંઘવારી વચ્ચે ટિકિટના ભાવ વધારાના નિર્ણયને કારણે સામાન્ય મુલાકાતીઓના બજેટ પર પણ અસર પડી શકે છે.

મારામારીનો વીડિયો થયો વાયરલ

અમદાવાદના વટવામાં મોડી રાત્રે બે જૂથો વચ્ચે થઈ બબાલ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ગુજરાતમાં ઘણી વખત જૂથ અથડામણની ઘટના સામે આવતી હોય છે. ત્યારે અમદાવાદમાં વધુ એક મારામારીની ઘટના સામે આવી છે. વટવા વિસ્તારમાં બચુભાઈના કૂવા પાસે રાત્રિના સમયે ૨ જૂથના લોકો વચ્ચે અથડામણ થતા સમગ્ર વિસ્તારમાં ડરનો માહોલ જોવા મળ્યો હતો. બંને જૂથના લોકો વચ્ચે થયેલી મારામારીનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર, વટવાના બચુભાઈના કૂવા પાસે રાત્રિના સમયે અગમ્ય કારણોસર બે જૂથના લોકો સામસામે આવી ગયા હતા. શરૂઆતમાં બંને જૂથ વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો ઉગ્ર બન્યો હતો. બંને તરફના લોકો વચ્ચે જાહેરમાં મારામારી શરૂ થઈ જતાં આસપાસના લોકોમાં પણ ગભરાટ ફેલાયો હતો.

ઉલ્લેખનીય છે કે, ઘટનાસ્થળે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. બે જૂથ વચ્ચે થયેલા ધીંગાણાનો વીડિયો કોઈ વ્યક્તિએ પોતાના મોબાઈલમાં ઉતારી લીધો હતો, જે બાદ આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. વીડિયોમાં બંને જૂથના લોકો વચ્ચે મારામારી થતી હોવાના દૃશ્યો જોવા મળી રહ્યા છે.

ઘટનાની જાણ થતાં પોલીસ સ્થળ પર પહોંચી હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા અને એકત્ર થયેલા ટોળાને વિખેરવા માટે પોલીસે હળવો લાઠીચાર્જ કર્યો હતો. પોલીસની દરમિયાનગીરી બાદ સ્થિતિને નિયંત્રણમાં લેવામાં આવી હતી. જોકે, બંને જૂથ વચ્ચે અથડામણ થવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ થયું નથી. સમગ્ર મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હોવાની માહિતી છે.

SBR અને બોડકદેવ તરફની સીધી અવરજવર બંધ થશે

SG હાઈવે પર પકવાન ચાર રસ્તા બનશે સિગ્નલ ફ્રી, ટ્રાફિકમાં મળશે મોટી રાહત

આ નિર્ણયથી પીક અવર્સ દરમિયાન સર્જાતી લાંબી વાહનોની કતારોમાંથી મળશે રાહત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અમદાવાદના સૌથી વ્યસ્ત માર્ગોમાંના એક SG હાઈવે પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા માટે પકવાન ચાર રસ્તાને સિગ્નલ ફ્રી બનાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. નવા ટ્રાફિક પ્લાન હેઠળ પકવાન ચાર રસ્તા SG હાઈવે પર સિગ્નલ ફ્રી બનનાર ચોથું જંક્શન બનશે. આ નિર્ણયથી પીક અવર્સ દરમિયાન સર્જાતી લાંબી વાહનોની કતારોમાંથી વાહનચાલકોને રાહત મળવાની શક્યતા છે.

નવા ટ્રાફિક પ્લાન મુજબ પકવાન ચાર રસ્તા પર બંને તરફથી થતી સીધી અવરજવર બંધ કરવામાં આવશે. ખાસ કરીને સિંધુ ભવન રોડ અને બોડકદેવ તરફ જતા વાહનો માટે હાલની સીધી ક્રોસિંગ વ્યવસ્થા બદલવામાં આવશે. તેના બદલે વાહનચાલકો માટે ફ્રી-લેફ્ટ અને કેપ્સ્યુલ U-ટર્નની વ્યવસ્થા કરવામાં આવશે. પકવાન ફ્લાયઓવરની નજીક કેપ્સ્યુલ કટ બનાવવાની કામગીરી પણ શરૂ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ વ્યવસ્થાનો હેતુ મુખ્ય જંક્શન પર વાહનોની સીધી ક્રોસિંગ ઘટાડીને ટ્રાફિકનો પ્રવાહ સતત જાળવી રાખવાનો છે. પકવાન ચાર રસ્તા પરથી દરરોજ અંદાજે ૭૫ હજારથી ૧ લાખ જેટલા વાહનો પસાર થાય છે. હાલમાં ટ્રાફિક સિગ્નલ પર વાહનચાલકોને ૧૫૩ સેકન્ડ સુધી રાહ જોવી પડતી હોવાના કારણે પીક અવર્સ દરમિયાન ટ્રાફિકનું ભારણ વધી જાય છે. સિગ્નલ ફ્રી વ્યવસ્થા અને કેપ્સ્યુલ U-ટર્ન શરૂ થયા બાદ વાહનચાલકોનો અંદાજે ૯ મિનિટ જેટલો સમય બચી શકે છે. સાથે જ SG હાઈવે પર ટ્રાફિકની ગતિ જાળવવામાં અને જંક્શન પર થતી ભીડ ઘટાડવામાં મદદ મળી શકે છે.

પકવાન ચાર રસ્તાને સિગ્નલ ફ્રી બનાવવાની કામગીરી પૂર્ણ થયા બાદ SG હાઈવે પર ટ્રાફિક મેનેજમેન્ટ વધુ સુવ્યવસ્થિત બનવાની અપેક્ષા છે. ખાસ કરીને ઓફિસ અવર્સ અને સાંજના પીક ટ્રાફિક દરમિયાન આ નવી વ્યવસ્થા વાહનચાલકો માટે મહત્વપૂર્ણ રાહત સાબિત થઈ શકે છે.

વટામણ ચોકડી પાસે ફોર્ચ્યુનરમાંથી ૭૬૮ બોટલ વિદેશી દારૂ ઝડપાયો

કાર, મોબાઈલ સહિત રૂા.૭.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત, એક આરોપી વોન્ટેડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ ગ્રામ્યના ધોળકા તાલુકાની વટામણ ચોકડી પાસે કોઠ પોલીસે વિદેશી દારૂની હેરાફેરીનો પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે પોલીસે ફોર્ચ્યુનર કારને રોકીને તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂની ૭૬૮ બોટલો મળી આવી હતી. પોલીસે કારચાલકની ધરપકડ કરી કુલ રૂા.૭,૪૭,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

મળતી માહિતી મુજબ, કોઠ પોલીસને વિદેશી દારૂની હેરાફેરી અંગે બાતમી મળી હતી. જેના આધારે વટામણ ચોકડી પાસે વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન GJ 01 KH 9911 નંબરની ફોર્ચ્યુનર કારને અટકાવી તપાસ કરતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૭૬૮ બોટલો મળી આવી હતી. પોલીસે કારચાલક જયેશભાઈ ઉર્ફે જયલો જગદીશભાઈ બારૈયા (ઉ.વ.૩૦, રહે. ધંધુકા)ની સ્થળ પરથી ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો જગદીશ બિશ્નોઈ નામના શખ્સે પૂરો પાડ્યો હોવાનું સામે આવ્યું છે. મૂળ રાજસ્થાનનો અને હાલ તારાપુરમાં રહેતો જગદીશ બિશ્નોઈ આ કેસમાં વોન્ટેડ જાહેર કરાયો છે. પોલીસે કાર્યવાહી દરમિયાન દારૂની ૭૬૮ બોટલોની કિંમત રૂા.૨,૪૨,૪૦૦, ફોર્ચ્યુનર કારની કિંમત રૂા.૫ લાખ અને મોબાઈલ ફોનની કિંમત રૂા.૫ હજાર મળી કુલ રૂા.૭,૪૭,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે કોઠ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દારૂનો જથ્થો પૂરો પાડનાર વોન્ટેડ આરોપીને ઝડપી પાડવા પોલીસે તપાસ તેજ કરી છે. લક્ઝુરિયસ કારમાં દારૂની હેરાફેરીનો પર્દાફાશ થતાં પોલીસની કાર્યવાહી ચર્ચામાં આવી છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં ખરીદી સાથે મનોરંજન માણી શકાશે

અમદાવાદમાં ૨૫ ડિસેમ્બરથી ૧૭ જાન્યુ. સુધી શોપિંગ ફેસ્ટિવલ

એસ.જી. હાઈવે સહિતના સાત હોટ સ્પોટ નક્કી કરાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

શહેરમાં ખરીદી, મનોરંજન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલ ૨૦૨૬-૨૭નું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૫ ડિસેમ્બરથી ૧૭ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી આ ફેસ્ટિવલ યોજાશે. આ ફેસ્ટિવલ દરમિયાન શહેરના વિવિધ વિસ્તારોમાં નાગરિકો ખરીદીની સાથે સાંસ્કૃતિક કાર્યક્રમો, ખાણી-પીણી અને મનોરંજનનો આનંદ માણી શકશે. શહેરના વેપાર-ધંધાને વેગ આપવા તેમજ સ્થાનિક વેપારીઓ અને કારીગરોને પ્રોત્સાહન આપવાના હેતુથી આ આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષના શોપિંગ ફેસ્ટિવલ દરમિયાન અમદાવાદમાં ૬ થીમ આધારિત શોપિંગ સ્ટ્રીટ તૈયાર કરવામાં આવશે. દરેક શોપિંગ સ્ટ્રીટને એક વિશિષ્ટ થીમ આપવામાં આવી છે, જેથી નાગરિકોને તેમની પસંદગીની વસ્તુઓ એક જ સ્થળે અને આકર્ષક વાતાવરણમાં મળી રહે. શોપિંગ ફેસ્ટિવલને વધુ વ્યાપક બનાવવા માટે શહેરના ૭ શોપિંગ હોટસ્પોટ પણ નિર્ધારિત કરવામાં આવ્યા છે. જેમાં પેલેડિયમ મોલ, બોપલ-આંબલી રોડ, રાજપથ રંગોલી રોડ, લો ગાર્ડન, કાંકરિયા, વિસ્તૃત ચાંદખેડા-મોટેરા વિસ્તાર તેમજ કંકુ બાગ મોલ અને દેવ મોલ (વસ્ત્રાલ)નો સમાવેશ થાય છે.

શોપિંગ ફેસ્ટિવલમાં નાગરિકોની સહભાગિતા વધારવા મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ઓનલાઈન પાસ બુકિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ઉપરાંત વેપારીઓ અને સ્ટ્રીટ વેન્ડર્સ પણ લિક પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

ડિલિવરી કરનાર સહિત કુલ પાંચ આરોપી વોન્ટેડ

પાંડેસરામાંથી ૭૦ લાખ રૂપિયાના ૧૪૦ કિલો ગાંજા સાથે યુવક પકડાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૨૫

સુરત શહેરમાં ડ્રગ્સ અને ગાંજાનાં દૂષણ સામે પોલીસ દ્વારા હાલમાં સઘન ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. સુરત શહેર એસઓજી પોલીસે ગત મોડી રાત્રે પાંડેસરામાં દરોડો પાડીને ૭૦ લાખ રૂપિયાના ૧૪૦ કિલોગ્રામ ગાંજાનાં વિપુલ જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે જ્યારે ગાંજાની ડિલીવરી આપનાર ઈસમ સહિત પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર પાંડેસરા ખાતે મેરી માતા પબ્લિક સ્કુલની પાછળનાં ભાગે આવેલ સત્યમ ટાવરનાં એક ફ્લેટમાં ગાંજાનો મોટા પ્રમાણમાં જથ્થો સંતાડી રાખવામાં આવ્યો હોવાની બાતમી એસઓજીની ટીમને મળીહતી. બાતમીને આધારે પોલીસની ટીમ દ્વારા તાત્કાલિક ધટના સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન કેબલ નેટવર્કનાં ધંધા સાથે સંકળાયેલા ૨૬ વર્ષીય રોહિત છોટુભાઈ કામળે (મુળ વતનઃ ગામ વિચખેડે, તા. પારોલા, જી. જલગાંવ, મહારાષ્ટ્ર)ને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસેઆરોપીનાં ફ્લેટમાં તપાસ હાથ ધરતા ૧૪૦.૩૯૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતાં પોલીસની ટીમ પણ એક તબક્કે ચોંકી ઉઠી હતી. પોલીસ દ્વારા આખી રાત કાર્યવાહી હાથ ધરીને ૭૦.૧૯ લાખ રૂપિયાનો ગાંજાનો જથ્થો જ કરવાની સાથે સાથે આરોપીની સઘન પુછપરછ હાથ ધરી હતી. જે દરમિયાન આરોપી રોહિત કામળેએ પ્રાથમિક તપાસ દરમિયાન જણાવ્યું હતું કે, આ જથ્થો સત્યમ ટાવરમાં જ રહેતો સન્ની ઉર્ફે સોનુ પુષ્પેન્દ્ર સિંગ ટેમ્પોમાં ભરીને લાવ્યો હતો જ્યારે સત્યમ ટાવરમાં જ રહેતા દિપક છોટેસિંહ કુશવાહ અને ઉધનામાં રહેતા વિશાલ નામનાં યુવક સહિત બે અન્ય અજાણ્યા આરોપીઓને પોલીસ દ્વારા વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ગાઝામાં જન્મ અટકાવવા માટે ઈઝરાયેલની તપાસ કરવા માટે એમ્નેસ્ટી ICCને વિનંતી કરે છે

● ૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ દક્ષિણ ગાઝા પટ્ટીમાં ખાન યુનિસમાં નાસેર મેડિકલ કોમ્પ્લેક્સ ખાતે ભીડભાડવાળા નવજાત સઘન સંભાળ એકમ (NICU)માં શિશુ ઈન્કયુબેટરમાં અકાળે જન્મેલા બાળકોને સૂવડાવવામાં આવ્યા છે ● એમ્નેસ્ટી ઈન્ટરનેશનલનો દાવો છે કે ગાઝામાં ઈઝરાયેલી પગલાં જન્મોને અવરોધે છે

(એજન્સી) તા.૨૫



એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતને ઈઝરાયેલ દ્વારા વધારાના નરસંહાર કૃત્યના સંભવિત કમિશન માટે તપાસ કરવા વિનંતી કરી છે, જેમાં ઈઝરાયેલના કાર્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેનાથી જન્મ અટકાવવામાં આવ્યો છે અને મહિલાઓના પ્રજનન સ્વાસ્થ્યને ગંભીર નુકસાન થયું છે.

ડિસેમ્બર ૨૦૨૪માં એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે તારણ કાઢ્યું હતું કે ઈઝરાયેલે ગાઝામાં પેલેસ્ટિનિયનોનો નાશ કરવાના ચોક્કસ હેતુથી નરસંહાર સંમેલનની કલમ II(a), (b) અને (c) હેઠળ પ્રતિબંધિત કૃત્યો કર્યા છે. બુધવારે પ્રકાશિત થયેલ તાજેતરનો અહેવાલ, ૨૦૨૩ થી ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધના પરિણામોનું વર્ણન કરે છે અને સંસ્થાના અગાઉના તારણોને મજબૂત બનાવે છે.

વધુમાં, અહેવાલમાં જાણવા મળ્યું છે કે ઈઝરાયેલે ગાઝામાં પેલેસ્ટીનીઓમાં જન્મ અટકાવવા માટે પગલાં અમલમાં મૂક્યા છે, જે, જો જરૂરી હેતુથી હાથ ધરવામાં આવે તો, નરસંહાર સંમેલનની કલમ II(d) હેઠળ નરસંહાર કૃત્ય બનશે.

"ઈઝરાયેલી દળોએ હજારો મહિલાઓ અને છોકરીઓને મારી નાખી છે, કહેવાતા યુદ્ધવિરામ પહેલા દરરોજ સરેરાશ ૩૦, ઘણી આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું ઉલ્લંઘન કરતા હુમલાઓ દ્વારા, અને તેના ગેરકાયદેસર નાકાબંધી દ્વારા પરોક્ષ રીતે અજાણ્યા સંખ્યામાં વધારાની સ્ત્રીઓ અને છોકરીઓના મૃત્યુનું કારણ પણ બન્યું છે," અહેવાલમાં જણાવાયું છે.

અહેવાલ મુજબ, ઘણી સ્ત્રીઓ અને છોકરીઓને અસ્તિત્વ માટે દૈનિક સંઘર્ષમાં ફરજ પાડવામાં આવી છે અને જાતીય અને પ્રજનન આરોગ્યસંભાળ સહિત આરોગ્યસંભાળ જેવી મૂળભૂત સેવાઓની ઍક્સેસથી વંચિત રાખવામાં આવી છે, જે તેમને લિંગ-આધારિત હિંસાના જોખમમાં મૂકે છે.

અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યું છે કે ઈઝરાયેલના પગલાંએ પેલેસ્ટીનીઓની બાળકો ક્યારે પેદા કરવા, ગર્ભધારણ કરવા, ગર્ભાવસ્થાને સમય સુધી સહન કરવા અને સુરક્ષિત રીતે જન્મ આપવા અંગે નિર્ણય લેવાની ક્ષમતાને કેવી રીતે નબળી પાડી છે યુદ્ધની અસરને કારણે મહિલાઓ અને છોકરીઓને "સંચિત અને વારંવાર" આ નુકસાનનો સામનો કરવો પડ્યો છે જેના પરિણામે પ્રજનન, માનસિક અને શારીરિક નુકસાન થયું છે. અહેવાલમાં જણાવાયું છે કે જાતિગત સંભાળ જવાબદારીઓ, અપૂર્ણ પ્રજનન સ્વાસ્થ્ય જરૂરિયાતો અને પહેલાથી અસ્તિત્વમાં રહેલા લિંગ અસમાનતાને કારણે નુકસાન વધુ વધ્યું છે.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ એવું તારણ કાઢવાની સ્થિતિમાં નથી કે આ પગલાં નરસંહાર સંમેલનની કલમ II(d) હેઠળ જરૂરી જન્મોને રોકવાના ચોક્કસ હેતુથી લાદવામાં આવ્યા હતા. જો કે, તેણે ૭ ઓક્ટોબર, ૨૦૨૩ અને ૧ ઓક્ટોબર ૨૦૨૬ વચ્ચે ૨૨૮ ઊંડાણપૂર્વકના ઈન્ટરવ્યુના આધારે આચરણની પેટર્ન અને વ્યાપક સંદર્ભ તરફ ધ્યાન દોર્યું હતું કે આ કૃત્યો કરવામાં આવ્યા હતા.

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ ના રોજ ઈઝરાયેલી અધિકારીઓ અને હમાસ પોલિટિકલ બ્યુરોને પત્ર લખીને રિપોર્ટના તારણો શેર કર્યા અને અનેક પ્રશ્નો ઉભા કર્યા, પરંતુ પ્રકાશન સુધીમાં કોઈ જવાબ મળ્યો ન હતો.

કેદીઓના જૂથે ત્રાસ અને ભૂખમરાની ચેતવણી આપતા ઈઝરાયલે કલકિલ્યામાં અટકાયતમાં લેવાયેલા નમાઝીઓને મુક્ત કર્યા

(એજન્સી) તા.૨૫



પેલેસ્ટીની અધિકારીઓએ મંગળવારે જણાવ્યું હતું કે ઉત્તર પશ્ચિમ કાંઠાના કલ્કિલ્યામાં એક ઈબાદત હોલની અંદર ઈઝરાયેલી સેના દ્વારા અટકાયતમાં રાખવામાં આવેલા નમાઝીઓને મુક્ત કરવામાં આવ્યા છે, કારણ કે કેદીઓના જૂથે ઈઝરાયેલી જેલોમાં બંધ ૯,૪૦૦થી વધુ પેલેસ્ટીનીઓની સ્થિતિ વધુ ખરાબ થવાની ચેતવણી આપી હતી, અનાદોલુ અહેવાલ આપે છે. પેલેસ્ટીની જનરલ ઓથોરિટી ફોર સિવિલ અફેર્સે જણાવ્યું હતું કે કલ્કિલ્યામાં તેની ટીમોએ સવારની નમાજથી અટકાયતમાં રાખેલા નમાઝીઓને મુક્ત કર્યા અને શહેર પર ચાલી રહેલા ઈઝરાયેલી દરોડા વચ્ચે તેમના ઘરે પાછા ફરવાની ખાતરી કરવા માટે કામ કર્યું. સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મંગળવારે શરૂઆતમાં ઈઝરાયેલી સેનાએ કલ્કિલ્યા પર દરોડા દરમિયાન ૧૦થી વધુ પેલેસ્ટીનીઓને પકડી લીધા હતા અલગથી, પેલેસ્ટીની પ્રિઝનર સોસાયટીના વડા અબ્દુલ્લા ઝઘરીએ જણાવ્યું હતું કે ઈઝરાયેલી જેલોમાં દરરોજ ૯,૪૦૦થી વધુ પેલેસ્ટીની કેદીઓ પર ત્રાસ, ભૂખમરો, દુર્વ્યવહાર અને અપમાનજનક વર્તન કરવામાં આવે છે. મધ્ય પશ્ચિમ કાંઠાના અલ-બિરેહમાં એક રેલી દરમિયાન અનાડોલુ સાથે વાત કરતા, ઝઘરીએ કહ્યું કે કાનૂની અને અધિકારોની દેખરેખના અભાવે પરિસ્થિતિઓ કેદીઓના જીવન માટે "વાસ્તવિક ખતરો" ઊભો કરે છે. "કેદીઓ સાથેની સારવાર હવે વ્યક્તિગત વર્તન નથી, પરંતુ રાજકીય અને લશ્કરી અભિગમ બની ગઈ છે," તેમણે કહ્યું. ઝઘરીએ બીમાર કેદીઓની વધતી જતી સંખ્યા અંગે પણ ચેતવણી આપી હતી, કહ્યું હતું કે ભૂખમરાને કારણે વજનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જ્યારે કેદીઓને પૂરતી તબીબી સંભાળનો ઈન્કાર કરવામાં આવી રહ્યો છે. "કેટલાક કેદીઓને સારવાર, શસ્ત્રક્રિયા અથવા વિશિષ્ટ હોસ્પિટલોમાં સ્થાનાંતરણની જરૂર છે," તેમણે ઉમેર્યું, ચેતવણી આપી હતી કે આવી સંભાળ પૂરી પાડવામાં નિષ્ફળતા તેમના જીવનને જોખમમાં મૂકે છે. "ધરપકડ રાજકીય કાર્યકરો, સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ અને ભૂતપૂર્વ કેદીઓને વધુને વધુ નિશાન બનાવે છે, સાથે સાથે ચાર્જ વિના વહીવટી અટકાયતમાં વધારો," ઝઘરીએ કહ્યું. તેમણે યુએન સંસ્થાઓ અને માનવાધિકાર સંગઠનોને પેલેસ્ટીની કેદીઓ સામે "બદલા લેવાના પગલાં" રોકવા માટે તાત્કાલિક હસ્તક્ષેપ કરવા હાકલ કરી.

રિયાધ ટાવર પર હૌથી ડ્રોન હુમલામાં ૧૧ ઘાયલો સહિત બે ભારતીયો

મંગળવાર ૨૪ નવેમ્બરના રોજ રિયાધના કિંગ અબ્દુલ્લા ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટમાં પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ ફંડના મુખ્ય મથક ધરાવતા ટાવરને નિશાન બનાવાયો હતો

(એજન્સી) તા.૨૫



સઉદી સિવિલ ડિફેન્સના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, ૨૪ નવેમ્બર, મંગળવારના રોજ રિયાધના કિંગ અબ્દુલ્લા ફાઈનાન્શિયલ ડિસ્ટ્રિક્ટમાં એક ટાવર પર હૌથી ડ્રોન હુમલામાં ઘાયલ થયેલા ૧૧ લોકોમાં બે ભારતીયોનો સમાવેશ થાય છે. સઉદી સિવિલ ડિફેન્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઘાયલોમાં બે સઉદી નાગરિકો, બે ભારતીય નાગરિકો, ત્રણ નેપાળી નાગરિકો અને ચાર ઈજિપ્તીયનનો સમાવેશ થાય છે. સઉદી સિવિલ ડિફેન્સે રાજ્યના સાર્વભૌમ સંપત્તિ ભંડોળ, પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ ફંડ (PIF)ના મુખ્ય મથક ધરાવતા ટાવરના આગળના ભાગને નુકસાન દર્શાવતી એક છબી પ્રકાશિત કરી. ભારતના વિદેશ મંત્રાલય (MEA) એ બુધવાર, ૨૫ નવેમ્બરના રોજ જારી કરાયેલા એક નિવેદનમાં હુમલાની સખત નિંદા કરી. તેણે પુષ્ટિ આપી કે ઘાયલોમાં બે ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે અને કહ્યું કે રિયાધમાં ભારતીય દૂતાવાસ તેમને અને તેમના પરિવારોને શક્ય તેટલી બધી સહાય પૂરી પાડી રહ્યું છે. મંત્રાલયે સઉદી અરેબિયામાં નાગરિક, આર્થિક અને ઊર્જા માળખાને લક્ષ્ય બનાવીને સતત હુમલાઓની પણ નિંદા કરી, કહ્યું કે તેઓ નાગરિકોના જીવનને જોખમમાં મૂકે છે, રાજ્યની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરે છે અને પ્રાદેશિક સુરક્ષા અને સ્થિરતાને નબળી પાડે છે. ભારતે આવા હુમલાઓને તાત્કાલિક બંધ કરવાની હાકલ કરી અને સાઉદી અરેબિયા સાથે તેની એકતાની પુષ્ટિ કરી, રાજ્યની સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને તેના નાગરિકો અને રહેવાસીઓની સલામતીના પ્રયાસોને સમર્થન આપ્યું. યમનમાં સઉદીની આગેવાની હેઠળના ગઠબંધનના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલિકીએ મંગળવારે કહ્યું કે હુમલો નાણાકીય જિલ્લાને લક્ષ્ય બનાવ્યો હતો અને તેને "કાયર" ડ્રોન હુમલો ગણાવ્યો હતો. તેમણે ઉમેર્યું કે અધિકારીઓ સ્થળ પર તપાસ કરી રહ્યા છે.

ગાઝામાં યુદ્ધવિરામના તાજેતરના ઉલ્લંઘન દરમિયાન ઈઝરાયેલી હવાઈ હુમલામાં પેલેસ્ટીની પરિવારના ૪ સભ્યોનાં મોત

ઈઝરાયેલી કબજેદાર દળોએ એક આખા પરિવારની હત્યા કરી નાખી : પિતા, માતા અને તેમના બે બાળકો

(એજન્સી) તા.૨૫



ઈઝરાયેલના સંરક્ષણ મંત્રાલયના પુનર્વસન વિભાગ દ્વારા મંગળવારે જાહેર કરાયેલા આંકડા મુજબ, લગભગ ૯૨,૩૦૦ ઈઝરાયેલી સૈન્ય અને સુરક્ષાકર્મીઓ તબીબી સારવાર અને પુનર્વસન મેળવી રહ્યા છે. આમાં એવા ૩૧,૫૦૦ લોકોનો પણ સમાવેશ થાય છે જેમને છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન ઈજાઓ થઈ હતી. આ ડેટા દર્શાવે છે કે લગભગ ૪૩,૮૦૦ વ્યક્તિઓ - જે કુલ સંખ્યાના ૪૭ ટકા છે - માનસિક આઘાત અને 'પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ડિસઓર્ડર' (PTSD)થી પીડાઈ રહ્યા છે. આમાંથી ૧૯,૬૦૦ લોકોમાં આવી સ્થિતિ યુદ્ધો અને સૈન્ય કાર્યવાહી દરમિયાન સર્જાઈ હતી. વિભાગના જણાવ્યા અનુસાર, ૬૦૨ વ્યક્તિઓ ગંભીર વિકલાંગતા ધરાવે છે (જેમને ૧૦૦ ટકા કે તેથી વધુ વિકલાંગતા રેટિંગ આપવામાં આવ્યું છે), જ્યારે લગભગ ૧,૧૦૦ લોકોના અંગો કાપી નાખવા પડ્યા છે (amputation) અને ૧૨૩ લોકોએ પોતાની દ્રષ્ટિ ગુમાવી દીધી છે. પેલેસ્ટીની નેશનલ ઈનિશિયેટિવના મહાસચિવ મુસ્તફા બારઘૌતીએ ચેતવણી આપી છે કે ગાઝા પટ્ટી પર ઈઝરાયેલના યુદ્ધને કારણે થયેલું પર્યાવરણીય નુકસાન પેલેસ્ટીનીઓના જીવન અને સ્વાસ્થ્ય માટે લાંબા ગાળાના જોખમો ઊભા કરે છે.

મંગળવારે એક પ્રેસ નિવેદનમાં, બારઘૌતીએ જણાવ્યું હતું કે 'ઓક્સફેમ' (Oxfam) અને 'કોન્ફિલક્ટ એન્ડ એન્વાયર્નમેન્ટ ઓબ્ઝર્વેટરી' (CEOBS)ના સંયુક્ત અહેવાલમાં પર્યાવરણીય આપત્તિનું વ્યાપક સ્વરૂપ સામે આવ્યું છે. આ અહેવાલ મુજબ, ગાઝાની ૯૯ ટકા જમીન પ્રદૂષિત થઈ ગઈ છે, અને તેની સાથે હવા તથા પાણીનું પણ મોટા પાયે પ્રદૂષણ ફેલાયું છે. તેમણે જણાવ્યું હતું કે, આ નુકસાન ૨,૦૦,૦૦૦ ટનથી વધુ વિસ્ફોટકોના ઉપયોગ અને સમગ્ર પ્રદેશમાં ૯૦ ટકાથી વધુ ઘરો, સંસ્થાઓ અને સુવિધાઓના વિનાશને પરિણામે થયું છે.

એક બિન-સરકારી સંસ્થા, 'લેટિન-પેલેસ્ટીની ફોરમ'એ સાઓ પાઉલો સ્ટેટ લેજિસ્લેટિવ એસેમ્બલીના સભ્ય મોનિકા સેઈક્સાસની ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલી અટકાયત અને તેમને કબજા હેઠળના વેસ્ટ બેંકમાં પ્રવેશવા ન દેવાના નિર્ણયની નિંદા કરી છે. ફોરમે બ્રાઝિલ સરકારને આગ્રહ કર્યો છે કે તેઓ "મક્કમ રાજદ્વારી પગલાં" લે અને સાંસદ સાથેના આ વર્તન બદલ ઈઝરાયેલને જવાબદાર ઠેરવે.

મંગળવારે 'કુદ્સ પ્રેસ'ને મળેલા એક નિવેદનમાં, ફોરમે સેઈક્સાસ (જેઓ 'સોશિયાલિઝમ એન્ડ લિબર્ટી પાર્ટી' - PSOLનું પ્રતિનિધિત્વ કરે છે) પ્રત્યે પોતાની "પૂર્ણ એકતા" વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે તેમની અટકાયત, પૂછપરછ અને પેલેસ્ટીની પ્રદેશોમાં પ્રવેશ નકારવો એ એક "ગંભીર ઉલ્લંઘન" છે, જેના પર બ્રાઝિલિયા (બ્રાઝિલ સરકાર) તરફથી સત્તાવાર પ્રતિક્રિયા આવવી જરૂરી છે. સેઈક્સાસ રવિવારે બેન ગુરિયન એરપોર્ટ પર પહોંચ્યા હતા, જ્યાંથી તેઓ કબજા હેઠળના વેસ્ટ બેંક જવાના હતા. ત્યાં તેમણે પેલેસ્ટીની ખેડૂતો સાથે ઓલિવ (જેતૂન) લણણીની મોસમ દરમિયાન એક આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળમાં જોડાવાનું હતું. જોકે, ઈઝરાયેલી સત્તાવાળાઓએ તેમને પ્રવેશવાની મંજૂરી આપી ન હતી.

ગાઝામાં ઈઝરાયેલી હવાઈ હુમલામાં હમાસના વરિષ્ઠ સુરક્ષા અધિકારીનું મૃત્યુ : હમાસના સૂત્રો

● મંગળવારે થયેલા ઈઝરાયેલી હવાઈ હુમલામાં પશ્ચિમ ગાઝા શહેરને નિશાન બનાવવામાં આવ્યું હતું ● ગાઝામાં હમાસના આંતરિક સુરક્ષા વડા નઈમ અબુ નાહેલનું મૃત્યુ

(એજન્સી) તા.૨૫



હમાસના સૂત્રોના જણાવ્યા અનુસાર, મંગળવારે પશ્ચિમ ગાઝા શહેરમાં થયેલા ઈઝરાયેલી હવાઈ હુમલામાં ગાઝામાં હમાસની આંતરિક સુરક્ષા વ્યવસ્થાના વડા, નઈમ અબુ નાહેલ માર્યા ગયા છે.

ઈઝરાયેલી સેના અને આંતરિક સુરક્ષા સેવા 'શિન બેટ'એ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે તેમણે હમાસના એક વરિષ્ઠ સભ્યને નિશાન બનાવ્યા છે. જોકે, તેમણે તે વ્યક્તિની ઓળખ જાહેર કરી નથી અને જણાવ્યું છે કે વધુ વિગતો પછીથી આપવામાં આવશે. ગાઝાની સિવિલ ડિફેન્સ એજન્સીએ એએફપીને જણાવ્યું કે, મંગળવારે ગાઝામાં થયેલા ઈઝરાયેલી હવાઈ હુમલાઓમાં એક કિશોર સહિત છ લોકોનાં મોત થયા છે. ઈઝરાયેલી સેનાએ કહ્યું કે તેમણે મંગળવારે ગાઝામાં ઓછામાં ઓછો એક હવાઈ હુમલો કર્યો હતો અને અન્ય એક હુમલાના અહેવાલોની તપાસ કરી રહ્યા છે. ગાઝાની સિવિલ ડિફેન્સ એજન્સીના પ્રવક્તા મહમૂદ બસલે એએફપીને જણાવ્યું કે, ગાઝા શહેર નજીક થયેલા ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૭ વર્ષના કિશોર સહિત ત્રણ લોકોના મોત થયા છે. બસલે વધુમાં જણાવ્યું કે, દક્ષિણ ગાઝાના અલ-મવાસી વિસ્તારમાં આવેલા એક પોલીસ સ્ટેશન પર થયેલા અલગ હવાઈ હુમલામાં વધુ ત્રણ લોકો માર્યા ગયા છે. હમાસના નિયંત્રણ હેઠળ કામ કરતા ગાઝા પોલીસ દળે જણાવ્યું કે, મૃતકોમાં ૨૩ અને ૩૩ વર્ષની વયના બે પોલીસકર્મીઓનો સમાવેશ થાય છે. તેમણે આ ઘટનાની નિંદા કરતા તેને પેલેસ્ટીન ક્ષેત્રમાં "પોલીસ તંત્રને નિશાન બનાવતી ચાલુ ઝુંબેશનો એક ભાગ" ગણાવ્યો છે. ઈઝરાયેલી સેનાએ જણાવ્યું કે તેમણે પોલીસ સ્ટેશનના વિસ્તારમાં "આતંકવાદીઓને નિશાન બનાવ્યા" હતા. ઈઝરાયેલ અને હમાસ એકબીજા પર વારંવાર યુદ્ધવિરામના ભંગનો આરોપ લગાવતા રહે છે. આ યુદ્ધવિરામ ઓક્ટોબર ૨૦૨૫માં અમલમાં આવ્યો હતો, જેની શરૂઆત ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ પેલેસ્ટીની સંગઠન (હમાસ) દ્વારા ઈઝરાયેલ પર કરવામાં આવેલા હુમલા બાદ થઈ હતી અને તે બે વર્ષ સુધી ચાલ્યું હતું.

સીરિયામાં જન્મ અને ઉછેર છતાં સીરિયન નથી : ૫૭ વર્ષ વીત્યા પછી પણ માતાઓ નાગરિકતા કાયદામાં સુધારાની રાહ જોઈ રહી છે

મુનાવર અક્કાદનો પુત્ર સીરિયામાં જન્મ્યો અને ત્યાં જ ઉછર્યો. તે ક્યારેય દેશની બહાર ગયો નથી. પરંતુ કાગળ પર, તેના પિતાની જેમ, તે ટ્યુનિશિયન છે

(એજન્સી) દમાસ્કસ, તા.૨૫



દમાસ્કસની 'હાયર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડ્રામેટિક આર્ટ્સ'માં પૂર્વ શિક્ષિકા રહેલાં અક્કાદે 'અરબ ન્યૂઝ'ને જણાવ્યું, "તે સીરિયન ભાષા બોલે છે, સીરિયન ખોરાક ખાય છે, તેના મિત્રો સીરિયન છે. તેણે સીરિયામાં જ અભ્યાસ કર્યો છે અને તે સીરિયામાં જ કામ કરે છે." આ સ્થિતિ પાછળનું કારણ ૧૯૬૯માં આજના દિવસે અમલમાં આવેલો એક કાયદો છે. ૨૪ નવેમ્બર, ૧૯૬૯ના રોજ 'લેજિસ્લેટિવ ડિક્રી નં. ૨૭૬' (કાયદાકીય હુકમ ક્રમાંક ૨૭૬) બહાર પાડવામાં આવ્યો હતો, જેની કલમ ૩ મુજબ નાગરિકતા મેળવવા માટે પિતાને મુખ્ય આધાર માનવામાં આવે છે. આ હુકમ હેઠળ, જો બાળકનો જન્મ સીરિયન પિતા દ્વારા થયો હોય, તો તે દેશની અંદર જન્મ્યો હોય કે બહાર, તેને સીરિયન નાગરિકતા મળે છે. બીજી તરફ, સીરિયન માતાના કિસ્સામાં નાગરિકતા મળવાની શરતો ઘણી મર્યાદિત છે; જેમાં માત્ર ત્યારે જ નાગરિકતા મળી શકે છે જ્યારે બાળકનો જન્મ સીરિયામાં થયો હોય અને કાયદેસર રીતે પિતાની ઓળખ સ્થાપિત ન થઈ હોય. અક્કાદના પરિવાર માટે, યુદ્ધ દરમિયાન આ પરિસ્થિતિ સૌથી વધુ પીડાદાયક બની રહી. તેમણે કહ્યું, "ચેકપોઈન્ટ્સ (તપાસ નાકાં) પર, ટ્યુનિશિયન હોવાનો અર્થ એવો કાઢવામાં આવતો કે કદાચ તે સીરિયામાં આવેલા આતંકવાદીઓમાંથી એક હોઈ શકે છે. અમને દરરોજ કોઈને કોઈ ચેકપોઈન્ટ પર મુશ્કેલીનો સામનો કરવો પડતો. આ ટ્યુનિશિયન વ્યક્તિ સીરિયામાં કેવી રીતે આવ્યો, તે વારંવાર સમજાવવું પડે તે ખૂબ જ દુઃખદાયક છે." તેમણે વધુમાં કહ્યું કે, આનાથી પણ ઊંડી પીડા તેમનો પોતાનો દરજ્જો છે. "જ્યારે હું મારા પુત્રને મારી પોતાની નાગરિકતા નથી આપી શકતી, ત્યારે તે એક અધૂરી નાગરિકતા સમાન છે. હું તેને નાગરિકતા દ્વારા મળતું રક્ષણ પણ આપી શકતી નથી." અક્કાદે ઉમેર્યું કે આ સમસ્યા તેમના પુત્રની આગામી પેઢી સુધી પણ પહોંચશે. તેમના પુત્રએ હવે એક સીરિયન મહિલા સાથે લગ્ન કર્યા છે, અને તેમના સંતાન સામે પણ એ જ પ્રશ્ન ઊભો થશે કે તેઓ ટ્યુનિશિયન છે કે સીરિયન. તેમણે જણાવ્યું કે, નાગરિકતાના અભાવે સીરિયન માતાઓના સંતાનોએ મિલકત, વારસો, મતદાન અને રોજગારના અધિકારો બાબતે પણ મર્યાદાઓનો સામનો કરવો પડે છે. ઉચ્ચ શિક્ષણ મંત્રાલયની વિશેષ મંજૂરી વિના, આવા યુવાનો માસ્ટર્સ ડિગ્રી કે ડોક્ટરેટ (PhD) માટે અરજી પણ કરી શકતા નથી. રાશા અલ-તબશી "માય નેશનાલિટી ઈઝ ધેર રાઈટ" (મારી નાગરિકતા એ તેમનો અધિકાર છે) નામનું અભિયાન ચલાવે છે, જેણે ૨૦૧૭માં આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે, સૌથી વધુ જોખમ એવા બાળકોને છે જેમને ક્યારેય તેમના પિતાની નાગરિકતા મળી નથી. તેમના પિતા અજાણ્યા હોઈ શકે છે કે ગુમ થયેલા હોઈ શકે છે, અથવા તેમના માતા-પિતાના લગ્નની ક્યારેય નોંધણી થઈ ન હોય તેવું પણ બની શકે છે. અલ-તબશીએ 'અરબ ન્યૂઝ'ને જણાવ્યું, "આ બાળકો નાગરિકતા વિહોણા (સ્ટેટલેસ) થવાના જોખમમાં છે. તેમની સમસ્યા તેમના નામથી જ શરૂ થાય છે. તેઓ પોતાનું નામ સાબિત કરતો કોઈ સત્તાવાર દસ્તાવેજ મેળવી શકતા નથી, શાળામાં પ્રવેશ મેળવી શકતા નથી કે સ્વાસ્થ્ય સેવાઓ પણ મેળવી શકતા નથી." કેટલાક પરિવારોએ એવી વૈકલ્પિક રીતો અપનાવી છે જેનાથી નવી સમસ્યાઓ ઊભી થાય છે. તેમણે કહ્યું, "અમે એવા ઘણા કિસ્સા નોંધ્યા છે જેમાં મહિલાઓને તેમના બાળકોની નોંધણી દાદા અથવા કાકાના નામે કરાવવાની ફરજ પડી હતી. આનો અર્થ એ છે કે સત્તાવાર દસ્તાવેજોમાં છેડછાડ (ખોટા દસ્તાવેજો) કરવામાં આવી અને વંશાવળીમાં ગૂંચવણ ઊભી થઈ." અલ-તબશીના જણાવ્યા અનુસાર, ૨૦૧૧ પહેલાં કે પછી, આ સમસ્યાનું વ્યાપ દર્શાવતા કોઈ રાષ્ટ્રીય આંકડા ઉપલબ્ધ નથી. આ અભિયાન દ્વારા ૨૦૨૩માં એક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું - જેનો હેતુ વસ્તી ગણતરી કરવાનો નહીં, પરંતુ જરૂરિયાતોનું મૂલ્યાંકન કરવાનો હતો - જેમાં ગ્રામીણ ઈદલિબના માત્ર ત્રણ ગામોમાં અસરગ્રસ્ત લગભગ ૬૦૦ માતાઓ સુધી પહોંચી શકાયું હતું. ૨૦૨૫થી, આ અભિયાન માત્ર મીડિયા દ્વારા સમર્થન મેળવવાના તબક્કામાંથી આગળ વધીને સરકાર સાથે સીધી વાતચીત કરવાના તબક્કામાં પ્રવેશ્યું છે. તેમણે અસરગ્રસ્ત મહિલાઓ અને તેમના બાળકોની એક સલાહકાર સમિતિ પણ બનાવી છે, જેથી તેઓ પોતે પોતાની વાત રજૂ કરી શકે. અલ-તબશીએ જણાવ્યું કે ૨૦૨૫ અને ૨૦૨૬માં સરકારી પ્રતિનિધિઓ સાથેની બેઠકોમાં "ખૂબ જ સકારાત્મક" પ્રતિસાદ મળ્યો હતો.

IRGC કહે છે કે, હોર્મુઝ સ્ટ્રેટમાં ૪ ઓઈલ ટેન્કરો ખાણોમાં અથડાયા

● ઈરાન કહે છે કે હોર્મુઝમાં નૌકાદળની ખાણોમાં ત્રણ ઓઈલ ટેન્કરો અથડાયા ● શેર ઈરાનના IRGC કહે છે કે સોશિયલ મીડિયા પર હોર્મુઝ સ્ટ્રેટમાં ખાણોમાં અથડાયા પછી ૪ ટેન્કરોમાં આગ લાગી

(એજન્સી) તા.૨૫



ઈરાકી કુર્દીસ્તાનના વડાપ્રધાન કહે છે કે બગદાદનો સરહદ ક્રોસિંગ પર કબજો કરવાનો નિર્ણય 'સંપૂર્ણપણે અસ્વીકાર્ય' છે. ઈરાકના કુર્દીસ્તાન ક્ષેત્રના વડાપ્રધાન કહે છે કે બગદાદમાં કેન્દ્ર સરકાર માટે ચાર કુર્દીશ પ્રાંતોમાં તેલ અને સરહદ ક્રોસિંગ પર નિયંત્રણ મેળવવું "સંપૂર્ણપણે અસ્વીકાર્ય" છે. "આજે જારી કરાયેલા નિવેદનથી અમે નિરાશ થયા છીએ કારણ કે તે બગદાદના અધિકારીઓ સાથે અમારી વાતચીતની વિરુદ્ધ છે," મસરૂર બર્ઝાનીએ કુર્દિશ ન્યૂઝ આઉટલેટ રૂડાવ દ્વારા અહેવાલ કરાયેલી ટિપ્પણીઓમાં જણાવ્યું હતું. આજે શરૂઆતમાં, ઈરાકી વડાપ્રધાન અલી અલ-ઝૈદીએ તેલ દાણચોરીની તપાસ બાદ કુર્દિશ પ્રદેશમાં તમામ સરહદ ક્રોસિંગનું સંચાલન સંઘીય સરકાર દ્વારા કરવાનો આદેશ આપ્યો હતો. અલ-ઝૈદીએ તેલ મંત્રાલયને ચાર પ્રાંતોમાં કુર્દિશ નિયંત્રણ હેઠળના ક્ષેત્રોનું સંચાલન કરવાનો પણ આદેશ આપ્યો હતો. તેલ દાણચોરીના કેસની તપાસ કરવામાં નિષ્ફળ રહેવા બદલ વડાપ્રધાને કિર્કુકમાં બોર્ડર ક્રોસિંગ ઓથોરિટીના વડા અને કિર્કુક પોલીસ વડાને પણ હટાવ્યા હતા. અલ-ઝૈદીએ કુર્દીસ્તાન પ્રાદેશિક સરકારને તેલ નિકાસ પરવાનગી આપવા પર પણ પ્રતિબંધ મૂક્યો હતો. ઈરાન સાથે જોડાયેલા સશસ્ત્ર જૂથ, કતૈબ હિઝબુલ્લાહ પર લાખો ડોલરનું તેલ ચોરી કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. તે આરોપોને નકારે છે. યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સે ત્રણ જહાજો અંગે એક "વિલંબિત અહેવાલ" જાહેર કર્યો છે. તેમના જણાવ્યા અનુસાર, સોમવારે સાંજે આ જહાજો પર "અજાણી વસ્તુઓ" દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. UKMTએ જણાવ્યું કે, આ ત્રણેય જહાજો હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પૂર્વ દિશા તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમના પર હુમલો થયો હતો. મેરીટાઈમ એજન્સીએ કહ્યું કે ત્રણેય જહાજોએ પોતાની મુસાફરી ચાલુ રાખી છે અને તમામ ક્રૂ સભ્યો સુરક્ષિત છે. ઈરાનના 'ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ'ની નૌકાદળ શાખાએ જણાવ્યું છે કે, હોર્મુઝની સામુદ્રધુનીમાં એક "અનધિકૃત" માર્ગનો ઉપયોગ કરી રહેલું ચોથું ટેન્કર દરિયાઈ સુરંગ સાથે અથડાયું છે. IRNA સમાચાર એજન્સી દ્વારા પ્રસારિત IRGC નૌકાદળના જનસંપર્ક કાર્યાલયના નિવેદન મુજબ, અગાઉ આ જ જળમાર્ગમાં ત્રણ જહાજો સુરંગ સાથે અથડાવાને કારણે તેમાં આગ લાગી હતી.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .....

ગુજરાત ટુડે

મ્યાનમારમાં રોહિંગ્યા નરસંહાર : ન્યાયનો ચુકાદો આવ્યો, હવે માનવતાનો અમલ ક્યારે ?

મ્યાનમારમાં રોહિંગ્યા મુસ્લિમો સામે થયેલા નરસંહારના મામલે આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતનો ઐતિહાસિક ચુકાદો માત્ર એક દેશની સરકારને જવાબદાર ઠેરવવાની ઘટના નથી પરંતુ સમગ્ર વિશ્વની માનવતાવાદી વ્યવસ્થા માટે એક મહત્ત્વપૂર્ણ કસોટી છે. આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતે મ્યાનમારને રોહિંગ્યા સમુદાયના નરસંહાર માટે જવાબદાર ઠેરવીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે કોઈ પણ દેશની સાર્વભૌમ સત્તા તેને માનવતા વિરૂદ્ધના ગુનાઓ કરવાની છૂટ આપી શકતી નથી. પરંતુ આ ઐતિહાસિક ચુકાદાની સાથે જ એક ગંભીર સવાલ ઊભો થયો છે કે જ્યારે ન્યાયની સર્વોચ્ચ આંતરરાષ્ટ્રીય સંસ્થા ગુનેગાર દેશને જવાબદાર ઠેરવે છે ત્યારે તેનો અમલ કરાવવાની જવાબદારી કોણ નિભાવશે ?

મ્યાનમારના રાખાઈન પ્રાંતમાં રોહિંગ્યા મુસ્લિમો વર્ષોથી ભેદભાવ, અત્યાચાર અને નાગરિકતાના અધિકારથી વંચિત રહેવાની પીડા સહન કરી રહ્યા છે. ૧૯૮૨ના નાગરિકતા કાયદા દ્વારા રોહિંગ્યા સમુદાયના મોટા ભાગના લોકોને નાગરિકતાના અધિકારથી દૂર રાખવામાં આવ્યા હતા. તેમને પોતાના જ દેશમાં પરાયા બનાવી દેવામાં આવ્યા. ૨૦૧૭માં મ્યાનમારની સેનાએ આતંકવાદ વિરોધી કાર્યવાહીનું નામ આપીને જે લશ્કરી અભિયાન ચલાવ્યું તેમાં હજારો નિર્દોષ લોકોની હત્યા કરવામાં આવી, મહિલાઓ પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યા અને સેંકડો ગામડાંઓને આગ ચાંપી દેવામાં આવી. આ અત્યાચારોથી બચવા માટે સાત લાખથી વધુ રોહિંગ્યાઓએ બાંગ્લાદેશમાં શરણું લેવું પડ્યું. આજે પણ લાખો રોહિંગ્યા શરણાર્થીઓ અત્યંત દયનીય પરિસ્થિતિમાં જીવન પસાર કરી રહ્યા છે. એક આખા સમુદાયને તેની ઓળખ, નાગરિકતા, ઘર અને અસ્તિત્વથી વંચિત કરી દેવાની આ ઘટના આધુનિક વિશ્વની સૌથી શરમજનક માનવતાવિરોધી ઘટનાઓમાંની એક છે.

મ્યાનમારની નિષ્ઠુર સેનાએ પોતાના પાંગળા બચાવમાં આ કાર્યવાહીને આતંકવાદ સામેની લડાઈ ગણાવી હતી. પરંતુ આતંકવાદ સામેની લડાઈના નામે નિર્દોષ બાળકો, મહિલાઓ અને સામાન્ય નાગરિકોની હત્યા કરવાની કોઈ સરકારને છૂટ મળી શકે નહીં. કોઈ પણ દેશની સુરક્ષાની દલીલ માનવતાના મૂળભૂત સિદ્ધાંતો કરતાં મોટી હોઈ શકે નહીં. પછી ભલેને તે અમેરિકા પણ કેમ ન હોય. નરસંહાર માત્ર હત્યાઓની સંખ્યા પરથી નક્કી થતો નથી, પરંતુ કોઈ ચોક્કસ વંશીય, ધાર્મિક કે રાષ્ટ્રીય સમુદાયનો સંપૂર્ણ અથવા આંશિક નાશ કરવાનો ઇરાદો પણ એટલો જ મહત્ત્વનો હોય છે. આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલતનો ચુકાદો આ જ સિદ્ધાંતને મજબૂત બનાવે છે. સૈન્યશક્તિના આધારે સત્યને દબાવી શકાય નહીં અને સત્તાના જોરે માનવતાના ગુનાઓને કાયદેસર ઠેરવી શકાય નહીં.

આ ચુકાદામાં સૌથી મોટો વિરોધાભાસ આંતરરાષ્ટ્રીય ન્યાય વ્યવસ્થાની મર્યાદાઓનો છે. આંતરરાષ્ટ્રીય ન્યાય અદાલત ચુકાદો આપી શકે છે, પરંતુ તેની પાસે કોઈ પોલીસ દળ કે સૈન્યબળ નથી જે દોષિત દેશને ચુકાદાનો અમલ કરવા મજબૂર કરી શકે. ચુકાદાના અમલ માટે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બને છે. પરંતુ અહીં પણ રાજકીય હિતો અને મહાસત્તાઓના આડેધડ વપરાતા વીટો અધિકારનો પ્રશ્ન ઊભો થાય છે. ચીન અને રશિયા મ્યાનમારની સૈન્ય સરકાર સાથે વ્યૂહાત્મક અને રાજકીય સંબંધો ધરાવે છે. બંને દેશો સુરક્ષા પરિષદના કાયમી સભ્યો છે અને તેમની પાસે વીટોનો અધિકાર છે. પરિણામે મ્યાનમાર સામે કડક કાર્યવાહી કરવાની કોઈ પણ દરખાસ્ત આંતરરાષ્ટ્રીય રાજનીતિના સમીકરણોમાં અટવાઈ શકે છે. એક તરફ ન્યાયની સર્વોચ્ચ સંસ્થા ગુનો સાબિત કરે અને બીજી તરફ મહાસત્તાઓના રાજકીય હિતો ન્યાયના અમલને અવરોધે તો આંતરરાષ્ટ્રીય વ્યવસ્થાની વિશ્વસનીયતા સામે સવાલ ઊભો થાય એ સ્વાભાવિક છે.

આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ પીડિત રોહિંગ્યા શરણાર્થીઓ છે. તેમની સામે નરસંહાર થયો, તેમને પોતાનું વતન છોડવું પડ્યું અને હવે તેમના ભવિષ્યનો નિર્ણય પણ જાણે તેમના વિના જ થઈ રહ્યો છે. તેમની સુરક્ષિત, સ્વૈચ્છિક અને સન્માનજનક વતનવાપસી જરૂરી છે. પરંતુ મ્યાનમારમાં આજે પણ રાજકીય અસ્થિરતા, સૈન્ય શાસન અને સશસ્ત્ર સંઘર્ષની સ્થિતિ છે. આવી પરિસ્થિતિમાં રોહિંગ્યાઓને પાછા મોકલી દેવાથી તેમની સુરક્ષાની ખાતરી મળી જશે એવું માનવું ભોળપણ ગણાશે. વતનવાપસીનો અર્થ માત્ર સરહદ પાર કરાવવાનો નથી. તેમને નાગરિકતાનો અધિકાર, પોતાની જમીન અને મિલકત પરત મેળવવાની તક, શિક્ષણ, રોજગાર અને કાયદાકીય સુરક્ષા મળવી જોઈએ. સૌથી મહત્ત્વનું એ છે કે તેઓ પોતાની મરજીથી અને કોઈ પણ પ્રકારના દબાણ વિના પાછા ફરી શકે તેવી પરિસ્થિતિ સર્જાય.

મ્યાનમારમાં સાચી લોકશાહી સ્થાપિત થયા વિના રોહિંગ્યાઓની સુરક્ષિત અને કાયમી વતનવાપસી શક્ય નથી. જે દેશમાં સત્તા પર બેઠેલી વ્યવસ્થા જ કોઈ સમુદાયની ઓળખ અને અસ્તિત્વને સ્વીકારવા તૈયાર ન હોય ત્યાં માત્ર વહીવટી આદેશોથી સમાનતાની સ્થાપના થઈ શકે નહીં. મ્યાનમારને લોકશાહી, સંઘીય માળખું, ધાર્મિક સહિષ્ણુતા અને તમામ વંશીય સમુદાયોના સમાન અધિકારોના આધારે પુનઃસ્થાપિત કરવું પડશે. લોકશાહી માત્ર ચૂંટણી યોજવાથી સ્થાપિત થતી નથી; દરેક નાગરિકને સમાન અધિકાર અને સુરક્ષા મળે ત્યારે જ લોકશાહી સાર્થક બને છે.

ભારત માટે પણ આ મામલો માત્ર પાડોશી દેશની આંતરિક સમસ્યા નથી. મ્યાનમાર સાથે ભારતની લાંબી સરહદ છે અને પૂર્વોત્તર ભારતની સુરક્ષા, પ્રાદેશિક સ્થિરતા તથા વ્યૂહાત્મક હિતો સાથે તેના સંબંધો જોડાયેલા છે. ચીનનો મ્યાનમારમાં વધતો પ્રભાવ અને ભારતના મહત્ત્વપૂર્ણ માળખાકીય પ્રોજેક્ટને કારણે ભારતે મ્યાનમાર સાથે રાજદ્વારી સંબંધો જાળવવા પડે છે. પરંતુ વ્યૂહાત્મક હિતોના નામે માનવાધિકારોના પ્રશ્નો અવગણવા યોગ્ય નથી. ભારતે બાંગ્લાદેશ, એશિયન દેશો અને સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને રોહિંગ્યાઓની સુરક્ષિત વતનવાપસી તથા તેમના મૂળભૂત અધિકારોની પુનઃસ્થાપના માટે સક્રિય ભૂમિકા ભજવવી જોઈએ. આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો જે દરજ્જો છે તે અને માનવતાવાદી જવાબદારી આવી પહેલની અપેક્ષા રાખે છે.

આજના વિશ્વની સૌથી મોટી કમનસીબી એ છે કે માનવાધિકારોની વાત તો ખૂબ થાય છે, પરંતુ જ્યારે કોઈ શક્તિશાળી દેશ કે તેની સરકાર સામે કાર્યવાહી કરવાનો સમય આવે છે ત્યારે આંતરરાષ્ટ્રીય સમુદાયના સિદ્ધાંતો ઘણી વખત રાજકીય હિતો સામે નબળા પડી જાય છે. કાયદો નબળા દેશો માટે જ હોય અને શક્તિશાળી દેશો માટે રાજકીય સમજૂતી જ અંતિમ રસ્તો બની રહે તો વિશ્વમાં ન્યાયની કલ્પના જ અર્થહીન બની જશે. મ્યાનમાર સામેનો આ ચુકાદો માનવતાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ વિજય છે, પરંતુ તેને અંતિમ ન્યાય માનીને બેસી રહેવાનો સમય નથી. નરસંહારના જવાબદારો સામે અસરકારક કાર્યવાહી થવી જોઈએ, પીડિતોને યોગ્ય વળતર મળવું જોઈએ અને રોહિંગ્યા સમુદાયને પોતાના વતનમાં ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર મળવો જોઈએ. ન્યાયની સાચી કસોટી અદાલતના ચુકાદામાં નથી, પરંતુ એ ચુકાદાથી પીડિતોના જીવનમાં કેટલો બદલાવ આવે છે તેમાં છે. જો રોહિંગ્યાઓને હજુ પણ શરણાર્થી શિબિરોમાં જ જીવન વિતાવવું પડે અને અત્યાચારીઓ સત્તાના રક્ષણ હેઠળ નિર્ભય રહે તો આ ઐતિહાસિક ચુકાદો પણ માત્ર કાગળ પરનો ન્યાય બની રહેશે. વિશ્વએ નક્કી કરવાનું છે કે તે માનવતાની સાથે ઊભું રહેશે કે પછી સ્વાર્થી મહાસત્તાઓના રાજકીય હિતોની સાથે.

ઈન્ટરવ્યૂ : 'અમે એક વખત અપેક્ષિત વાયદાને ભૂલી જવા તરફ ધકેલીએ છીએ પરંતુ તે ઘા કરે છે અને ફાટી જાય છે'



'રાજકીય ઉદાસી' વિશેના નવા પુસ્તકમાં જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીના પ્રોફેસર ગઝાલા જમીલ વધુ ભારતીયોને દેશ માટે શોક કરવા હાકલ કરે છે જે ભારત ન હોઈ શકે

(ભાગ-૧)

શું ઉદાસી રાજકીય હોઈ શકે ? જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટીના પ્રોફેસર ગઝાલા જમીલ તેમના નવા પુસ્તકમાં દલીલ કરે છે કે હા, તે હોઈ શકે છે. તેમના મતે 'રાજકીય ઉદાસી' એવા ભવિષ્યના ગુમ થવાથી ઉદ્‌ભવે છે, જે એક સમયે પ્રાપ્ત કરી શકાય તેવું લાગતું હતું પરંતુ હવે તે શક્ય જણાતું નથી. 'સ્કોલ'ને આપેલા એક ઈન્ટરવ્યૂમાં ગઝાલા જમીલે સમજાવ્યું કે આ વિચાર સંપૂર્ણપણે નવો નથી. તેમણે આ ખ્યાલ બ્રિટિશ સાંસ્કૃતિક સિદ્ધાંતવાદી માર્ક ફિશર પાસેથી લીધો છે, જેમણે 'હોન્ટોલોજી' શબ્દ પ્રયોજ્યો હતો. આ શબ્દ એ સમજાવે છે કે, જે ભવિષ્ય ક્યારેય વાસ્તવિકતા બન્યું જ નહીં, તે કેવી રીતે સમાજને સતત પરેશાન (અથવા 'ભૂત'ની જેમ પીછો) કરતું રહે છે. જો કે, ગઝાલા જમીલનું નવું પુસ્તક, 'વોટ ટુ ડુ વિથ પોલિટિકલ સેડનેસ', 'હોન્ટોલોજી'ના ખ્યાલને ભારતીય સંદર્ભમાં મૂકે છે. તે રાજ્ય દ્વારા થતી હિંસા, નાગરિકોના વિરોધ પ્રદર્શનો, 'પોતાનાપણા'ની ભાવના અને અન્ય સમકાલીન મુદ્દાઓ પર એક મૌલિક દૃષ્ટિકોણ રજૂ કરે છે.

ગઝાલા જમીલે એ વિશે પણ વાત કરી કે તાજેતરના દાયકાઓમાં ભારત જે રીતે બિનસાંપ્રદાયિકતાથી દૂર ગયું છે, તેની તેમના પર - એક મુસ્લિમ તરીકે - કેવી અસર પડી છે. તેમણે કહ્યું, 'આપણી પાસે નિરાશા અને એક જગ્યાએ અટવાઈ ગયા હોવાની લાગણી વિશે વાત કરવા માટે કોઈ ભાષા જ નથી.' તેમણે ભારપૂર્વક કહ્યું કે, ભારતીયોએ જે કંઈ ગુમાવ્યું છે, તેના પર પ્રમાણિકપણે શોક વ્યક્ત કરવાની જરૂર છે.

અહીં તે ઈન્ટરવ્યૂના સંપાદિત અંશો રજૂ છે : તમે તમારા પુસ્તકમાં લખ્યું છે કે, ૧૯૮૦ અને ૧૯૯૦ના દાયકામાં મોટા થયેલા ભારતીયો માટે, ૨૧મી સદી ઘણી આશાઓ અને સંભાવનાઓથી ભરેલી લાગતી હતી પરંતુ Gen Z માટે, તે સમય ઘણો દૂરનો અને અજાણ્યો લાગે છે. તે સમય કેવો હતો, તે તમે વર્ણવી શકશો ? જોહુ મારા પોતાના પરિવારના ઈતિહાસથી શરૂઆત કરું, તો અમે ૧૯૮૦ના દાયકામાં જામિયા નગરમાં રહેવા ગયા હતા. અલબત્ત, રોજિંદા જીવનમાં સાંપ્રદાયિક ભેદભાવનો સામનો કરવો પડતો હતો અને સાંપ્રદાયિક હિંસા પણ થતી હતી પરંતુ તે સમયે મુસ્લિમ-વિરોધી વાતાવરણ કે ચર્ચાઓ આજના સમયની જેમ જાહેર જીવનમાં સતત છવાયેલી રહેતી ન હતી. લોકો માટે ઉચ્ચ શિક્ષણના દ્વાર મોટા પાયે ખુલ્યા. ભલે અમે કોઈ સમૃદ્ધ પરિવારમાંથી નહોતા આવતા, તેમ છતાં અમને સારું શિક્ષણ મળ્યું અને અમે એટલી કમાણી કરી કે જે અમારા માતા-પિતાએ તેમના જીવનકાળમાં ક્યારેય કરી ન હતી. રાજીવ ગાંધીએ '૨૧મી સદી'ને એક રાજકીય સૂત્ર બનાવી દીધું હતું. તે સમયે એવી ધારણા હતી કે વિવિધ ક્ષેત્રોમાં તકનિકી પ્રગતિને કારણે જીવનધોરણ સુધરશે. સ્વાસ્થ્ય એક મુખ્ય ચર્ચાનો વિષય હતો. તે સમયે ઉપગ્રહો (સેટેલાઈટ્સ) અવકાશમાં છોડવામાં આવી રહ્યા હતા. આપણે ૨૧મી સદીની અપેક્ષા લગભગ એક વૈજ્ઞાનિક કાલ્પનિક યુટોપિયાની જેમ રાખી હતી. હું એમ નથી કહેતો કે બધું જ સંપૂર્ણ હતું પરંતુ પ્રવચન એવું જ હતું. આપણે પ્રગતિ કરીશું અને સામૂહિક રીતે વધુ સારા લોકો બનીશું. દૂરદર્શન પર રાજ્યનો બધો પ્રચાર એ હતો કે વિવિધતામાં સંવાદિતા અને એકતા હોવી જોઈએ. તમે દલીલ કરો છો કે આ ભવિષ્ય જે એક સમયે શક્ય લાગતું હતું પરંતુ ત્યારથી ખોવાઈ ગયું છે તે પ્રામાણિક શોકની માંગ કરે છે. શા માટે ? જો મેં કોઈ પ્રિયજન ગુમાવ્યું હોય અને દરેક મને આગળ વધવાનું કહે, તો તમે કલ્પના કરી શકો છો કે તે ચોક્કસ પ્રકારની ઈજા પેદા કરશે. સમુદાયોને પણ આ જ વાત લાગુ પડે છે. તમે લોકોને ભૂલી જવા અને આગળ વધવાનું કહી શકો છો, અને કદાચ તેમની પાસે કહેવાની શક્તિ નથી કે, 'હું આગળ વધી શકતો નથી. મારે મારા નુકસાન પર શોક કરવો પડશે.' તેથી આપણે આ ભવિષ્યોને ભૂલી જવા માટે દબાણ કરીએ છીએ જેની આપણે એક સમયે અપેક્ષા રાખી હતી પરંતુ તે ઘાયલ અને ઉદાસ કરે છે. શોક એ એવા ભવિષ્ય માટે તમે જે દુઃખ અનુભવો છો તેને ઓળખવાનો છે જે ન હોઈ શકે. તે એવી વસ્તુ છે જે આપણામાંથી ઘણાએ અનુભવી હતી પણ વ્યક્ત કરી શકતા નથી. (બ્રિટિશ સાંસ્કૃતિક સિદ્ધાંતવાદી) માર્ક ફિશરનો ભૂતવિજ્ઞાનનો વિચાર એવા ભવિષ્ય વિશે છે જે જાણી જોઈને રદ કરવામાં આવે છે, એવા ભવિષ્ય જે ભૂતિયા હોય છે - તે આને વ્યક્ત કરવાની ખરેખર Gen Z ની રીત છે. જ્યારે મેં માર્ક ફિશર વાંચ્યું, ત્યારે મને તે ખૂબ જ શક્તિશાળી લાગ્યું. ખરેખર મને જે વાત સતાવે છે તે એ છે કે મેં વિચાર્યું કે જે ભારતમાં મારા બાળકો મોટા થશે તે ભારત વધુ ધર્મનિરપેક્ષ ભારત હશે. માતા-પિતા માટે, બાળકોને દુનિયામાં લાવવાનો અર્થ એ છે કે, તે દુનિયામાં પણ ચોક્કસ શ્રદ્ધા રાખવી પડે છે. નિરાશા અને અટવાયેલી લાગણી વિશે વાત કરવા માટે આપણી પાસે ભાષા નથી. આ ઘણા Gen Z જે અનુભવે છે તેના જેવું જ લાગે છે, સિવાય કે તેઓ તેના વિશે રમુજ હોય છે. ચોક્કસ. અટવાયેલી લાગણીની તેમની અભિવ્યક્તિ રમૂજ ન હતી. યુવાનોના વિરોધને જોઈને મને આ વિશે વિચારવા મજબૂર કર્યો. કેટલાક યુવાન વિદ્વાનોએ મને એ પણ નિર્દેશ કર્યો કે ભૂતવિજ્ઞાન રમુજ્ઞ ન હોવું જરૂરી નથી. તેમની પાસે જે નામ આપવામાં આવ્યું છે તેનું નામ આપવાની એક અલગ રીત છે. તેમની આસપાસ બધું જ તૂટી રહ્યું છે અને તેમનામાં તેના વિશે આ ઘેરો રમુજ છે. તમારો એવો તર્ક છે કે, કોઈપણ સમાજમાં હાંસિયામાં ધકેલાયેલા લઘુમતી સમુદાયો માટે, જાહેર અને ખાનગી ક્ષેત્ર વચ્ચેનો ભેદ બહુ સ્પષ્ટ હોતો નથી. તેમની અંગત લાગણીઓ પણ જાહેર મુદ્દાઓનું જ પરિણામ હોય છે. આવું કેમ છે ? આ બાબત નારીવાદી સૂત્ર 'અંગત એ જ રાજકીય છે' તેનું એક પરિણામ કે તારણ જેવી છે. બાબરી મસ્જિદનું ધ્વંસ એટલું પ્રતીકાત્મક હતું કે, તે ઘણા લોકો માટે એક અંગત ઘા સમાન બની ગયું. વળી, જ્યારે જાહેર સ્તરે કોઈ નિવારણ મળતું નથી, ત્યારે તમે તે રાજકીય આઘાત કે ઘાને પોતાનામાં જ દબાવી લો છો (અંતર્લીન કરી લો છો). આ પીડાને સ્વીકૃતિ મળતી નથી અને એવી અપેક્ષા રાખવામાં આવે છે કે, તમે તેને જાહેર જીવનમાં ક્યારેય વ્યક્ત ન કરો. આ બાબતમાં Gen Z ઘણી અલગ છે પરંતુ મારે આ બાબતે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. જો તમે સામાન્ય કે શિષ્ટ વાતચીત દરમિયાન સાંપ્રદાયિક હિંસા માટે ન્યાયની માંગ કરો, તો તમને તરત જ 'સાંપ્રદાયિક વ્યક્તિ' તરીકે લેબલ કરી દેવામાં આવતા હતા. આ વિચાર સાંસ્કૃતિક રીતે પોતાને વ્યક્ત કરવાનો હતો. ખોરાક, કવિતા, ક્લા - આ બધું સારૂ હતું. પરંતુ રાજકીય અભિવ્યક્તિ અને ચોક્કસપણે ન્યાયનો આગ્રહ રાખવો એ એવી વસ્તુ નહોતી જે તમે કરી શકો. આ પ્રતિક્રિયાની અપેક્ષા રાખવામાં નિરાશા અને હતાશા છે. કોઈ એવી દલીલ કરી શકે છે કે, પ્રભાવશાળી જૂથો પણ આ રીતે રાજકીય શોક વ્યક્ત કરે છે. ઉદાહરણ તરીકે, રામ જન્મભૂમિ ચળવળને ટેકો આપતા હિન્દુઓ ઘણીવાર '૫૦૦ વર્ષના સંઘર્ષ'ની વાત કરે છે. તમે તેના વિશે શું વિચારો છો ? હું તેને ખૂબ ગંભીરતાથી લઉં છું. મને ડાબેરી અને ઉદારવાદી વર્તુળોમાં એ ગમતું નથી કે લોકો જમણેરીઓને પાગલ તરીકે હસે છે, તેઓ જે કંઈ પણ કહી રહ્યા છે તે સ્પષ્ટ મૂર્ખતા છે. જુઓ, દરેક વ્યક્તિની સમુદાયની ભાવના, તેમનો ભૂતકાળ અને તેમનો ઈતિહાસ ક્યુરેટ થયેલ છે અને જો તમે સત્તાના પદ પરથી આવો છો, તો તે શક્તિને પકડી રાખવા માટે તમારી પાસે એક અલગ પ્રકારની વાર્તા હોવી જોઈએ. મને એ વાત ખૂબ જ આકર્ષિત કરે છે કે પીડિત થવા જેટલું કંઈ પણ કાયદેસર નથી. આપણે વિચારી શકીએ છીએ કે કોઈની પીડિત વાર્તા પુરાવા વિના અને તેમની કલ્પનાની કલ્પના વિનાની છે પરંતુ આ એક એવી વાર્તા છે જેમાં તેઓ વિશ્વાસ કરવા લાગે છે. આ એવી વાત છે જેને વારંવાર કરતાં વધુ ગંભીરતાથી લેવાની જરૂર છે. **(ક્રમશઃ)**

(સૌ. : સ્કોલ.ઈન)

ભારતમાં મુસ્લિમો : ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય

શું આપણે આપણી આવનારી પેઢીને માત્ર ડિગ્રી મેળવવા માટે તૈયાર કરી રહ્યા છીએ કે પછી સન્માન, ન્યાય, નેતૃત્વ અને દેશના વિકાસમાં અર્થપૂર્ણ ભાગીદારી માટે પણ તૈયાર કરી રહ્યા છીએ ?

(ભાગ-૨)

શિક્ષણ, ઓળખ, રાજકીય પ્રતિનિધિત્વ, સામાજિક જવાબદારી અને સમગ્ર સમાજના ભવિષ્ય અંગે આત્મમંથનનો સમય

આ પણે રાજકારણ પ્રત્યે સ્વતંત્ર અને સિદ્ધાંત આધારિત અભિગમ વિકસાવવો પડશે. રાજકીય પક્ષો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓનું મૂલ્યાંકન તેમના કામ, નીતિઓ, બંધારણીય પ્રતિબદ્ધતા, જાહેર જવાબદેહી અને તમામ નાગરિકો પ્રત્યેના વ્યવહારના આધારે થવું જોઈએ. કોઈ સરકાર સારો નિર્ણય લે તો તેની પ્રશંસા કરવી જોઈએ. કોઈ રાજકીય પ્રતિનિધિ જનહિતમાં કામ કરે તો તેની કદર કરવી જોઈએ. પરંતુ કોઈ નિર્ણય ભેદભાવપૂર્ણ, અન્યાયી કે બંધારણીય મૂલ્યોની વિરુદ્ધ હોય તો તેને પ્રશ્ન કરવાની હિંમત પણ રાખવી જોઈએ. આપણી વફાદારી ન્યાય, બંધારણીય મૂલ્યો અને સમાજના હિત પ્રત્યે હોવી જોઈએ, કોઈ રાજકીય વ્યક્તિ કે પક્ષની ઓળખ પ્રત્યે નહીં. રાજકીય પક્ષને ટેકો આપવો એક પસંદગી છે, પરંતુ અન્યાય સામે અવાજ ઉઠાવવો આપણી જવાબદારી છે.

આ જવાબદારી આપણે માત્ર રાજકારણીઓ, ધાર્મિક આગેવાનો કે સંગઠનોને સોંપી શકીએ નહીં. દરેક વ્યક્તિએ પોતાની જાણકારી, હોદ્દા અને ક્ષમતા મુજબ યોગદાન આપવું પડશે.

એકતા માત્ર નારા નહીં, સંસ્થાકીય કાર્યપદ્ધતિ હોવી જોઈએ

આપણે એકતાની વાત ઘણી કરીએ છીએ, પરંતુ માત્ર સૂત્રોચ્ચારથી એકતા ટકી શકતી નથી. તેના માટે સંસ્થાકીય કાર્યપદ્ધતિમાં પરિવર્તન લાવવું જરૂરી છે. આપણી કેટલી સંસ્થાઓ પાસે સ્પષ્ટ અને લાંબા ગાળાનાં લક્ષ્યો છે? કેટલી સંસ્થાઓ પોતાનાં કામકાજ અને નાણાકીય વ્યવહારો અંગે પારદર્શક અહેવાલો જાહેર કરે છે? કેટલી સંસ્થાઓ સમયાંતરે પોતાના કાર્યનું મૂલ્યાંકન કરે છે? કેટલી સંસ્થાઓ નેતૃત્વ, પ્રસિદ્ધિ કે વ્યક્તિગત પ્રભાવને કેન્દ્રમાં રાખ્યા વિના અન્ય સંસ્થાઓ સાથે સહકાર આપવા તૈયાર છે ?

આ પ્રશ્નો આપણે ગંભીરતાથી પૂછવા જોઈએ

શૈક્ષણિક સંસ્થાનું મૂલ્યાંકન તે આપતા શિક્ષણની ગુણવત્તા અને તેના દ્વારા બદલાતાં જીવનના આધારે થવું જોઈએ. સામાજિક સંસ્થાનું મૂલ્યાંકન તે ઉકેલતી સમસ્યાઓના આધારે થવું જોઈએ. ધાર્મિક સંસ્થાની ઓળખ તેના દ્વારા ફેલાવાતા જ્ઞાન, મૂલ્યો અને સેવાકાર્યથી થવી જોઈએ. રાજકીય મંચનું મૂલ્યાંકન તેની જવાબદારી અને જાહેર યો"દાનના આધારે થવું જોઈએ. આપણી સંસ્થાઓ વ્યક્તિગત પ્રભાવનાં કેન્દ્રો નહીં, પરંતુ સામૂહિક વિકાસનાં સાધનો બનવી જોઈએ. આપણા વિચારો, અભિગમો અને વિચારધારાઓ અલગ હોઈ શકે છે. વિવિધતા ધરાવતા કોઈપણ સમાજમાં આ સ્વાભાવિક છે. પરંતુ શું આપણે શિક્ષણ, રોજગાર, કાયદાકીય જાગૃતિ, સામાજિક કલ્યાણ, આર્થિક સશક્તિકરણ અને બંધારણીય અધિકારો જેવા સામાન્ય મુદ્દાઓ પર એકસાથે કામ કરી શકીએ ? એકતાનો અર્થ દરેક વ્યક્તિએ એકસરખું વિચારવું એવો નથી. એકતાનો અર્થ એ છે કે આપણા મતભેદો આપણને સાથે મળીને કામ કરતા રોકવા ન જોઈએ.

આવનારી પેઢી માટે કેવું ભવિષ્ય બનાવવું છે?

જ્યારે આપણે ભવિષ્યની વાત કરીએ છીએ ત્યારે ઘણી વખત આપણી કલ્પના વ્યાવસાયિક લાયકાતો સુધી જ સીમિત રહી જાય છે. આપણને આપણાં બાળકો ડૉક્ટર, એન્જિનિયર, સરકારી અધિકારી અને સફળ ઉદ્યોગપતિ બને તેવું સપનું હોય છે. આ બધી જ ઇચ્છાઓ યોગ્ય છે, પરંતુ તે એક મોટા લક્ષ્યનો માત્ર એક ભાગ હોવી જોઈએ. આ બાળકોને કેવો સમાજ વારસામાં મળશે? શું તેમની પાસે મજબૂત શૈક્ષણિક સંસ્થાઓ હશે? શું તેમને રોજગાર અને ઉદ્યોગ સાહસિકતાની તકો મળશે? શું તેઓ પોતાના બંધારણીય અધિકારો સમજતા હશે? શું તેઓ જાહેર જીવનમાં આત્મવિશ્વાસ સાથે ભાગ લઈ શકશે? શું તેમને એવી સંસ્થાઓ વારસામાં મળશે જે પારદર્શક, જવાબદાર અને તેમની સમસ્યાઓનું સમાધાન કરવા સક્ષમ હશે ? આપણે બાળકોને માત્ર નોકરી મેળવવા માટે નહીં, પરંતુ અન્ય લોકો માટે રોજગારીની તકો ઊભી કરવા માટે પણ તૈયાર કરવા પડશે. માત્ર હોદ્દા મેળવવા માટે નહીં, પરંતુ સમાજમાં યોગદાન આપવા માટે તૈયાર કરવા પડશે. માત્ર વ્યક્તિગત સફળતા માટે નહીં, પરંતુ જવાબદાર નાગરિક અને નેતા બનવા માટે તૈયાર કરવા પડશે.

તે માટે બહુઆયામી અભિગમ જરૂરી છે.

આપણને ગુણવત્તાયુક્ત શિક્ષણ, શિષ્યવૃત્તિ, સંશોધન અને કારકિર્દી માર્ગદર્શન આપતી સંસ્થાઓ જોઈએ. રોજગાર, ઉદ્યોગ સાહસિકતા અને વ્યાવસાયિક વિકાસને પ્રોત્સાહન આપતાં આર્થિક નેટવર્ક જોઈએ. સામાન્ય નાગરિકોને તેમના બંધારણીય અધિકારો સમજવામાં મદદરૂપ થાય તેવા કાયદાકીય સહાય અને જાગૃતિ મંચ જોઈએ. મહિલાઓ અને યુવાનોને સંસ્થાકીય નેતૃત્વમાં અર્થપૂર્ણ ભાગીદારીની તકો મળવી જોઈએ. ધાર્મિક અને નૈતિક શિક્ષણ દ્વારા ચારિત્ર્ય અને જવાબદારીની ભાવના વિકસાવવી

દૃષ્ટિકોણ

- સગીરઅહમદ અન્સારી

જોઈએ. વકીલો, ડૉક્ટરો, એન્જિનિયરો, શિક્ષકો અને ઉદ્યોગપતિઓ માટે માર્ગદર્શન અને વ્યાવસાયિક સહકારનાં મંચ ઊભા કરવા જોઈએ. સૌથી મહત્ત્વનું, આપણાં પ્રયત્નો માત્ર જાહેરાતો અને પરિષદો પૂરતા ન રહે, પરંતુ તેનાં પરિણામોનું મૂલ્યાંકન થઈ શકે તે માટે વિશ્વસનીય માહિતી, સંશોધન, માપી શકાય તેવા લક્ષ્યો અને નિયમિત સમીક્ષાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આપણું લક્ષ્ય માત્ર એવા થોડાક સફળ વ્યક્તિઓ ઊભા કરવાનું ન હોવું જોઈએ, જેઓ પોતાની પરિસ્થિતિઓને પાછળ છોડીને આગળ વધે. આપણું લક્ષ્ય એવી વ્યવસ્થા ઊભી કરવાનું હોવું જોઈએ, જેમાં હજારો લાયક વ્યક્તિઓ શિક્ષણ, તક, સન્માન અને સામૂહિક સહકારના આધારે આગળ વધી શકે.

સમાજનાં મૂળિયાં મજબૂત હોવાં જોઈએ

પ્રકૃતિ આપણને એક સરળ પરંતુ મહત્ત્વપૂર્ણ બોધપાઠ આપે છે. કોઈ વૃક્ષ ઊંચું વધે, સુંદર પાંદડાં ધરાવે અને બહારથી મજબૂત દેખાય, પરંતુ જો તેનાં મૂળિયાં નબળાં હોય તો એક મોટું વાવાઝોડું તેને ધરાશાયી કરી શકે છે.

સમાજની સ્થિતિ પણ આવી જ છે. આપણા મૂળિયાં એટલે આપણાં મૂલ્યો, ધાર્મિક સમજણ, બૌદ્ધિક પરંપરા, શૈક્ષણિક પાયો, નૈતિક ચારિત્ર્ય, સામાજિક સંસ્થાઓ અને સામૂહિક જવાબદારીની ભાવના.

જો આપણે માત્ર દેખાતી સફળતાઓ પર ધ્યાન આપીએ અને આ પાયાને અવગણીએ, તો આપણી પ્રગતિ નબળી અને અસ્થાયી રહેશે. આપણે લાયકાત ધરાવતી વ્યક્તિઓ તો પેદા કરી શકીશું, પરંતુ તેમને સહકાર આપતું મજબૂત સામાજિક માળખું ઊભું નહીં કરી શકીએ. સંસ્થાઓ તો બનાવી શકીશું, પરંતુ જવાબદારીની સંસ્કૃતિ વિકસાવી નહીં શકીએ. રાજકીય દૃશ્યમાનતા તો મેળવી શકીશું, પરંતુ અર્થપૂર્ણ "ભાવ ઊભો નહીં કરી શકીએ.

વૃક્ષની મજબૂતી માત્ર તેની ડાળીઓ કેટલી ઊંચી છે તેના પરથી નક્કી થતી નથી, પરંતુ તેનાં મૂળિયાં કેટલી ઊંડાઈ સુધી પહોંચેલાં છે તેના પરથી

હદીસ બોધ

સંબંધો તોડી નાખનાર સ્વર્ગમાં જશે નહીં. (હદીસ બોધ)

બોધ વચન

તમામ અંધશ્રદ્ધામાં ડાહ્યા માણસો મૂર્ખાઓનું અનુકરણ કરતા હોય છે. -બેકન

આજની આરસી

૨૬ નવેમ્બર ગુરૂવાર ૨૦૨૬
૧૫ જમાદિલ આખર હિજરી ૧૪૪૮
કારતક વદ બીજ સંવત ૨૦૮૩
સુબ્હ સાદિક ૫-૩૭
ખત્મે ઝવાલ ૧૨-૨૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૭-૦૦
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૩

અગત્યની સૂચના

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચકમિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.
- વ્યવસ્થાપક

યુપી : આરએલડી ૩૫થી ૪૦ બેઠકો પર ચૂંટણી લડશે, જયંત ચૌધરી જાટ-ગુર્જર અને દલિત-મુસ્લિમ ગઠબંધન પર કામ કરી રહ્યા છે

(એજન્સી) તા.૨૫

રાષ્ટ્રીય લોકદળ તેના પરંપરાગત સમર્થન આધારને વિસ્તૃત કરવાની તૈયારી કરી રહ્યું છે. આરએલડી એક નવી સામાજિક ઇજનેરી કવાયતની તૈયારી કરી રહ્યું છે. પાર્ટી ૩૫થી ૪૦ બેઠકો પર ચૂંટણી લડશે. જયંત ચૌધરી પશ્ચિમ ઉત્તરપ્રદેશમાં તેના પરંપરાગત સમર્થન આધારને વિસ્તૃત કરવા માટે એક નવી સામાજિક ઇજનેરી કવાયત પર કામ કરી રહ્યા છે. આરએલડી ખાસ કરીને ગુર્જર સમુદાય સાથે જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પ્રયાસના ભાગ રૂપે, પાર્ટી મહાન સ્વાતંત્ર્ય સેનાની અને ખેડૂત નેતા વિજય સિંહ પથિકના નામ અને યોગદાનનો ઉપયોગ તેના સામાજિક-રાજકીય અભિયાનોના આધાર તરીકે કરવાની યોજના ધરાવે છે. આ માટે, પાર્ટી ૨૭ ફેબ્રુઆરી, તેમની જન્મજયંતિના રોજ મેરઠના મવાનામાં એક મોટી



રેલી યોજશે. બુલંદશહેરમાં ગુર્જર પરિવારમાં જન્મેલા અને બિજોલિયા ખેડૂત આંદોલનનું નેતૃત્વ કરતા વિજય સિંહ પથિક પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ગુર્જર સમુદાયના ઇતિહાસમાં ખૂબ જ આદરણીય છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં, જયંત ચૌધરીએ નોઈડા સહિત અનેક કાર્યક્રમોમાં વિજય સિંહ પથિકના સંઘર્ષ અને ખેડૂતોના હિતોને લગતા કાર્યનો ઉલ્લેખ કર્યો છે. આગામી મહિનાઓમાં, પાર્ટી જાહેર સભાઓ અને સામાજિક સંવાદ દ્વારા પથિકના વારસાને ઉજાગર કરશે. તેમના નામે રાજ્યભરમાં ખાસ કાર્યક્રમો યોજાશે. આરએલડી પ્રમુખ અને કેન્દ્રીય મંત્રી જયંત ચૌધરી પાર્ટીની છબીને જાટ રાજકારણ સુધી મર્યાદિત રાખવા ઉપરાંત વિસ્તૃત કરવા માંગે છે. આ સંદર્ભમાં, પાર્ટી જાટ, ગુર્જર, દલિત અને મુસ્લિમ ગઠબંધન પર કામ કરી રહી છે. મેરઠમાં તાજેતરમાં યોજાયેલી લઘુમતી પરિષદ અને દિલ્હીમાં ગુર્જર સમુદાયના પ્રતિનિધિઓ સાથે જયંત ચૌધરીની મુલાકાત આ વ્યાપક વ્યૂહરચનાનો ભાગ છે. જો કે, ગુર્જર સમુદાયમાં પોતાનો પ્રભાવ વધારવાના પ્રયાસોમાં આરએલડીને સમાજવાદી પાર્ટી તરફથી પડકારોનો પણ સામનો કરવો પડી શકે છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં NDA ગઠબંધનનો ભાગ બન્યા પછી અને બાગપત અને બિજનૌર બેઠકો જીત્યા પછી, RLD હવે UP વિધાનસભા ચૂંટણી માટે પોતાની સ્વતંત્ર સંગઠનાત્મક તાકાત વધારવા માટે કામ કરી રહી છે.

દલિત નેતાઓની કન્હેરી મઠના ધર્મગુરૂ વિરૂદ્ધ આંદોલન કરવાની ચીમકી

તેમણે મનુસ્મૃતિ અને બંધારણ અંગે ધર્મગુરૂ દ્વારા કરવામાં આવેલા નિવેદનની આકરી ટીકા કરી

(એજન્સી) તા.૨૫

વિજયપુરામાં દલિત નેતાઓએ કન્હેરી મઠના ધર્મગુરુ શ્રી અદ્રશ્ય કડાસિદ્ધેશ્વર સ્વામીના એ નિવેદનની નિંદા કરી છે, જેમાં તેમણે દાવો કર્યો હતો કે બંધારણમાં મનુસ્મૃતિના અંશો સામેલ છે. તેમણે ચેતવણી આપી છે કે જો ધર્મગુરુ તેમનું નિવેદન પાછું નહીં ખેંચે અને જાહેરમાં માફી નહીં માંગે, તો તેમની વિરુદ્ધ આંદોલન કરવામાં આવશે. બુધવારે વિજયપુરામાં કાર્યકરોએ પત્રકારોને જણાવ્યું હતું કે ધર્મગુરુનું નિવેદન સંપૂર્ણપણે ખોટું છે અને તેનો ઉદ્દેશ્ય સમાજમાં ભાગલા પાડવાનો તથા અમુક સમુદાયો પ્રત્યે નફરત ફેલાવવાનો છે. પૂર્વ ધારાસભ્ય રાજુ અલગુરે કહ્યું, "આ વાત સ્પષ્ટ છે કે બંધારણમાં મનુસ્મૃતિનો કોઈ અંશ નથી. વાસ્તવમાં, બંધારણ સનાતન હિન્દુ ગ્રંથોમાં દર્શાવવામાં આવેલા નિયમોથી વિપરીત છે." તેમણે વધુમાં કહ્યું, "બંધારણની પ્રસ્તાવનાથી લઈને તેના અંતિમ ભાગ સુધી, તેમાં મનુસ્મૃતિનું કોઈ તત્વ નથી. એવું લાગે છે કે ધર્મગુરુએ આ વિષયની કોઈ સમજણ વિના જ ડૉ. બી.આર. આંબેડકર અને બંધારણ વિશે ટિપ્પણી કરી છે. તેમણે તાત્કાલિક જાહેરમાં માફી માંગવી જોઈએ અને પોતાનું નિવેદન પાછું ખેંચવું જોઈએ." તેમણે કહ્યું, "આવા હાસ્યાસ્પદ અને વિચારહીન નિવેદન દ્વારા ધર્મગુરુએ લોકશાહી વ્યવસ્થા અને બંધારણમાં વિશ્વાસ રાખનારાઓ તેમજ ડૉ. આંબેડકરના અનુયાયીઓની લાગણીઓને ઠેસ પહોંચાડી છે. આ સ્વીકાર્ય નથી. જો ધર્મગુરુ તાત્કાલિક માફી નહીં માંગે, તો અમે ૨૬ નવેમ્બરે ઉગ્ર આંદોલન શરૂ કરવા મજબૂર થઈશું." પ્રો. અલગુરે કહ્યું, "બંધારણમાં સમાનતા, બંધુત્વ અને સ્વતંત્રતાના સિદ્ધાંતો છે, જ્યારે મનુસ્મૃતિમાં એવા નિયમો અને જોગવાઈઓ છે જેનો ઉદ્દેશ્ય સમાજમાં ભાગલા પાડવાનો અને ભેદભાવ કરવાનો છે. તે જાતિ અને લિંગ આધારિત અસમાનતાને યોગ્ય ઠેરવે છે. બંધારણ મનુસ્મૃતિ દ્વારા ઊભી કરવામાં આવેલી આ સમસ્યાઓના નિવારણ પૂરા પાડે છે." 'અહિન્દા' (AHINDA) નેતા સોમનાથ કલ્લીમાનીએ કહ્યું કે ધર્મગુરુએ પોતાના નિવેદન દ્વારા ડૉ. આંબેડકર અને બંધારણનું અપમાન કર્યું છે.

યુપી : દલિત મહિલાની છેડતી કરી કપડાં ઉતારવાનો પ્રયાસ, પતિ પર લોખંડના સળિયાથી હુમલો; નવ લોકો સામે કેસ દાખલ

ભદોહીના બડી બાગ વિસ્તારમાં ૩૦ સપ્ટેમ્બરની રાત્રે બનેલી ઘટનામાં, પોલીસ અધિક્ષકના હસ્તક્ષેપ બાદ નવ લોકો વિરૂદ્ધ BNS (ભારતીય ન્યાય સંહિતા) અને SC/ST એક્ટ હેઠળ FIR દાખલ કરવામાં આવી છે, પીડિતાએ સ્થાનિક પોલીસ પર શરૂઆતમાં કોઈ કાર્યવાહી ન કરવાનો આરોપ લગાવ્યો છે

(એજન્સી) ભદોહી (ઉત્તરપ્રદેશ), તા.૨૫

ઉત્તરપ્રદેશના ભદોહી જિલ્લામાં પોલીસે ૨૨ વર્ષીય દલિત મહિલાની છેડતી કરવા, તેના કપડાં ઉતારવાનો પ્રયાસ કરવા અને તેના પતિ પર જીવલેણ હુમલો કરવા બદલ નવ લોકો સામે કેસ નોંધ્યો છે. પોલીસે સોમવારે આ કાર્યવાહીની જાણકારી આપી હતી. એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ASP) શુભમ અગ્રવાલે જણાવ્યું હતું કે, પીડિતાએ પોલીસ અધિક્ષક (SP) અભિનવ ત્યાગીને ફરિયાદ કર્યા બાદ રવિવારે આ કેસ નોંધવામાં આવ્યો હતો. આ ઘટના ૩૦ સપ્ટેમ્બરની રાત્રે લગભગ ૧૦ વાગ્યે બની હતી, જ્યારે પાંચ નામજોગ અને ચાર અજાણ્યા શખ્સો બડી બાગ વિસ્તારમાં આવેલા દંપતીના ભાડાના મકાન પર બેનર લગાવવા આવ્યા હતા. ફરિયાદને ટાંકીને ASPએ જણાવ્યું કે, આરોપીઓએ મહિલાને અશ્લીલ વીડિયો બતાવ્યા, તેની સાથે અયોગ્ય વર્તન કર્યું અને તેને રાત્રે તેમની સાથે ચાલવા માટે કહ્યું. જ્યારે મહિલાએ વિરોધ કર્યો, ત્યારે તેમણે તેના પર જાતિસૂચક ટિપ્પણીઓ કરી અને હુમલો કર્યો. આરોપ છે કે, તેમણે મહિલાના કપડાં ઉતારીને તેને ખેંચી જવાનો પણ પ્રયાસ કર્યો હતો. ઘટનાસ્થળે હોબાળો સાંભળીને મકાનમાલિક અને આસપાસના રહીશો વચ્ચે પડ્યા, ત્યારબાદ જ મહિલાને બચાવી શકાઈ હતી. આરોપ છે કે તે જ રાત્રે, જ્યારે મહિલા તેના પતિને પોતાની આપવીતી જણાવી રહી હતી, ત્યારે આરોપીઓએ તેના પતિ પર લોખંડના સળિયાથી હુમલો કર્યો. સળિયો તેની ડાબી આંખ પાસે વાગ્યો, જેના કારણે તે ગંભીર રીતે ઘાયલ થયો અને બેભાન થઈ ગયો. પતિને બચાવવાના પ્રયાસમાં મહિલાને પણ ઈજાઓ પહોંચી હતી. પીડિતાએ સ્થાનિક પોલીસની શરૂઆતની ભૂમિકા સામે પણ ગંભીર આક્ષેપો કર્યા છે. તેનો આરોપ છે કે પોલીસે શરૂઆતમાં આ મામલે કોઈ કાર્યવાહી કરી ન હતી, પરંતુ તેના બદલે ૧૨ ઓક્ટોબરે તેના પતિ વિરુદ્ધ જ શાંતિ ભંગ (શાંતિ ભંગ બદલ)નો કેસ નોંધી દીધો હતો. એડિશનલ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ શુભમ અગ્રવાલે સ્પષ્ટ કર્યું કે, આરોપી વિરુદ્ધ હવે ભારતીય દંડ સંહિતા (Indian Penal Code) અને SC/ST એક્ટની સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આ કેસમાં ત્વરિત કાર્યવાહી સુનિશ્ચિત કરવા માટે સર્કલ ઓફિસર સુમિત ત્રિપાઠીને સૂચના આપવામાં આવી છે.

મોહમ્મદ સિરાજને લઈને ચાલી રહેલી ચર્ચા પર BCCIના રાજીવ શુક્લા : 'આ બાબતને બિનજરૂરી રીતે મોટી ન કરવી જોઈએ'

તા.૨૫

BCCIના ઉપાધ્યક્ષ રાજીવ શુક્લાએ ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે તાજેતરમાં રમાયેલી વેલિંગ્ટન ટેસ્ટમાંથી મોહમ્મદ સિરાજને બહાર રાખવા અંગેના વિવાદને નકારી કાઢ્યો છે. જસપ્રીત બુમરાહ, પ્રસિદ્ધ કૃષ્ણા, અંશુલ કંબોજ અને આકાશ દીપના સમાવેશ સાથે ભારતે ચાર ઝડપી બોલરોની રણનીતિ અપનાવી હતી, જેના કારણે સિરાજને ટીમમાંથી બહાર રહેવું પડ્યું હતું. વેલિંગ્ટન ટેસ્ટમાંથી મોહમ્મદ સિરાજને બહાર રાખવાના નિર્ણયે ઘણાને આશ્ચર્યચકિત કરી દીધા હતા. બીજી ઇનિંગમાં ભારત બાકીની પાંચ વિકેટ ઝડપવા માટે સંઘર્ષ કરી રહ્યું હતું, જેના કારણે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઇનલમાં પહોંચવાની તેમની શક્યતાઓ પર અસર પડી. આ મહત્વપૂર્ણ મેચમાંથી ૪૮ ટેસ્ટ રમી ચૂકેલા અનુભવી ખેલાડીને બહાર રાખવા બદલ ટીમ મેનેજમેન્ટની ટીકા થઈ હતી. સિરાજને બહાર રાખવાનો



BCCIના ઉપાધ્યક્ષે વેલિંગ્ટન ટેસ્ટમાંથી મોહમ્મદ સિરાજને પડતા મૂકવા અંગેના વિવાદને ફગાવી દીધો છે, તેમણે કહ્યું કે, ખેલાડીઓની પસંદગી એ કોચ અને કેપ્ટનનો નિર્ણય હોય છે

નિર્ણય આઘાતજનક હતો; સુનીલ ગાવસ્કર અને પૂર્વ મુખ્ય કોચ રવિ શાસ્ત્રી જેવા દિગ્ગજોએ પણ આ અંગે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું. જોકે, વિવાદ ત્યારે વધુ વકર્યો જ્યારે કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદે આરોપ લગાવ્યો કે, સારું પ્રદર્શન કરવા છતાં માત્ર તેના નામ (ધર્મ)ને કારણે સિરાજને ભારતીય પ્લેઇંગ ઇલેવનમાંથી બહાર રાખવામાં આવ્યો છે. તેમણે પસંદગી પ્રક્રિયામાં ધાર્મિક ભેદભાવનો આરોપ લગાવ્યો હતો. આ આરોપ પર આકરી પ્રતિક્રિયા આપતા શુક્લાએ કહ્યું કે, આવી વાતો કે ધારણાઓને મહત્વ ન આપવું જોઈએ. શુક્લાએ ANIને જણાવ્યું, "એવું નથી કે સિરાજ ન રમ્યો એટલે જ ટેસ્ટ મેચ ડ્રો થઈ. મને નથી લાગતું કે સિરાજને આવા વિવાદોમાં ઘસડવો જોઈએ. તેના વિશે આવી ટિપ્પણીઓ ન થવી જોઈએ. છેવટે, તે ટીમનો હિસ્સો છે અને ટીમમાં પસંદગી પામવી એ જ સૌથી મોટી સિદ્ધિ છે." "તેની પસંદગી ટીમમાં કરવામાં આવી હતી, પરંતુ મેદાન પર કયા અગિયાર ખેલાડીઓ ઉતરશે તેનો નિર્ણય કોચ અને કેપ્ટન પર નિર્ભર હોય છે. તેઓ પિચની સ્થિતિ અને અન્ય વિવિધ પરિબળોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લે છે. માત્ર એટલા માટે કે કોઈ ખેલાડીને પ્લેઇંગ ઇલેવનમાં (રમતા અગિયાર ખેલાડીઓમાં) સ્થાન મળ્યું નથી, રાજકીય કે અન્ય વિવાદો ઊભા કરવા યોગ્ય નથી. આ સિરાજ માટે પણ સારું નથી, અને તે પોતે પણ ચોક્કસપણે આવું ઇચ્છશે નહીં." ભારતીય બેટ્સમેનોએ શાનદાર પ્રદર્શન કરતા ૭૨૦/૯ (ડિક્લેર્ડ)નો સ્કોર નોંધાવ્યો - જે SENA દેશોમાં (દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા) ભારતનો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર છે - તેમ છતાં, સિરાજને લઈને વિવાદ પડદા પાછળ ચાલુ રહ્યો. બેટિંગ કોચ સિતાંશુ કોટકે આ નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે, ટીમ મેનેજમેન્ટે એવા સંયોજન (કોમ્બિનેશન) સાથે જવાનું પસંદ કર્યું જે તેમને આ મેચ માટે સૌથી યોગ્ય લાગ્યું. ગિલે પણ આ મુદ્દા પર વાત કરતા જણાવ્યું કે તેણે સિરાજ સાથે વાત કરી હતી, અને સ્વીકાર્યું કે આ નિર્ણય લેવો મુશ્કેલ હતો. આ પહેલાં, મસૂદે કહ્યું હતું: "એવું કહેવામાં આવી રહ્યું છે કે સારું પ્રદર્શન કરવા છતાં તેને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું નથી. તેનું નામ 'સિરાજ' છે અને કદાચ એટલે જ તેને સ્થાન નથી અપાયું. જો તમે સારું પ્રદર્શન કરવા છતાં તેની પસંદગી નથી કરી રહ્યા, તો આ સ્પષ્ટ ભેદભાવ છે." જોકે, શુક્લાએ આ બાબતે પોતાનો મત ખૂબ જ સ્પષ્ટ રીતે રજૂ કર્યો. તેમણે ઉમેર્યું, "કોઈને વિવાદો કે ઝઘડાઓમાં ખેંચી લાવવા - પ્લેઇંગ ઇલેવન અંગેનો નિર્ણય સંપૂર્ણપણે કોચ અને કેપ્ટન પર છોડી દેવો જોઈએ. તેથી, મને નથી લાગતું કે આ બાબતને આટલી મોટી બનાવીને રજૂ કરવી જોઈએ."

'હવે તમે મારી પ્રેરણા છો' : T20 વર્લ્ડકપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવ તરફથી વૈભવ સૂર્યવંશીને મળ્યા ભરપૂર વખાણ

તા.૨૫

મંગળવારે દોહામાં રમાયેલા ACC રાઇઝિંગ સ્ટાર્સ એશિયા કપ ૨૦૨૬માં, યુવા બેટિંગ સનસનાટી વૈભવ સૂર્યવંશીએ 'ઈન્ડિયા A' તરફથી રમતા UAE સામે ૫૩ બોલમાં ધમાકેદાર ૨૦૪ રન બનાવ્યા. આ સાથે તેણે 'લિસ્ટ A' ક્રિકેટના રેકોર્ડ બુકમાં તોફાની ફેરફાર કર્યા અને ચારે બાજુથી પ્રશંસા મેળવી. સૂર્યવંશીએ માત્ર ૨૮ બોલમાં (૬.૩ ઓવરમાં) પોતાની સદી પૂરી કરી. આ સાથે તેણે ઓસ્ટ્રેલિયાના જેક ફ્રેઝર-મેકગર્ક ૨૦૨૩માં બનાવેલા ૨૯ બોલના સૌથી ઝડપી સદીના રેકોર્ડને પાછળ છોડી દીધો. જોકે, આ યુવા ખેલાડીની તો માત્ર શરૂઆત જ હતી; તેણે માત્ર ૪૦ બોલમાં ૧૫૦ રન પૂરા કર્યા. આ સાથે તેણે ગયા વર્ષે અરુણાચલ પ્રદેશ સામે બિહારનું પ્રતિનિધિત્વ કરતી વખતે બનાવેલા પોતાના જ ૫૯ બોલના રેકોર્ડમાં ૧૯ બોલનો સુધારો કર્યો. આ બેવડી સદી માત્ર ૫૨ બોલમાં પૂરી થઈ, જે અગાઉના ૧૦૩ બોલના શ્રેષ્ઠ રેકોર્ડ કરતાં લગભગ અડધા સમયમાં બની છે. અગાઉનો આ રેકોર્ડ ન્યૂઝીલેન્ડના બેટર ચાડ બોવ્સે 'ફોર્ટ ટ્રોફી'માં કેન્ટરબરી તરફથી ઓટાગો સામે રમતી વખતે બનાવ્યો હતો. ભારતના ૨૦ વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન સૂર્યકુમાર યાદવે 'X' (ટ્વિટર) પર લખ્યું, "વૈભવ સૂર્યવંશી, હવે તું મારી પ્રેરણા છે. કેવો અદભૂત ખેલાડી! ઈંખાસ (special)." પોતાની આ ઇનિંગ દરમિયાન, સૂર્યવંશીએ સાત ચોગ્ગા અને ૨૮ જબરદસ્ત છગ્ગા ફટકાર્યા. 'લિસ્ટ A' ક્રિકેટની એક ઇનિંગમાં કોઈ પણ બેટર દ્વારા ફટકારવામાં આવેલા આ સૌથી વધુ છગ્ગા છે; તેણે ૨૦૧૮માં ડાર્સી શોર્ટ દ્વારા બનાવવામાં આવેલા ૨૩ છગ્ગાના અગાઉના રેકોર્ડને પાછળ છોડી દીધો છે. છેવટે તે ૨૦૪ રન બનાવીને આઉટ થયો, પરંતુ ત્યાં સુધીમાં તેણે રેકોર્ડ બુકમાં નવા ઇતિહાસના પાના લખી નાખ્યા હતા. પૂર્વ ક્રિકેટર સુરેશ રૈનાએ પણ આ કિશોર ખેલાડીના ખૂબ વખાણ કર્યા. તેમણે 'X' પર લખ્યું, "એક અસાધારણ પ્રતિભા! આટલી નાની ઉંમરે બેવડી સદી ફટકારવી એ વૈભવ સૂર્યવંશીની નિર્ભય માનસિકતા અને અસાધારણ ક્ષમતા વિશે ઘણું કહી જાય છે. મોટા સપનાં જોવાનું ચાલુ રાખ, ચમકતો રહે, યુવા ચેમ્પિયન!" મોહમ્મદ કૈફે કહ્યું, "માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રન, ૨૮ છગ્ગા! વૈભવ સૂર્યવંશી માત્ર રેકોર્ડ તૂટવાની રાહ નથી જોઈ રહ્યો, તે ક્રિકેટનો ઇતિહાસ ફરીથી લખી રહ્યો છે. તે ભવિષ્યનો એક સુપરસ્ટાર છે!" એસ. બદ્રીનાથે કહ્યું, "વૈભવ સૂર્યવંશી હાલમાં જે પ્રદર્શન કરી રહ્યો છે, તેના વર્ણન માટે હવે મારી પાસે શબ્દો ખૂટી પડ્યા છે. આમ જ આગળ વધતો રહે અને દેશનું નામ રોશન કરતો રહે!"

'મારું ધ્યાન ભટકી ગયું હતું' : યુવરાજ સિંહની ૩૦ મિનિટની પ્રેરણાદાયી વાતચીતે કેવી રીતે વૈભવ સૂર્યવંશીને ૫૩ બોલમાં ૨૦૪ રન ફટકારવામાં મદદ કરી

ભારતીય ક્રિકેટર વૈભવ સૂર્યવંશીને 'TIME100 નેક્સ્ટ ઇન્ડિયા'ની પ્રથમ યાદીમાં 'ઇનોવેટર્સ' (નવીનતા લાવનાર) શ્રેણીમાં સ્થાન આપવામાં આવ્યું છે, આ યાદીમાં એવા ઊભરતા નેતાઓને સામેલ કરવામાં આવે છે જેઓ વ્યવસાય, મનોરંજન, વિજ્ઞાન, રમતગમત અને સામાજિક ક્ષેત્રોમાં દેશના ભવિષ્યને ઘડી રહ્યા છે

તા.૨૫

ભારતીય બેટિંગ સનસનાટી વૈભવ સૂર્યવંશીએ ખુલાસો કર્યો છે કે તેના આદર્શ યુવરાજ સિંહ સાથેની ૩૦ મિનિટની ફોન વાતચીતે તેના 'ભટકી ગયેલા' મનને ફરી પાટા પર લાવવામાં અને કેટલીક તકનીકી ખામીઓને સુધારવામાં મદદ કરી. આ મદદ તેને 'એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ' સ્પર્ધામાં UAE સામેના તેના રેકોર્ડ-તોડ પ્રદર્શન પહેલાં મળી હતી. ૧૫ વર્ષીય સૂર્યવંશીએ મંગળવારે છઠ્ઠી સામેની વન-ડે ફોર્મેટની ટુનમેન્ટમાં તોફાની બેટિંગ કરી હતી. તેણે માત્ર ૫૩ બોલમાં ૨૦૪ રન બનાવ્યા, જેમાં ૨૮ સિક્સર અને ૭ ચોગ્ગાનો સમાવેશ થાય છે. આ સાથે તેણે 'લિસ્ટ છ' (List A) ક્રિકેટમાં સૌથી ઝડપી સદી અને બેવડી સદીના રેકોર્ડ તોડી નાખ્યા. ભારત આ મેચ ૭ વિકેટે જીત્યું હતું. સૂર્યવંશીએ જણાવ્યું કે, તાજેતરની કેટલીક



મેચોમાં નબળા પ્રદર્શનને કારણે તેનું ધ્યાન ભટકી ગયું હતું, પરંતુ યુવરાજ સાથેની વાતચીતથી પરિસ્થિતિમાં સકારાત્મક બદલાવ આવ્યો. BCCI દ્વારા શેર કરવામાં આવેલા એક વીડિયોમાં સૂર્યવંશીએ કહ્યું, "મેં યુવરાજ સિંહ સર સાથે લગભગ અડધો કલાક વાત કરી. તેમણે મને બેટિંગ વિશે ઘણી સમજણ આપી. હું કેટલીક બાબતોને લઈને ચિંતિત હતો અને મેં તેમની સાથે ખુલીને વાત કરી... કે જ્યારે હું મેદાન પર બેટિંગ કરું છું ત્યારે મને આવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે." "તેમણે લગભગ અડધા કલાક સુધી મને ઘણી બાબતો સમજાવી અને એક મહત્વની વાત કહી કે, જો હું ૨૦ બોલ પણ રમી લઉં, તો સ્કોર ઘણો અલગ હશે. તેમણે કેટલીક તકનીકી બાબતો પણ સમજાવી, જે મને ખૂબ મદદરૂપ થઈ." સૂર્યવંશીએ કહ્યું કે વિકેટ બેટિંગ માટે અનુકૂળ હોવાથી, તે પોતાની રમત પર ભરોસો રાખી શક્યો અને તેણે અગાઉ કરેલી કેટલીક ભૂલોનું પુનરાવર્તન ન કર્યું. તેણે કહ્યું, "મારો અભિગમ વિકેટને સમજવાનો હતો. મેં કેટલાક બોલને ધ્યાનથી જોયા અને બોલ બેટ પર સારી રીતે આવી રહ્યા હતા, તેથી મેં મારી રમત પર વિશ્વાસ રાખ્યો." "આ સરળ નથી... હકીકતમાં, મારી છેલ્લી ડોમેસ્ટિક ક્રિકેટ મેચમાં પણ હું રન બનાવી શક્યો ન હતો. આસપાસ જે કંઈ બની રહ્યું હતું તેના કારણે મારું ધ્યાન થોડું ભટકી ગયું હતું. પરંતુ મેં યુવી સર (યુવરાજ સિંહ) સાથે વાત કરી, જે મારા આદર્શ છે. જ્યારે તમારો આદર્શ કંઈક કહે છે, ત્યારે તમે તેને ખૂબ ધ્યાનથી સાંભળો છો; મેં પણ એવું જ કર્યું." તેણે ઉમેર્યું, "તેમણે મને ઘણી મહત્વપૂર્ણ બાબતો વિગતવાર સમજાવી. બાદમાં મેં મારી બેટિંગના વીડિયો પણ જોયા અને મને સમજાયું કે હું એક ચોક્કસ તબક્કે ભૂલ કરી રહ્યો હતો." સૂર્યવંશીએ કહ્યું કે તે માત્ર એક જ ફોર્મેટનો ખેલાડી નથી, પરંતુ તેની પાસે એવી ક્ષમતા છે કે તે ફોર્મેટની લંબાઈ (સમયગાળા) મુજબ પોતાની બેટિંગ શૈલીમાં ફેરફાર કરી શકે છે. તેણે કહ્યું, "અમદાવાદમાં IPL પછી જ્યારે મારો ઈન્ટરવ્યુ લેવાયો હતો, ત્યારે મેં કહ્યું હતું કે હું ત્રણેય ફોર્મેટમાં રમી શકું છું અને પરિસ્થિતિ મુજબ મારી રમત બદલી શકું છું." મારી રમત પર મારું એવું નિયંત્રણ છે. આ લાંબા ફોર્મેટની મેચ હોવાથી, મેં તે જ રીતે રમવાનો પ્રયાસ કર્યો અને લાંબા સમય સુધી ક્રિઝ પર ટકી રહેવાનો પ્રયત્ન કર્યો." ડાબોડી બેટ્સમેને વધુમાં કહ્યું, "આજે (મંગળવારે) પણ મારો અભિગમ એવો જ હતો. વિકેટ પર બોલરોને બહુ મદદ મળી રહી ન હતી. જ્યારે મેં મારા શોટ્સ રમવાનો પ્રયાસ કર્યો, ત્યારે બોલ બેટ પર સારી રીતે આવી રહ્યો હતો, તેથી મેં મારી ક્ષમતાઓ પર ભરોસો રાખ્યો." આ પ્રતિભાશાળી ખેલાડીએ આ વર્ષની શરૂઆતમાં યુકેના પ્રવાસ દરમિયાન T20 ફોર્મેટમાં ભારત માટે પદાર્પણ કર્યું હતું.

સિનેમા કામદારોના એક જૂથે પીએમ મોદીને ભારતમાં પાકિસ્તાની નેટફ્લિક્સ શ્રેણીના રિલીઝ પર પ્રતિબંધ મૂકવા વિનંતી કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

ઓલ ઇન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને ભારતમાં પાકિસ્તાની નેટફ્લિક્સ શ્રેણીના રિલીઝ પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. એસોસિએશનના પ્રમુખ સુરેશ શ્યામલાલ ગુપ્તા છે, જેમણે ૨૦૧૬માં તેની સ્થાપના કરી હતી. આ પત્ર જેને સોશિયલ મીડિયા

૪ ડિસેમ્બરે નેટફ્લિક્સ તેની પ્રથમ પાકિસ્તાની મૂળ શ્રેણી 'જો બચે હૈ સંગ સમત લો' રિલીઝ કરશે. ઓલ ઇન્ડિયા સિને વર્કર્સ એસોસિએશને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પ્રતિબંધની માંગ કરી છે

સહિત લોકોનું ધ્યાન ખેંચ્યું છે, તે વારંવાર પાકિસ્તાનને 'આતંકવાદી રાજ્ય' તરીકે લેબલ કરે છે અને એસોસિએશને ભારતમાં ઉપલબ્ધ તમામ પાકિસ્તાની સામગ્રી પર કાયમી પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. એ નોંધવું જોઈએ કે ૨૦૧૬ના ઉરી હુમલા પછી ભારતીય ફિલ્મ કામદારોનું પ્રતિનિધિત્વ કરતી સંસ્થાઓ પાકિસ્તાની કલાકારો, ટેકનિશિયનો અને અન્ય લોકોને ભારતમાં કામ કરતા અટકાવવામાં સફળ રહી છે. એસોસિએશનનો દાવો છે કે, આ શ્રેણી ૮ મે, ૨૦૨૫ના રોજ સરકારની સલાહનું ઉલ્લંઘન કરે છે, જેમાં પહેલગામ આતંકવાદી હુમલા પછી દેશના તમામ OTT પ્લેટફોર્મ, સ્ટ્રીમિંગ સેવાઓ અને મધ્યસ્થીઓને પાકિસ્તાની મૂળની સામગ્રીનું પ્રસારણ બંધ કરવા કહેવામાં આવ્યું હતું. 'જો બચે હૈ સંગ સમેત લો' નામની આ શ્રેણી આવતા અઠવાડિયે ૪ ડિસેમ્બરે રિલીઝ થવાની છે અને તે નેટફ્લિક્સ પર પ્રથમ મૂળ પાકિસ્તાની પ્રોડક્શન છે. તેનું ટ્રેલર મંગળવારે રિલીઝ થયું હતું. આ શ્રેણીમાં ફવાદ ખાન, માહિરા ખાન, હાનિયા આમિર, સનમ સઈદ, હમઝા અલી અંસારી અને આમિના શેખ સહિત ઘણા પ્રખ્યાત પાકિસ્તાની કલાકારો છે, જેઓ ભારતમાં પણ ખૂબ જ લોકપ્રિય છે. એસોસિએશનનો દાવો છે કે, આમાંના કેટલાક કલાકારોએ તણાવપૂર્ણ સમયમાં ભારત વિરુદ્ધ નિવેદનો આપ્યા છે. એસોસિએશનના પત્રમાં કહેવામાં આવ્યું છે કે, 'આ લોકો આતંકવાદી દેશના છે જે ક્યારેય ભારતનું ભલું નહીં ઇચ્છે.' તેમાં આગળ કહેવામાં આવ્યું છે કે, 'ભારત ક્યારેય પાકિસ્તાનનો પક્ષ લેશે નહીં - આજે નહીં, ક્યારેય નહીં. ભારતીય સ્ક્રીનો પર કોઈપણ પાકિસ્તાની ચહેરા, અવાજ અથવા વાર્તા માટે કોઈ સ્થાન નથી.' એસોસિએશને એવી પણ માંગ કરી હતી કે વડાપ્રધાન 'કઠોર સજાની જોગવાઈઓ સાથે એક મજબૂત અને કાયમી કાયદો' બનાવે જેથી પાકિસ્તાની સામગ્રી, કલાકારો અને તેના જેવા અન્ય કાર્યક્રમો ભારતીય ટેલિવિઝન, OTT પ્લેટફોર્મ અથવા સિનેમાઘરો પર ફરી ક્યારેય ન બતાવી શકાય. આ પત્ર પાકિસ્તાનના ક્લાયમેટ ચેન્જ મંત્રી, મુસાદિક મસૂદ મલિક, શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશન (SCO)ના 'સંસ્કૃતિ સંવાદ'ના ભાગરૂપે ભારત સરકારના આમંત્રણ પર દિલ્હીની

અલ્હાબાદ હાઈકોર્ટે સોનભદ્રની પિપરી જામા મસ્જિદ તોડવા પર રોક લગાવી દીધી છે

અલ્હાબાદ હાઈકોર્ટે સત્તાવાળાઓને નિર્દેશ આપ્યો છે કે, જ્યાં સુધી આગળના આદેશ ન મળે ત્યાં સુધી મસ્જિદ કે તેની સીમા દીવાલ તોડવી નહીં, હવે પછીની સુનાવણી ૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ નક્કી કરવામાં આવી છે

(એજન્સી) લખનૌ, તા.૨૫

અલ્લાબાદ હાઈકોર્ટે ઉત્તરપ્રદેશના સોનભદ્ર જિલ્લાના દુદ્ધી તાલુકામાં આવેલા પિપરી નગરમાં સ્થિત જામા મસ્જિદને તોડી પાડવાની દરખાસ્ત પર રોક લગાવી દીધી છે. આ નિર્ણય યોગી આદિત્યનાથના નેતૃત્વવાળી રાજ્ય સરકાર માટે એક ઝટકા સમાન છે. કોર્ટે સત્તાવાળાઓને નિર્દેશ આપ્યો છે કે, જ્યાં સુધી આગળના આદેશો ન મળે ત્યાં સુધી મસ્જિદની ઈમારત કે તેની સીમા દીવાલને તોડવાની કોઈપણ કાર્યવાહી કરવામાં ન આવે. આ કેસની આગામી સુનાવણી ૮ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ નક્કી કરવામાં આવી છે. મસ્જિદના વ્યવસ્થાપકોએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો, જ્યારે તેમને જાણ થઈ કે સોનભદ્ર જિલ્લા વહીવટીતંત્ર આ ધાર્મિક ઈમારતને તોડી પાડવાની તૈયારી કરી રહ્યું છે. આ કાર્યવાહી પાછળનું કારણ એવું આપવામાં આવ્યું હતું કે, આ ઈમારત સરકારી જમીન પર આવેલી છે. અરજી મુજબ મસ્જિદ અને તેની સાથે જોડાયેલ કબ્રસ્તાન ૧૦ બિઘ્વા જમીનમાં ફેલાયેલા છે, જે 'વકફ' મિલકત તરીકે નોંધાયેલા છે. આ મિલકત અંગે ૨૬ મે, ૧૯૮૭ના રોજ સરકારી ગેઝેટમાં સત્તાવાર સૂચના (નોટિફિકેશન) બહાર પાડવામાં આવી હતી. આ મસ્જિદ 'વકફ એક્ટ'ની કલમ ૩૭ હેઠળ જાળવવામાં આવતા રજિસ્ટરમાં પણ નોંધાયેલી છે. અરજીમાં દલીલ કરવામાં આવી છે કે, વકફ મિલકત તરીકે નોંધાયેલી હોવાથી, જિલ્લા વહીવટીતંત્ર યોગ્ય કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના તેને તોડી પાડવાની કાર્યવાહી કરી શકે નહીં. આ કેસની સુનાવણી જસ્ટિસ અજીત કુમાર અને જસ્ટિસ ગરિમા પ્રસાદની ડિવિઝન બેન્ચ સમક્ષ થઈ હતી. અરજદાર આફતાબ અહેમદ વતી એડવોકેટ અભિષેક કુમાર ચૌબે હાજર રહ્યા હતા અને મસ્જિદ વ્યવસ્થાપન પક્ષની દલીલો રજૂ કરી હતી. અરજીમાં જણાવવામાં આવ્યું છે કે, મસ્જિદ અને કબ્રસ્તાન 'ઉત્તરપ્રદેશ સુન્ની સેન્ટ્રલ વકફ બોર્ડ'માં વકફ નંબર-૭૨૯ (AWC-763) હેઠળ નોંધાયેલા છે. વકફ મિલકત તરીકેનો તેમનો દરજ્જો સરકારી ગેઝેટમાં પણ જાહેર કરવામાં આવ્યો છે. અરજદારના વકીલે દલીલ કરી હતી કે, જિલ્લા વહીવટીતંત્ર એકતરફી તપાસ અહેવાલના આધારે મસ્જિદને તોડી પાડવાની તૈયારી કરી રહ્યું હતું, જેમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, તે સરકારી જમીન પર બાંધવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સત્તાવાળાઓ દ્વારા આ કાર્યવાહી શરૂ કરવામાં આવી તે પહેલાં મસ્જિદ સમિતિને કોઈ નોટિસ આપવામાં આવી ન હતી કે તેમનો પક્ષ રજૂ કરવાની કોઈ તક આપવામાં આવી ન હતી. વકીલે એવી દલીલ પણ કરી હતી કે, વકફ મિલકતોને લગતા વિવાદો વકફ ટ્રિબ્યુનલના અધિકારક્ષેત્રમાં આવે છે અને વહીવટી સત્તાવાળાઓ એકતરફી રીતે નોંધાયેલ વકફ મિલકતની કાયદેસરની સ્થિતિ નક્કી કરી શકતા નથી કે પછી યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના તેને તોડી પાડવાની કાર્યવાહી કરી શકતા નથી. ઉત્તરપ્રદેશ જલ નિગમનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ અભિષેક શ્રીવાસ્તવે દલીલ કરી હતી કે, અરજદારે સોનભદ્રમાં નિગમની માલિકીની ૧૦ બિઘ્વાથી વધુ જમીન પર અતિક્રમણ કર્યું છે. જો કે, ખંડપીઠ આ દલીલથી સંતુષ્ટ થઈ ન હતી. બંને પક્ષોને સાંભળ્યા પછી હાઈકોર્ટે સુચિત તોડફોડની કાર્યવાહી પર તાત્કાલિક રોક (સ્ટે) લગાવવાનો આદેશ આપ્યો. ન્યાયમૂર્તિ અજીત કુમારે નિર્દેશ આપ્યો કે જ્યાં સુધી આગળના આદેશો ન આવે ત્યાં સુધી મસ્જિદની ઈમારત કે તેની સીમાની દીવાલ સામે તોડફોડની કોઈ કાર્યવાહી કરવામાં ન આવે. ખંડપીઠે રાજ્ય સરકારના વકીલને સરકાર પાસેથી સૂચનાઓ મેળવવા અને આગામી સુનાવણીમાં સરકારનું વલણ રજૂ કરવા પણ નિર્દેશ આપ્યો. પિપરી જામા મસ્જિદને લઈને ચાલી રહેલો વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે સોનભદ્ર જિલ્લામાં વસ્તી વિષયક ફેરફાર (ડેમોગ્રાફિક ચેન્જ)ના આરોપોને લઈને વ્યાપક વિવાદ ચાલી રહ્યો છે. ભાજપ અને તેના સ્થાનિક નેતાઓએ વારંવાર જિલ્લાની વસ્તી રચનામાં કથિત ફેરફાર અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેમાં ખાસ કરીને મુસ્લિમ વસ્તી અને મુસ્લિમ ધાર્મિક માળખાઓની હાજરી પર ભાર મૂકવામાં આવ્યો છે. ટીકાકારોનો આરોપ છે કે, 'વસ્તી વિષયક ફેરફાર'ની આ કથિત વાર્તાનો ઉપયોગ હિન્દુ મતદારોને એકત્ર કરવા અને સાંપ્રદાયિક રેખાઓ પર રાજકીય સમર્થન મજબૂત કરવા માટે કરવામાં આવી રહ્યો છે. આ અભિયાનના ભાગરૂપે, ભાજપના જિલ્લા પ્રમુખ નંદલાલે સોનભદ્રના જિલ્લા મેજિસ્ટ્રેટ ચર્ચિત ગૌરને પત્ર લખીને આરોપ લગાવ્યો હતો કે, સરકારી જમીન પર અનેક મુસ્લિમ ધાર્મિક માળખાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે. તેમણે આ મામલે તપાસ અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી હતી. ત્યારબાદ જિલ્લા મેજિસ્ટ્રેટે સમગ્ર જિલ્લામાં આવેલી મસ્જિદો, ઈદગાહો અને ધાર્મિક સ્થળોની તપાસ કરવાનો આદેશ આપ્યો. અહેવાલો અનુસાર ૧૬ મસ્જિદો અને ઈદગાહોને આ તપાસમાં સામેલ કરવામાં આવી છે. તપાસ હેઠળના મુખ્ય મુદ્દાઓમાંનો એક એ છે કે શું આ



ધાર્મિક માળખાઓ સરકારી માલિકીની જમીન પર બાંધવામાં આવ્યા છે કે કેમ. અહેવાલોમાં એવું પણ સૂચવવામાં આવ્યું છે કે, આ તપાસ દરમિયાન એવા પ્રશ્નો ઊભા થયા છે કે શું જામા મસ્જિદ 'નોર્થન કોલફિલ્ડ્સ લિમિટેડ'ની જમીન પર અને 'ગુલ-એ-મદીના મસ્જિદ' 'નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન'ની જમીન પર સ્થિત છે. જો કે, આ દાવાઓની સ્થિતિ હજુ સુધી નિર્ણાયક રીતે સ્પષ્ટ થઈ નથી. જિલ્લા મેજિસ્ટ્રેટ ચર્ચિત ગૌરે જણાવ્યું હતું કે, તપાસ ચાલી રહી છે અને તેના તારણોના આધારે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે કહ્યું, 'સરકારી જમીનનું રક્ષણ કરવા અને તેનો યોગ્ય ઉપયોગ સુનિશ્ચિત કરવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે.' ઉપલબ્ધ વસ્તી ગણતરીના આંકડાઓના પ્રકાશમાં, વસ્તીવિષયક ફેરફાર અંગેના આક્ષેપો પણ તપાસના દાયરામાં આવ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ પીપરી નગર પંચાયતની કુલ વસ્તી ૧૫,૦૬૩ હતી. જેમાં હિન્દુઓનું પ્રમાણ ૮૯.૧૫ ટકા હતું, જ્યારે મુસ્લિમોનું પ્રમાણ ૯.૨૦ ટકા હતું.

ધાર્મિક રચના નીચે મુજબ હતી :

- હિન્દુઓ : ૮૯.૧૫ ટકા
- મુસ્લિમો : ૯.૨૦ ટકા
- ખ્રિસ્તીઓ : ૦.૭૨ ટકા
- શીખ : ૦.૬૬ ટકા
- અન્ય : ૦.૨૭ ટકા

નગરની વસ્તીમાં ૮૦૧૯ પુરૂષો અને ૭૦૪૪ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. અનુસૂચિત જાતિઓનું પ્રમાણ વસ્તીના ૧૧.૫૨ ટકા હતું, જ્યારે અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ ૩.૫૧ ટકા હતું. આ આંકડા ૨૦૧૧ની વસ્તી ગણતરીના છે અને તે વર્તમાન વસ્તીવિષયક રચના દર્શાવતા નથી. તેમ છતાં તે એક મહત્વપૂર્ણ ઐતિહાસિક આધાર પૂરો પાડે છે, જેના આધારે વસ્તીવિષયક ફેરફારના દાવાઓની ચકાસણી કરી શકાય છે. ભાજપના આક્ષેપોની ટીકા કરનારાઓનું કહેવું છે કે, માત્ર વસ્તીમાં વધારો થવો કે ધાર્મિક સંસ્થાઓની સ્થાપના થવી, તે પોતે વસ્તીવિષયક ફેરફાર સાબિત કરતું નથી. તેઓ એ પણ નિર્દેશ કરે છે કે, વસ્તી વૃદ્ધિ વિવિધ સમુદાયોમાં થઈ શકે છે અને નોંધપાત્ર ફેરફારના દાવાઓ માટે વિશ્વસનીય તથા અદ્યતન આંકડાકીય પુરાવાઓની જરૂર હોય છે. આ વિવાદના કેન્દ્રમાં રહેલો અન્ય એક મુદ્દો એ છે કે, વિવિધ ધાર્મિક સમુદાયોના નાગરિકોને કાયદા અનુસાર જમીન ખરીદવાનો, રહેઠાણ સ્થાપવાનો અને પૂજા-સ્થળો બાંધવાનો અધિકાર છે કે કેમ. સોનભદ્રમાં મુસ્લિમો માત્ર કોઈ ચોક્કસ ધાર્મિક સમુદાયના હોવાને કારણે જમીન ખરીદી ન શકે, તેવો કોઈ સામાન્ય પ્રતિબંધ નથી. અન્ય ભારતીય નાગરિકોની જેમ, મુસ્લિમોને પણ લાગુ પડતા કાયદાઓ અને નિયંત્રણોને આધીન રહીને સંપત્તિ મેળવવાનો અધિકાર છે. ટીકાકારો દલીલ કરે છે કે, જો હિન્દુ સમુદાયના સભ્યો જમીન ખરીદી શકે છે, ઘરો બનાવી શકે છે અને ધાર્મિક સંસ્થાઓ સ્થાપી શકે છે, તો મુસ્લિમોને પણ સમાન કાનૂની અધિકારો મળવા જોઈએ. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો છે કે, હિન્દુઓ દ્વારા જમીન ખરીદવા અને ધાર્મિક સંસ્થાઓના નિર્માણને વસ્તી વિષયક પરિવર્તન કેમ ન ગણાવવામાં આવે, જ્યારે મુસ્લિમો દ્વારા સમાન પ્રવૃત્તિઓને સાંપ્રદાયિક દૃષ્ટિએ દર્શાવવામાં આવે છે. તેમનો દાવો છે કે, વસ્તી વિષયક પરિવર્તનના આરોપોને કોઈ ચોક્કસ ધાર્મિક સમુદાય પર નિર્દેશિત રાજકીય દાવાઓ કરતાં વિશ્વસનીય વસ્તી ગણતરીના ડેટા અને પુરાવા દ્વારા સમર્થન મળવું જોઈએ. પીપરી જામા મસ્જિદ કેસમાં હાઈકોર્ટના હસ્તક્ષેપથી ધાર્મિક મિલકતોની કાનૂની સ્થિતિ, જિલ્લા વહીવટીતંત્રની સત્તાઓ અને બળજબરીથી કાર્યવાહી કરતા પહેલા યોગ્ય પ્રક્રિયાનું પાલન કરવાની જરૂરિયાત પર નવેસરથી ધ્યાન દોરવામાં આવ્યું છે.

૧૮મી લોકસભામાં અડધા મુસ્લિમ સાંસદો ઉચ્ચ શિક્ષણના માપદંડો પૂર્ણ કરે છે: ડેટા સમીક્ષામાં ખુલાસો

ચૂંટણી સોગંદનામા અને સંસદીય રેકોર્ડના વિશ્લેષણ પરથી જાણવા મળ્યું છે કે, હાલમાં કાર્યરત ૨૨ મુસ્લિમ સાંસદોમાંથી ૧૧ સાંસદો ઉચ્ચ શિક્ષિત છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ચૂંટણી સોગંદનામા અને સંસદીય રેકોર્ડના વિશ્લેષણ મુજબ, ભારતની ૧૮મી લોકસભાના ૨૨ મુસ્લિમ સભ્યોમાંથી ૧૧ સભ્યો ઉચ્ચ શિક્ષણના માપદંડો પૂર્ણ કરે છે. આ સંખ્યા આ સમુદાયના વર્તમાન સંસદીય પ્રતિનિધિત્વના ૫૦ ટકા જેટલી છે. આ સમીક્ષામાં વિવિધ રાજકીય પક્ષોના સાંસદોની શૈક્ષણિક લાયકાતોની તપાસ કરવામાં આવી છે. આ માટે અધિકૃત 'ડિજિટલ સંસદ' (Digital Sansad) વેબસાઇટ, 'માયનેટા' (MyNeta) પર ઉપલબ્ધ ચૂંટણી સોગંદનામા અને 'એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ' (ADR)ના અહેવાલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ વિશ્લેષણના હેતુ માટે, 'ઉચ્ચ શિક્ષણ' એટલે માસ્ટર ડિગ્રી કે તેથી ઉપરની પદવી, અથવા એન્જિનિયરિંગ, તબીબી (મેડિસિન) અને કાયદા જેવા ક્ષેત્રોમાં વ્યાવસાયિક લાયકાત. દરેક સાંસદને તેમની સર્વોચ્ચ શૈક્ષણિક લાયકાતના આધારે માત્ર એક જ વાર ગણવામાં આવ્યા છે. મુખ્ય રાજકીય પક્ષોમાં, ભારતીય જનતા પાર્ટી (BJP)ના આશરે ૧૨૩ સાંસદો આ માપદંડો પૂર્ણ કરે છે, જ્યારે કોંગ્રેસના ૫૧ સાંસદો આ શ્રેણીમાં આવે છે. આ ઉપરાંત, સમાજવાદી પાર્ટી (SP)ના ૨૦, દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)ના ૧૩ અને તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના ૧૧ સાંસદોનો સમાવેશ થાય છે. 'ડિજિટલ સંસદ' અનુસાર, ૨૩ નવેમ્બર સુધીમાં ભાજપના ૨૪૧ સભ્યો હતા. ચૂંટણી સોગંદનામા અને લોકસભાના શૈક્ષણિક રેકોર્ડની તપાસ કરતા (જેમાં માનદ પદવીઓનો સમાવેશ કરવામાં આવ્યો નથી), જાણવા મળ્યું છે કે ૮૨ સાંસદો પાસે પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિગ્રી અથવા નિયમિત ડોક્ટરેટ (PhD) છે, જ્યારે ૪૧ સાંસદો પાસે વ્યાવસાયિક સ્નાતક લાયકાતો છે. આનો અર્થ એ છે કે ભાજપના ૨૪૧ સાંસદોમાંથી આશરે ૧૨૩ સાંસદો, એટલે કે ૫૧ ટકા, ઉચ્ચ શિક્ષણના માપદંડો પૂર્ણ કરે છે. વિશ્લેષણ મુજબ, આ શ્રેણીમાં આવતા ભાજપના ૧૨૩ સાંસદોમાંથી એક પણ મુસ્લિમ નથી. તે જ તારીખે લોકસભામાં ૯૮ સભ્યો ધરાવતા કોંગ્રેસ પક્ષના આશરે ૫૧ સાંસદો નિર્ધારિત માપદંડોને પૂર્ણ કરે છે, જે પક્ષની સંસદીય સંખ્યાબળના ૫૨ ટકા છે. આમાંથી ૩૦ સાંસદો પાસે અનુસ્નાતક (postgraduate) ડિગ્રી અથવા ડોક્ટરેટ છે, જેમાં ૨૬ અનુસ્નાતક



અને ચાર પીએચડી (PhD) ધારકોનો સમાવેશ થાય છે. અન્ય ૨૧ સાંસદો પાસે વ્યાવસાયિક સ્નાતક લાયકાતો છે. આ આંકડાઓમાં માનદ પદવીઓ અને અનુસ્નાતક ડિપ્લોમાનો સમાવેશ કરવામાં આવ્યો નથી, અને દરેક સાંસદની ગણતરી માત્ર એક જ વાર કરવામાં આવી છે. માપદંડો પૂર્ણ કરતા કોંગ્રેસના ૫૧ સભ્યોમાં ચાર મુસ્લિમ સાંસદોનો સમાવેશ થાય છે: રકીબુલ હુસૈન, શફી પરમ્બિલ, મોહમ્મદ જાવેદ અને મોહમ્મદ હમદુલ્લા સઈદ. વિશ્લેષણ મુજબ, વર્તમાન લોકસભામાં ૨૨ મુસ્લિમ સાંસદો છે. ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં ચૂંટાયેલા ૨૪ મુસ્લિમ સભ્યોમાંથી, પશ્ચિમ બંગાળની બસીરહાટ બેઠકનું પ્રતિનિધિત્વ કરતા હાજી નુરુલ ઈસ્લામનું અવસાન થયું છે, જ્યારે શ્રીનગર બેઠક પરથી આગા સૈયદ રૂહુલ્લા મેહદીનું રાજીનામું આ વર્ષે ૩ નવેમ્બરથી અમલમાં આવ્યું છે. હાલમાં કાર્યરત ૨૨ મુસ્લિમ સાંસદોમાંથી, શૈક્ષણિક રેકોર્ડ મુજબ ઓછામાં ઓછા છ સાંસદો પાસે અનુસ્નાતક ડિગ્રી અથવા ડોક્ટરેટ છે અને ઓછામાં ઓછા પાંચ સાંસદો પાસે વ્યાવસાયિક સ્નાતક લાયકાતો છે. આ આંકડા મુખ્યત્વે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીમાં દાખલ કરવામાં આવેલા ચૂંટણી સોગંદનામા (affidavits) પર આધારિત છે. સંસદીય સભ્યપદમાં ત્યારબાદ થયેલા ફેરફારોને પણ, જ્યાં જાણકારી ઉપલબ્ધ છે ત્યાં, ધ્યાનમાં લેવામાં આવ્યા છે.

દોષિતોને સુપ્રીમ કોર્ટ દ્વારા જામીન મળ્યા બાદ, વિદ્યાર્થી સંગઠનોએ બિલ્કીસ બાનો માટે ન્યાયની માંગ ફરી તેજ કરી

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

ગુજરાતના રમખાણોમાં પીડિત બનેલી બિલ્કીસ બાનોની ન્યાય માટેની લડાઈ માત્ર તેમની એકલાની નથી, તે વાત પર ભાર મૂકતા, સોમવારે અહીં જામિયા મિલિયા ઈસ્લામિયા ખાતે અનેક વિદ્યાર્થી સંગઠનોએ તેમના સમર્થનમાં એક કાર્યક્રમનું આયોજન કર્યું હતું. આ સંગઠનોમાં AISA, MSF, ફેટરનિટી મૂવમેન્ટ, AIRSO, AIDSO, DISSC અને 'દિશા'નો સમાવેશ થાય છે. આ કાર્યક્રમમાં ન્યાય મેળવવા માટેના તેમના દાયકાઓ લાંબા સંઘર્ષ દરમિયાન જોવા મળેલી વ્યવસ્થાગત નિષ્ફળતાઓ, સંસ્થાકીય ઉદાસીનતા અને રાજકીય સાંઠગાંઠની આકરી ટીકા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિદ્યાર્થીઓએ બિલ્કીસ બાનોને ન્યાય ન મળવા અંગે સવાલો ઉઠાવ્યા હતા. તેમનો સંઘર્ષ ૨૦૦૨ના ગુજરાત રમખાણો



AISA, MSF, ફેટરનિટી મૂવમેન્ટ (Fraternity Movement), AIRSO, AIDSO, DISSC અને 'દિશા' (Disha) સહિતના અનેક સંગઠનોએ જામિયા મિલિયા ઈસ્લામિયા ખાતે ગુજરાતના રમખાણોમાં પીડિત બનેલી મહિલાના સમર્થનમાં એક એકત્રીકરણનું આયોજન કર્યું હતું

દરમિયાન શરૂ થયો હતો, જ્યારે તેમના ૨૬ સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને તેમના પરિવારના ૧૪ સભ્યોની હત્યા કરવામાં આવી હતી, જેમાં તેમની ત્રણ વર્ષની પુત્રીનો પણ સમાવેશ થતો હતો. ન્યાય મેળવવાના તેમના આ સંઘર્ષમાં તેમને વારંવાર ધમકીઓ મળી છે, ઘરબાર છોડવું પડ્યું છે, વર્ષો સુધી સુરક્ષા હેઠળ રહેવું પડ્યું છે અને બે દાયકાથી વધુ સમય સુધી લાંબી કાયદાકીય લડાઈ લડવી પડી છે. વિદ્યાર્થીઓએ સુપ્રીમ કોર્ટના ૨૮ ઓક્ટોબરના તે આદેશની પણ ટીકા કરી હતી, જેમાં બે દોષિતો - બિપિનચંદ્ર કનૈયાલાલ જોશી અને પ્રદીપ રમણલાલ માઢિયાની આજીવન કેદની સજા સ્થગિત કરવામાં આવી છે અને તેમની અપીલ પેન્ડિંગ હોવા છતાં તેમને જામીન આપવામાં આવ્યા છે. જસ્ટિસ એમ. એમ.સુન્દરેશ અને જસ્ટિસ પ્રસન્ના બી. વરાલેની ખંડપીઠે નોંધ્યું હતું કે આ બંને વ્યક્તિઓએ જેલમાં ૧૭ વર્ષથી વધુ સમય વિતાવ્યો છે અને તેમાંથી એક ગંભીર શારીરિક અક્ષમતા ધરાવે છે. આ કાર્યક્રમમાં યાદ અપાવવામાં આવ્યું હતું કે અગાઉ ૨૦૨૨માં ગુજરાત સરકાર દ્વારા ૧૧ દોષિતોને સમય પહેલાં મુક્ત કરી દેવામાં આવ્યા હતા. જાન્યુઆરી ૨૦૨૪માં સુપ્રીમ કોર્ટે તે મુક્તિ આદેશોને ૨૬ કરી દીધા હતા અને દોષિતોને જેલમાં પાછા ફરવાનો આદેશ આપ્યો હતો. આ નવી ચિંતા કોઈ કાલ્પનિક બાબત નથી. બિલ્કીસ બાનોએ કહ્યું છે કે તેણીને "પીડા, આઘાત અને અવિશ્વાસ" છે કે તેણીને સાંભળ્યા વિના આદેશ પસાર કરવામાં આવ્યો હતો, અને તેણીએ તેને પડકારવાનું વચન આપ્યું છે. તેના કાકા રઝાક મન્સુરીના જણાવ્યા અનુસાર, જામીનના આદેશ પછી તેમની સલામતીના ડરથી, તેનો પરિવાર ૨-૩ નવેમ્બરની આસપાસ ગુજરાત છોડીને ચાલ્યો ગયો હતો. ૧૫ નવેમ્બરના રોજ કોચીમાં એક પરિષદમાં, બિલ્કીસ બાનોએ કહ્યું, "મારું આખું જીવન સંઘર્ષમય રહ્યું છે," જામિયાના વક્તાઓએ વારંવાર કાનૂની ઉલટાવો પાછળ માનવીય કિંમતની યાદ અપાવતી ટિપ્પણીનો ઉલ્લેખ કર્યો. બંધુત્વ ચળવળે ૨૦૦૨ના ગુજરાત હત્યાકાંડ દરમિયાન કોંગ્રેસની ભૂમિકા પર પણ પ્રશ્નો ઉઠાવ્યા હતા, દલીલ કરી હતી કે સાંપ્રદાયિક હિંસા માટે જવાબદારી એક રાજકીય શાસન સુધી મર્યાદિત ન હોવી જોઈએ. સંગઠને આસિફા બાનો કેસને યાદ કર્યો, કઠુઆમાં આઠ વર્ષની બાળકી પર બળાત્કાર અને હત્યા પછી ગુનેગારો માટે રાજકીય રક્ષણ અને સાંપ્રદાયિક એકત્રીકરણ તરીકે વર્ણવેલ તેને વખોડી કાઢ્યું. તેમાં ભાર મૂકવામાં આવ્યો હતો કે જાતીય હિંસા અને સાંપ્રદાયિક અન્યાય સામેની લડાઈમાં સંસ્થાકીય નિષ્ફળતાઓ અને રાજકીય ભાગીદારીને સંબોધિત કરવી જોઈએ, નહીં કે કોઈપણ સરકારને જવાબદારીથી બચવા દેવાની મંજૂરી આપવી. ભાગીદારોએ બિલ્કીસ બાનોના સંઘર્ષને મહિલાઓ, ખાસ કરીને મુસ્લિમ અને હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના સભ્યો સામે હિંસાના વ્યાપક માળખામાં મૂક્યો. તેમણે ગુજરાત, કઠુઆ અને ઉન્નાવ જેવા કેસોમાં રાજકીય રક્ષણ અને સંસ્થાકીય મુક્તિ તરીકે વર્ણવેલ હિંસાની પણ નિંદા કરી. સાંપ્રદાયિક અને જાતીય હિંસા સામે સામૂહિક પ્રતિકાર અને ન્યાયના પસંદગીયુક્ત ઉપયોગની હાકલ સાથે મેળાવડાનું સમાપન થયું. વિદ્યાર્થીઓએ કહ્યું કે ન્યાયની માંગ પીડિતાના ધર્મ અથવા ગુના કરવાના આરોપીઓના રાજકીય પ્રભાવ પર આધારિત ન હોવી જોઈએ.

બાબરીની વર્ષગાંઠ પર મથુરાની શાહી ઈદગાહ મસ્જિદ તોડી પાડવાની માંગ પર સરકાર મૌન

શું સરકાર મસ્જિદ તોડી પાડવાના ખુલ્લા આહ્વાનને કાયદો અને વ્યવસ્થા માટેના ખતરા તરીકે ગણીને તેને રોકશે, કે પછી ૧૯૯૨માં અયોધ્યાની જેમ, સરકારની મૌન રહેવાની સ્થિતિને મૌન સંમતિ તરીકે જોવામાં આવશે ?

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૪

મથુરામાં આવેલી શાહી ઈદગાહ મસ્જિદને તોડી પાડવા માટે ખુલ્લું આહ્વાન આપવામાં આવ્યું છે. આ આહ્વાન ૬ ડિસેમ્બરે જે દિવસે બાબરી મસ્જિદ તોડી પાડવામાં આવી હતી તે તારીખે અમલમાં મૂકવાનું કહેવાયું છે. શહેરથી મળતા અહેવાલો અનુસાર, ઉત્તરપ્રદેશ સરકાર કે પોલીસ વહીવટીતંત્ર તરફથી આ અંગે કોઈ સાર્વજનિક નિંદા, ચેતવણી કે અટકાયતી પગલાં લેવાની કોઈ જાહેરાત કરવામાં આવી નથી.

આ મૌન, જે રીતે ખુલ્લેઆમ લોકો એકત્ર થઈ રહ્યા છે તેનાથી તદ્દન વિરોધાભાસી છે.

હિન્દુત્વના અગ્રણી ચહેરા અને ગોવર્ધનમાં આવેલા ચિત્રગુપ્ત પીઠના પીઠાધીશ્વર ડૉ. સચ્ચિદાનંદ મહારાજ તથા તેમના સમર્થકોએ ૬ ડિસેમ્બરે મથુરામાં 'કાર સેવા' યોજવાનું આહ્વાન કર્યું છે, જેમાં શાહી ઈદગાહ મસ્જિદને તોડી પાડવાની અપીલ કરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં ડૉ. સચ્ચિદાનંદ અને અન્ય લોકો સ્થાનિક બજારોમાં ફરતા જોવા મળે છે. તેઓ અયોધ્યા મંદિર આંદોલનને યાદ અપાવતા નારા લગાવી રહ્યા છે અને વેપારીઓને ૬ ડિસેમ્બરે મસ્જિદ તોડી પાડવા માટે પોતાની દુકાનો બંધ રાખવા કહી રહ્યા છે. એવું પણ જાણવા મળ્યું છે કે, હિન્દુ રહેવાસીઓ અને સમર્થકોને આ આયોજન માટે મથુરામાં એકત્ર થવા કહેવામાં આવી રહ્યું છે.

આ તારીખ કોઈ સંયોગ નથી. ૬ ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ જ કાર સેવકોએ અયોધ્યામાં બાબરી મસ્જિદ તોડી પાડી હતી. મથુરા માટે આ જ તારીખ પસંદ કરવી એ અયોધ્યાની ઘટનાનું પુનરાવર્તન કરવાના ઈરાદાપૂર્વકના પ્રયાસ તરીકે જોવામાં આવી રહી છે.

એક વાયરલ વીડિયોમાં ડૉ. સચ્ચિદાનંદ એક સ્થાનિક રહેવાસીને પૂછે છે: 'શું તમને મથુરામાં બનેલી આ મસ્જિદ ગમે છે ?' અને પછી ઉમેરે છે, 'તો ચાલો, ૬ ડિસેમ્બરે આ મસ્જિદના ગુંબજને તોડી પાડીએ.'

જવાબમાં, તે રહેવાસી ડૉ. સચ્ચિદાનંદના વખાણ કરતા કહે છે, 'મસ્જિદ તોડીને તમે પુણ્યનું કામ કરી રહ્યા છો, તમે રામનું કામ કરી રહ્યા છો.' આ સૂચવે છે કે, તે વ્યક્તિ મસ્જિદ તોડવાને એક પુણ્યનું કાર્ય માને છે. અહેવાલો એવું પણ સૂચવે છે કે, છાતા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના હાથીઘાટ વિસ્તારમાં લગભગ ૫૦ લોકોનું એક જૂથ હથોડા, પાવડા અને અન્ય ઓજારો લઈને ફરી રહ્યું છે અને મસ્જિદ વિરુદ્ધ નારા લગાવી રહ્યું છે. આ આયોજન એવા સમયે થઈ રહ્યું છે જ્યારે કૃષ્ણ જન્મભૂમિ-શાહી ઈદગાહ સંકુલને લઈને લાંબા સમયથી કાનૂની વિવાદ ચાલી રહ્યો છે. આ બાબતને સંબંધિત મુદ્દાઓ ૧૦ ડિસેમ્બરે અલ્હાબાદ હાઈકોર્ટ સમક્ષ રજૂ થવાના છે.

૧૯૯૨માં અયોધ્યામાં બાબરી મસ્જિદના ધ્વંસને કારણે વ્યાપક મુસ્લિમ-વિરોધી સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળી હતી, જેણે દેશના સામાજિક તાણાવાણા પર કાયમી ઘા છોડી દીધા છે. આ ઈતિહાસને જોતાં, કોઈ મસ્જિદને નિશાન બનાવવા માટે ફરીથી લોકોને એકત્ર



કરવાની હાકલથી જાહેર વ્યવસ્થા, ધાર્મિક સ્વતંત્રતા અને લઘુમતી સમુદાયોની સુરક્ષા અંગે ગંભીર ચિંતાઓ ઊભી થવાની શક્યતા છે.

આ વીડિયોની સોશિયલ મીડિયા વપરાશકર્તાઓ દ્વારા ટીકા કરવામાં આવી છે અને ઘણા લોકોએ સત્તાવાળાઓને હસ્તક્ષેપ કરવા તથા તાત્કાલિક પગલાં લેવા અનુરોધ કર્યો છે.

એક વપરાશકર્તાએ લખ્યું, 'આ તો થવાનું જ હતું. રામ મંદિરના દાનમાં ચોરી અને મતોની ચોરીના મુદ્દે પહેલેથી જ ટીકાઓનો સામનો કરી રહેલી સરકાર હવે ગભરાઈ ગઈ છે. આ લોકોનું ધ્યાન ભટકાવવા, દેશમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે નફરતની ખાઈને ફરી પહોળી કરવા અને ચૂંટણીનો ઝાંખો પડી રહેલો મુદ્દો ફરી જીવંત કરવા માટેની એક ચાલ છે પરંતુ કેટલાક આંધળા ભક્તોને બાદ કરતાં, આ દેશના લોકોને સમજાઈ ગયું છે કે, આ લોકોને હિન્દુઓની કોઈ પરવા નથી; નહીંતર, હિન્દુ યુવતી અંકિતા ભંડારીના હત્યારા અત્યારે જેલમાં હોત.' અન્ય એક વપરાશકર્તાએ X પર સત્તાવાળાઓને ટેગ કરીને તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી અને લખ્યું, 'મહેરબાની કરીને આ બાબતની તાત્કાલિક નોંધ લો. ૬ ડિસેમ્બરે શાહી ઈદગાહ મસ્જિદને તોડી પાડવાની અપીલ અને લોકોને ઉશ્કેરવાના સમાચાર અત્યંત ગંભીર છે. શાંતિ અને કાયદો-વ્યવસ્થા જાળવવા માટે તાત્કાલિક પગલાં લો.' ત્રીજા એક વપરાશકર્તાએ મસ્જિદને

જૂના ડીસાના પીડિત પરિવારોની વેદના સાંભળવા સાંસદ ગેનીબેન ઠાકોર પહોંચ્યા

૯ દિવસથી ભૂખ હડતાળ પર બેઠેલા પરિવારોને આપ્યું આશ્વાસન, મકાનો ન તૂટે તે માટે પ્રયાસોની ખાતરી



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૫

જૂના ડીસામાં પ્રાણી સંગ્રહાલયનો વિસ્તાર વધારવાના નિર્ણયને પગલે ૨૫૦થી વધુ રહેણાંક મકાનો ખાલી કરાવવા તંત્ર દ્વારા નોટિસો આપવામાં આવી છે. આ નિર્ણયના વિરોધમાં અસરગ્રસ્ત પરિવારો છેલ્લા નવ દિવસથી ભૂખ હડતાળ પર ઉતરી ન્યાયની માગ કરી રહ્યા છે. ત્યારે આ મામલે સાંસદ ગેનીબેન ઠાકોરે જુનાડીસા ગામની મુલાકાત લઈ પીડિત પરિવારોની વેદના સાંભળી હતી.

સાંસદ ગેનીબેન ઠાકોરે ભૂખ હડતાળ પર બેઠેલા પરિવારો સાથે મુલાકાત કરી તેમની રજૂઆતો અને મુશ્કેલીઓ જાણી હતી. વર્ષોથી પોતાના ઘરોમાં વસવાટ કરતા પરિવારોને ઘરવિહોણા થવાની ભીતિ સતાવી રહી છે. પરિવારોની વેદના સાંભળ્યા બાદ સાંસદે તેમને સાંત્વના પાઠવી ન્યાય અપાવવા તેમજ તેમના મકાનો ન તૂટે તે માટે શક્ય તમામ પ્રયાસો કરવાની ખાતરી આપી હતી.

સાંસદ ગેનીબેન ઠાકોરે પીડિત પરિવારોને સાંત્વના પાઠવી હતી અને તેમના મકાનો ન તૂટે તેમજ પરિવારોને ન્યાય મળે તે માટે શક્ય તમામ પ્રયાસો કરવાની ખાતરી આપી હતી. તેમણે પરિવારોની સમસ્યાને ગંભીરતાથી સાંભળી યોગ્ય ન્યાય મળે તે માટે રજૂઆત કરવાની પણ હૈયાધારણા આપી હતી.

એક તરફ સરકાર દ્વારા પ્રાણી સંગ્રહાલયના વિસ્તારના વિકાસની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, તો બીજી તરફ વર્ષોથી વસવાટ કરતા પરિવારોને ઘર ગુમાવવાનો ભય સતાવી રહ્યો છે. ત્યારે વિકાસની સાથે માનવતાનો અભિગમ અપનાવી અસરગ્રસ્ત પરિવારોના હિતોનું રક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે.

સ્થાનિક પરિવારોનો સવાલ છે કે જો પ્રાણી સંગ્રહાલયનો વિસ્તાર વધારવો જરૂરી હોય તો પહેલાં અસરગ્રસ્ત પરિવારોના યોગ્ય પુનર્વસન અને રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે. હવે સાંસદની મુલાકાત બાદ પીડિત પરિવારોને ન્યાય મળશે કે કેમ અને તંત્ર આ મામલે શું નિર્ણય લેશે તેના પર સૌની નજર મંડાઈ છે.

સુરતમાં વિચિત્ર ઘટના : ફાયર વિભાગે બારીમાંથી પાણી છાંટી વિદ્યાર્થીને ઉઠાડ્યો

પરિવારે પોતાના પુત્રને જગાડવા માટે બે કલાક સુધી અનેક પ્રયાસ કર્યા હતા

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૫

પુણા ડીઆર વર્લ્ડ પાસે આવેલા જેટી નગરમાં મોડી રાત્રે એક વિચિત્ર ઘટના બની હતી. ૧૭ વર્ષીય વિદ્યાર્થી રૂમમાં ઊંઘી ગયો હતો. જોકે, પરિવારજનો તેને જગાડવામાટે બે કલાક સુધી પ્રયાસ કર્યા હતા. પરંતુ અંદરથી કોઈ જવાબ ન મળતાં પરિવારજનોની ચિંતા વધી ગઈ હતી. આખરે ફાયર બ્રિગેડની મદદ લેવાની ફરજ પડી હતી. ફાયરની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી બારીમાંથી પાણી છાંટી વિદ્યાર્થીને જગાડ્યો હતો.

પુણા ડીઆર વર્લ્ડ પાસે આવેલા જેટી નગરના બીજા માળે રહેતો ૧૭ વર્ષીય મયંક રાત્રિના સમયે પોતાના રૂમમાં ઊંઘી ગયો હતો. દરમિયાન પરિવારજનો તેને જગાડવા માટે રૂમના દરવાજા પાસે પહોંચ્યા હતા. વારંવાર બૂમો પાડવા ઉપરાંત બારીમાંથી ડબ્બો ફેંકીને અવાજ પણ કરવામાં આવ્યો હતો. મોબાઈલ ફોન પર અનેક વખત કોલ કરવા છતાં મયંકે કોઈ પ્રતિક્રિયા આપી નહોતી. લગભગ બે કલાક સુધીના પ્રયાસો નિષ્ફળ જતાં પરિવારજનો ગભરાઈ ગયા હતા અને કોઈ અનિચ્છનીય ઘટના બની હોવાની આશંકાએ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. સબ ફાયર ઓફિસર પ્રવીણ ટોલે જણાવ્યું હતું કે ફાયરની ટીમે રૂમની બારીમાંથી પાણીનો છંટકાવ કરતાં આખરે મયંકની ઊંઘ ઊડી હતી. ત્યારબાદ તેણે જાતે જ રૂમનો દરવાજો ખોલ્યો હતો. મયંકને હેમખેમ જોઈ પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ડિલિવરી કરનાર સહિત કુલ પાંચ આરોપી વોન્ટેડ

પાંડેસરામાંથી ૭૦ લાખ રૂપિયાના ૧૪૦ કિલો ગાંજા સાથે યુવક પકડાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૫

સુરત શહેરમાં ડ્રગ્સ અને ગાંજાનાં દૂષણ સામે પોલીસ દ્વારા હાલમાં સઘન ઓપરેશન શરૂ કરવામાં આવ્યું છે. સુરત શહેર એસઓજી પોલીસે ગત મોડી રાત્રે પાંડેસરામાં દરોડો પાડીને ૭૦ લાખ રૂપિયાના ૧૪૦ કિલો ગ્રામ ગાંજાનાં વિપુલ જથ્થા સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે જ્યારે ગાંજાની ડિલીવરી આપનાર ઈસમ સહિત પાંચ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર પાંડેસરા ખાતે મેરી માતા પબ્લિક સ્કુલની પાછળનાં ભાગે આવેલ સત્યમ ટાવરનાં એક ફ્લેટમાં ગાંજાનો મોટા પ્રમાણમાં જથ્થો સંતાડી રાખવામાં આવ્યો હોવાની બાતમી એસઓજીની ટીમને મળીહતી. બાતમીને આધારે પોલીસની ટીમ દ્વારા તાત્કાલિક ઘટના સ્થળે દરોડો પાડવામાં આવ્યો હતો. આ દરમિયાન કેબલ નેટવર્કનાં ધંધા સાથે સંકળાયેલા ૨૬ વર્ષીય રોહિત છોટુભાઈ કામળે (મુળ વતનઃ ગામ વિચખેડે, તા. પારોલા, જી. જલગાંવ, મહારાષ્ટ્ર)ને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસેઆરોપીનાં ફ્લેટમાં તપાસ હાથ ધરતા ૧૪૦.૩૯૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતાં પોલીસની ટીમ પણ એક તબક્કે ચોંકી ઉઠી હતી. પોલીસ દ્વારા આખી રાત કાર્યવાહી હાથ ધરીને ૭૦.૧૯ લાખ રૂપિયાનો ગાંજાનો જથ્થો જ કરવાની સાથે સાથે આરોપીની સઘન પુછપરછ હાથ ધરી હતી. જે દરમિયાન આરોપી રોહિત કામળેએ પ્રાથમિક તપાસ દરમિયાન જણાવ્યું હતું કે, આ જથ્થો સત્યમ ટાવરમાં જ રહેતો સન્ની ઉર્ફે સોનુ પુષ્પેન્દ્ર સિંગ ટેમ્પોમાં ભરીને લાવ્યો હતો જ્યારે સત્યમ ટાવરમાં જ રહેતા દિપક છોટેસિંહ કુશવાહ અને ઉધનામાં રહેતા વિશાલ નામનાં યુવક સહિત બે અન્ય અજાણ્યા આરોપીઓને પોલીસ દ્વારા વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

કોંગ્રેસ પાર્ટીને એકજૂટ રાખવામાં અહમદભાઈની ભૂમિકા અમૂલ્ય રહી : નાઝુ ફડવાલા

કોંગ્રેસ પ્રવક્તા નાઝુ ફડવાલાએ અહમદભાઈની કબર પર ખિરાજે અકીદત પેશ કરી



અંકલેશ્વર, તા.૨૫

દેશના વરિષ્ઠ કોંગ્રેસ નેતા, પૂર્વ સાંસદ અને કોંગ્રેસ પાર્ટીના કુશળ રણનીતિકાર મર્હૂમ અહમદ પટેલની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવા માટે ભરૂચ જિલ્લા સહિત ઠેર ઠેર કાર્યક્રમો યોજાયા હતા. જે નિમિત્તે ભરૂચ જિલ્લા કોંગ્રેસ પ્રવકતા નાઝુભાઈ ફડવાલા તથા તેઓના પુત્ર ઝાહીદ ફડવાલાએ મર્હૂમ અહમદ પટેલના વતન અંકલેશ્વરના પિરામણ ખાતે કબ્રસ્તાનમાં તેઓની કબર પર પુષ્પ અર્પણ કરી ખિરાજે અકીદત પેશ કરી હતી. આ પ્રસંગે નાઝુભાઈ ફડવાલાએ જણાવ્યુ હતું કે મર્હૂમ અહમદ પટેલ ભારતીય રાજકારણના એક દિગ્ગજ વ્યક્તિત્વ હતા, જેઓ તેમની અદ્ભૂત રાજકીય સૂઝબૂઝ, દૂરંદેશી અને સંગઠનાત્મક કૌશલ્ય માટે જાણીતા હતા. રાજકીય વર્તુળોમાં તેઓ કોંગ્રેસના 'ચાણક્ય' તરીકે ઓળખાતા હતા. તેમની પ્રામાણિકતા, સાદગી, નિષ્ઠા અને બેદાગ રાજકીય છબી તેમની સૌથી મોટી ઓળખ રહી છે. તેમણે પોતાનું સમગ્ર જીવન કોંગ્રેસ પાર્ટી અને દેશની સેવા માટે સમર્પિત કર્યું હતું. કોંગ્રેસ સંગઠનને મજબૂત બનાવવા, મુશ્કેલ રાજકીય પડકારોનો સામનો કરવા અને પાર્ટીને એકજૂટ રાખવામાં તેમની ભૂમિકા અમૂલ્ય રહી છે. આજે અને શ્રદ્ધાંજલિ અર્પિત કરતાં તેમના કાર્યોને યાદ કરી આગળ વધીશું તેવો સંકલ્પ કરીએ છીએ.

૨૭ નવેમ્બરથી હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારાશે

સાબરકાંઠા જિલ્લામાં મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ યોજાશે

નવા મતદારોની નોંધણી, નામ કમી કરવા તેમજ મતદારયાદીની વિગતોમાં સુધારા માટે ફોર્મ-૬, ૭ અને ૮ ભરી શકાશે

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૨૫

ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૦૧ જાન્યુઆરી, ૨૦૨૭ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત રાજયમાં તા.૨૭ નવેમ્બર, ૨૦૨૬ના રોજ મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરવામાંઆવશે. ત્યારબાદ તા. ૨૭ નવેમ્બરથી તા. ૨૬ ડિસેમ્બર, ૨૦૨૬ દરમિયાન મતદારયાદી અંગે હક્ક-દાવા અને વાંધા અરજીઓ સ્વીકારવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત મતદારોની સુવિધા માટે તા. ૨૯ નવેમ્બર, ૦૬ ડિસેમ્બર અને ૧૩ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ ખાસ ઝુંબેશ દિવસો યોજવામાં આવશે. આ દિવસોએ સવારે ૧૦:૦૦થી સાંજે ૦૫:૦૦ કલાક દરમિયાન મતદારો પોતાના વિસ્તારના મતદાન મથક ખાતે જઈ બુથ લેવલ ઓફિસર પાસેથી જરૂરી ફોર્મ મેળવી શકશે તેમજ ભરેલાં ફોર્મ જરૂરી આધાર-પુરાવા સાથે ત્યાં જ જમા કરાવી શકશે.

મતદારયાદીમાં નામ નોંધાવવા માટે ફોર્મ-૬ ભરવાનું રહેશે. તા. ૦૧ જાન્યુઆરી, ૨૦૨૭ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર યુવા મતદારો ઉપરાંત વર્ષ ૨૦૨૭ દરમિયાન તા. ૦૧ એપ્રિલ, ૦૧ જુલાઈ અને ૦૧ ઓક્ટોબરની લાયકાતની તારીખના સંદર્ભમાં ૧૮ વર્ષ પૂર્ણ કરનાર ભાવિ મતદારો પણ અગાઉથી ફોર્મ-૬ ભરી અરજી કરી શકશે.

મતદારયાદીમાંથી નામ કમી કરાવવા માટે ફોર્મ-૭ અને મતદારયાદીમાં રહેલા સરનામા સહિતની અન્ય વિગતોમાં સુધારો કે ફેરફાર કરાવવા માટે ફોર્મ-૮ ભરવાનું રહેશે.

મતદારો પોતાની અરજીઓ ઓનલાઈન પણ કરી શકશે. આ માટે ECINET મોબાઈલ એપ અથવા ભારતના ચૂંટણી પંચની સત્તાવાર વેબસાઈટ https://voters.eci.gov.in પર લોગિન કરીને સંબંધિત ફોર્મ ભરી શકાશે. મતદારયાદી સંબંધિત કોઈપણ માહિતી કે પૂછપરછ માટે હેલ્પલાઈન નંબર ૧૯૫૦ પર સંપર્ક કરી શકાશે.

શિયાળુ પાકની સિંચાઈ માટે પાણી ન મળતા ખેડૂતોમાં ભારે રોષ

ડભોઈ : નર્મદા કેનાલના ગેટ પર કચરાના ઢગલાથી પાણીનો પ્રવાહ અવરોધાયો



(તસવીર : વાહીદ મશ્હદી, ભરૂચ)

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૨૫

ડભોઈ તાલુકાના થરવાસા ચોકડીથી નડા જવાના માર્ગ પરથી પસાર થતી નર્મદા કેનાલના મુખ્ય ગેટ પાસે મોટા પ્રમાણમાં કચરો એકત્ર થવાને કારણે પાણીનો પ્રવાહ અટકી ગયો છે. કેનાલમાં પાણી ઉપલબ્ધ હોવા છતાં ગેટ પાસે જામેલા કચરાના અવરોધને લીધે આગળના અને છેવાડાના વિસ્તારના ખેડૂતોને સિંચાઈ માટે પાણી મળી રહ્યું નથી. નર્મદા નિગમના અધિકારીઓની કથિત બેદરકારી અને નિષ્ક્રાળજીનો ભોગ હાલસ્થાનિક ધરતીપુત્રો બની રહ્યા છે.

કચરાના ઢગલાથી પાણીનો માર્ગ બંધ

થરવાસાથી નડા જતા રસ્તા પર આવેલી આ કેનાલના મેઈન ગેટ પર પ્લાસ્ટિકની થેલીઓ, ખાલી બોટલો અને અન્ય ગંદો કચરો મોટા પ્રમાણમાં જમા થઈ ગયો છે. નિયમિત સફાઈના અભાવે આ કચરો ગેટની જાળીઓમાં ફસાઈ જતાં પાણી આગળ વધી શકતું નથી. પરિણામે કેનાલના ઉપરવાસમાં પાણી ભરાયેલું રહે છે જ્યારે નીચાણવાળા અને છેવાડાના ખેતરો સૂકા ભઠ્ઠ પડ્યા છે.

શિયાળુ પાકની વાવણી પર સંકટઆ વર્ષે અપૂરતા અને ઓછા વરસાદના કારણે ખેડૂતોને અગાઉના પાકમાં પણ નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. હવે ખેડૂતોને શિયાળુ સિઝન પાસેથી ઘણી આશાઓ છે. હાલ ખેડૂતો દ્વારા તુવેર, મકાઈ, મગ તેમજ વિવિધ શાકભાજી જેવા શિયાળુ પાકોની વાવણી અને માવજતનો મહત્વનો સમય ચાલી રહ્યો છે. પરંતુ, સિંચાઈના પાણીના અભાવે આ પાકો સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે ખેડૂતોની ઉગ્ર માંગ છે.

શિયાળુ પાકની વાવણી પર સંકટઆ વર્ષે અપૂરતા અને ઓછા વરસાદના કારણે ખેડૂતોને અગાઉના પાકમાં પણ નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. હવે ખેડૂતોને શિયાળુ સિઝન પાસેથી ઘણી આશાઓ છે. હાલ ખેડૂતો દ્વારા તુવેર, મકાઈ, મગ તેમજ વિવિધ શાકભાજી જેવા શિયાળુ પાકોની વાવણી અને માવજતનો મહત્વનો સમય ચાલી રહ્યો છે. પરંતુ, સિંચાઈના પાણીના અભાવે આ પાકો સુકાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે ખેડૂતોની ઉગ્ર માંગ છે.

સ્થાનિક ખેડૂતોમાં તંત્રની કામગીરી સામે ભારે નારાજગી જોવા મળી રહી છે. ખેડૂતોનું કહેવું છે કે, "અધિકારીઓની નિષ્કાળજીના કારણે અમારે આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. કેનાલમાં પાણી હોવા છતાં અમને મળતું નથી." ખેડૂતોએ માંગ કરી છે કે નર્મદા નિગમનું તંત્ર તાત્કાલિક ધોરણે જેસીબી અથવા મજૂરો મારફતે મેઈન ગેટ પાસેથી આ કચરાનો નિકાલ કરે, જેથી છેવાડાના દરેક ખેડૂતને સમયસર સિંચાઈનું પાણી મળી રહે અને તેઓ પોતાનો શિયાળુ પાક બચાવી શકે.

સેવાલિયા ચેકપોસ્ટ પાસેથી ચાર પિસ્તોલ સાથે એક શખ્સ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ,, તા.૨૫

સેવાલીયા પોલીસે મહિસાગર નદી નજીક આવેલી જૂની પોલીસ ચેકપોસ્ટ પાસેથી ચાર પિસ્તોલ સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. સેવાલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.કે.કાંબડ અને પોલીસ સ્ટાફે આજ રોજ મહિસાગર નદી નજીક આવેલી જૂની પોલીસ ચેકપોસ્ટ ખાતે વાહન ચેકિંગ હાથ ધર્યું હતું. આ દરમિયાન ગોધરા તરફથી આવતી અલી ગગન ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં તપાસ કરતાં શંકાસ્પદ વ્યક્તિ મળી આવ્યો હતો. પોલીસે અટકાયત કરેલા શખ્સના કબ્જામાંથી ભારતીય બનાવટની લોખંડની મેગ્ઝીનવાળી પિસ્તોલ નંગ-૪ (કિંમત રૂા.૧,૦૦,૦૦૦), એક મોબાઈલ (કિંમત રૂા.૩,૦૦૦) અને ચાર ટિકિટો મળી કુલ રૂા.૧,૦૩,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પકડાયેલા આરોપીનું નામ અનુજ ઉર્ફે આર્યા વિજયસિંહ યાદવ (ઉ.વ.૩૧) છે. તે હાલ જામનગરની સાધના કોલોની ખાતે રહે છે અને મૂળ ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદ જિલ્લાના દક્ષિણ પોલીસ સ્ટેશન હેઠળના કટરા પઠાનાન મોહલ્લાનો રહેવાસી છે. પોલીસની તપાસમાં એવી માહિતી બહાર આવી છે કે આ હથિયાર ખલગાટ (મધ્યપ્રદેશ)ના રહેવાસી પાસેથી લીધું હતું. અને હથિયાર અમદાવાદના રહેવાસી મયંક ઉર્ફે સચિન રાજેશ ભારદ્વાજે મંગાવ્યું હતું. સેવાલીયા પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સમયદાન અને લોકફાળા દ્વારા

પાલીતાણાની ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળાને નવપલ્લવિત કરાઈ



(સંવાદદાતા દ્વારા)

પાલિતાણા, તા.૨૫

દિવાળીના વેકેશનનો ખરા અર્થમાં સદુપયોગ કરીને ભાવનગર જિલ્લા પંચાયત સંચાલિત પાલિતાણાની શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળાને દાતાઓના આર્થિક સહયોગ અને શિક્ષકના સમયદાન થકી નવા રંગરૂપ સાથે સજ્જ કરવામાં આવી છે. શાળાના બાળકોના સર્વાંગીણ વિકાસ અને સુવિધામાં વધારો થાય તે હેતુથી આ સેવાયજ્ઞ હાથ ધરવામાં આવ્યો હતો.

શાળાના શિક્ષક નાથાભાઈ ચાવડા દ્વારા સતત ત્રીજા વર્ષે સમયદાન અને લોકભાગીદારીના માધ્યમથી શાળાને નવપલ્લવિત કરવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે. આ કામગીરીમાં ૧૦૮ કલાકનું સમયદાન સૌથી મહત્ત્વપૂર્ણ અને પ્રેરણાદાયી રહ્યું હતું.

શાળામાં રંગરોગાન તેમજ પીવાના પાણીની વ્યવસ્થા તથા અન્ય ઉપયોગ માટે પાણીની જરૂરિયાત સહિતની પાયાની સુવિધાઓ ઊભી કરવા માટે રૂા.૮૧,૦૦૦ જેટલું આર્થિક યોગદાન પ્રાપ્ત થયું હતું. આ સહયોગમાં નમોકાર ફાઉન્ડેશનના અશોક મહેતા, શરદભાઈ વોરા તથા શત્રુંજય યુવક મંડળનો મહત્ત્વપૂર્ણ ફાળો રહ્યો હતો.

આ કામગીરી અંતર્ગત શાળાના બગીચા સહિત આદિનાથ ધ્યાન કેન્દ્ર અને ભજન-ભોજન ખંડને નવા રંગરોગાન કરીને આકર્ષક અને સુવિધાયુક્ત બનાવવામાં આવ્યા છે.

ડભોઈના વઢવાણા તળાવમાં નર્મદાનું પાણી છોડાતા વિદેશી પક્ષીઓને જીવનદાન

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૨૫

ડભોઈ તાલુકાના વિશ્વવિખ્યાત વઢવાણા પક્ષી અભયારણ્ય (તળાવ) ખાતે નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાણી છોડવાની શરૂઆત કરવામાં આવતા પર્યાવરણ અને પક્ષીપ્રેમીઓમાં આનંદની લહેર વ્યાપી ગઈ છે. તળાવમાં માત્ર ૨૦ ટકા જ પાણી બચ્યું હોવાથી શિયાળામાં મહેમાન બનતા વિદેશી પક્ષીઓના અસ્તિત્વ સામે ગંભીર ખતરો ઊભો થયો હતો. જોકે, તંત્રની સમયસૂચકતા અને નર્મદાના નીરની આવક શરૂ થતા હવે આ અબોલ પક્ષીઓને નવું જીવનદાન મળ્યું છે.

શિયાળાની ગુલાબી ઠંડીની શરૂઆત થતા જ વઢવાણા તળાવમાં દર વર્ષે દેશ-વિદેશથી ૭૦ થી ૮૦ હજાર જેટલા યાયાવર પક્ષીઓ મહેમાન બનતા હોય છે. પરંતુ આ વર્ષે તળાવમાં પાણીનું સ્તર ઘટીને માત્ર ૨૦ ટકા જેટલું જ રહી ગયું હતું. તળાવનો મોટો ભાગ સૂકો પડી જવાના કારણે રખડતા કૂતરા, શિયાળ અને અન્ય જંગલી શિકારી પ્રાણીઓ સરળતાથી પક્ષીઓ સુધી પહોંચી જતા હતા અને તેમનો શિકાર કરતા હતા. પાણીની અછત અને શિકારના ભયને કારણે આ વર્ષે અત્યાર સુધીમાં માત્ર ૩ થી ૪ હજાર જેટલા જ પક્ષીઓનું આગમન થયું હતું.

સ્થાનિક પક્ષીપ્રેમી ઈશ્વરભાઈ મણીલાલ વસાવા દ્વારા સરકાર અને વહીવટી તંત્રને વારંવાર રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતને ગંભીરતાથી લઈને સરકાર અને સ્થાનિક તંત્ર તાત્કાલિક હરકતમાં આવ્યું હતું. તંત્ર દ્વારા નર્મદાની મુખ્ય કેનાલમાંથી પાણી ડાયવર્ટ કરીને વઢવાણા તળાવમાં છોડવાનો નિર્ણય લેવાયો હતો. હાલ તળાવમાં નર્મદાના પાણીની આવક શરૂ થતા જળસપાટીમાં ધીરે-ધીરે વધારો થઈ રહ્યો છે.

નડિયાદના ઐયુબખાનની GPCCલઘુમતી ડીપા.ના મહામંત્રી પદે વરણી

નડિયાદ, તા.૨૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના લઘુમતી ડીપાર્ટમેન્ટને વધુ મજબૂત બનાવવા માટે નડિયાદના ઐયુબખાન અશરફખાન પઠાણ ની મહામંત્રી પદે નિમણૂક કરવામાં આવી છે. જી.પી.સી.સી. લઘુમતી ડીપાર્ટમેન્ટના ચેરમેન વજીરખાન બી. પઠાણ (એડવોકેટ) દ્વારા નિમણૂક પત્ર પાઠવી ઐયુબખાન અશરફખાન પઠાણને નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ નિમણૂકથી રાજ્યભરમાં લઘુમતી સમાજના પ્રશ્નોને વાચા આપવા અને સંગઠનને પાયાના સ્તરે વધુ સુદ્રઢ બનાવવામાં નવી ઊર્જા મળશે તેવો વિશ્વાસ કાર્યકરો અને આગેવાનો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. આ નવી જવાબદારી બદલ પક્ષના આગેવાનો, કાર્યકરો દ્વારા તેમને શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે.

માળિયા હાટીના નજીક બે બાઈક અથડાતા સીઆઈએફએસ જવાનનું મૃત્યુ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૨૫

માળીયા હાટીના નજીક બે મોટર સાયકલો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપજ્યાનો બનાવ માળીયા હાટીના પોલીસ મથકે નોંધાયો છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર માળીયા હાટીના પોલીસ મથકે દ્રુપદસિંહ બહાદુરભાઈ સીસોદીયાએ મોટર સાયકલ નં.જીજે-૧૧-આર-૧૫૭૬ના ચાલક રાજવીર ભલગરીયા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપીએ પોતાના હવાલાવાળી મોટર સાયકલ પુરઝડપે અને ગફલત રીતે ચલાવી તેઓના ભાઈ સીઆઈએસએફ જવાન દિગ્વિજયસિંહની મોટર સાયકલ નં.જીજે-૧૧-બીઈ-૬૨૭૮ સાથે ભટકાવી અકસ્માત કરી સીઆઈએસએફ જવાન દિગ્વિજયસિંહને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાંતેઓનું મોત નિપજ્યું હતું. જ્યારે પાછળ બેસેલ પ્રિન્સને ઈજાઓ થયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં પ્રેમીએ મહિલા સાથે દુષ્કર્મ કર્યા બાદ ઘાતકી હત્યા કરતા ચકચાર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૫

ઈચ્છાપોર વિસ્તારમાં પ્રેમસંબંધમાં કડવાશ આવ્યા બાદ મહિલા સાથે પ્રેમીએ દુષ્કર્મ બાદ ઘાતકી હત્યા કરતા ચકચાર મચી જવા પામી છે. મુળ ઉત્તરપ્રદેશના વતની હાલ ઈચ્છાપોરમા રહેતો બબલુ રાજભર સાથે ૩૮ વર્ષીય પુજાબેન (નામ બદલ્યુ છે) નોછેલ્લા સાતથી આઠ મહિનાથી પ્રેમસંબંધ હતો. જોકે, છેલ્લા ત્રણથી ચાર મહિનાથી બંને વચ્ચે કોઈ કારણસર બોલચાલ બંધ થઈ ગઈ હતી. આ દરમિયાન બબલુ રાજભરે મહિલાને ફોન કરીને બહાર મળવા માટે બોલાવી હતી. ગત ૨૨ નવેમ્બરની સાંજેસાત વાગ્યાના અરસામાં બબલુ પુજાબેનને ઈચ્છાપોર બસ સ્ટેન્ડ નંબર-૩ પાસે આવેલી એસ.આર. હોટલની પાછળના ભાગે નહેર નજીક કીજીવીસીએલ સબસ્ટેશનની કમ્પાઉન્ડ વોલ પાસે ખુલ્લી ગટરલાઈનના કિનારે લઈ ગયો હતો. ત્યારબાદ બબલુએ પુજાબેનને પકડી જબરદસ્તી શારીરિક સંબંધ બાંધી પોતાની હવસપુરી કરી હતી. ત્યારબાદ પુજાબેન કંઈ સમજે તે પહેલા બબલુએ તેણીનુ ગળું દબાવી હત્યા કરી ભાગી ગયો હતો. આ બનાવ અંગે ઈચ્છાપોર પોલીસને જાણ થતા પોલીસ કાફલો દોડી આવ્યો હતો. પોલીસે લાશનો કબજો લઈ પીએમ માટે સિવિલ મોકલી આપી હતી. આ બનાવ અંગે ઈચ્છાપોર પોલીસે બબલુ રાજભર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી તેની ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યા છે.

બનાસકાંઠામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરનારા વેપારીઓને ૧૧ લાખનો દંડ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૨૫

ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે, ડીસા GIDCમાં આવેલી અમર ઈન્ડસ્ટ્રીઝના ટેલિફોન રાયડા તેલના નમૂનામાં નિયત ધોરણોનું પાલન ન થતું હોવાનું જણાયું હતું. આ મામલે પેઢીના માલિક વિપુલકુમાર જયંતિલાલ મહેસુરિયા અને દિલીપકુમાર જયંતિલાલ મહેસુરિયાને કુલ રૂા.૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. તેવી જ રીતે પાલનપુર તાલુકાના જગાણા નજીક આવેલી શ્યામ ડેરીના સુખ પ્રીમિયમ કાઉ ઘીના નમૂનામાં વનસ્પતિ ઓઈલની હાજરી મળી આવી હતી. ઉપરાંત ઘી નિયત ગુણવત્તાના ધોરણો મુજબ ન હોવાનું તેમજ છૂટક ઘીમાં પણ વનસ્પતિ ઘીની હાજરી હોવાનું સામે આવતાં ડેરીને રૂા.૫ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે દાંતા ખાતે આવેલી ચારભુજા આઈસક્રીમના રાજભોગ શ્રીખંડ માં સિન્થેટિક કલરની હાજરી મળી આવતાં પેઢીના સંચાલક ઘનશ્યામભાઈ કસ્તુરપુરી ગોસ્વામીને રૂા.૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો હતો. આમ, બનાસકાંઠા જિલ્લામાં ખાદ્યપદાર્થોમાં ભેળસેળ કરનારા વેપારીઓ સામે તંત્રની કાર્યવાહીથી કુલ રૂ.૧૧ લાખનો દંડ વસૂલવાનો આદેશ કરવામાં આવ્યો છે.

પાનોલી પોલીસે સંજાલીમાંથી ૨ કિલો ગાંજા સાથે એક ઈસમને ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૨૫

ભરૂચ જિલ્લામાં નશાના કારોબાર સામે પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત પાનોલી પોલીસે અંકલેશ્વરના સંજાલી ગામમાંથી ગાંજાના જથ્થા સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે.

અંકલેશ્વરની પાનોલી પોલીસને બાતમી મળી હતી કેસંજાલી ગામે સકાટા ચોકડી નજીક આવેલી રઘુવીર રેસિડેન્સીના મકાન નંબર જી-૫માં રહેતો બિહારીલાલ અયોધ્યાપ્રસાદ પટેલ પોતાના ઘરમાં ગાંજાનો જથ્થો વેચાણના હેતુથી રાખે છે અને તેનું છૂટકમાં વેચાણ કરે છે. બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડ્યો હતો. દરમિયાન બિહારીલાલ પટેલ હાજર મળી આવતા તેના રહેણાંક મકાનની તપાસ કરવામાં આવી હતી. જેમાં એક થેલામાંથી ગેરકાયદેસર રીતે રાખેલો ૨.૦૫૦ કિલોગ્રામ ગાંજાનો જથ્થો કિં.રૂા.૧,૦૨,૫૦૦ મળી આવ્યો હતો. પોલીસે ગાંજાના જથ્થા ઉપરાંત રૂા.૧૦ હજાર

ચાલુ ટ્રેનમાંથી પટકાયા બાદ અન્ય ટ્રેનની અડફેટે થયેલા મોતને હાઈકોર્ટે 'અનિચ્છનીય ઘટના' ગણાવી

રેલવે તંત્રને નવ ટકા વ્યાજ સાથે રૂા.૮ લાખનું વળતર ચૂકવવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ચાલુ ટ્રેનમાંથી અકસ્માતે પટકાયા બાદ અર્ધબેભાન અવસ્થામાં પાટા ઓળંગતી વખતે બીજી ટ્રેનની અડફેટે આવી જતાં મુસાફરનું મૃત્યુ થાય, તો તેને મુસાફરની બેદરકારી કે ગુનાહિત કૃત્ય ગણીને વળતર નકારી શકાય નહીં તેવો મહત્ત્વપૂર્ણ ચુકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. જસ્ટિસ દિવ્યેશ એ. જોશીએ રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલ (અમદાવાદ બેન્ચ)ના વળતર નકારવાના આદેશને રદ કરતા, મૃતકના પરિવારજનોને ૯ ટકા સાદા વ્યાજ સાથે રૂા.૮ લાખનું વળતર ચૂકવવા રેલવે તંત્રને હુકમ કર્યો છે.

ઘટનાની વિગતો મુજબ, ૧૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ મૃતક કાયદેસરની ટિકિટ (નં. ACA-51768918) સાથે કાનપુર સેન્ટ્રલથી અમદાવાદ આવવા માટે હાવડા-ગાંધીધામ ગરીબ નવાઝ સુપરફાસ્ટ એક્સપ્રેસના જનરલ ડબ્બામાં મુસાફરી કરી રહ્યા હતા. મુસાફરી દરમિયાન ડબ્બામાં ભારે ભીડ અને ટ્રેનના અચાનક આંચકાને કારણે તેઓ ચાલુ ટ્રેનમાંથી નીચે પટકાયા હતા અને ટ્રેન સાથે ઘસડાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. અર્ધબેભાન અવસ્થામાં તેઓ જ્યારે પાટાની બીજી તરફ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે સામેથી આવતી અમદાવાદ-વડોદરા મેમુ સ્પેશિયલ ટ્રેનની અડફેટે આવી જતાં તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. મૃતકના પરિવારજનો (રાજબહાદુર અને અન્ય) દ્વારા રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલમાં રૂા.૮ લાખના વળતર માટે દાવો કરવામાં આવ્યો હતો. જોકે, ટ્રિબ્યુનલે ૭ નવેમ્બર, ૨૦૨૪ના રોજ એવું અવલોકન કરીને અરજી ફગાવી દીધી હતી કે કાયદેસરની ટિકિટ હોવા છતાં મુસાફરને રેલવે ટ્રેક ઓળંગવાની પરવાનગી મળતી નથી અને આ અકસ્માત મૃતકની પોતાની બેદરકારીને કારણે સર્જાયો છે. ટ્રિબ્યુનલના આ નિર્ણયને પરિવારજનોએ એડવોકેટ મારફતે હાઈકોર્ટમાં પડકાર્યો હતો. સુનાવણી દરમિયાન રેલવે તંત્ર તરફથી દલીલ કરવામાં આવી હતી કે અકસ્માત સ્થળે કોઈ પ્લેટફોર્મ કે સ્ટોપેજ નહોતું અને ડિવિઝનલ રેલવે મેનેજર (DRM)ના રિપોર્ટ મુજબ મૃતક ગેરકાયદેસર રીતે ટ્રેક ઓળંગી રહ્યા હતા. સામે પક્ષે અરજદારના વકીલે દલીલ કરી હતી કે સમગ્ર ઘટનાક્રમ ચાલુ ટ્રેનમાંથી પટકાવાની પ્રાથમિક દુર્ઘટનાનું જ પરિણામ છે અને મૃતક પાસેથી કાયદેસરની ટિકિટ પણ મળી આવી હતી. વધુમાં, DRM રિપોર્ટ ઘટનાના આશરે આઠ મહિના બાદ રજૂ કરવામાં આવ્યો હોવાથી કાયદાકીય સમયમર્યાદાના ભંગ બદલ તેને માન્ય રાખી શકાય નહીં. બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, ઈન્ક્વેસ્ટ પંચનામા દરમિયાન મૃતક પાસેથી કાયદેસરની મુસાફરી ટિકિટ મળી આવી હોવાથી તેઓ રેલવે અધિનિયમની કલમ ૨(૨૯) હેઠળ 'બોનાફાઇડ પેસેન્જર' (કાયદેસરના મુસાફર) સાબિત થાય છે. કોર્ટે નોંધ્યું હતું કે, રેલવે એક્ટની કલમ ૧૨૪-એ 'સ્ટ્રિક્ટ લાયેબિલિટી' (નો-ફોલ્ટ લાયેબિલિટી)ના સિદ્ધાંત પર કામ કરે છે, જેમાં મુસાફરની બેદરકારી કે સાવચેતીના અભાવના બહાને રેલવે તંત્ર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. જ્યાં સુધી આત્મહત્યા, જાણીજોઈને પોતાને પહોંચાડેલી ઈજા કે ગુનાહિત કૃત્ય જેવા અપવાદો સાબિત ન થાય, ત્યાં સુધી રેલવે વળતર ચૂકવવા બંધાયેલ છે. આ ઉપરાંત, હાઈકોર્ટે નિયત સમયમર્યાદા બાદ રજૂ કરાયેલા DRM રિપોર્ટ અને તેના આધારે રેલવે તંત્ર દ્વારા દાખલ કરાયેલા લેખિત જવાબને પણ અમાન્ય ઠેરવ્યો હતો. અંતે, હાઈકોર્ટે ટ્રિબ્યુનલનો ચુકાદો રદ કરી, અરજી દાખલ કર્યાતારીખથી વાર્ષિક ૯ ટકા સાદા વ્યાજ સાથે રૂા.૮,૦૦,૦૦૦/-નું વળતર આઠ અઠવાડિયાની અંદર ટ્રિબ્યુનલમાં જમા કરાવવા રેલવે તંત્રને આદેશ આપ્યો છે, જે સીધા અરજદારોના બેંક ખાતામાં NEFT અથવા RTGS મારફતે જમા કરવામાં આવશે.

ગરીબ બાળકોના પોષણ આહારમાં ૧.૬૪ કરોડના કથિત કૌભાંડથી ખળભળાટ

રાજસ્થાનમાં ૬૫૦ ટન અનાજના કૌભાંડમાં બ્લેકલિસ્ટ પેઢીનો ગુજરાતમાં સરકારી કોન્ટ્રાક્ટ હજુ પણ ચાલુ !!

● ગોડાઉનમાંથી અનાજના કટ્ટા નિયત સ્થળે પહોંચાડવાને બદલે રસ્તામાં જ અમુક હિસ્સો સગેવગે કરી દેવાતો ● કૌભાંડના તાર ગુજરાત સુધી લંબાયા

(સંવાદદાતા દ્વારા)

ઈડર, તા.૨૫

રાજસ્થાનમાં બહુચર્ચિત બનેલા ૬૫૦ ટન સરકારી અનાજ કૌભાંડના તાર હવે ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સુધી પહોંચતા વહીવટી તંત્ર અને રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગરીબ અને કુપોષિત બાળકોના પોષણ આહાર માટે ફાળવવામાં આવેલા અંદાજે રૂા.૧.૬૫ કરોડના કથિત કૌભાંડમાં ગુજરાતની એક જાણીતી ટ્રાન્સપોર્ટ પેઢીની સીધી સંડોવણી સામે આવતા અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. આ સમગ્ર પ્રકરણમાં હિંમતનગરની 'એક રોડવેઝ'ની શંકાસ્પદ ભૂમિકા અને તેના માલિકનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે ચર્ચામાં આવતા સ્થાનિક સ્તરે ભારે ચકચાર જાગી છે. ચોંકાવનારી બાબત એ છે કે રાજસ્થાનમાં આ કૌભાંડ મામલે પોલીસ ફરિયાદ (FIR) નોંધાઈ હોવા છતાં અને પેઢીને બ્લેકલિસ્ટ કરવામાં આવી હોવા છતાં, ગુજરાતમાં તેનો સરકારી કોન્ટ્રાક્ટ કોઈ પણ રોકટોક વગર યથાવત ચાલુ હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વિવાદિત પેઢી પાસે હાલમાં પણ સાબરકાંઠા જિલ્લાના ૭ જેટલા તાલુકાઓમાં સરકારી અનાજ પરિવહનના કોન્ટ્રાક્ટ ચાલુ છે. બ્લેકલિસ્ટ થયેલી પેઢી પર તંત્રની આટલી મહેરબાની કેમ? તે એક મોટો તપાસનો વિષય બન્યો છે. આ મામલે એવા પણ ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે કે ગોડાઉનમાંથી નિયત સ્થળે પ૦૦ કટ્ટા અનાજ પહોંચાડવાના બદલે, રસ્તામાં જ અમુક હિસ્સો બારોબાર સગેવગે કરી દેવામાં આવતો હતો. જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે આ કૌભાંડના ભાગીદારોની બેનામી સંપત્તિ, બેંક ખાતા અને કથિત આર્થિક વ્યવહારોને ઊંડાણપૂર્વક તપાસના દાયરામાં લાવવામાં આવે, જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે. પડોશી રાજ્ય રાજસ્થાનમાં આટલી મોટી કથિત કૌભાંડનો પર્દાફાશ થયો હોવા છતાં ગુજરાતનું પુરવઠા તંત્ર કેમ રહસ્યમય મૌન સેવી રહ્યું છે? શું સ્થાનિક અધિકારીઓની મીલીભગત વગર આ શક્ય છે? ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોના મોઢાનો કોળિયો છીનવી લેનારા તત્વો સામે કડક કાર્યવાહી ક્યારે થશે. રાજ્યનું સરકારી તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને નિષ્પક્ષ અને ઉચ્ચ સ્તરીય તપાસ ક્યારે શરૂ કરશે? તેના પર સૌની મીટ મંડાઈ છે.

સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા યુવકનું મોત

રાજકોટમાં ઉત્તરાયણ પહેલાં જ પતંગના દોરાએ લીધો ૨૦ વર્ષના યુવાનનો ભોગ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

ઉત્તરાયણના પર્વને હજુ સમય બાકી છે, ત્યાં રાજકોટમાં પતંગના દોરાએ એક યુવાનનો જીવ લીધો હોવાની કરૂણ ઘટના સામે આવી છે. શહેરના કુંભારવાડા વિસ્તારમાં બાઈક પર જઈ રહેલા ૨૦ વર્ષીય અતિક રિયાઝભાઈ ચૌહાણના ગળામાં પતંગનો દોરો ફસાઈ જતાં તેને ગંભીર ઈજા થઈ હતી. સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલા અતિકનું મોત નિપજ્યું હતું. બે બહેનોના એકના એક ભાઈના અકાળે અવસાનથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

બે બહેનોએ એકનો એક ભાઈ ગુમાવ્યો

મળતી વિગતો અનુસાર, ગત ૨૧ નવેમ્બરે સાંજે આશરે ૬ વાગ્યાના અરસામાં અતિક બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો. આ દરમિયાન કુંભારવાડા વિસ્તારમાં અચાનક તેના ગળામાં પતંગનો દોરો ફસાઈ ગયો હતો. દોરાથી ગળામાં ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જોકે, તબીબોના પ્રયાસો છતાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

પરિવારજનોના જણાવ્યા અનુસાર, ઘટનાના દિવસે અતિક ઘરે હતો ત્યારે તેના મિત્ર રહીશનો ફોન આવ્યો હતો. મિત્રના પિતાની તબિયત સારી ન હોવાથી દવા લેવા જવાનું હતું. આથી રહીશે અતિકને સાથે આવવા વિનંતી કરી હતી. મિત્રની મદદ કરવા માટે અતિક બાઈક લઈને ઘરેથી નીકળ્યો હતો, પરંતુ ઘર નજીક જ પતંગના દોરાએ તેને ભરખી લીધો હતો. અતિક બે બહેનોનો એકમાત્ર ભાઈ હતો. પરિવારનો આશાસ્પદ યુવાન દીકરો અને બહેનોનો લાડકો ભાઈ ગુમાવતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ઉત્તરાયણના તહેવારને હજુ સમય હોવા છતાં પતંગના દોરાથી અકસ્માતો શરૂ થઈ ગયા છે. ખાસ કરીને રસ્તા પર બાઈક ચલાવતા વાહનચાલકો માટે પતંગના દોરા જીવલેણ સાબિત થઈ રહ્યા છે. અતિકના મોતની ઘટનાએ ફરી એકવાર ચાઈનીઝ દોરી સહિત જોખમી પતંગના દોરાના વેચાણ અને ઉપયોગ સામે કડક કાર્યવાહી કરવાની જરૂરિયાત ઊભી કરી છે. આ ઘટના વાહનચાલકો માટે પણ ચેતવણી સમાન છે. રસ્તા પર બાઈક ચલાવતી વખતે ગળા અને શરીરના ખુલ્લા ભાગોની સુરક્ષા રાખવી તેમજ પતંગના દોરા અંગે સાવચેત રહેવું અત્યંત જરૂરી બન્યું છે. ઉત્તરાયણ પહેલાં બનેલી આ કરુણ ઘટનાએ એક પરિવારનો આશાસ્પદ દીકરો છીનવી લીધો છે.

ગુજરાત સરકાર દ્વારા ફરી એકવાર બદલીઓનો દોર શરૂ

રાજ્યમાં મહેસૂલ વિભાગના ૮૬ મામલતદાર બદલાયા : ક્લાસ-વન આઠ અધિકારીની બદલી

ત્રણ નાયબ મામલતદારોને બઢતી આપી મામલતદાર બનાવાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે એકસાથે બે મહત્ત્વપૂર્ણ બદલીના આદેશો જાહેર કર્યા છે. મામલતદાર વર્ગ-૨ સંવર્ગના ૮૬ અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જ્યારે ગુજરાત વહીવટી સેવા (જુનિયર સ્કેલ) વર્ગ-૧ના ૮ અધિકારીઓની પણ બદલી કરવા સાથે નવી જગ્યાએ નિમણૂક કરવામાં આવી છે. આ ઉપરાંત ૩ નાયબ મામલતદારોને બઢતી આપીને મામલતદાર તરીકે નિમણૂક અપાઈ છે.

મહેસૂલ વિભાગ દ્વારા ૨૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જાહેર કરવામાં આવેલા આદેશ મુજબ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ફરજ બજાવતા મામલતદારોની વહીવટી કારણોસર બદલી કરવામાં આવી છે. આ બદલીઓમાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, મહેસાણા, પાટણ, કચ્છ, બનાસકાંઠા, અમરેલી, જૂનાગઢ સહિતના જિલ્લાઓનો સમાવેશ થાય છે.

રાજ્યમાં ફરી એકવાર બદલીઓનો રાઉન્ડ શરૂ થયો હોય તેમ એક સાથે ૮૬ મામલતદારોની બદલી કરાઈ છે. આ ઉપરાંત ગુજરાત વહીવટી સેવાના વર્ગ-૧ના આઠ અધિકારીઓને બદલીને નવી જગ્યાએ નિમણૂક આપવામાં આવી છે. જ્યારે ત્રણ જેટલા નાયબ મામલતદારોને બઢતી આપવામાં આવી છે.

હજારો વાહનચાલકો કલાકો સુધી અટવાયા

રાજકોટ-અમદાવાદ હાઈવે પર સતત બીજા દિવસે પણ ટ્રાફિક જામથી અવ્યવસ્થા

હાઈવે પર સાંજના સમયે ૧૦થી ૧૫ કિ.મી. સુધી વાહનોની લાંબી કતારો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર લીંબડી અને સાયલા વચ્ચે સતત બીજા દિવસે ભારે ટ્રાફિકજામ સર્જાતા હજારો વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા છે. સાંજના સમયે હાઈવે પર અંદાજે ૧૦થી ૧૫ કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. વેકેશન દરમિયાન પરિવાર સાથે પ્રવાસ કરીને પરત ફરી રહેલા અનેક લોકો પણ કલાકો સુધી ટ્રાફિકમાં ફસાયા હતા.

હાઈવે પર ખાડા પૂરવા અને રિસરફેસિંગનું કામ ચાલી રહ્યું છે. જોકે, કામ દરમિયાન યોગ્ય ટ્રાફિક મેનેજમેન્ટ અને વ્યવસ્થિત ડાયવર્ઝન ન હોવાના કારણે વાહનોની અવરજવરમાં ભારે વિક્ષેપ સર્જાઈ રહ્યો હોવાની ફરિયાદો ઊઠી છે. વાહનચાલકોનો આક્ષેપ છે કે, ભારે ટ્રાફિક હોવા છતાં હાઈવે પર પૂરતો પોલીસ બંદોબસ્ત પણ જોવા મળતો નથી. સ્થાનિકો અને મુસાફરોની માંગ છે કે, હાઈવેનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી ટ્રાફિક નિયમન માટે પૂરતી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવે. ટ્રાફિકજામમાં પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા પણ ફસાયા હતા. તેમણે લીંબડી-ચોટીલા વચ્ચે સર્જાયેલા ટ્રાફિકજામનો વીડિયો સોશિયલ મીડિયા પર શેર કરીને સરકાર અને તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી વાહનચાલકો સતત મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને દરરોજ મોટી સંખ્યામાં લોકો ટ્રાફિકમાં અટવાઈ રહ્યા છે. તેમના વીડિયો બાદ હાઈવેની સ્થિતિને લઈને રાજકીય ચર્ચા પણ તેજ બની છે. હાઈવે પરથી પસાર થનારા વાહનચાલકોએ હાલ મુસાફરી પહેલાં ટ્રાફિકની સ્થિતિ તપાસવી અને શક્ય હોય તો પીક અવર્સ ટાળવા જોઈએ. ડાયવર્ઝન વિસ્તારમાં ઓવરટેકિંગ ન કરવું, યોગ્ય લેનમાં વાહન ચલાવવું અને ટ્રાફિક પોલીસ અથવા સાઈનેજના સૂચનોનું પાલન કરવું જરૂરી છે. લાંબા ટ્રાફિકજામમાં ફસાવાની શક્યતા હોવાથી વાહનમાં પૂરતું ઈંધણ અને પીવાનું પાણી રાખવું પણ ઉપયોગી રહેશે. ઈમરજન્સી વાહનોને રસ્તો આપવા માટે વાહનચાલકોએ બિનજરૂરી રીતે લેન બ્લોક કરવાનું ટાળવું જોઈએ. સતત બીજા દિવસે સર્જાયેલા લાંબા ટ્રાફિકજામને કારણે નેશનલ હાઈવે ઓથોરિટી, કોન્ટ્રાક્ટર અને સ્થાનિક તંત્રની ટ્રાફિક વ્યવસ્થા સામે સવાલો ઊઠી રહ્યા છે. રિસરફેસિંગનું કામ ચાલુ હોય ત્યારે યોગ્ય ડાયવર્ઝન, સૂચના બોર્ડ અને પોલીસ બંદોબસ્ત સુનિશ્ચિત કરવામાં આવે તો વાહનચાલકોની મુશ્કેલીમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે.

ખેડૂતોની પોલીસ સામે ફરિયાદ નોંધવાની માંગ

ધોળકાના સરગવાળા ગામમાં ગેસ પાઈપલાઈન મુદ્દે ખેડૂતોનો વિરોધ

ખેતરમાં જાણ અને વળતર વિના કામગીરી થતી હોવાનો ખેડૂતોએ કર્યો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામે GSPL કંપની દ્વારા ગેસ પાઈપલાઈન નાખવાની કામગીરીને લઈને ખેડૂતો અને તંત્ર વચ્ચે વિવાદ વકર્યો છે. ખેડૂતોની જમીનમાં તેમની સંમતિ અને યોગ્ય વળતર વિના પાઈપલાઈન નાખવામાં આવતી હોવાના આક્ષેપ સાથે છેલ્લા કેટલાક દિવસોથી વિરોધ ચાલી રહ્યો છે. હવે આ મામલે ખેડૂત આગેવાનોએ પોલીસ સામે પણ મોરચો ખોલ્યો છે.

તાજેતરમાં પોલીસ બંદોબસ્ત વચ્ચે GSPL કંપની દ્વારા ખેતરોમાં પાઈપલાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. તે સમયે ખેડૂતોએ વિરોધ નોંધાવ્યો હતો. ખેડૂત આગેવાન બ્રીજરાજ સોલંકીની અટકાયત બાદ પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. પરિસ્થિતિ વણસતાં પોલીસે લાઠીચાર્જ કર્યો હોવાના આક્ષેપ થયા હતા, તેની સામે ખેડૂતો દ્વારા પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હોવાની વાત પણ આવી છે.

આ ઘટનાને પગલે ખેડૂત આગેવાન શૈલેષ મેર સહિતના આગેવાનો કોઠ પોલીસ મથકે પહોંચ્યા હતા.

ખેડૂતોએ પોલીસ દ્વારા માર મારવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરી સંબંધિત પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધવાની માગ કરી છે. સાથે જ GSPL કંપની સામે પણ કાર્યવાહી કરવાની રજૂઆત કરવામાં આવી છે. ખેડૂત આગેવાન શૈલેષ મેરે જણાવ્યું હતું કે ખેડૂતોના બંધારણીય મૂળભૂત અધિકારોની અવગણના થઈ છે. તેમણે બંધારણની કલમ ૧૯ અને ૨૧નો ઉલ્લેખ કરતાં ચીમકી આપી હતી કે જો પોલીસ સામે ફરિયાદ નોંધવામાં નહીં આવે તો તેઓ હાઈકોર્ટના દ્વાર ખખડાવશે. બીજી તરફ ખેડૂતપુત્ર મયુર દ્વારા GSPL કંપનીની કામગીરી અટકાવવા પુરાવા સાથે અરજી કરવામાં આવી છે. જો કામગીરી બંધ નહીં થાય તો ખેડૂતો કાયદાકીય લડત લડી હાઈકોર્ટમાંથી સ્ટે મેળવવા માટે પણ પ્રયાસ કરશે. આ ઉપરાંત સરગવાળા ગામે ખેડૂતોની મહાપંચાયત યોજવાની શક્યતા પણ વ્યક્ત કરવામાં આવી છે. આમ, ગેસ પાઈપલાઈનનો વિવાદ હવે રસ્તા પરથી કાયદાકીય લડત સુધી પહોંચ્યો છે.

નૂતન વર્ષ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પત્રકાર સ્નેહમિલન સમારોહ

સરકાર માટે પત્રકારો ક્યારેય અલગ ન હોઈ શકે, સરકાર માટે ટીકા એ ટોનિક સમાન



(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગર ખાતે નૂતનવર્ષ નિમિત્તે પત્રકાર સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રીએ સૌને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવીને વિકસિત ભારત અને નશામુક્ત ભારતના સંકલ્પને મીડિયા જગત અને સરકારના સંકલનથી સાકાર કરવાનું પ્રેરક આહ્વાન કર્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર માટે પત્રકારો ક્યારેય અલગ ન હોઈ શકે. સરકાર માટે ટીકા એ ટોનિક સમાન છે. સરકાર અને પત્રકારો વચ્ચે પરસ્પર સંવાદ, સહકાર અને રચનાત્મક અભિગમ લોકશાહીને વધુ મજબૂત બનાવે છે. તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું વિઝન અને નશામુક્ત ભારતનો સંકલ્પ સાકાર કરવા માટે આપણે સૌ સાથે મળીને કાર્યરત રહીએ. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટેનો રોડમેપ સરકાર પાસે તૈયાર છે. સૌના રચનાત્મક સૂચનો અને સહભાગિતાથી વિકાસયાત્રાને વધુ વ્યાપક અને પરિણામલક્ષી બનાવી શકાય તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, મંત્રીમંડળના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતની વિકાસયાત્રામાં મીડિયાના મહત્ત્વપૂર્ણ યોગદાનની સરાહના કરતાં જણાવ્યું હતું કે, નાગરિકોના હિતમાં સાચી માહિતી લોકો સુધી પહોંચાડવાનું અને સરકારની ભૂલો પ્રત્યે ધ્યાન દોરવાનું અત્યંત જવાબદારીભર્યું માધ્યમ બન્યા છે. સરકારની ક્ષતિ જણાય તો જરૂરથી ધ્યાન દોરવું પરંતુ રાજ્ય કે નાગરિકોના હિતને નુકસાન ન થાય તે રીતે સૌએ સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

નિયમો અને આદેશોને ઘોળીને પી જતી પોલીસ



નિયમો અને આદેશો માત્ર કાગળ પર જ હોય છે માની નિયમો ઘોળીને પી જતી હોય એમ ગુજરાત પોલીસ અનેકવાર આરોપીઓને રિકન્સ્ટ્રક્શન નામે પણ વરઘોડો કાઢે છે. જેમાં રાજ્યના પોલીસ વડા અને સુપ્રીમ કોર્ટના આદેશો આવું ન કરવાના હોવા છતાં જાણે કે પોલીસ આવા કોઈ નિયમોને માનતી જ ન હોય એમ વર્તે છે. આવી જ એક ઘટનામાં પાલીતાણામાં સામે આવી છે. જેમાં પાલીતાણામાં નૈતિક ભરવાડ ખૂનના ગુનાના ચાર આરોપીને બનાવવાળી જગ્યાએ લઈ જઈ ટાઉન પોલીસ દ્વારા ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧૦ GSOSની પરીક્ષાના ગુણ ૨૬ નવેમ્બરથી ભરવાના શરૂ

અમદાવાદ, તા.૨૫

ધોરણ-૧૦ GSOSના પરીક્ષાર્થીઓના શાળા કક્ષાના તથા વોકેશનલ વિષયની પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઈટ gseb.org અને sscmarks.gseb.org પરથી શાળા દ્વારા ઓનલાઈન તા.૨૬/૧૧/૨૦૨૬થી તા.૫/૧૨/૨૦૨૬ સુધીમાં ભરવાના રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં ઓનલાઈન ગુણ ભરવા જણાવવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે. પરીક્ષાર્થીઓના ગુણ પરીક્ષાર્થીઓના નામ અને એપ્લિકેશન નંબરના આધારે ભરવાના રહેશે. ઓનલાઈન ગુણ ભરવા માટે શાળાના ઈન્ડેક્ષ નંબર અને નોંધાયેલ મોબાઈલ નંબરનો ઉપયોગ કરી

છેલ્લી તારીખ ૫મી ડિસેમ્બર

લોગીન કરી શકાશે. જે શાળાઓમાં GSOS પરીક્ષાર્થીઓએ વોકેશનલ વિષય પસંદ કરેલા છે. તેવી શાળાઓએ સેક્ટર સ્કીલ કાઉન્સિલ (SSC) દ્વારા કરવામાં આવેલ પ્રાયોગિક મૂલ્યાંકનના ૫૦ ગુણમાંથી ઉમેદવારે મેળવેલ ગુણ પણ સેક્ટર સ્કીલ કાઉન્સિલ (SSC)ના પ્રતિનિધિશ્રી પાસેથી મેળવી શાળા દ્વારા જ ઓનલાઈન ભરવાના રહેશે. એમ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની એક યાદીમાં જણાવાયું છે.

નામ બદલેલ છે

મેં મારું નામ
શાદાબુલ્લા વલીઉલ્લા શેખમાંથી
બદલીને
શાદાબુલ્લાહ વલીઉલ્લાહ શેખ
રાખ્યું છે

બી-404, અતીક રેસિડેન્સી,
ગુલમોહર સોસાયટીની સામે,
વટવા, અમદાવાદ

રાહુલ ગાંધી સાથે સંકળાયેલા આવકથી વધુ સંપત્તિના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટે CBI અને EDને આપેલા નિર્દેશોને સુપ્રીમ કોર્ટે રદ કર્યા

ભાજપના સભ્ય વિગ્નેશ શિશિરની અરજી ફરીથી હાઈકોર્ટમાં વિચારણા માટે રજૂ કરવામાં આવશે, જેમાં જાળવણીના પ્રશ્નનો પણ સમાવેશ થાય છે

(એજન્સી) તા.૨૫

સુપ્રીમ કોર્ટે બુધવારે અલ્હાબાદ હાઈકોર્ટના કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામેના અમર્યાદિત સંપત્તિના આરોપોની ચકાસણી કરવા માટે સીબીઆઈ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ને નિર્દેશ આપતા આદેશને રદ કર્યો. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમલ્યા બાગચી અને વી મોહનાની બનેલી બેન્ચે ભાજપના સભ્ય વિગ્નેશ શિશિર દ્વારા દાખલ કરાયેલી અરજીને હાઈકોર્ટમાં નવેસરથી વિચારણા માટે મોકલી આપી, જેમાં તેની જાળવણીનો પ્રશ્ન પણ સામેલ છે. સુપ્રીમ કોર્ટે અગાઉ અલ્હાબાદ હાઈકોર્ટને કેસ આગળ ન



વધારવાનો નિર્દેશ આપ્યો હતો અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) અને EDને હાઈકોર્ટના નિર્દેશોનું પાલન કરીને કોઈપણ રિપોર્ટ દાખલ કરવાથી રોકી હતી. ગાંધીએ બે કેન્દ્રીય એજન્સીઓને તેમના વિરુદ્ધના આરોપોની તપાસ કરવાના નિર્દેશ આપતા હાઈકોર્ટના આદેશને પડકારતા સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. અલ્હાબાદ હાઈકોર્ટે આ નિર્દેશો આપ્યા હતા કારણ કે સીબીઆઈ દ્વારા રજૂ કરાયેલા સોગંદનામામાં શિશિરે ગાંધી વિરુદ્ધ તેમની કથિત અપ્રમાણસર સંપત્તિ અંગે દાખલ કરેલી ફરિયાદ પર થયેલી પ્રગતિ પર પૂરતું વર્ણન કરવામાં આવ્યું નથી. તેણે નવી દિલ્હીમાં સીબીઆઈના ભ્રષ્ટાચાર વિરોધી વિભાગના મુખ્યાલયમાં સંયુક્ત નિર્દેશક અથવા સંબંધિત ઝોનના વડાને તપાસની પ્રગતિની વિગતો આપતું નવું સોગંદનામું વ્યક્તિગત રીતે રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. શિશિરે ગાંધી પાસે બેવડી નાગરિકતા હોવાનો આરોપ લગાવતી અરજીઓ પણ દાખલ કરી હતી.

યુકે જતી ફ્લાઈટમાં જતા અટકાવવામાં આવતા CJPના સૌરવ દાસ દિલ્હી હાઈકોર્ટ પહોંચ્યા; ૨૬ નવેમ્બરે સુનાવણી

સૌરવ દાસે આરોપ લગાવ્યો છે કે, લંડન જતી ફ્લાઈટમાં બેસતા પહેલાં, દિલ્હી એરપોર્ટ પર ઈમિગ્રેશન કાઉન્ટર પર તેમને રોકવામાં આવ્યા હતા

(એજન્સી) તા.૨૫

'કોકરોચ જનતા પાર્ટી'ના સહ-સંયોજક સૌરવ દાસે દિલ્હી હાઈકોર્ટમાં અરજી કરી છે. તેમણે દાવો કર્યો છે કે ઓક્સફર્ડ ખાતેના એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે લંડન જઈ રહ્યા હતા ત્યારે તેમને ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર અટકાવી દેવામાં આવ્યા હતા. દાસ યુનિવર્સિટીમાં "કોકરોચ મૂવમેન્ટ" વિશે બોલવાના હતા. યુનાઈટેડ કિંગડમ (યુકે) જવાની પરવાનગી મેળવવા માટે તાત્કાલિક હસ્તક્ષેપની માંગ કરતી તેમની અરજીનો ઉલ્લેખ બુધવારે કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ નિતિન વાસુદેવ સાંબરે અને ન્યાયાધીશ સંજય શર્માની ખંડપીઠ સમક્ષ કરવામાં આવ્યો હતો. ખંડપીઠે આ મામલાની સુનાવણી ગુરુવારે હાથ ધરવા માટે સંમતિ દર્શાવી છે. દાસના વકીલે કોર્ટને જણાવ્યું કે, ફ્લાઈટમાં સવાર થતા પહેલા ઈમિગ્રેશન કાઉન્ટર પર તેમને અટકાવી દેવામાં આવ્યા હતા. આ દરમિયાન તેમને કોઈ સ્પષ્ટતા આપવામાં આવી ન હતી કે મુસાફરી પર પ્રતિબંધ મૂકતો કોઈ આદેશ પણ બતાવવામાં આવ્યો ન હતો. "મને ઈમિગ્રેશન પર અટકાવવામાં આવ્યો. મને કોઈ આદેશ બતાવવામાં આવ્યો નથી. કોઈ એલઓસી (LOC - લુકઆઉટ સર્ક્યુલર) નથી, કે કોઈ સત્તાધિકારી દ્વારા મારી મુસાફરી પર કોઈ પ્રતિબંધ પણ નથી," તેમ વકીલે તાત્કાલિક સુનાવણીની માંગ કરતા રજૂઆત કરી. તેમણે કોર્ટને જણાવ્યું કે, જો મુસાફરી કરવાની પરવાનગી મળે તો દાસ ૨૭ નવેમ્બર સુધીમાં યુનાઈટેડ કિંગડમ પહોંચી શકે છે, કારણ કે ઓક્સફર્ડ કાર્યક્રમ માટેની તમામ તૈયારીઓ પહેલેથી જ પૂર્ણ થઈ ગઈ છે. જોકે, ખંડપીઠે બુધવારે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો અને કહ્યું, "આ બાબતની સુનાવણી આવતીકાલે થશે." સોમવારે, 'X' (ટ્વિટર) પર શ્રેણીબદ્ધ પોસ્ટ્સ દ્વારા, દાસે કેન્દ્ર સરકારની ટીકા કરી હતી. તેમને લંડન જતી રાત્રે ૧ વાગ્યાની ફ્લાઈટમાં સવાર થતા અટકાવી દેવામાં આવ્યા હતા. "મને આ કાયર મોદી સરકાર દ્વારા દિલ્હી એરપોર્ટ પર લંડન જતાં અટકાવવામાં આવ્યો છે, જ્યાં મારે ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં વ્યાખ્યાન આપવાનું હતું. આ કાયર સરકારે મને લંડન જતી ફ્લાઈટમાં બેસવા દીધો નહીં. મને ઓક્સફર્ડ, કેમ્બ્રિજ, એલએસઈ (LSE) અને એડિનબર્ગ જેવી પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓ દ્વારા 'કોકરોચ મૂવમેન્ટ' (વંદા આંદોલન) પર



વાત કરવા માટે આમંત્રિત કરવામાં આવ્યો હતો," દાસે કહ્યું. "ભારતીય વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમોના આયોજન માટે ખૂબ જ મહેનત કરી હતી, પરંતુ આ બુદ્ધિજીવી-વિરોધી સરકાર મારા આ પ્રતિષ્ઠિત સંસ્થાનોમાં જવાને લઈને ડરી ગઈ હતી!" તેમણે ઉમેર્યું. દાસે જણાવ્યું કે તેમને ઓક્સફર્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયન દ્વારા એક પેનલ ચર્ચા માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા. "અને એટલા માટે જ હું લંડન જઈ રહ્યો હતો. પરંતુ જેવો હું ઈમિગ્રેશન ચેક પાસે પહોંચ્યો, મને ખબર પડી કે મારા પાસપોર્ટ પર વાંધાu (flag) મૂકવામાં આવ્યો છે," તેમણે કહ્યું. "સરકાર એક શિક્ષિત યુવાનના શિક્ષિત લોકોની વચ્ચે જઈને બૌદ્ધિક ચર્ચા કરવાથી આટલી કેમ ડરે છે? કાશ હું નીરવ મોદી હોત! કાશ હું વિજય માલ્યા હોત! કાશ મેં બેંકોમાંથી હજારો કરોડ રૂપિયા લૂંટ્યા હોત..." તેમણે કહ્યું. મંગળવારે એક સ્થાનિક પત્રકારે 'X' (ટ્વિટર) પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે સૌરવ દાસને ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં નહીં, પરંતુ 'ઓક્સફર્ડ યુનિયન'માં બોલવાનું હતું. "એ નોંધવું જોઈએ કે સૌરવ દાસનું વ્યાખ્યાન ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં યોજાવાનું ન હતું, પરંતુ 'ઓક્સફર્ડ યુનિયન'માં થવાનું હતું, જે એક અલગ અને સ્વતંત્ર રીતે ચાલતી ડિબેટિંગ સોસાયટી (ચર્ચા મંડળ) છે. તે પ્રતિષ્ઠિત અને પ્રખ્યાત ચોક્કસ છે, પરંતુ તે યુનિવર્સિટીનો ભાગ નથી," તે પત્રકારે 'X' પરની પોસ્ટમાં લખ્યું.

મિસાઈલો પર ફોન જાસૂસી : ભારત-ઈઝરાયેલ વ્યૂહાત્મક સંબંધો મોદીથી આગળ કેમ જાય છે

વિપક્ષી કોંગ્રેસ પાર્ટી ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધને નરસંહાર કહે છે પરંતુ તેના નેતા હજુ પણ ઈઝરાયેલ સાથે મજબૂત સંબંધો ઈચ્છે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

છેલ્લા ત્રણ વર્ષથી ભારતના મુખ્ય વિપક્ષી પક્ષ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ, ગાઝા પર ઈઝરાયેલના યુદ્ધની નિંદા કરવાનો ઈન્કાર કરવા બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સરકારની વારંવાર ટીકા કરે છે, તેને નરસંહાર તરીકે સ્વીકારે છે. છતાં ગયા અઠવાડિયે એક મુલાકાતમાં ઈઝરાયેલ પરના તેમના વલણ વિશે પૂછવામાં આવ્યું ત્યારે, પક્ષના વાસ્તવિક નેતા, રાહુલ ગાંધી વધુ સૂક્ષ્મ હતા. તેમણે ઈઝરાયેલના નરસંહાર યુદ્ધની નિંદા કરી પરંતુ ઉમેર્યું: 'હું ઈઝરાયેલ સાથે મજબૂત સંબંધોને ટેકો આપું છું. અમારા વ્યૂહાત્મક હિતો છે, જેમાં અમારા સશસ્ત્ર દળો માટે શ્રેષ્ઠ શસ્ત્રો ખરીદવાનો સમાવેશ થાય છે.' આ ટિપ્પણીઓએ કોંગ્રેસ પક્ષના કેટલાક સાથીઓ, જેમાં ડાબેરી પક્ષોનો પણ સમાવેશ થાય છે, તરફથી પ્રતિક્રિયા આપી હતી પરંતુ વિશ્લેષકોએ કહ્યું કે, તેઓ વ્યૂહાત્મક ભાગીદારીની ઊંડાઈને પ્રતિબિંબિત કરે છે, જે વિવાદાસ્પદ હોવા છતાં ભારત અને ઈઝરાયેલ બંને દ્વારા મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. આ એક એવો સંબંધ છે જે મોદી હેઠળ નાટકીય રીતે વિકસ્યો છે પરંતુ તેમની હિન્દુ બહુમતીવાદી ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની સરકારથી આગળ વધે છે અને તે તેના શાસનને ટકી રહેવાની શક્યતા છે.

શસ્ત્રો અને દેખરેખથી લઈને પોલીસિંગ અને હેકિંગ સુધી, ભારત વધુને વધુ ઈઝરાયેલ તરફ એક મહત્ત્વપૂર્ણ ભાગીદાર અને કુશળતાના સ્ત્રોત તરીકે વળ્યું છે, જે બંને દેશોને એવી રીતે જોડે છે કે રાજકીય પવન બદલાય તો પણ તેમને ઉકેલવા મુશ્કેલ છે.

આ મહિને ઈન્ટરનેટ ફ્રીડમ ફાઉન્ડેશન, એક બિનનફાકારક સંસ્થા દ્વારા કરવામાં આવેલી તપાસમાં જાણવા મળ્યું કે ગૃહમંત્રી અમિત શાહે ઈઝરાયેલ પાસેથી ફોન-હેકિંગ ટેક્નોલોજી ખરીદવાની મંજૂરી આપવા માટે ભારતના પોતાના નિયમોને છોડી દીધા હતા.

ભારતીયો અહીં પહેલા પણ આવી ચૂક્યા છે. ૨૦૧૯માં વોટ્સએપે ખુલાસો કર્યો હતો કે, ઈઝરાયેલના NSO ગ્રુપ દ્વારા વિકસાવવામાં આવેલા પેગાસસ સ્પાયવેરનો ઉપયોગ ભારતીય પત્રકારો અને માનવાધિકાર રક્ષકોને નિશાન બનાવવા માટે કરવામાં આવ્યો હતો. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલે પાછળથી પત્રકાર સિદ્ધાર્થ વરદરાજન અને આનંદ મંગનાલેના ફોન પર ચેપની પુષ્ટિ કરી હતી. સરકારે અનધિકૃત દેખરેખનો ઈન્કાર કર્યો હતો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, એકસાથે, આ કેસ નિર્ભરતા તરફ નિર્દેશ કરે છે. લેખક આઝાદ એસ્સાએ અલ જઝીરાને જણાવ્યું હતું કે, ઈઝરાયેલ સાથે ભારતના સહયોગમાં 'હંમેશા ગુપ્ત માહિતી એકત્રિત કરવા, સરહદ વ્યવસ્થાપન અને અસંમતિને નિયંત્રિત કરવા માટે ઈઝરાયેલી પદ્ધતિઓની તપાસ અને શોધખોળનો સમાવેશ થાય છે.'

'ઈઝરાયેલી ઉત્પાદનો અથવા પદ્ધતિઓનો ઉપયોગ ભારતીયો, જેમાં ખેડૂતોનો પણ સમાવેશ થાય છે, સામે જ થશે તે ફક્ત સમયની વાત હતી,' ભારત અને ઈઝરાયેલ વચ્ચેના વધતા જતા જોડાણ પરના પુસ્તક 'હોસ્ટાઈલ હોમલેન્ડ્સ'ના લેખક એસ્સાએ ઉમેર્યું. એસ્સા આગામી પુસ્તક 'ધ આર્કિટેક્ચર ઓફ કોમ્પ્લીસિટી: હાઉ ઈન્ડિયા હેલ્પ્ડ ઈઝરાયલ કન્ડક્ટ અ નરસંહાર'ના લેખક પણ છે, જે જાન્યુઆરી ૨૦૨૭માં પ્રકાશિત થવાનું છે. દિલ્હીના પાડોશી રાજ્ય હરિયાણામાં, ત્યાંની સરકારે છ વર્ષ સુધી ઈઝરાયેલી પોલીસ અને સેનાની યુક્તિઓનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ કર્યો અને ફેબ્રુઆરી ૨૦૨૪માં, રાજ્ય પોલીસે દિલ્હી તરફ કૂચ કરી રહેલા ખેડૂતો પર ટીયર ગેસ છોડવા માટે ડ્રોનનો ઉપયોગ કર્યો.

દેખરેખથી પણ આગળ : ફોન ટૂલ્સ એ સંબંધનો નવો સ્તર છે જે ભારતના સંરક્ષણ ઉદ્યોગમાં ઊંડે સુધી ફેલાયેલો છે. ૨૦૧૪થી, ભારત ઈઝરાયેલનો સૌથી વિશ્વસનીય શસ્ત્ર ખરીદનાર બની ગયો છે, જે તેની નિકાસનો લગભગ ૩૭ ટકા હિસ્સો ધરાવે છે.

આ સંબંધના કેન્દ્રમાં અબજોપતિ ગૌતમ અદાણીના નેતૃત્વમાં અદાણી જૂથ છે, જેને મોદીના નજીકના સહયોગી તરીકે વ્યાપકપણે જોવામાં આવે છે. ૨૦૧૬માં, ભારતીય સમૂહે હૈદરાબાદમાં હર્મીસ ૯૦૦ ડ્રોન બનાવવા માટે ઈઝરાયેલની એલ્બિટ સિસ્ટમ્સ સાથે સંયુક્ત સાહસ બનાવ્યું, જે ઈઝરાયેલની બહાર આવી પહેલી સુવિધા હતી. ૨૦૨૦થી, અદાણી પાસે BLR સિસ્ટમ્સમાં ૫૧ ટકા હિસ્સો છે, જે ઈઝરાયેલ વેપન ઈન્ડસ્ટ્રીઝ સાથે નેગેવ મશીનગનના ભાગો બનાવે છે. જાન્યુઆરી ૨૦૨૩માં અદાણી અને ઈઝરાયેલના ગેડોટે હાઈફાના બંદરની ૧.૧૫ અબજ ડૉલરની ખરીદી પૂર્ણ કરી, અને ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ સોંપણીમાં હાજરી આપી. એસ્સા કહે છે કે, ભારત 'ઈઝરાયેલી કંપનીઓ માટે વધુને વધુ ઉત્પાદન અને પુરવઠાનો આધાર બની રહ્યું છે.'

પેલેસ્ટીન અને મધ્ય-પૂર્વનો અભ્યાસ કરતા નવી દિલ્હીના સ્વતંત્ર સંશોધક આશુતોષ સિંહે સંમતિ દર્શાવી, હૈદરાબાદને મેક ઈન ઈન્ડિયા પહેલના 'આડમાં' બનેલા ઈઝરાયેલના લશ્કરી માળખામાં જડિત ભારતીય મૂડીનું શ્રેષ્ઠ ઉદાહરણ ગણાવ્યું, જે ઉત્પાદનને સ્વદેશી બનાવવાનો કાર્યક્રમ છે. નેધરલેન્ડ્સની લીડેન યુનિવર્સિટીમાં આંતરરાષ્ટ્રીય સંબંધોના સહયોગી પ્રોફેસર નિકોલસ બ્લેરેલ, સાવધાનીનો ઉલ્લેખ કરે છે. તેમણે અલ જઝીરાને જણાવ્યું કે, હૈદરાબાદમાં જે પ્રક્રિયા થાય છે તે ઈઝરાયેલી ડિઝાઈનવાળા ડ્રોન્સની 'મોટાભાગે અંતિમ એસેમ્બલી' (જોડાણ કાર્ય) છે અને 'કેટલી ટેક્નોલોજી વાસ્તવમાં સંપૂર્ણપણે શેર કરવામાં આવી છે તે સ્પષ્ટ નથી' પરંતુ તેમણે નોંધ્યું કે, ૨૦૨૩ના અંતમાં અને ૨૦૨૪ની શરૂઆતમાં ઈઝરાયેલને માલસામાન પહોંચાડવામાં આવ્યો હતો, જે સમયગાળા દરમિયાન તેમાંથી કેટલાક ડ્રોન મોડલ્સનો ઉપયોગ ગાઝામાં નરસંહાર માટે કરવામાં આવી રહ્યો હતો. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલના ૩૦ જુલાઈએ પ્રકાશિત થયેલા 'મેડ ઈન ઈન્ડિયા' (ભારતમાં નિર્મિત) અહેવાલમાં, ૭ ઓક્ટોબર, ૨૦૨૩થી ૩૦ નવેમ્બર, ૨૦૨૫ (નોંધ: અહેવાલમાં ઉલ્લેખિત સમયગાળો) દરમિયાન ભારતીય કંપનીઓ દ્વારા ઈઝરાયેલને મોકલવામાં આવેલા શસ્ત્રો,



દારૂગોળો અને લશ્કરી ઘટકોના ૨૫૯૬ શિપમેન્ટની વિગતો આપવામાં આવી છે. આ સમયગાળો દક્ષિણ ઈઝરાયેલ પર હમાસના નેતૃત્વમાં થયેલા હુમલાઓથી શરૂ થાય છે, જે ગાઝા પરના હુમલાનું નિમિત્ત બન્યા હતા. તેમાં નવ કંપનીઓના નામ આપવામાં આવ્યા હતા, જેમાંથી ત્રણ સંપૂર્ણપણે ભારતના સંરક્ષણ મંત્રાલયની માલિકીની હતી અને તારણ કાઢ્યું હતું કે જ્યારે પણ તે કંપનીઓ નિકાસ કરે છે ત્યારે ભારતીય રાજ્ય પોતે શસ્ત્રો ટ્રાન્સફર કરી રહ્યું હતું. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે બીજા દિવસે કહ્યું કે, ભારત પાસે આરોપોનો ઉકેલ લાવ્યા વિના વ્યૂહાત્મક વેપાર માટે 'મજબૂત' કાનૂની માળખું છે.

ભારત શા માટે ખરીદે છે : કોઈ શરત જોડાયેલ નથી : વિશ્લેષકોને પૂછો કે ભારત ઈઝરાયેલ પાસેથી શા માટે ખરીદી કરે છે અને જવાબ ટેક્નોલોજી વિશે ઓછો છે તેના કરતાં ઈઝરાયેલ બદલામાં શું માંગતું નથી તે વિશે છે. ઓબ્ઝર્વર રિસર્ચ ફાઉન્ડેશન થિંક ટેન્કના કબીર તનેજાએ જણાવ્યું હતું કે, સંરક્ષણ લગભગ સમગ્ર સંબંધ ધરાવે છે. જે દેશ ભારતને પશ્ચિમી પ્લેટફોર્મ વેચે છે તે ભારતમાં નિર્મિત મિસાઈલ ફીટ કરવા માટે જરૂરી સોર્સ કોડ શેર કરવાનો ઈન્કાર કરી શકે છે. ઈઝરાયેલ તે અંતરને દૂર કરવા તૈયાર છે, ઉદાહરણ તરીકે રશિયન Il-76 વિમાનમાં પ્રારંભિક ચેતવણી રડાર ફીટ કરીને.

તનેજાએ અલ જઝીરાને કહ્યું, 'ઈઝરાયેલ સંરક્ષણ તકનિકોનો એવો વોલમાર્ટ છે જે તમે કોઈપણ નિયમો અને શરતો વિના ખરીદી શકો છો જે તમને આ તકનિકોનો કોઈપણ રીતે ઉપયોગ કરવાથી અટકાવે છે.'

તેમણે ઈઝરાયેલી ડ્રોન, જે ભારત પાકિસ્તાન સાથે તેના મોરચે તૈનાત કરે છે, તેની તુલના યુનાઈટેડ સ્ટેટ્સ પાસેથી ખરીદેલા MQ-9s સાથે કરી, જે નિ:શસ્ત્ર આવે છે અને તેમના ઉપયોગ પર પ્રતિબંધો છે.

બ્લેરેલ આ વિશ્વાસને ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં પાકિસ્તાન સાથે શોધે છે જ્યારે અન્ય સપ્લાયર્સે ભારતના પરમાણુ પરીક્ષણો પછી પ્રતિબંધો લાદ્યા હતા પરંતુ ઈઝરાયેલે સ્પેરપાર્ટ્સ અને દારૂગોળો સપ્લાય કરવાનું ચાલુ રાખ્યું. તેમણે કહ્યું કે, ઈઝરાયેલે 'ખરેખર પ્રતિબંધોની કાળજી લીધી નથી' અને તેણે 'કોઈ શરતો' જોડી છે, જે 'કોંગ્રેસ અને ભાજપ બંનેએ નોંધ્યું છે.' તે એવી ટેક્નોલોજી પણ પૂરી પાડે છે જે પશ્ચિમ 'હંમેશા સપ્લાય કરવામાં વધુ અનિચ્છા રાખે છે' અને તેની સિસ્ટમો રશિયન મૂળના સાધનો સાથે કામ કરે છે, જે ભારતના શસ્ત્રાગારનો મોટો ભાગ બનાવે છે. તેમણે કહ્યું કે, ઈઝરાયેલી કંપનીઓ ભારતીય કંપનીઓ સાથે 'ટેક્નોલોજી શેર કરવા અને સાથે મળીને કામ કરવા' વધુ તૈયાર રહી છે.

તે મહત્ત્વનું છે કારણ કે, નવી દિલ્હી હવે ફક્ત ખરીદવા જ નહીં પણ બનાવવા માંગે છે. તનેજાએ કહ્યું કે, ભારત વધુને વધુ ઉત્પાદકોને કહે છે કે, જો તેઓ વેચવા માંગતા હોય તો તેમણે ઉત્પાદનનો સારો હિસ્સો સ્વદેશી બનાવવો જોઈએ. તેમણે કહ્યું કે, હૈદરાબાદનો પ્લાન્ટ આ પ્રયાસને વેગ આપે છે, જ્યારે ઈઝરાયેલ માટે આ એક વ્યાપારી સાહસ છે: 'જો વ્યાપારી પાસું કામ નહીં કરે તો તેઓ આવશે નહીં.' બીજા શબ્દોમાં કહીએ તો ઈઝરાયેલનો આકર્ષક મુદ્દો એ છે કે, તે ભારતને અત્યારે ખરીદી કરવાની અને પછીથી સ્થાનિક સ્તરે ઉત્પાદન (લોકલાઈઝેશન) કરવાની છૂટ આપે છે.

વિચારધારા કે અનુકૂળતા ? : શું આ સંબંધ પાછળ વિચારધારા કામ કરે છે? નિષ્ણાતોના મતો આ બાબતે વહેંચાયેલા છે.

એસ્સાના મતે વિચારધારા અને વ્યૂહરચનાને અલગ કરી શકાતી નથી. તેમણે કહ્યું, 'આ સંબંધ વૈચારિક અને વ્યૂહાત્મક બંને છે. બંને દેશો પોતાને 'સભ્યતાલક્ષી રાષ્ટ્રો' તરીકે રજૂ કરે છે, જેઓ અસ્તિત્વના સંકટનો સામનો કરી રહ્યા છે. આ સંકટ ઘણીવાર મુસ્લિમો દ્વારા ઘેરાયેલા હોવાની ધારણાની આસપાસ ફરે છે. આમાંનું ઘણું બધું હિન્દુત્વ અને ઝિઓનિઝમ વચ્ચેના સમાન સંબંધો પર આધારિત છે.'

હિન્દુત્વ એ ભાજપ અને તેના વૈચારિક મૂળ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની હિન્દુ બહુમતીવાદી વિચારધારા છે. RSS ભારતને - જે બંધારણીય રીતે એક બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક છે - તેને હિન્દુ રાષ્ટ્રમાં પરિવર્તિત કરવા માંગે છે.

એક લાંબો, શાંત ઈતિહાસ : ભારતના ઈઝરાયેલ સાથેના વ્યૂહાત્મક સંબંધો અને તેના પર નિર્ભરતા મોદીથી શરૂ થઈ ન હતી. ભારતે ૧૯૪૭માં પેલેસ્ટીન માટે સંયુક્ત રાષ્ટ્રના વિભાજન યોજના અને ૧૯૪૯માં ઈઝરાયેલના યુએન પ્રવેશ સામે મતદાન કર્યું હતું, છતાં ૧૯૫૦માં ઈઝરાયેલને માન્યતા આપી હતી, દૂતાવાસો વિના, ચાર દાયકાથી વધુ સમય સુધી બોમ્બેમાં ફક્ત ઈઝરાયેલી કોન્સ્યુલને સ્વીકાર્યો હતો. તે રાજદ્વારી અંતર પાછળ, યુદ્ધ સમયે મદદનો પ્રવાહ વહેતો હતો. ૧૯૬૨માં ચીને ભારત પર હુમલો કર્યો ત્યારે, ઈઝરાયેલે ગુપ્ત રીતે મોર્ટાર અને ઉઝી સબમશીન ગન પૂરી પાડી હતી. ઈઝરાયેલી આર્કાઈવ દસ્તાવેજ મુજબ નવી દિલ્હીએ તેમને ઈઝરાયેલી ધ્વજ ન લહેરાતા જહાજો પર આવવા કહ્યું હતું અને વડાપ્રધાન ડેવિડ બેન-ગુરિયને ઈન્કાર કર્યો હતો.

સૌરવ દાસને જન્મસ્થળ સ્પષ્ટ ન થાય ત્યાં સુધી પાસપોર્ટનો ઉપયોગ ન કરવાની સલાહ આપવામાં આવી હતી : સરકાર

દાસે આરોપ લગાવ્યો હતો કે સોમવારે લંડન જતી ૧ વાગ્યાની ફ્લાઈટમાં ચઢતા પહેલા તેમને દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવ્યા હતા

ચેન્નાઈ સ્થિત પ્રાદેશિક પાસપોર્ટ કાર્યાલયે કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સહ-સંયોજક સૌરવ દાસને સાત દિવસની અંદર તેમના જન્મસ્થળ સ્પષ્ટ કરવા કહ્યું છે અને તેમને જવાબ ન મળે ત્યાં સુધી તેમના પાસપોર્ટનો ઉપયોગ ન કરવાની સલાહ આપી છે, એમ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે બુધવારે જણાવ્યું હતું. જયસ્વાલે જણાવ્યું હતું કે કાયદા અમલીકરણ અધિકારીઓ તરફથી અહેવાલો મળ્યા બાદ પાસપોર્ટ કાર્યાલયે ૨૩ નવેમ્બરના રોજ કારણદર્શક નોટિસ જારી કરી હતી. તેમણે કહ્યું હતું કે પાસપોર્ટ અરજદારોએ સચોટ માહિતી પ્રદાન કરવી જરૂરી છે અને જ્યારે તથ્યોને દબાવવા જેવી વિસંગતતા મળી આવે છે અથવા રિપોર્ટ કરવામાં આવે છે ત્યારે સ્પષ્ટતા માંગતી નોટિસ જારી કરવામાં આવે છે. મંત્રાલયનું નિવેદન દાસે આરોપ લગાવ્યો હતો કે સોમવારે લંડન જતી ૧ વાગ્યાની ફ્લાઈટમાં ચઢતા પહેલા તેમને દિલ્હી એરપોર્ટ પર રોકવામાં આવ્યા હતા તે પછી આવ્યું છે. દાસે પીટીઆઈને જણાવ્યું હતું કે ઈમિગ્રેશન અધિકારીઓએ તેમને જાણ કરી હતી કે તેમનો પાસપોર્ટ ફ્લેગ કરવામાં આવ્યો છે. તેમણે કહ્યું કે તેઓ ઓક્સફોર્ડ યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયન દ્વારા આયોજિત પેનલ ચર્ચામાં "વંદો ચળવળ" વિશે બોલવા માટે યુકે જઈ રહ્યા હતા. X પરની એક પોસ્ટમાં, દાસે મોદી સરકારને તેમને મુસાફરી કરતા અટકાવવા બદલ ઠેરવ્યા. તેમણે કહ્યું કે તેમને કેમ્બ્રિજ, લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સ અને યુનિવર્સિટી ઓફ એડિનબર્ગમાં પણ બોલવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

ભારતીય અદાલતોમાં AI કેવી રીતે પરિવર્તન લાવી રહ્યું છે અને ચુકાદાઓ પસાર કરવામાં માનવ દેખરેખ હજુ પણ કેમ મહત્ત્વપૂર્ણ છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

સુપ્રીમ કોર્ટે કોર્ટમાં કૃત્રિમ બુદ્ધિના ઉપયોગ માટેના નિયમો, ૨૦૨૬નો પ્રથમ ડ્રાફ્ટ બહાર પાડ્યો છે, કારણ કે ચુકાદાઓનું ભાષાંતર કરવા, સાક્ષીઓના નિવેદનો રેકોર્ડ કરવા અને કાનૂની સંશોધન કરવા માટે AIનો ઉપયોગ વધુને વધુ થઈ રહ્યો છે. આ સાધનો વિલંબ ઘટાડી શકે છે, પરંતુ તેઓ ચોકસાઈ, ગોપનીયતા, ખોટા પુરાવા અને કંઈક ખોટું થાય ત્યારે કોણ જવાબદાર છે તે અંગે પણ ચિંતાઓ ઊભી કરે છે. મોટો પ્રશ્ન એ છે કે શું ન્યાયાધીશો સ્વતંત્ર નિર્ણય લેવાની ક્ષમતા સાથે સમાધાન કર્યા વિના AI-જનરેટેડ સંશોધન પર આધાર રાખી શકે છે અને જો કોઈ AI સાધન ખોટી કાનૂની માહિતી ઉત્પન્ન કરે છે તો કોને જવાબદાર ઠેરવવામાં આવશે. ચાલો સમજીએ કે અદાલતોમાં છેં નો ઉપયોગ કેવી રીતે થઈ રહ્યો છે, તેમાં રહેલા જોખમો અને માનવ દેખરેખ શા માટે પ્રક્રિયામાં કેન્દ્રિય રહેવી જોઈએ. AI કોર્ટના કાર્ય કરવાની રીતને કેવી રીતે બદલી રહ્યું છે? JSA એડવોકેટ્સ અને સોલિસિટર્સના સંયુક્ત મેનેજિંગ પાર્ટનર અમર ગુમાએ જણાવ્યું હતું કે AI કોર્ટના નિયમિત કાર્યને કેવી રીતે હેન્ડલ કરે છે તે બદલી રહ્યું છે, નહીં કે તેઓ કેસ કેવી રીતે નક્કી કરે છે. AI ભારતીય અદાલતો માહિતીનું સંચાલન કેવી રીતે કરે છે અને સમય માંગી લેતી પ્રક્રિયાગત કાર્ય કેવી રીતે કરે છે તે બદલવાનું શરૂ કરી રહ્યું છે, તેના બદલે તેઓ વિવાદોનો નિર્ણય કેવી રીતે લે છે. કાનૂની સંશોધન, ટ્રાન્સક્રિપ્શન, અનુવાદ, ફાઈલિંગ ખામીઓની ચકાસણી અને કેસ મેનેજમેન્ટ અને સમયપત્રકને ટેકો આપીને, તે પ્રક્રિયાગત ઘર્ષણ ઘટાડી શકે છે અને કોર્ટ પ્રક્રિયાઓને વધુ સુલભ બનાવી શકે છે,'' ગુમાએ કહ્યું. તેમણે કહ્યું કે દત્તક લેવાનું અસમાન છે. SUVAS, જે ચુકાદાઓનું ૧૫થી વધુ ભાષાઓમાં ભાષાંતર કરે છે, તેનો ઉપયોગ ચાલુ છે. જ્યારે SUPACE (સુપ્રીમ કોર્ટ પોર્ટલ ફોર આસિસ્ટન્સ ઈન કોર્ટ્સ એફિશિયન્સી), જે કેસ રેકોર્ડને સમજવા અને પૂર્વવર્તીઓ શોધવા માટે બનાવાયેલ છે, તે પ્રાયોગિક ધોરણે ચાલુ રહે છે. લીગલ ટેર્ડના પાર્ટનર તન્વીન સિંહે જણાવ્યું હતું કે AI અનુવાદ, રીઅલ-ટાઈમ ટ્રાન્સક્રિપ્શન અને કાનૂની સંશોધનમાં મદદ કરી રહ્યું છે. શું ન્યાયાધીશો AI સંશોધન પર આધાર રાખી શકે છે? AI ન્યાયાધીશોને માહિતી શોધવામાં મદદ કરી શકે છે, પરંતુ તે તેમની વિચારસરણી કરી શકતું નથી. સિંહે કહ્યું કે AI વિશ્લેષણ સ

'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે અમદાવાદમાં કોંગ્રેસની 'સંવિધાન રક્ષા માર્ચ'

૨૦૦ વર્ષમાં અંગ્રેજોએ દેશને લૂંટ્યો એથી વધુ ભાજપે માત્ર ૧૨ વર્ષમાં દેશને લૂંટ્યો





અમદાવાદ, તા.૨૫

અમદાવાદમાં ભાજપના લોકતંત્ર બચાવો અરાજકતા હટાવોના અભિયાનના જવાબમાં ગુજરાત કોંગ્રેસ દ્વારા 'વોટ ચોર ગદ્દી છોડ'ના નારા સાથે 'સંવિધાન રક્ષા માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. માર્ચ પહેલાં રાજીવ ગાંધી ભવન ખાતે જાહેરસભા યોજાઈ હતી, જેમાં કોંગ્રેસના નેતા અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી સહિતનાઓએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યાં હતા. ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતું કે, ૨૦૦ વર્ષમાં અંગ્રેજોએ દેશને જેટલો લૂંટ્યો હતો, તેનાથી વધુ ભાજપે માત્ર ૧૨ વર્ષમાં દેશને લૂંટ્યો છે. જાહેરસભા બાદ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકર્તાઓએ બંધારણની પ્રસ્તાવનાનું પઠન કરી સંવિધાનના રક્ષણના શપથ લીધા હતા. ત્યારબાદ રાજીવ ગાંધી ભવનથી પાલડી ચાર રસ્તા સુધી 'સંવિધાન રક્ષા માર્ચ' યોજવામાં આવી હતી. જેમાં પ્રદેશ પ્રભારી રણદીપસિંહ સુરજેવાલા, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા, ભરતસિંહ સોલંકી, સાંસદ ગેનીબેન ઠાકોર સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. માર્ચ દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવા અને તેમની ધરપકડ કરવાની માગ સાથે સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. માર્ચના સમાપન બાદ પાલડી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. રાજ્યભરમાંથી કોંગ્રેસના કાર્યકરો બસો ભરીને પાલડી સ્થિત રાજીવ ગાંધી ભવન પહોંચ્યા છે. કાર્યકરોએ 'સંવિધાનનું સન્માન, કોંગ્રેસનું અભિયાન'ના પોસ્ટર સાથે 'વોટ ચોર ગદ્દી છોડો'ના નારા લગાવ્યા હતા. પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, તડકો હોવા છતાં કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા છે. આ માર્ચ કોઈ ચૂંટણી કે રાજકીય કાર્યક્રમ માટે નહીં, પરંતુ લોકોના મતના અધિકાર અને બંધારણની રક્ષા માટે યોજવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસની સ્થાપના સત્તા મેળવવા માટે થઈ નહોતી. આઝાદી બાદ જ્યારે પણ બંધારણીય અધિકારો પર હુમલો થયો કે લોકશાહીનું હનન કરવાનો પ્રયાસ થયો, ત્યારે કોંગ્રેસે અવાજ ઉઠાવ્યો છે. લોકશાહી ખતમ કરીને મુઠ્ઠીભર લોકોના શાસનનો પ્રયાસ થશે ત્યાં સુધી કોંગ્રેસ બંધારણ બચાવવા લડત ચાલુ રાખશે.

કોંગ્રેસના દિગ્ગજ નેતાઓનો જમાવડો

નૂતન વર્ષ નિમિત્તે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પત્રકાર સ્નેહમિલન સમારોહ

સરકાર માટે પત્રકારો ક્યારેય અલગ ન હોઈ શકે, સરકાર માટે ટીકા એ ટોનિક સમાન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૫

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા ગાંધીનગર ખાતે નૂતનવર્ષ નિમિત્તે પત્રકાર સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. મુખ્યમંત્રીએ સૌને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવીને વિકસિત ભારત અને નશામુક્ત ભારતના સંકલ્પને મીડિયા જગત અને સરકારના સંકલનથી સાકાર કરવાનું પ્રેરક આહ્વાન કર્યું હતું.



મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સરકાર માટે પત્રકારો ક્યારેય અલગ ન હોઈ શકે. સરકાર માટે ટીકા એ ટોનિક સમાન છે. સરકાર અને પત્રકારો વચ્ચે પરસ્પર સંવાદ, સહકાર અને રચનાત્મક અભિગમ લોકશાહીને વધુ મજબૂત બનાવે છે.

તેમણે ઉમેર્યું હતું કે, ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું વિઝન અને નશામુક્ત ભારતનો સંકલ્પ સાકાર કરવા માટે આપણે સૌ સાથે મળીને કાર્યરત રહીએ. વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના નિર્માણ માટેનો રોડમેપ સરકાર પાસે તૈયાર છે. સૌના રચનાત્મક સૂચનો અને સહભાગિતાથી વિકાસયાત્રાને વધુ વ્યાપક અને પરિણામલક્ષી બનાવી શકાય તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી.

આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી, મંત્રીમંડળના સભ્યો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતની વિકાસયાત્રામાં મીડિયાના મહત્ત્વપૂર્ણ યોગદાનની સરાહના કરતાં જણાવ્યું હતું કે, નાગરિકોના હિતમાં સાચી માહિતી લોકો સુધી પહોંચાડવાનું અને સરકારની ભૂલો પ્રત્યે ધ્યાન દોરવાનું અત્યંત જવાબદારીભર્યું માધ્યમ બન્યા છે. સરકારની કોઈ ક્ષતિ જણાય તો જરૂરથી ધ્યાન દોરવું પરંતુ રાજ્ય કે નાગરિકોના હિતને નુકસાન ન થાય તે રીતે સૌએ સહિયારો પ્રયાસ કરવો જોઈએ.

બારડોલી કેનાલમાં પરિવારને ફેંકવાની ચકચારી ઘટના : આરોપીની ઓળખ થઈ છે, જલદી પકડી લેવામાં આવશે : એસપી રાજેશ ગઢિયા

આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસની ટીમો દ્વારા અલગ - અલગ દિશામાં તપાસ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૫

બારડોલી તાલુકાના ઉવા ગામ નજીક મહારાષ્ટ્રના શ્રમજીવી પરિવારના સભ્યોને નહેરમાં ફેંકી દેવાની ચોંકાવનારી ઘટનાને પગલે સુરત જિલ્લા પોલીસ દોડતી થઈ છે. પરિવારના લાપતા સભ્યોની શોધખોળથી લઈને આરોપી સુધી પહોંચવા પોલીસ દ્વારા સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ડીવાયએસપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે અલગ અલગ ટીમો તપાસમાં જોડાઈ છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના એરંડોલ વિસ્તારનો શ્રમજીવી પરિવાર મજૂરીકામ અર્થે સુરત આવી રહ્યો હતો. આ દરમિયાન અજાણી કારમાં આવેલા ચાર શખ્સોએ પરિવારની કારને આંતરી હતી. ત્યારબાદ પરિવારના સભ્યોને અલગ-અલગ કારમાં બેસાડી નહેરમાં ફેંકી દેવામાં આવ્યા હોવાની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. ઘટનાને પગલે જિલ્લા પોલીસની છ ટીમો તપાસમાં લાગી ગઈ છે. આ ઉપરાંત ટેક્નિકલ ટીમને પણ અલગથી કામે લગાડવામાં આવી છે. એસઓજી, એલસીબી, પેરોલફર્લો સ્કવોડ, ડી-સ્ટાફ તેમજ ડીવાયએસપીની ટીમો પણ તપાસમાં જોડાઈ છે. આરોપી સુધી પહોંચવા અલગ-અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરાયો છે. સુરત જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું કે, આરોપીની ઓળખ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં ઝડપી લેવામાં આવશે. બારડોલી રૂરલ પોલીસના પીઆઈ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે. બીજી તરફ, નહેરના પ્રવાહની દિશામાં પરિવારના લાપતા સભ્યોને શોધવા માટે પોલીસ ટીમો સક્રિય છે.પરિવારને રસ્તામાં આંતરી નહેરમાં ફેંકી દેવાની આ ઘટના પાછળનું કારણ શું છે સહિતની વિગતો જાણવા પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે.

રાજસ્થાનના ૬૫૦ ટન અનાજ કૌભાંડના તાર સાબરકાંઠાના હિંમતનગર સુધી લંબાયા

ગરીબ બાળકોના પોષણ આહારમાં રૂા.૧.૬૫ કરોડના કથિત કૌભાંડથી ખળભળાટ

(સંવાદદાતા દ્વારા) ઈડર, તા.૨૫

રાજસ્થાનમાં બહુચર્ચિત બનેલા ૬૫૦ ટન સરકારી અનાજ કૌભાંડના તાર હવે ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર સુધી પહોંચતા વહીવટી તંત્ર અને રાજકીય વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ગરીબ અને કુપોષિત બાળકોના પોષણ આહાર માટે ફાળવવામાં આવેલા અંદાજે રૂા.૧.૬૫ કરોડના કથિત કૌભાંડમાં ગુજરાતની એક જાણીતી ટ્રાન્સપોર્ટ પેઢીની સીધી સંડોવણી સામે આવતા અનેક ગંભીર સવાલો ઊભા થયા છે. આ સમગ્ર પ્રકરણમાં હિંમતનગરની 'એક રોડવેઝ'ની શંકાસ્પદ ભૂમિકા અને તેના માલિકનું નામ મુખ્ય સૂત્રધાર તરીકે ચર્ચામાં આવતા સ્થાનિક સ્તરે ભારે ચકચાર જાગી છે. ચોંકાવનારી બાબત એ છે કે રાજસ્થાનમાં આ કૌભાંડ મામલે પોલીસ ફરિયાદ (FIR) નોંધાઈ હોવા છતાં અને પેઢીને બ્લેકલિસ્ટ કરવામાં આવતો હતો. જાગૃત નાગરિકો અને સામાજિક કાર્યકરો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે આ કૌભાંડના ભાગીદારોની બેનામી સંપત્તિ, બેંક ખાતા અને કથિત આર્થિક વ્યવહારોને ઊંડાણપૂર્વક તપાસના દાયરામાં લાવવામાં આવે, જેથી દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ શકે. પડોશી રાજ્ય રાજસ્થાનમાં આટલા મોટા કથિત કૌભાંડનો પર્દાફાશ થયો હોવા છતાં ગુજરાતનું પુરવઠા તંત્ર કેમ રહસ્યમય મૌન સેવી રહ્યું છે? શું સ્થાનિક અધિકારીઓની મીલીભગત વગર આ શક્ય છે? ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોના મોઢાનો કોળિયો છીનવી લેનારા તત્વો સામે કડક કાર્યવાહી ક્યારે થશે. રાજ્યનું સરકારી તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગીને નિષ્પક્ષ અને ઉચ્ચ સ્તરીય તપાસ ક્યારે શરૂ કરશે? તેના પર સૌની મીટ મંડાઈ છે.

સુરતના અઠવાગેટ બ્રિજ પાસે ચપ્પુની અણીએ બે યુવકોનું અપહરણ

ચાર માથાભારે શખ્સોએ બંને યુવકોને નગ્ન અવસ્થામાં ઢોરમાર મારી કરી આઠ હજારની લૂંટ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૨૫

અઠવાગેટ વિસ્તારમાં જૂની અદાવત અને પોલીસ કેસમાં સાક્ષી તરીકે નામ હોવાના મુદ્દે બે યુવકોને ચાર શખ્સોએ ચપ્પુની અણીએ ધમકાવી નાવડી ઓવારા ખાતે લઈ જઈ નગ્ન અવસ્થામાં પટ્ટા વડે માર માર્યા હતા. હુમલાખોરોએ બંને જણાના ખિસ્સામાંથી ૮ હજારની લૂંટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. સુરત શહેરમા રહેતો યુવક ગત ૨૨મી નવેમ્બરનાં રોજ વહેલી સવારે પોતાના મિત્ર ઈમરાન સાથે એક્સેસ મોપેડ પર ચા પીવા માટે અઠવાગેટ બ્રિજ પાસે આવ્યા હતા. તે સમયે ત્યાં તુફેલ ઉર્ફે માયા, એજાજ બટકો અને સાહિલ હેબી પહેલેથી જ હાજર હતા. ત્રણેયે એકબીજાની મદદગારીથી યુવક પાસે આવી તુફેલ ઉર્ફે માયાએ તેનેગાલ પર તમાચો માર્યો હતો. ત્યારબાદ બંને યુવકોને લઈ ગયા હતા. આ રીતે બંનેનું અપહરણ કરી નાવડી ઓવારા ખાતે તાપી નદીના કિનારે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં યુવક અને ઈમરાનનાં શરીર પરથી તમામ કપડાં કઢાવી દીધાં હતાં. ત્યારબાદ પટ્ટા વડે બંનેના કમર અને પીઠના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. આ દરમિયાન અજુ કેસેટને વિડિયો કોલ કરી બંને યુવકોને બતાવવામાં આવ્યા હતા. ત્યારબાદ લાલગેટ પોલીસ સ્ટેશનમાં અગાઉ નોંધાયેલા એક ગુનામાં યુવકનું નામ સાક્ષી તરીકે હોવાથી તે નામ કઢાવી દેવા માટે ધમકી પણ આપવામાં આવી હતી. સમગ્ર ઘટનાનો વીડિયો પણ ઉતારવામાં આવ્યો હતો. આ ઉપરાંત તુફેલ ઉર્ફે માયાએ યુવકના પેન્ટના ખિસ્સામાંથી રૂા.૮ હજાર લૂંટી લીધા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયા હતા. આ ઘટના અંગે યુવકે ઉમરા પોલીસ સ્ટેશનમાં તુફેલ ઉર્ફે માયા, એજાજ બટકો, સાહિલ હેબી અને અજુ કેસેટ વિરુદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની સાથે જ વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વડોદરામાં ૨૮ કિ.મી.નો રિંગ રોડ એક મહિનામાં ખુલ્લો મૂકાશે

અમદાવાદ-સુરતના વાહનચાલકોને શહેરના ટ્રાફિકમાંથી મળશે મુક્તિ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૫

વડોદરાવાસીઓ માટે ટ્રાફિકની સમસ્યામાં રાહતના સમાચાર સામે આવ્યા છે. વડોદરા મહાનગરપાલિકા (VMC) અને વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી (વુડા) દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવી રહેલો અંદાજે ૨૮ કિલોમીટર લાંબો રિંગ રોડ આગામી એક મહિનામાં વાહનચાલકો માટે ખુલ્લો મૂકવામાં આવશે. આ રિંગ રોડ શરૂ થતાં અમદાવાદ અને સુરત વચ્ચે અવરજવર કરતા વાહનચાલકોને વડોદરા શહેરમાં પ્રવેશ્યા વગર સીધા પસાર થવાની સુવિધા મળશે. મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને યોજાયેલી સમીક્ષા બેઠકમાં આ અંગે માહિતી આપવામાં આવી હતી. વડોદરામાંથી પસાર થતા અમદાવાદ-સુરત હાઈવેના વાહનોને કારણે શહેરના વિવિધ માર્ગો પર ટ્રાફિકનું ભારણ જોવા મળે છે. ખાસ કરીને લાંબા અંતરની મુસાફરી કરતા વાહનચાલકોને શહેરના ટ્રાફિકમાંથી પસાર થવામાં વધુ સમય લાગે છે. જોકે, ૨૮ કિલોમીટરનો રિંગ રોડ શરૂ થયા બાદ આવા વાહનોને શહેરની બહારથી જ વૈકલ્પિક માર્ગ મળી રહેશે. આ રિંગ રોડના કારણે વાહનચાલકોનો મુસાફરીનો સમય ઘટશે, ઈંધણની બચત થશે તેમજ શહેરના મુખ્ય માર્ગો પર ટ્રાફિકનું દબાણ પણ ઓછું થવાની શક્યતા છે. સમીક્ષા બેઠકમાં શહેરના પાણી પુરવઠાની સ્થિતિ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. તંત્રના જણાવ્યા મુજબ, હાલ શહેરમાં પીવાના પાણીની કોઈ તંગી નથી. આજવા સરોવરમાં સરદાર સરોવર નર્મદા નિગમ મારફતે નર્મદાનું પાણી ઠાલવીને જળસ્તર જાળવી રાખવાની કામગીરી કરવામાં આવી રહી છે. આગામી ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં ઉનાળાની શરૂઆત સાથે પાણીની માંગ વધે તેવી શક્યતાને ધ્યાનમાં રાખીને પણ આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. જરૂરિયાત ઊભી થાય તો નર્મદા નિગમ પાસેથી વધુ પાણી મેળવવાની વ્યવસ્થા પણ કરવામાં આવશે.

સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો..!!

વડોદરાના કમાટીબાગ પ્રાણી સંગ્રહાલયમાં હિપ્પોપોટેમસના પોન્ડ સુધી પર્યટકો પહોંચી ગયા!

(સંવાદદાતા દ્વારા)વડોદરા, તા.૨૫

સયાજીબાગના પ્રાણીસંગ્રહાલયમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર સવાલો ઊભા થયા છે. હિપ્પોપોટેમસને જોવા માટે સહેલાણીઓની સુરક્ષા જાળીથી સાત ફૂટ દૂર રહેવાની વ્યવસ્થા હોવા છતાં સહેલાણીઓનું ટોળું હિપ્પોના પોન્ડ સુધી પહોંચી ગયું હતું. હિપ્પો અને સહેલાણીઓ વચ્ચે માત્ર બે ફૂટ જેટલું અંતર રહેતાં ઝૂની સુરક્ષા વ્યવસ્થા સામે સવાલો ઊઠ્યા છે. પ્રતિબંધિત વિસ્તારમાં સહેલાણીઓ કેવી રીતે પહોંચી ગયા અને તે સમયે સુરક્ષા કર્મચારીઓ ક્યાં હતા તે મુદ્દે વિવાદ સર્જાયો છે.



(તસવીર : અતીક શેખ વડોદરા)

ચિંતાજનક બાબત એ છે કે, અગાઉ આ જ સ્થળે હિપ્પોપોટેમસે હુમલો કરતાં એક સુરક્ષા ગાર્ડનું મોત થયું હતું, જ્યારે ઝૂ ક્યુરેટર પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આવી ગંભીર ઘટના બાદ પણ સહેલાણીઓ હિપ્પોની આટલી નજીક પહોંચી જતાં સ્થાનિક સ્ટાફ અને સુરક્ષા ગાર્ડની કામગીરી સામે સવાલો ઊભા થયા છે.

આ મામલે ઝૂના અધિકારી પ્રત્યુષ પાટણકરે જણાવ્યું હતું કે, ઘટના સમયે સુરક્ષા પોઈન્ટ પર સિક્યુરિટી ગાર્ડ હાજર નહોતો. સહેલાણીઓને પ્રતિબંધિત વિસ્તારમાં જતા અટકાવવામાં આવ્યા નહોતા. જોકે, સ્ટાફ દ્વારા જાણ થતાં જ સહેલાણીઓને તાત્કાલિક બહાર કાઢવામાં આવ્યા હતા. સહેલાણીઓ દ્વારા પણ નિયમોનું પાલન ન કરવું એ દુઃખદ અને ગંભીર બાબત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, થોડા દિવસ અગાઉ પણ બે યુવકો દીપડાના પાંજરા પાસે પહોંચી ગયા હતા. આ મામલે તેમની પાસેથી દંડ વસૂલી માફીપત્ર લખાવવામાં આવ્યું હતું. જ્યારે હિપ્પોના પોન્ડ પાસે બનેલી ઘટનામાં સિક્યુરિટી ગાર્ડ સામે પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

મહૂમ અહમદ પટેલની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે વાલિયામાં નિઃશુલ્ક આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો

સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા આયોજિત કેમ્પમાં ૨૦૦થી વધુ દર્દીઓએ લીધો લાભ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૨૫

સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ, અંકલેશ્વરના સ્વપ્રદ્રષ્ટા સ્થાપક મહૂમ અહમદ પટેલની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે વાલિયા સ્થિત તક્ષશિલા નર્સિંગ કોલેજ કેમ્પસ ખાતે એક ભવ્ય નિઃશુલ્ક આરોગ્ય તપાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય અને જરૂરિયાતમંદ વિસ્તારોમાં શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ અને જાગૃતિ પહોંચાડવાના ઉદ્દેશ સાથે યોજાયેલા આ કેમ્પમાં ૨૦૦થી વધુ સ્થાનિક નાગરિકો, વરિષ્ઠ વડીલો તેમજ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર લાભ લીધો હતો. કેમ્પનો વિધિવત પ્રારંભ ફૈઝલ પટેલ, વસીમ રાજા, ડૉ. મૌલિક ઝવેરી, ડૉ. કૈલાસ ઘોડકે તથા તક્ષશિલા નર્સિંગ કોલેજનાં પ્રિન્સિપાલ ભાગ્યશ્રીના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ફૈઝલ પટેલ દ્વારા રિબન કાપીને કેમ્પ ખુલ્લો મુકાયો હતો. કેમ્પ દરમિયાન દર્દીઓ માટે વિવિધ તપાસ અને તબીબી સલાહ વિનામૂલ્યે પૂરી પાડવામાં આવી હતીઃ હાડકાં અને સાંધાના રોગો માટે નિષ્ણાત તબીબી કન્સલ્ટેશન, સામાન્ય આરોગ્ય તપાસ, બોન મિનરલ ડેન્સિટી (BMD) ટેસ્ટ, બ્લડ પ્રેશર (BP) અને રેન્ડમ બ્લડ શુગર (ડાયાબિટીસ) તપાસ, ECG દ્વારા હૃદયની તપાસ કરાયેલ. આરોગ્ય તપાસ દરમિયાન મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકોમાં ઘૂંટણ, કમર અને સાંધાના દુખાવાની સમસ્યાઓ તેમજ હાડકાંની ઓછી ઘનતા (ઓસ્ટિયોપોરોસિસનું જોખમ) જોવા મળી હતી. આ ઉપરાંત, હાઈ બ્લડ પ્રેશર, શ્વાસની તકલીફ અને



વધુ બ્લડ શુગર ધરાવતા દર્દીઓની ઓળખ કરી તેઓને યોગ્ય આહાર, કસરત અને આગળની સારવાર માટે માર્ગદર્શન પૂરું પડાયું હતું. સરદાર પટેલ હોસ્પિટલ એન્ડ હાર્ટ ઈન્સ્ટિટ્યૂટ તેના સ્થાપક મહૂમ અહમદ પટેલના સેવાભાવી મૂલ્યો અને ગરીબોની સેવાના સંકલ્પને ચરિતાર્થ કરવા માટે સતત કાર્યરત છે. તક્ષશિલા નર્સિંગ કોલેજના સહયોગથી આ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ચાર આરોપી અને એક બાળ કિશોર ઝડપાયા

મહેસાણા : બાવલુ પોલીસે ઘરફોડ અને કેબલ ચોરી કરતી ગેંગને ઝડપી, સાત ગુનાનો ભેદ ઉકેલ્યો

(સંવાદદાતા દ્વારા)

મહેસાણા, તા.૨૫

મહેસાણા જિલ્લામાં ઘરફોડ ચોરી અને ખેતરોમાં આવેલા બોરવેલના કેબલ વાયરની ચોરીના બનાવોને અંજામ આપતી ગેંગને ઝડપી પાડવામાં બાવલુ પોલીસને સફળતા મળી છે. પોલીસે ચોક્કસ બાતમીના આધારે કણઝરીથી ચંદનપુરા તરફ જતી કેનાલ નજીક વોચ ગોઠવી ચાર આરોપીઓ સહિત એક બાળ કિશોરને ઝડપી પાડ્યા હતા. આ કાર્યવાહીથી ઘરફોડ ચોરી અને બોરના કેબલ વાયરની ચોરીના કુલ સાત ગુનાઓનો ભેદ ઉકેલાયો છે. પોલીસે પકડાયેલા શખ્સોની પૂછપરછ કરતાં ચોરીના મુદ્દામાલને ખરીદવામાં રાંચરડાના એક ભંગારના વેપારીની સંડોવણી હોવાનું પણ બહાર આવ્યું હતું. જેથી પોલીસે આ વેપારી સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપીઓ પાસેથી આશરે ૧૭૫ કિલોગ્રામ તાંબાના કેબલ વાયરના ગૂંચળા કબજે કર્યા હતા. આ ઉપરાંત ચોરીમાં ઉપયોગમાં લેવાયેલા વાહનો તેમજ અન્ય સામગ્રી સહિત કુલ રૂા.૨.૬૨ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આમ, બાવલુ પોલીસે સફળ કામગીરી કરી ચોરીના સાત ગુનાઓનો ભેદ ઉકેલી આરોપીઓને કાયદાના સકંજામાં લીધા છે.

વડોદરા ક્રાઇમ બ્રાન્ચની મોટી સફળતા

ગુજરાતના ૧૦થી વધુ જિલ્લામાં મોબાઈલ ટાવરમાંથી કોપર કેબલ ચોરી કરનાર શખ્સ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૫

ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં મોબાઈલ ટાવરોને નિશાન બનાવી કોપરના કેબલની ચોરી કરતી વ્યક્તિને વડોદરા ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડી છે. પોલીસે અમદાવાદના વિશાલ રમેશભાઈ રાજપૂત નામના આરોપીને વાઘોડિયા બ્રિજ નજીકથી શંકાસ્પદ કોપરના વાયરો સાથે ઝડપી પાડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા ક્રાઇમ બ્રાન્ચની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે વાઘોડિયા બ્રિજથી આગળ હાઇવે રોડ પર TVS જ્યુપિટર મોપેડ પર પસાર થતા વિશાલ રાજપૂતને રોકીને તપાસ કરવામાં આવી હતી. તેની પાસેથી આશરે ૪૦ મીટર જેટલા કોપરના વાયરો અને વાયર કાપવાની પકડ મળી આવી હતી.

પોલીસની સઘન પૂછપરછમાં આરોપીએ છેલ્લા ૭થી ૮ મહિનાથી ગુજરાતના અલગ-અલગ જિલ્લાઓમાં મોબાઈલ ટાવર પર લગાવવામાં આવેલા કોપરના કેબલ કાપીને ચોરી કરતો હોવાની કબૂલાત કરી હતી. આરોપી કરજણ તાલુકાના લકોદરા, બામણગામ, દુમાડ, ખેડા જિલ્લાના કઠલાલ, પોરડા-ફાગવેલ, કપડવંજ, વહેલાલ, દહેગામ સહિત વિવિધ વિસ્તારોમાં આવેલા મોબાઈલ ટાવરોને નિશાન બનાવતો હતો.

પોલીસે આરોપી પાસેથી અગાઉના બનાવોમાંથી મળેલા કુલ ૧૧૭ મીટર કોપરના વાયરો કબજે કર્યા છે. આરોપીની ધરપકડથી કરજણ, કઠલાલ અને કપડવંજ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૧૨થી વધુ ચોરીના ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.



પાલીતાણામાં નૈતિક ભરવાડ ખૂનના ગુનાના ચાર આરોપીને બનાવવાળી જગ્યાએ લઈ જઈ ટાઉન પોલીસ દ્વારા ઘટનાનું રિક્ન્સ્ટ્રક્શન કરવામાં આવ્યું હતું.

વડોદરામાં બાજવા ગ્રામ પંચાયતની ચૂંટણી પહેલા અનામતનો વિવાદ

૮૦ ટકાથી વધુ SC-ST વસ્તી છતાં સરપંચ પદે પ્રતિનિધિત્વ ન મળ્યાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૨૫

વડોદરા જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર બાજવા ગામમાં આગામી ગ્રામ પંચાયતની ચૂંટણી પહેલાં જ સરપંચ પદના અનામત રોટેશનને લઈને વિવાદ વર્ક્યો છે. ગામમાં ૮૦ ટકાથી વધુ વસ્તી અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ સમાજની હોવા છતાં સરપંચ પદની અનામત બેઠકનો યોગ્ય લાભ મળતો ન હોવાના આક્ષેપ સાથે બાજવા ન્યાય સમિતિએ વિરોધ નોંધાવ્યો છે. આગામી ચૂંટણીમાં સરપંચ પદની બેઠક SC/ST સમાજ માટે અનામત રાખવાની માંગ સાથે રાજકીય દખલગીરીની આશંકા પણ વ્યક્ત કરવામાં આવી છે. બાજવા ન્યાય સમિતિના ચેરમેનના જણાવ્યા મુજબ, નિયમો અને રોટેશન પ્રમાણે આગામી ચૂંટણીમાં સરપંચ પદની બેઠક SC/ST સમાજ માટે નિશ્ચિત હોવી જોઈએ. તેમ છતાં બેઠકની સત્તાવાર જાહેરાત કરવામાં વિલંબ થઈ રહ્યો છે. આગામી વિધાનસભાની ચૂંટણીનાં રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખીને બાજવા સહિત મોટાભાગનાં ગામોની સરપંચ બેઠકો સામાન્ય કેટેગરીમાં ફાળવવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાની આશંકા આગેવાનોએ વ્યક્ત કરી છે. સમિતિએ અગાઉના કિસ્સાને ટાંકીને જણાવ્યું હતું કે, બાજવા તાલુકા પંચાયતની બેઠક શરૂઆતમાં SC મહિલા અનામત જાહેર કરાયા બાદ રાતોરાત ફેરફાર કરીને સામાન્ય મહિલા કેટેગરીમાં ફાળવવામાં આવી હતી. તે સમયે પણ ભારે વિવાદ થયો હતો. હવે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં પણ આવો જ ફેરફાર થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વધુમાં જણાવ્યું હતું કે, વર્ષોથી બહુમતી વસ્તી હોવા છતાં SC/ST સમાજને સરપંચ પદે યોગ્ય પ્રતિનિધિત્વ મળ્યું નથી. અનામત બેઠકોની ફાળવણીમાં રાજકીય દખલગીરી થશે તો તે લોકશાહી અને બંધારણીય અધિકારોના હનન સમાન ગણાશે. આથી સમાજના લોકોને પોતાના હક્ક માટે એકજૂથ થવા અપીલ કરવામાં આવી છે. જો અન્યાય થશે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

અરજદારના વિ.વ.શ્રી કે.કે.પરમાર મેઘરજના મે.એડી. ચીફ જ્યુડી. મેજિ.
જાહેર નોટિસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ, જિ.અરવલ્લી
ફો.પ.અ.નં.૩૫૨ / ૨૦૨૬ આંક -
અરજદાર : શાહ જિતેન્દ્રકુમાર નાથાભાઈ, રહે. મેઘરજ, તા.મેઘરજ, જિ.અરવલ્લી
વિરુદ્ધ
સામાવાળા : (૧) તલાટી કમ મંત્રી/જન્મ-મરણ નોંધણી અધિકારી, મેઘરજ ગ્રામ પંચાયત, તા.મેઘરજ, જિ.અરવલ્લી
બાબત : જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ...
આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદાર :-શાહ જિતેન

જો ભારત સાથે વેપાર કરાર થાય તો ટ્રમ્પ ૧૭% ટેરિફ નક્કી કરશે, અન્યથા તે ૨૫% રહેશે

અમેરિકી ટ્રેડ રિપ્રેઝન્ટેટિવના તાજેતરના ટેરિફ પ્રસ્તાવમાં ભારત સહિત ૧૪ દેશોનો સમાવેશ થાય છે, નવી દિલ્હીએ હજુ સુધી ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે કોઈ વ્યાપાર કરારને આખરી ઓપ આપ્યો નથી; આથી ટેરિફની મર્યાદામાં ઘટાડો તે કરાર પર નિર્ભર રહેશે, જે કરવા માટે વોશિંગ્ટન પ્રયાસ કરી રહ્યું છે

(એજન્સી) તા.૨૫

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત અને અન્ય ૧૩ દેશો સામે ટેરિફ (આયાત શુલ્ક)નો વધુ એક દાવ ખેલ્યો છે. જો નવી દિલ્હી વોશિંગ્ટન સાથે વેપાર કરાર કરવામાં નિષ્ફળ જશે, તો તેના પર ૨૫ ટકા ડ્યુટી લાદવાની ચેતવણી ફરી એકવાર આપવામાં આવી છે. નવી દરખાસ્ત મુજબ જો કરાર આખરી થઈ જાય છે, તો ભારતીય માલસામાન પર ૧૭ ટકાની નીચી ટેરિફ મર્યાદા લાગુ થશે પરંતુ જો વાટાઘાટો નિષ્ફળ જાય, તો ઊંચો દર (૨૫ ટકા) લાગુ કરવામાં આવશે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ દ્વારા બુધવારે જાહેર કરાયેલી આ નવી દરખાસ્ત હેઠળ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની નવી 'સંરક્ષણવાદી' નીતિના ભાગરૂપે ભારત સહિત ૧૪ મુખ્ય વેપારી ભાગીદારો પર નવા ટેરિફ પગલાં લાદવાની તૈયારી છે. આ પ્રસ્તાવિત ડ્યુટી તરત જ લાગુ થશે નહીં. USTRએ તેને અમલમાં મૂકતા પહેલા ૨૫ જાન્યુઆરીએ જાહેર સુનાવણી યોજવાનું નક્કી કર્યું છે.

૧૭% ટેરિફ સાથે એક શરત જોડાયેલી છે : આ બે-સ્તરીય વ્યવસ્થા નવી દિલ્હીને મુશ્કેલ સ્થિતિમાં મૂકે છે. ભારતે હજુ સુધી ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે વેપાર કરારને આખરી ઓપ આપ્યો નથી. તેથી નીચી ટેરિફ મર્યાદા સીધી રીતે એવા રાજદ્વારી પરિણામ સાથે જોડાયેલી છે જે વોશિંગ્ટન હાંસલ કરવા માંગે છે. ભારતને ડ્યુટીમાં સીધો ઘટાડો આપવાને બદલે, ટ્રમ્પ વહીવટીતંત્રે આ રાહતને એક કરાર સાથે શરતી બનાવી દીધી છે.

આ દરખાસ્ત હેઠળ અન્ય વેપારી ભાગીદારો માટે પણ અલગ-અલગ ટેરિફ મર્યાદાઓ નક્કી કરવામાં આવી છે. કંબોડિયા, ઈન્ડોનેશિયા, મલેશિયા, થાઈલેન્ડ અને બાંગ્લાદેશ માટે ૧૮



ટકાની મર્યાદા રાખવામાં આવી છે. જાપાન, દક્ષિણ કોરિયા, તાઈવાન, યુરોપિયન યુનિયન અને સ્વિટ્ઝર્લેન્ડ માટે ૧૫ ટકાનો દર પ્રસ્તાવિત છે, જેમાં હાલના 'મોસ્ટ ફેવર્ડ નેશન' હેઠળના શુલ્કનો પણ સમાવેશ થાય છે. સિંગાપોર માટે ૧૦ ટકાની મર્યાદા નક્કી કરવામાં આવી છે. ચીન માટે ૨૦ ટકાની મર્યાદા પ્રસ્તાવિત છે, જ્યારે વિયેતનામ માટે પણ આટલો જ દર લાગુ થશે જો તે વોશિંગ્ટન સાથે કરાર કરવામાં સફળ રહે. જો વાટાઘાટો નિષ્ફળ જાય, તો વિયેતનામ માટેનો દર વધીને ૩૫ ટકા સુધી પહોંચી શકે છે.

અમેરિકા ભારત પર દબાણ કેમ વધારી રહ્યું છે ? : વોશિંગ્ટને ભારત પર એવી વેપાર અને ઔદ્યોગિક નીતિઓ અપનાવવાનો આરોપ મૂક્યો છે, જેનાથી અમેરિકી વ્યવસાયોને નુકસાન થાય છે. અમેરિકાએ ભારતની ઔદ્યોગિક વિસ્તરણ વ્યૂહરચના, કામદારો માટે નબળી સુરક્ષા વ્યવસ્થા, નાણાકીય પ્રતિબંધો અને બજાર પ્રવેશમાં અવરોધોનો મુદ્દો ઉઠાવ્યો છે. આ ઉપરાંત વૈશ્વિક સ્તરે ઉત્પાદન ક્ષમતાના અતિરેકની સમસ્યાને ઉકેલવામાં નવી દિલ્હી નિષ્ફળ રહી હોવાનો આરોપ પણ લગાવ્યો છે. ટ્રમ્પ વહીવટીતંત્રનો દલીલ છે કે, આ પ્રથાઓ યુએસ ઉત્પાદકો, નિકાસકારો, નોકરીઓ અને રોકાણને નુકસાન પહોંચાડે છે. તેણે નોન-માર્કેટ અર્થતંત્રો, ખાસ કરીને ફાર્માસ્યુટિકલ્સ, તબીબી ઉપકરણો, સ્ટીલ, સૌર ઊર્જા અને માહિતી ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં, અમેરિકાની બિન-બજાર અર્થતંત્રોમાંથી ઇનપુટ પર નિર્ભરતા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. નવી ટેરિફ દરખાસ્ત નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચે લાંબી વેપાર વાટાઘાટોની પૃષ્ઠભૂમિ સામે આવી છે. ફેબ્રુઆરીમાં વેપાર સોદા માટે બંને પક્ષો એક માળખા પર સંમત થયા હતા, જેના પગલે ઓગસ્ટ ૨૦૨૫માં મોટાભાગના ભારતીય માલ પર લાદવામાં આવેલ દંડાત્મક ટેરિફ ૫૦ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો હતો. યુએસ સુપ્રીમ કોર્ટે વિશ્વભરના વેપાર ભાગીદારો પર વ્યાપક ડ્યુટી લાદવા માટે ટ્રમ્પના કટોકટીના અધિકારોના ઉપયોગને ફગાવી દીધા પછી ટેરિફ લેન્ડસ્કેપ ફરીથી બદલાઈ ગયો. આના કારણે ૧૦ ટકા બેઝલાઈન ટેરિફ રજૂ કરવામાં આવ્યો. જો કે, વાટાઘાટોના ઘણા રાઉન્ડ અને ફેબ્રુઆરી ફ્રેમવર્ક છતાં ભારત અને અમેરિકાએ હજુ સુધી અંતિમ વેપાર કરાર પર મહોર લગાવી નથી. ભારતીય અધિકારીઓએ જાળવી રાખ્યું છે કે, વોશિંગ્ટન સાથે ચર્ચા હજુ પણ ચાલુ છે.

યુએસ તપાસ પાછળ શું છે : નવીનતમ ટેરિફ આક્રમણ ૧૯૭૪ના ટ્રેડ એક્ટની કલમ ૩૦૧ હેઠળ આઠ મહિનાની યુએસ તપાસ પછી આવ્યું છે, જે વોશિંગ્ટનને કથિત અન્યાયી વિદેશી વેપાર પ્રથાઓની તપાસ કરવાની મંજૂરી આપે છે.

ટ્રમ્પ વહીવટીતંત્રનો મુખ્ય દલીલ એ છે કે, ઘણા દેશો તેમના સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો શોષી શકે તે કરતાં વધુ ઉત્પાદિત માલનું ઉત્પાદન કરી રહ્યા છે. યુએસ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ જેમીસન ગ્રીરે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત ટેરિફનો હેતુ 'ઉત્પાદન, વેતન અને શ્રમ દમન, નાણાકીય અને અન્ય સહાય, બિન-બજાર અર્થતંત્ર ઇનપુટ્સ અને અન્ય બજાર-વિકૃત પ્રથાઓને લક્ષ્ય બનાવવા પર બનેલી ઔદ્યોગિક વ્યૂહરચનાઓનો સામનો કરવાનો હતો' જે યુએસ મેન્યુફેક્ચરિંગ બેઝને નબળી પાડે છે.

ભારતને હવે ચીન, જાપાન અને દક્ષિણ કોરિયા, તેમજ યુરોપિયન યુનિયન સહિત મુખ્ય ઉત્પાદન અર્થતંત્રોની સાથે મૂકવામાં આવ્યું છે. આ તપાસ ખાસ કરીને મહત્વપૂર્ણ છે કારણ કે, વોશિંગ્ટનની વધારાની ક્ષમતાની વ્યાખ્યા તેને તેના વેપાર ભાગીદારોની ઔદ્યોગિક નીતિઓને પડકારવા માટે બીજો આધાર આપે છે. નવીનતમ યોજના દ્વારા આવરી લેવામાં આવેલા દેશોમાં સૌથી વધુ સૂચિત મર્યાદિત દરનો સામનો કરી રહેલા ચીન, આરોપોને નકારી કાઢે છે.

જો ટ્રુસ તૂટી જાય તો ચીન ૪૦% ટેરિફ જોખમનો સામનો કરે છે : બેઇજિંગ વારંવાર નકારી રહ્યું છે કે, તેનું ઔદ્યોગિક ઉત્પાદન અયોગ્ય ઓવરકેપેસિટી છે અને વોશિંગ્ટન પર સંરક્ષણવાદી પગલાંને યોગ્ય ઠેરવવા માટે દલીલનો ઉપયોગ કરવાનો આરોપ લગાવી રહ્યું છે. યુએસ યોજના હેઠળ, ચીનનો મર્યાદિત ટેરિફ દર ૨૦ ટકા રહેશે, જે વોશિંગ્ટન અને બેઇજિંગ વચ્ચેના વેપાર યુદ્ધવિરામ સાથે સુસંગત છે જે ૧૦ જાન્યુઆરીએ સમાપ્ત થાય છે. જો કે, જો કરાર ઉકેલાય છે, તો દર ૪૦ ટકા સુધી વધી શકે છે. ટ્રમ્પના પહેલા રાષ્ટ્રપતિ કાર્યકાળ દરમિયાન ચીની માલ પર લાદવામાં આવેલા ટેરિફમાં પણ પ્રસ્તાવિત ડ્યુટી ઉમેરવામાં આવશે, જે આશરે ૨૫ ટકા જેટલી છે. USTRએ જણાવ્યું હતું કે, નવા પગલાં ટ્રેડ બોર્ડ તરીકે ઓળખાતી દ્વિપક્ષીય પદ્ધતિ દ્વારા ટેરિફ વધારવા માટે વિચારણા હેઠળ લગભગ ૩૦ અબજ અમેરિકી ડોલર મૂલ્યની ચાઇનીઝ આયાત પર લાગુ થશે નહીં.

ટ્રમ્પનો ટેરિફ ગેમ્બિટ ભારે ચર્ચામાં છે : યુએસ મધ્યવર્તી ચૂંટણીઓમાં રિપબ્લિકન પાર્ટી માટે ચૂંટણીમાં પરાજય છતાં તાજેતરનો ટેરિફ આક્રમણ આવ્યો છે. ટેરિફના આર્થિક પરિણામો વધતી ચિંતા બની રહ્યા હોવા છતાં યુએસ રાષ્ટ્રપતિએ તેમના સંરક્ષણવાદી વેપાર એજન્ડાને છોડી દેવા માટે બહુ ઓછો વલણ દર્શાવ્યું છે.

રાહુલ ગાંધી સામેના અનેક કેસો ભારતમાં અસંમતિને ગુનાહિત ઠેરવવાની પ્રથાનું પ્રતિબિંબ છે

લોકશાહીમાં જવાબદારી જરૂરી છે પરંતુ તેમાં રાજ્ય સત્તાના ઉપયોગમાં સંયમ રાખવો પણ એટલો જ આવશ્યક છે. ફોજદારી કાયદાનો ઉદ્દેશ્ય કાયદેસરના અધિકારોનું રક્ષણ કરવાનો હોવો જોઈએ, નહીં કે અસંમતિને દબાવવાનું સાધન બનવાનો

(એજન્સી) તા.૨૫

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ૨૦૨૬ના ઉત્તરાર્ધ સુધીમાં ચૂંટણી ફાઇલિંગ અને જાહેર નિવેદનોમાં પોતાની સામે લગભગ ૧૯ પેન્ડિંગ ફોજદારી કેસો હોવાનું જણાવ્યું છે. આ ઉપરાંત, તેમણે જાહેર મંચ પરથી એવું પણ કહ્યું છે કે દેશભરમાં તેમની સામે કુલ ૪૫ જેટલી એફઆઈઆર (FIR) નોંધાયેલી છે. ૨૦૧૪ની ચૂંટણી પહેલાં, સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરાયેલો 'નેશનલ હેરાલ્ડ' કેસ અને ભિવંડી કોર્ટમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના અન્ય એક નેતા દ્વારા દાખલ કરાયેલો ફોજદારી માનહાનિનો કેસ સામેલ હતો; જે મહાત્મા ગાંધીની નાથુરામ ગોડસે દ્વારા કરવામાં આવેલી હત્યા અંગેના તેમના નિવેદન પર આધારિત હતો. આમાંનો એક કેસ નરેન્દ્ર મોદી સાથે અને બીજો અમિત શાહ સાથે સંબંધિત હતો. આ તમામ કેસો તેમના એવા ભાષણોને લઈને છે જે તેમણે ચૂંટણી પ્રચાર દરમિયાન અથવા દેશમાં વિરોધ પક્ષના નેતા તરીકે લોકોના અધિકારોના સમર્થનમાં આપ્યા હતા.



ઉત્તર પ્રદેશની સાંસદ-ધારાસભ્ય (MP-MLA) માટેની વિશેષ અદાલતે માનહાનિના એક કેસમાં રાહુલ ગાંધીને નિર્દોષ જાહેર કરતા ચુકાદો આપ્યો કે, ફરિયાદી પાસે ફરિયાદ દાખલ કરવાનો કાયદેસરનો અધિકાર (locus standi) નથી. કોર્ટે નોંધ્યું કે કથિત નિવેદનો એક ચોક્કસ રાજકીય સંદર્ભમાં કરવામાં આવ્યા હતા અને તે ફરિયાદીને ઉદ્દેશીને કરવામાં આવ્યા ન હતા. આ ચુકાદામાં ભાર મૂકવામાં આવ્યો છે કે રાજકીય ટીકા અને ફોજદારી માનહાનિની ફરિયાદોએ કાયદાકીય માપદંડોને સંતોષવા જરૂરી છે. આમાંના મોટાભાગના કેસો ૨૦૧૪થી ૨૦૨૬ વચ્ચે દાખલ કરવામાં આવ્યા છે, જેમાં મુખ્યત્વે ફોજદારી માનહાનિની ફરિયાદોનો સમાવેશ થાય છે.

૨૬/૧૧ની વર્ષગાંઠ : મુંબઈ આતંકવાદી હુમલાના ૧૮ વર્ષ બાદ પણ અજમલ કસાબના બોમ્બે હાઈકોર્ટના વકીલો ફી મળવાની રાહ જોઈ રહ્યા છે

વકીલ અમીન સોલકર અને ફરહાના શાહનું કહેવું છે કે, ૨૦૧૦માં બોમ્બે હાઈકોર્ટમાં અજમલ કસાબની ફાંસીની સજા સામેની અપીલમાં તેનો પક્ષ રજૂ કરવા બદલ તેમને મળવાપાત્ર ફી હજુ સુધી મળી નથી, વકીલોનો આરોપ છે કે ફીનું માળખું નક્કી હોવા છતાં તેમને ચૂકવણી કરવામાં આવી નથી, જ્યારે મહારાષ્ટ્ર સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (MSLSA)નું કહેવું છે કે આ માટે ઔપચારિક બિલ અને મેમો રજૂ કરવા જરૂરી છે

(એજન્સી) મુંબઈ, તા.૨૫

૨૬/૧૧ના આતંકવાદી હુમલાના અઢાર વર્ષ બાદ, બે વકીલો - જેમણે પકડાયેલા એકમાત્ર પાકિસ્તાની આતંકવાદી અજમલ કસાબનો પક્ષ રજૂ કરવા માટે પોતાના અન્ય કેસો બાજુ પર મૂકી દીધા હતા - તેઓ હજુ પણ પોતાની મહેનતાણું (ફી) મળવાની રાહ જોઈ રહ્યા છે. ૨૦૧૦માં મહારાષ્ટ્ર સરકાર દ્વારા નિમણૂક કરાયા બાદ, અમીન સોલકર અને ફરહાના શાહે નવ મહિના સુધી બોમ્બે હાઈકોર્ટમાં કસાબનો પક્ષ રજૂ કર્યો હતો. ટ્રાયલ કોર્ટ દ્વારા કસાબને આપવામાં આવેલી ફાંસીની સજા સામેની અપીલમાં તેનો બચાવ કરવા માટે, હાઈકોર્ટે આ બંને વકીલોના નામ સૂચવ્યા હતા અને મહારાષ્ટ્ર સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (MSLSA)એ ૮ જૂન, ૨૦૧૦ના રોજ એક જાહેરનામા દ્વારા તેમની નિમણૂક કરી હતી. તત્કાલીન સચિવ એ. કે. સોનાવણે દ્વારા હસ્તાક્ષરિત જાહેરનામા મુજબ, સોલકરને 'સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર' (વિશેષ સરકારી વકીલ) જેટલું જ મહેનતાણું મળવાનું હતું, જ્યારે શાહને ફાંસીની સજાની પુષ્ટિ (કન્ફર્મેશન) કેસ ચલાવતા 'એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટર' (વધારાના સરકારી વકીલ) જેટલું મહેનતાણું મળવાનું હતું. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ રકમ પ્રતિ દિવસ ૧,૫૦૦થી ૨,૦૦૦ રૂપિયાની વચ્ચે નક્કી કરવામાં આવી હતી. જો કે, હાઈકોર્ટની કાર્યવાહી પૂર્ણ થયાના ૧૫ વર્ષથી વધુ સમય વીતી ગયા પછી પણ, બંને વકીલોનું કહેવું છે કે તેમને હજુ સુધી તેમની બાકી રકમ મળી નથી. 'અમને કસાબનો પક્ષ રજૂ કરવા બદલ હજુ સુધી અમારી ફી મળી નથી. મેં મહારાષ્ટ્ર સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટી (MSLSA) સાથે વારંવાર પત્રવ્યવહાર કર્યો છે, પરંતુ કોઈ સકારાત્મક પ્રગતિ થતી જણાતી નથી,' સોલકરે PTIને જણાવ્યું.

વકીલો દ્વારા બિલની જરૂરિયાતો પર સવાલ

બંને વકીલોના જણાવ્યા અનુસાર, જ્યારે પણ તેઓ MSLSA સમક્ષ આ મુદ્દો ઉઠાવે છે, ત્યારે તેમને વિગતવાર બિલો અને મેમો (હિસાબી વિગતો) રજૂ કરવાનું કહેવામાં આવે છે. તેમાં આરોપી વતી કોર્ટમાં હાજર રહ્યાની ચોક્કસ તારીખો અને કલાકોનો ઉલ્લેખ કરવાનો હોય છે. વકીલોના મતે, આટલા વર્ષો પછી આવી માગણી કરવી 'અયોગ્ય' છે; તેઓ એ પણ નિર્દેશ કરે છે કે એક દાયકા પછી કોઈ પણ વ્યક્તિ પાસે કોર્ટમાં વિતાવેલા દૈનિક કલાકોનો ઝીણવટભર્યો રેકોર્ડ સચવાયેલો ન હોય.

અજમલ કસાબને ૨૧ નવેમ્બર, ૨૦૧૨ના રોજ પુણેની યરવડા સેન્ટ્રલ જેલમાં ફાંસી આપવામાં આવી હતી. સોલકરે કહ્યું કે, તેમના નિમણૂક પત્રોમાં સ્પષ્ટપણે ઉલ્લેખ હતો કે તેમનું વેતન ધોરણ સરકારી પક્ષ (પ્રોસિક્યુશન)ના વકીલોના વેતન ધોરણને સમાન રહેશે. 'સરકારને એ જ વેતન ધોરણનો ઉપયોગ કરીને અમારી બાકી રકમ ચૂકવતા શું રોકી રહ્યું છે ?' સોલકરે પ્રશ્ન કર્યો.

શાહનું કહેવું છે કે અન્ય કેસો બાજુ પર રાખવા પડ્યા હતા : પોતાની ચિંતા વ્યક્ત કરતા શાહે સવાલ કર્યો કે, જ્યારે સરકારી જાહેરનામામાં અને હાઈકોર્ટના તત્કાલીન મુખ્ય ન્યાયાધીશના આદેશમાં ફીનું માળખું સ્પષ્ટપણે નક્કી કરવામાં આવ્યું હતું, ત્યારે હવે વિગતવાર હિસાબી વિગતો (itemised memos) આપવાનો આગ્રહ શા માટે રાખવામાં આવી રહ્યો છે ? શાહે કહ્યું, 'અમે નવ મહિના સુધી આ કેસની દલીલો માટે અમારો આખો દિવસ ફાળવ્યો હતો. અમારે અમારા અન્ય તમામ કેસોને બાજુ પર રાખવા પડ્યા હતા જેથી ન્યાયિક પ્રક્રિયામાં કોઈ અવરોધ ન આવે.' તેમણે ઉમેર્યું કે જાહેરનામામાં એવી જોગવાઈ હતી કે હાઈકોર્ટનો ચુકાદો આવે કે તરત જ તેમની ફી ચૂકવી દેવી જોઈએ. સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરિટીના એક અધિકારીએ જણાવ્યું કે, સામાન્ય પ્રક્રિયા મુજબ, ફી મેળવવા માટે વકીલોએ વિધિવત બિલો અને હિસાબી વિગતો (મેમો) રજૂ કરવા જરૂરી હોય છે. બીજી તરફ, વિશેષ ન્યાયાધીશ એમ. એલ. તહલિયાની સમક્ષ ટ્રાયલ દરમિયાન કસાબનો બચાવ કરનાર વકીલ અબ્બાસ કાઝમીએ જણાવ્યું કે, તેમને તેમની ફી તરત જ મળી ગઈ હતી. કાઝમીએ કહ્યું, 'ટ્રાયલ પૂર્ણ થયાના થોડા સમયમાં જ સરકારે મારી ફી ચૂકવી દીધી હતી.'

'જોતેઓમારા પિતાની હત્યા કરી શકેછે, તોતેઓઅમને પણ નુકસાન પહોંચાડી શકે છે' : બંગાળમાં પિતાની હત્યાના આરોપીઓને જામીન મળતા CJP કાર્યકર્તાને પરિવારની સુરક્ષાની ચિંતા

(એજન્સી) તા.૨૫

'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ના કાર્યકર્તા શેખ અબ્દુલ હાફિઝે પોતાની માતા, બહેન અને પોતાની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે. પશ્ચિમ બંગાળના બાંકુરા જિલ્લામાં તેમના ઘર પર થયેલા હુમલા બાદ તેમના પિતા, શેખ મોહમ્મદ માફિકનું મૃત્યુ થયું હતું. હવે, આ હત્યાના આરોપીઓને જામીન મળી ગયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, હાફિઝે આક્ષેપ કર્યો છે કે હુમલાના વીડિયો પુરાવા હોવા છતાં આરોપીઓને જામીન આપવામાં આવ્યા છે. તેમણે આરોપીઓની મુક્તિ બાદ પોતાના પરિવારની સુરક્ષાને લઈને આશંકા વ્યક્ત કરી છે. બાંકુરાના કરિશુન્દા ગામમાં, લોકોના એક જૂથે પરિવારના ઘર પર હુમલો કર્યો હતો, જેના પરિણામે ૧૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ માફિકનું મૃત્યુ થયું હતું. આ હુમલો, હાફિઝ દ્વારા ૧૩ ઓગસ્ટે સ્થાનિક પ્રાથમિક શાળાના નિરીક્ષણના બે દિવસ બાદ થયો હતો. આ નિરીક્ષણ CJPના 'સ્કૂલ ઠીક કરો' (શાળા સુધારો) અભિયાનનો ભાગ હતું, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક સરકારી શાળાઓની સ્થિતિ તરફ ધ્યાન દોરવાનો હતો. શાળાની મુલાકાત બાદ તરત જ હુમલો થયો હોવાથી, પરિવાર અને CJP સમર્થકોએ આક્ષેપ કર્યો છે કે આ હુમલો રાજકીય પ્રેરિત હતો અને તે હાફિઝની સામાજિક-રાજકીય પ્રવૃત્તિઓ સાથે જોડાયેલો હતો. પોલીસે આ કેસના સંબંધમાં આઠ લોકોની ધરપકડ કરી હતી, જેમાં સ્થાનિક ભાજપ (BJP) નેતાનો પણ સમાવેશ થાય છે. જો કે, ભાજપે આમાં રાજકીય સંડોવણીના આરોપોને નકારી કાઢ્યા છે. આરોપીઓને જામીન મળવાના અહેવાલોથી હાફિઝની ચિંતાઓ ફરી વધી ગઈ છે. વીડિયોમાં તેમણે કહ્યું કે, આરોપીઓની મુક્તિના પરિણામોને લઈને તેઓ પોતાના અને પોતાના પરિવારની સુરક્ષા અંગે ભયભીત છે. 'મકતૂબ' સાથે વાત કરતા હાફિઝે કહ્યું, 'મને હજુ સુધી કોર્ટના આદેશની નકલ મળી નથી, પરંતુ મને જાણ થઈ છે કે મારા પિતાની હત્યા માટે જવાબદાર લોકોને જામીન મળી ગયા છે.' 'મેં આ વીડિયો એટલા માટે બનાવ્યો છે જેથી તે રેકોર્ડ પર રહે અને સૌને ખબર પડે કે અમે જોખમમાં છીએ. જો તેઓ મારા પિતાની હત્યા કરી શકતા હોય, તો તેઓ અમને પણ નુકસાન પહોંચાડી શકે છે,' તેમણે કહ્યું.

CJP કાર્યકર્તા શેખ અબ્દુલ હાફિઝે જણાવ્યું છે કે, બાંકુરામાં તેમની શાળા નિરીક્ષણ ઝુંબેશ બાદ થયેલા હુમલામાં તેમના પિતાની હત્યા કરવાના આરોપીઓને જામીન મળી ગયા હોવાના અહેવાલોને પગલે, તેઓ પોતાના પરિવારની સુરક્ષાને લઈને ચિંતિત છે

'પંજાબીઓ ભૂલશે નહીં' : કોંગ્રેસે SAD-BJP ગઠબંધનની આકરી ટીકા કરી, સુખબીર બાદલ પર ખેડૂતો સાથે દગો કરવાનો આરોપ લગાવ્યો

પંજાબ કોંગ્રેસે શિરોમણી અકાલી દળના ભાજપ સાથેના ગઠબંધનની ટીકા કરી છે અને SAD પ્રમુખ સુખબીરસિંહ બાદલ પર ખેડૂતો સાથે દગો કરવાનો આરોપ મૂક્યો છે

(એજન્સી) તા.૨૫

પંજાબ કોંગ્રેસે બુધવારે શિરોમણી અકાલી દળ પર આકરા પ્રહારો કર્યા હતા. આ પ્રહારો ભાજપ સાથેના તેમના પુનઃ ગઠબંધનને લઈને કરવામાં આવ્યા છે. કોંગ્રેસે SAD પ્રમુખ સુખબીરસિંહ બાદલ પર આરોપ લગાવ્યો છે કે, તેમણે ભાજપ વિરોધી પોતાનું અગાઉનું વલણ છોડી દીધું છે અને ખેડૂત આંદોલન સાથે વિશ્વાસઘાત કર્યો છે. ૨૦૨૭ની પંજાબ વિધાનસભા ચૂંટણી પહેલાં, નવી દિલ્હીમાં ભાજપ અને SADદ્વારા તેમના ગઠબંધનને ફરીથી સક્રિય કરવાની જાહેરાત કરવામાં આવી હતી; તેના એક દિવસ બાદ કોંગ્રેસે આ પ્રહારો કર્યા છે. X પર એક પોસ્ટમાં પંજાબ કોંગ્રેસે આ ગઠબંધનને 'અપવિત્ર' ગણાવ્યું અને કહ્યું કે, ખેડૂત સંગઠનોએ આ બંને પક્ષોના ફરી એક થવાની યોગ્ય રીતે ટીકા કરી છે. સુખબીર બાદલ પર નિશાન સાધતા કોંગ્રેસે કહ્યું કે, અગાઉ જે ભાજપને તેમણે 'ખેડૂત વિરોધી' અને 'પંજાબ વિરોધી' ગણાવ્યો હતો, હવે તેઓ તે જ ભાજપ સાથે પાછા જોડાઈ ગયા છે. આ ગઠબંધનને માત્ર 'સત્તાની લાલસા'થી રચાયેલું ગણાવતા, કોંગ્રેસે SAD નેતૃત્વ પર પંજાબના કૃષિ સંકટને અવગણવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે, દિલ્હીની સરહદો પર ત્રણ કૃષિ કાયદાઓ (જે હવે રદ થઈ ચૂક્યા છે) વિરુદ્ધના આંદોલન દરમિયાન ખેડૂતોએ જે બલિદાનો આપ્યા હતા, તેને લોકો ક્યારેય ભૂલશે નહીં.

ભાજપ-SAD ગઠબંધન બાદ ૮ ડિસેમ્બરે પંજાબમાં NDAની પ્રથમ રેલીને સંબોધશે વડાપ્રધાન મોદી : દિલ્હીના નેતા મનજિંદરસિંહ સિરસાએ બુધવારે જણાવ્યું હતું કે, ભાજપ-SAD ગઠબંધન ફરી શરૂ થયા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૮ ડિસેમ્બરે ચૂંટણી યોજનારા પંજાબમાં NDAની પ્રથમ રેલીને સંબોધશે. તેમણે કહ્યું કે, અકાલી દળના વરિષ્ઠ નેતા પ્રકાશસિંહ બાદલની જન્મજયંતિ નિમિત્તે SAD અને ભાજપ મોગામાં આ ભવ્ય રેલીનું આયોજન કરશે. સિરસાએ કહ્યું, 'પ્રકાશ સિંહ બાદલની જન્મજયંતીના અવસરે વડાપ્રધાન ૮ ડિસેમ્બરે મોગા પહોંચશે.' ભાજપના નેતાએ પત્રકારોને જણાવ્યું, 'આ NDAની પ્રથમ રેલી હશે જેને વડાપ્રધાન મોદી સંબોધિત કરશે (ગઠબંધનની જાહેરાત બાદ). શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબીરસિંહ બાદલ પણ આ રેલીને સંબોધશે.' સિરસાએ કહ્યું કે, આ રેલી ઐતિહાસિક બની રહેશે, કારણ કે પ્રકાશસિંહ બાદલના અવસાન પછી SAD અને ભાજપ દ્વારા સંયુક્ત રીતે આયોજિત આ પ્રથમ કાર્યક્રમ છે.

TMC નેતાને કથિત રીતે માર મારવામાં આવ્યો અને પોલીસની હાજરીમાં નિર્વસ્ત્ર કરીને ફેરવવામાં આવ્યા; કલકત્તા હાઈકોર્ટે અહેવાલ માંગ્યો

આ આરોપોને 'ગંભીર' ગણાવતા, કોર્ટે સંબંધિત ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જને વિગતવાર અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે, કોર્ટે એ પણ જાણવા માંગ્યું છે કે શું આ ઘટનાના સંબંધમાં કોઈની ધરપકડ કરવામાં આવી છે કે કેમ

(એજન્સી) તા.૨૫

કલકત્તા હાઈકોર્ટે પશ્ચિમ બંગાળ પોલીસ પાસેથી એક વિગતવાર અહેવાલ માંગ્યો છે. આરોપ છે કે ભિષ્ણુપુરના તૃણમૂલ કોંગ્રેસ (TMC) કાઉન્સિલર પર સ્થાનિક ગુંડાઓએ હુમલો કર્યો હતો અને પોલીસ કર્મચારીઓની હાજરીમાં તેમને નિર્વસ્ત્ર કરીને ફેરવ્યા હતા. હુમલામાં થયેલી ઈજાઓને કારણે પીડિતને ICUમાં દાખલ કરવામાં આવ્યા હોવાના અહેવાલ છે. આ આરોપોને 'ગંભીર' ગણાવતા, કોર્ટે સંબંધિત ઈન્સ્પેક્ટર-ઈન-ચાર્જને વિગતવાર અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો છે. કોર્ટે એ પણ જાણવા માંગ્યું છે કે શું આ ઘટનાના સંબંધમાં કોઈની ધરપકડ કરવામાં આવી છે કે કેમ. કોર્ટે વધુમાં નિર્દેશ આપ્યો છે કે અરજદાર અને તેમના પરિવારના સભ્યોને, જો જરૂર જણાય તો, સુરક્ષા પૂરી પાડવામાં આવે. આ મામલાની સુનાવણી ૬ જાન્યુઆરીએ નક્કી કરવામાં આવી છે. આ કેસ TMCના ભિષ્ણુપુર સંગઠનાત્મક જિલ્લાના કન્વીનર સુખેન બિડ સાથે સંબંધિત છે, જેના પર બાંકુરાના પખાન્ના ગામમાં યુવાનોના એક જૂથે કથિત રીતે હુમલો કર્યો હતો. તેમની કારમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. જ્યારે તેમની પત્ની અને બાંકુરા જિલ્લા પરિષદના સભ્ય અર્ચિતા બિડ વચ્ચે પડવાનો પ્રયાસ કર્યો, ત્યારે તેમના પર પણ કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. મળતી માહિતી મુજબ, આ દંપતી એક પારિવારિક કાર્યક્રમમાં હાજરી આપવા માટે પખાન્ના જઈ રહ્યા હતા ત્યારે આ હુમલો થયો હતો. સુખેન બિડે આરોપ લગાવ્યો છે કે તેમની રાજકીય નિષ્ઠાને કારણે ભાજપે આ હુમલો કરાવ્યો છે.

CBSEની ત્રિ-ભાષા નીતિ : 'જે વિદ્યાર્થીઓએ પહેલેથી જ ત્રણ ભાષાઓ પસંદ કરી લીધી છે, તેઓ તેને ચાલુ રાખી શકે છે'; સુપ્રીમ કોર્ટનું નિવેદન

(એજન્સી) નવી દિલ્હી, તા.૨૫

સુપ્રીમ કોર્ટે બુધવારે સ્પષ્ટ કર્યું છે કે, જે વિદ્યાર્થીઓએ 'સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન'ની 'ત્રણ-ભાષા નીતિ' હેઠળ પહેલેથી જ ત્રણ ભાષાઓ પસંદ કરી લીધી છે, તેઓ પોતાની પસંદગી મુજબ અભ્યાસ ચાલુ રાખી શકે છે. કોર્ટના અગાઉના આદેશો હેઠળ આપવામાં આવેલી 'પરિવર્તનકાલીન છૂટછાટ'ને કારણે, તેમણે ફરીથી બે ભાષાઓના માળખામાં પાછા ફરવાની જરૂર રહેશે નહીં. ભારતના

TAT-HSના મુખ્ય પરિણામ બાદ ઉમેદવારોમાં ભારે અસંતોષ

રાજ્યના TAT-HS ઉમેદવારોમાં વધતો જતો રોષ : અટકાયત બાદ ઉગ્ર આંદોલનની ચીમકી

ત્રણ દિવસથી શાંતિપૂર્ણ આંદોલન કરી રહેલા ઉમેદવારોની કરાઈ અટકાયત

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૫

રાજ્ય પરીક્ષા બોર્ડ (SEB) દ્વારા TAT-HS (ઉચ્ચતર માધ્યમિક) મુખ્ય પરીક્ષાનું પરિણામ ગત ૬ નવેમ્બરના રોજ જાહેર થયા બાદ ઉમેદવારોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. ગાંધીનગર ખાતે ૩ દિવસથી શાંતિપૂર્ણ રીતે આંદોલનમાં બેઠેલા ઉમેદવારોની આજે વહેલી સવારે અટકાયત કરવામાં આવી હતી. અટકાયત બાદ ઉમેદવારોએ દાવો કર્યો હતો કે પોલીસ પ્રશાસન દ્વારા ફોન લઈ લેવામાં આવ્યા છે તેમજ ખાવા-પીવાની વ્યવસ્થાથી પણ વંચિત રાખવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે દિવાળી પહેલા પરીક્ષાનું પરિણામ જાહેર થતાં ઉમેદવારોમાં ખુશીને બદલે હતાશા જોવા મળી હતી. ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાના ગુણ અને પેપર મૂલ્યાંકનને લઈને ખામી થઈ હોવાનો દાવો કર્યો છે. આ મામલે રાજ્યભરના TAT-HSના ઉમેદવારો વિરોધ નોંધાવી રહ્યા છે. દરમિયાન, SEB દ્વારા મુખ્ય પરીક્ષાના ગુણ ચકાસણી માટે ૧૮થી ૨૧ નવેમ્બર દરમિયાન અરજીઓ મંગાવવામાં આવી હતી. તો બીજી તરફ અમદાવાદ, સુરેન્દ્રનગર સહિત વિવિધ જિલ્લાઓમાં ઉમેદવારોએ વહીવટીતંત્રને આવેદનપત્ર પાઠવી પોતાની માંગણીઓ રજૂ કરી છે. ઉમેદવારોના જણાવ્યા અનુસાર, આ પરીક્ષામાં યુનિવર્સિટીના ગોલ્ડ મેડાલિસ્ટ, પીએચ.ડી. ધારકો, ૧૫ વર્ષથી



વધુનો શૈક્ષણિક અનુભવ ધરાવતા શિક્ષકો અને પુસ્તકો પ્રકાશિત કરનાર તજજ્ઞો પણ ઉપસ્થિત રહ્યા હતા. છતાં આવા ઉમેદવારોને ૨૦૦માંથી ફક્ત ૮૦થી ૧૧૦ની આસપાસ ગુણ મળ્યા હોવાનો દાવો ઉમેદવારો કરી રહ્યા છે, જેનાથી પરિણામની પ્રક્રિયા અને પારદર્શિતા અંગે ઉમેદવારોમાં સવાલો ઊભા થયા છે. ઉમેદવારોએ પેપરનું ફરી મૂલ્યાંકન કરવા અને પેપર-૧ તથા પેપર-૨ બંનેના ગુણ જાહેર કરવાની માગ કરી છે.

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અપાયેલા આવેદનપત્રો દ્વારા ઉમેદવારોએ પોતાની માંગણીઓ રજૂ કરી તેનો નિકાલ લાવવા રજૂઆત કરી છે. જેમાં TAT-HS મુખ્ય પરીક્ષાના પરિણામમાં ઉમેદવારોએ આપેલા બંને પેપરના ગુણ અલગ-અલગ જાહેર કરવામાં આવે. દરેક ઉમેદવારના સીટ નંબર, કન્ફર્મેશન નંબર, જન્મ તારીખ, કેટેગરી અને વિષયવાર પરિણામનું લિસ્ટ જાહેર કરાય, તેમજ જેઓએ એક જ પેપર આપ્યું હોય તેમનું પણ અલગ લિસ્ટ જાહેર થાય. દરેક ઉમેદવારને પોતે લખેલી બંને પેપરની ઉત્તરવહી ઉપલબ્ધ કરાવવામાં આવે. પેપર-૧ (ગુજરાતી ભાષા સક્ષમતા) અને પેપર-૨ (સંબંધિત વિષય) ની અધિકૃત જવાબવહી (આન્સર કી) જાહેર કરવામાં આવે. TAT-HS મુખ્ય પરીક્ષા પરિણામના જાહેરનામામાં દર્શાવિલા આંકડાઓની વિસંગતતા અંગે સ્પષ્ટતા કરવામાં આવે. અભ્યાસક્રમ ધોરણ ૧૧-૧૨ સુધીનો હોવા છતાં કઠિનતા મૂલ્ય અનુસ્નાતક કક્ષાનું રખાયું હોવાથી, મૂલ્યાંકન કરનારાઓની લાયકાત અંગે સ્પષ્ટતા થાય. જાહેરનામામાં મૂલ્યાંકન માટેના નિયમો અને માપદંડો અંગે ખુલાસો કરવામાં આવે.

TAT-HS મુખ્ય પરીક્ષાના પરિણામની નિષ્પક્ષ તપાસ અને યોગ્ય નિરાકરણની માગ સાથે ઉમેદવારોએ ચીમકી ઉચ્ચારી છે કે જો આગામી સમયમાં સંતોષકારક પગલાં નહીં ભરવામાં આવે તો ગાંધીનગર ખાતે મોટાપાયે આંદોલન કરવાની ફરજ પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ TAT-HS મુખ્ય પરીક્ષાના પરિણામ સામે અસંતોષ વ્યક્ત કરતા ગત ૧૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ગાંધીનગરમાં ઉમેદવારોએ વિરોધ નોંધાવ્યો હતો. તે દિવસે રાજ્ય પરીક્ષા બોર્ડ સહિતના સ્થળોએ મોટી સંખ્યામાં ઉમેદવારો એકઠા થયા હતા અને બોર્ડને લેખિતમાં રજૂઆત કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ TAT (ઉચ્ચતર માધ્યમિક)-૨૦૨૬ની પ્રિલિમ પરીક્ષા લેવાઈ હતી, જેનું પરિણામ ૧૬ જૂન, ૨૦૨૬ના રોજ જાહેર થયું હતું. પ્રિલિમમાંથી ગુજરાતી માધ્યમના કુલ ૫૦,૦૬૬ ઉમેદવાર મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. ત્યારબાદ ૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ લેવાયેલી મુખ્ય પરીક્ષામાં ૪૭,૬૪૪ ઉમેદવારો હાજર રહ્યા હતા અને ૨,૪૨૨ ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. ૬ નવેમ્બર, ૨૦૨૬ના રોજ જાહેર થયેલા મુખ્ય પરીક્ષાના પરિણામમાં ૧૬,૮૮૭ ઉમેદવારો પાસ અને ૩૦,૭૫૪ ઉમેદવારો નાપાસ દર્શાવાયા છે.

પરિણામના આંકડાની ગણતરી મુજબ, કુલ હાજર ૪૭,૬૪૪ ઉમેદવારોમાંથી નાપાસ ૩૦,૭૫૪ ઉમેદવારો બાદ કરતાં ૧૬,૮૮૦ થાય છે, જ્યારે જાહેર કરાયેલા પાસ ઉમેદવારોની સંખ્યા ૧૬,૮૮૭ દર્શાવાઈ છે (અને પાસ-નાપાસનો સરવાળો ૪૭,૬૪૧ થાય છે). આ રીતે ૩ ઉમેદવારોનો તફાવત દેખાઈ રહ્યો છે, જે અંગે ઉમેદવારોએ ખુલાસો માગ્યો છે.

સુપ્રીમ કોર્ટના આદેશથી મિડિયેશન એક્ટ-૨૦૨૩ની જોગવાઈ હેઠળ વિશેષ સમિતિ કાર્યરત થશે

ગુજરાતમાં હવે કોર્ટમાં કેસ પહોંચે તે પહેલાં જ સમાધાન કરાવાશે : ૨૪ સભ્યોની સમિતિ રચાઈ

ભારતમાં પ્રથમવાર સમિતિની નિમણૂક કરીને બંને પક્ષે સમાધાનની વ્યવસ્થા અમલી બનાવાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૫

કોર્ટમાં પેન્ડિંગ કેસોનું ભારણ ઘટે અને વિવાદો કોર્ટમાં પહોંચે તે પહેલાં જ ઉકેલાઈ જાય તેવા ઉમદા હેતુથી ભારત સરકારે ગુજરાતમાં ૨૪ સભ્યોની એક વિશેષ સમિતિની રચના કરી છે. સુપ્રીમ કોર્ટના આદેશથી ભારતમાં પહેલીવાર વર્ષ ૨૦૨૩માં ઘડાયેલા 'મિડિયેશન એક્ટ'ની જોગવાઈ હેઠળ આ સમિતિની નિમણૂક કરીને સમગ્ર વ્યવસ્થાને અમલમાં લાવવામાં આવી રહી છે. આ સમિતિના સભ્યો દ્વારા કેસ કોર્ટમાં જાય તે પહેલાં જ બંને પક્ષકારોને સાથે બેસાડીને સુખદ સમાધાન કરાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ગુજરાતમાં મધ્યસ્થીની આ મહત્ત્વની કામગીરી કરવા માટે નિયુક્ત કરવામાં આવેલા ૨૪ સભ્યોમાં સમાજના પ્રતિષ્ઠિત અગ્રણીઓ અને બિઝનેસ-ઉદ્યોગ ક્ષેત્રે વર્ચસ્વ ધરાવનારા લોકોની પસંદગી કરવામાં આવી છે. આ તમામ ૨૪ સભ્યોને કાયદાકીય અને મધ્યસ્થીની પ્રક્રિયા સમજવા માટે ૪૦ દિવસની વિશેષ તાલીમ પણ આપવામાં આવી છે. આગામી સમયમાં મધ્યસ્થીની આ સિસ્ટમ સમગ્ર ભારતમાં લાગુ કરવામાં આવશે અને મિડિયેટરે આ તમામ કેસોમાં સંપૂર્ણ ગુપ્તતા જાળવવી પડશે. વેપાર-ઉદ્યોગને લગતા કે પછી અન્ય પ્રકારના વિવાદોમાં સમિતિના સભ્યો બંને પક્ષોને સમાધાન સુધી લઈ જશે. સમાધાન થયા બાદ બંને પક્ષો પાસે એફિડેવિટ પર લખાણ કરાવી સહી-સિક્કા સાથે તે કોર્ટમાં મોકલી આપવામાં આવશે, જેના આધારે કોર્ટ તેના પર અંતિમ ઓર્ડર કરી દેશે.

આ ઉપરાંત, નાના નગરો અને ગ્રામીણ સ્તરની કોર્ટમાં પહોંચેલા અને કેસોના ભારણને કારણે લાંબા સમયથી હિયરિંગ પર ન આવતા કેસોની ફાઈલો પણ આ ૨૪ સભ્યોની સમિતિને મોકલવામાં આવશે. સમિતિને આવા કેસોમાં ૧ મહિનાનો સમય આપીને સમાધાન કરાવી નિરાકરણ લાવવા જણાવવામાં આવશે.

ભારત સરકારે ઘડેલો મિડિયેશન એક્ટ મધ્યસ્થીની કામગીરીને વધુ મજબૂત બનાવશે. અગાઉ જર્મની, જાપાન, ઈટાલી, નેધરલેન્ડ, કેનેડા, ન્યૂઝીલેન્ડ, બ્રાઝિલ અને સ્લોવેનિયા જેવા દેશોમાં મિડિયેશનની આ પ્રથા સફળતાપૂર્વક અમલમાં આવી ચૂકી છે, તેવી જ વ્યવસ્થા હવે ભારતમાં શરૂ થઈ રહી છે. આંકડાકીય વિગતો મુજબ, આ પ્રથાને કારણે બ્રિટનમાં ૯૨ ટકા, સિંગાપોરમાં ૮૯ ટકા અને ઑસ્ટ્રેલિયામાં ૬૬ ટકા કેસોમાં કોર્ટમાં જતાં પહેલાં જ સમાધાન થઈ જાય છે, જેનાથી ત્યાંની અદાલતો નું ભારણ નોંધપાત્ર રીતે ઘટ્યું છે.

ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) દ્વારા લોકહિતમાં નવી પહેલ

ગુજરાતમાં હવેથી મકાન-દુકાન સહિતની પ્રોપર્ટી ખરીદવા ઈચ્છનારાઓ બિલ્ડરનો રેકોર્ડ જોઈ શકશે

બિલ્ડર સામે થયેલી ફરિયાદ, પેનલ્ટી સહિત સમગ્ર ટ્રેક રેકોર્ડ જાણી શકાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં મકાન, ફ્લેટ કે કોમર્શિયલ પ્રોપર્ટી ખરીદવાનું આયોજન કરતા લોકો માટે ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (ગુજરાત રેરા) નવી સુવિધા શરૂ કરવા જઈ રહી છે. હવે પ્રોપર્ટી ખરીદતા પહેલાં બિલ્ડર કે પ્રમોટરનો ભૂતકાળ અને તેનો ટ્રેક રેકોર્ડ માત્ર એક ક્લિકમાં જાણી શકાશે. ગુજરાત રેરાના વેબ પોર્ટલ પર દરેક રિયલ એસ્ટેટ પ્રોજેક્ટના પેજ પર 'પ્રમોટર્સ ટ્રેક રેકોર્ડ' નામનો નવો વિભાગ ઉમેરવામાં આવશે. આ સુવિધા શરૂ થયા બાદ ગ્રાહકો જે પ્રોજેક્ટમાં ઘર કે દુકાન ખરીદવા માંગતા હોય તેના બિલ્ડરે અગાઉ રાજ્યમાં કયા પ્રોજેક્ટ બનાવ્યા છે, તેની કામગીરી કેવી રહી છે અને અન્ય પ્રોજેક્ટમાં તેની સામે કોઈ ફરિયાદ થઈ છે કે નહીં તેની માહિતી મેળવી શકશે. આ ઉપરાંત ફરિયાદ અંગે ગુજરાત રેરાએ આપેલા ચુકાદા, લીધેલાં પગલાં અને ફટકારવામાં આવેલી પેનલ્ટીની વિગતો પણ જોઈ શકાશે.

નવા વિભાગમાં પ્રમોટરના અગાઉના પ્રોજેક્ટની વિગતો ઉપરાંત અલગ-અલગ પ્રોજેક્ટમાં તેની સામે નોંધાયેલી ફરિયાદો અને ફરિયાદોના નિકાલ અંગેની માહિતી ઉપલબ્ધ કરાવાશે. ગ્રાહકો ફરિયાદના ચુકાદાની નકલ પણ જોઈ શકશે. ગુજરાત રેરા દ્વારા બિલ્ડર સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી હોય અથવા પેનલ્ટી ફટકારવામાં આવી હોય તો તેની વિગતો પણ પોર્ટલ પર મળશે. આ ઉપરાંત પ્રમોટરે પોતાના વિવિધ પ્રોજેક્ટના કેટલા પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કર્યા છે તેની માહિતી પણ ઉપલબ્ધ થશે. જેના આધારે ગ્રાહકો બિલ્ડરની કામગીરી અને પ્રોજેક્ટ પ્રત્યેની જવાબદારીનો અંદાજ મેળવી શકશે. ગુજરાત રેરાના વેબ પોર્ટલ પર હાલમાં રાજ્યના ૧૭ હજારથી વધુ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટની માહિતી ઉપલબ્ધ છે. નાગરિકો કોઈપણ પ્રકારના લોગ-ઈન વિના પ્રોજેક્ટનું નામ અથવા રેરા રજિસ્ટ્રેશન નંબર દાખલ કરીને તેની વિગતો મેળવી શકે છે. પોર્ટલ પર પ્રોજેક્ટના દસ્તાવેજો, મંજૂર થયેલા બિલ્ડિંગ પ્લાન, કાર્પેટ એરિયા, બુકિંગ સ્ટેટસ, પ્રોજેક્ટ પૂર્ણ કરવાની નિર્ધારિત તારીખ અને બાંધકામની પ્રગતિ જેવી વિગતો ઉપલબ્ધ છે. હવે તેમાં પ્રમોટર્સ ટ્રેક રેકોર્ડનો નવો વિભાગ ઉમેરાતાં પ્રોપર્ટી ખરીદદારોને બિલ્ડરની વિશ્વસનીયતા ચકાસવામાં વધુ સરળતા રહેશે. રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ઘણી વખત ગ્રાહકો પ્રોજેક્ટની લોકેશન, સુવિધાઓ



અને કિંમતના આધારે પ્રોપર્ટી ખરીદવાનો નિર્ણય લેતા હોય છે. જોકે બિલ્ડરની અગાઉની કામગીરી, પ્રોજેક્ટ પૂર્ણ કરવાની ક્ષમતા અને ગ્રાહકો સાથેના વિવાદો વિશે પૂરતી માહિતી મળતી નથી. ગુજરાત રેરાની આ પહેલથી ખરીદદારોને પ્રોપર્ટીમાં રોકાણ કરતાં પહેલાં પ્રમોટરનો ભૂતકાળ તપાસવાની તક મળશે. સાથે જ રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં પારદર્શિતા અને જવાબદારી વધારવામાં પણ આ સુવિધા ઉપયોગી બની શકે છે.

તબીબી બેદરકારીના કેસમાં ૧૭ વર્ષે મળ્યો ન્યાય

જાણીતા સંગીતકાર ઈસ્માઈલ દરબારની માતાનાં મોતના કેસમાં ડૉ.પરેશ ભજીયાવાલાને બે વર્ષની કેદ

● વર્ષ ૨૦૦૯માં સુરતની ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સમાં સારવાર દરમિયાન ૭૦ વર્ષીય જૈતુનબીબી દાઝી જતાં થયું હતું મોત ● નર્સ હજુ ફરાર

સુરત, તા.૨૫

બોલીવુડ સિનેમાના જાણીતા સંગીતકાર ઈસ્માઈલ દરબારની માતાના મૃત્યુના ૧૭ વર્ષ જૂના તબીબી બેદરકારીના કેસમાં આખરે કોર્ટનો ચુકાદો આવ્યો છે. સુરતની ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ (GGH) સાથે સંકળાયેલા ડૉ. પરેશ ભજીયાવાલાને કોર્ટે બે વર્ષની સજા ફટકારતાં લાંબા સમયથી ચાલતા આ કેસનો મહત્ત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. ફરિયાદી પક્ષ તરફથી વકીલે કોર્ટમાં ધારદાર દલીલો રજૂ કરી હતી.

આ કેસની વિગતો જોઈએ તો જાન્યુઆરી ૨૦૦૯માં સંગીતકાર ઈસ્માઈલ દરબારનાં ૭૦ વર્ષીય માતા જૈતુનબીબીને તાવ અને અન્ય બીમારીઓની સારવાર માટે સુરતના નાનપુરા વિસ્તારમાં આવેલી ગિરીશ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. સારવાર દરમિયાન હોસ્પિટલ સ્ટાફ દ્વારા ગરમ પાણીની થેલી (હોટ વોટર બેગ) લાંબા સમય સુધી શરીર પર રાખવામાં આવી હોવાનો આક્ષેપ હતો. તેના કારણે જૈતુનબીબીની પીઠ અને હાથના ભાગે ગંભીર દાઝી જવાની ઈજાઓ થઈ હતી.

પરિવારનો આક્ષેપ હતો કે, દાઝી ગયા બાદ પણ સમયસર યોગ્ય સારવાર આપવામાં આવી નહોતી. ત્યારબાદ ફેબ્રુઆરી ૨૦૦૯માં જૈતુનબીબીનું અવસાન થયું હતું. આ ઘટનાને પગલે પરિવારે હોસ્પિટલની સારવાર અને તબીબી બેદરકારી સામે કાયદાકીય લડત શરૂ કરી હતી. આ મામલે સુરતની અઠવા પોલીસે વર્ષ ૨૦૦૯માં તબીબી બેદરકારીના આક્ષેપ હેઠળ ડૉ. પરેશ ભજીયાવાલા સામે ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી. હોસ્પિટલના સંચાલક ડૉ. ગિરીશ શાહ સહિત અન્ય તબીબો સામે પણ પરિવારે બેદરકારીના આક્ષેપો કર્યા હતા. આ કેસની કાર્યવાહી દરમિયાન ફેબ્રુઆરી ૨૦૨૫માં ઈસ્માઈલ દરબારે કોર્ટમાં જુબાની આપી હતી. ચાર્જશીટમાંથી નામ કમી કરાયેલા અન્ય બે ડૉક્ટરો વિરુદ્ધ પણ તેમણે પોતાની જુબાનીમાં વિગતો રજૂ કરી હતી. લાંબા સમયથી ચાલતી કાનૂની પ્રક્રિયા બાદ હવે ડૉ. પરેશ ભજીયાવાલાને બે વર્ષની સજા ફટકારવામાં આવી છે. સુરતની હોસ્પિટલમાં સારવાર દરમિયાન બનેલી આ ઘટનાએ તે સમયે ભારે ચર્ચા જગાવી હતી. હવે ૧૭ વર્ષ બાદ આવેલા કોર્ટના ચુકાદાથી તબીબી સારવારમાં દર્દીઓની સુરક્ષા, હોસ્પિટલની જવાબદારી અને બેદરકારીના કિસ્સાઓમાં કાનૂની કાર્યવાહીના મુદ્દા ફરી ચર્ચામાં આવ્યા છે. આ કેસની સુનાવણી દરમિયાન નર્સ ચંચુબેન જામીન પર મુક્ત થયા હતા પરંતુ ચાલુ ટ્રાયલ દરમિયાન જ તેઓ ફરાર થઈ ગયા હતા અને હાલ તેઓ ભાગેડુ જાહેર થયેલા છે. વર્ષ ૨૦૦૯ના આ ચક્ચારી કેસમાં ડોક્ટર કસૂરવાર ઠરતા બેદરકાર તબીબોસામેલાલબત્તી સમાન દાખલો બેઠો છે.

સોમનાથ મંદિરના ૫૦૦ મીટરના દાયરામાં નોનવેજ વેચાણ પરનો પ્રતિબંધ યથાવત્ : હાઈકોર્ટે સ્ટે લંબાવ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

પ્રસિદ્ધ યાત્રાધામ સોમનાથ મહાદેવ મંદિરની આસપાસ ૫૦૦ મીટરની ત્રિજ્યા અને નિર્ધારિત યાત્રામાર્ગો પર નોનવેજ ખાદ્યપદાર્થોના વેચાણ, સંગ્રહ અને બનાવટ પર પ્રતિબંધ મૂકતા જાહેરનામાને રદ કરનારા હાઈકોર્ટના સિંગલ જજના ચુકાદા સામે ડબલ જજની ડિવિઝન બેન્ચે આપેલો વચગાળાનો સ્ટે આગળ વધારવામાં આવ્યો છે. આ મામલે હવે આગામી ૧૬ ડિસેમ્બર સુધી પ્રતિબંધનો અમલ યથાવત્ રહેશે અને તે દિવસે વધુ સુનાવણી હાથ ધરાશે.

ગત ૩૦ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ આ કેસમાં નાટ્યાત્મક ઘટનાક્રમ સર્જાયો હતો. છ અરજદારો દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી કરતાં હાઈકોર્ટની સિંગલ જજની બેન્ચે નોનવેજ પર પ્રતિબંધ મૂકતું જાહેરનામું રદ કર્યું હતું. અરજદારોએ દલીલ કરી હતી કે આ પ્રતિબંધને કારણે તેમના વેપાર અને રોજગાર પર સીધી અસર પડી રહી છે. સિંગલ જજના આદેશ સામે રાજ્ય સરકારે તાત્કાલિક સ્ટેની માંગ કરી હતી, પરંતુ તે સ્વીકારવામાં આવી નહોતી. ત્યારબાદ રાજ્ય સરકારે એ જ દિવસે સાંજે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ સમક્ષ અપીલ દાખલ કરી હતી. ડિવિઝન બેન્ચે સિંગલ જજના હુકમના અમલ પર વચગાળાની રોક લગાવતાં સોમનાથ મંદિરની આસપાસના ૫૦૦ મીટરના વિસ્તાર તેમજ ભાલકા મંદિરથી ભીડિયા સર્કલ, શંખ સર્કલ, સફારી સર્કલ અને ગીતા મંદિર સહિતના માર્ગો પર નોનવેજ વેચાણ પરનો પ્રતિબંધ ફરીથી અમલમાં મૂક્યો હતો. રાજ્ય સરકાર તરફથી શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી અને પવિત્ર યાત્રાધામની મર્યાદા જાળવવાની દલીલ કરવામાં આવી હતી, જ્યારે અરજદારોએ વ્યવસાય કરવાના બંધારણીય અધિકારનો મુદ્દો ઉઠાવ્યો હતો. આ વિવાદમાં સુપ્રીમ કોર્ટમાં પણ અરજી થઈ હતી, જ્યાં સર્વોચ્ચ અદાલતે વચગાળાની વ્યવસ્થામાં હસ્તક્ષેપ કરવાનો ઇન્કાર કરતાં હાઈકોર્ટને આ અપીલોનો ઝડપી નિકાલ કરવા જણાવ્યું હતું. હવે હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે આ મામલે સુનાવણી ૧૬ ડિસેમ્બર સુધી મુલતવી રાખી છે, જેના કારણે ત્યાં સુધી સોમનાથ મંદિર પરિસરની આસપાસ નોનવેજ ખાદ્યપદાર્થોના વેચાણ પરનો પ્રતિબંધ અમલમાં રહેશે.

પબુભા માણેક બાદ વધુ એક નિવેદન ચર્ચામાં

'પાટીદાર-ચૌધરી એક થવાના પ્રફુલ પટેલના નિવેદનથી રાજકીય ગરમાવો

બંને સમાજ વચ્ચે રોટી-બેટીનો વ્યવહાર થાય : ઊંઝા ઉમિયાધામના પ્રમુખ

અમદાવાદ, તા.૨૫

ગુજરાત વિધાનસભા ચૂંટણીને હજી એક વર્ષ કરતા વધુ સમય બાકી છે. ત્યારે સાબરકાંઠામાં યોજાયેલા અર્બુદા માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં દીવ-દમણના પ્રશાસક પ્રફૂલ પટેલના એક નિવેદનથી રાજનીતિ ગરમાઈ છે. CM અને વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં પ્રફૂલ પટેલે કહ્યું કે, 'મા ઉમિયા, મા અર્બુદા અને મા ખોડિયાર ત્રણેય સગી બહેનો છે, તમે શું કરવા જુદા પડો છો?'

આ વાતને ઊંઝા ઉમિયાધામ ટ્રસ્ટના પ્રમુખ અને પૂર્વ કલેક્ટર મહેન્દ્ર પટેલે પણ સમર્થન આપ્યું છે અને આવનારા દિવસોમાં બંને સમાજ વચ્ચે 'રોટી-બેટી'નો સંબંધ શરૂ કરવાની વાત કરી છે. જ્યારે સિદસર ઉમિયાધામના ઉપપ્રમુખ જગદીશ કોટડીયાએ પણ જણાવ્યું કે, પાટીદાર સમાજના દરેક માતાજી સગાં બહેનો છે તેવો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે તો તેના સંતાનો એક થવા જોઈએ. આજના સમયમાં વિકાસ કરવો હોય તો દરેક સમાજને સાથે રાખવા જોઈએ. એક સામાજિક કાર્યક્રમના મંચ પરથી પ્રફુલ પટેલે પાટીદાર અને ચૌધરી સમાજની એકતા પર ભાર મૂક્યો. પ્રફુલ પટેલે જણાવ્યું કે, "સમાજના જુદા જુદા ઘટકો પોતપોતાના સમાજની વાતો કરે. મારી તો આજે આ સમાજના મંચ ઉપરથી કદાચ કેટલી ઉચિત હશે મારી વાત, એ મને બહુ ખબર નથી, પણ હૃદયમાં જે પડેલો ભાવ છે. મા ઉમિયા, મા અર્બુદા અને મા ખોડિયાર ત્રણેય સગી બહેનો છે, તમે શું કરવા જુદા પડો છો?" તેમના આ નિવેદન બાદ ઉત્તર ગુજરાતના સામાજિક અને રાજકીય વર્તુળોમાં તર્ક-વિતર્ક શરૂ થયા છે. પ્રફુલ પટેલના નિવેદન અંગે ઊંઝા ઉમિયાધામ ટ્રસ્ટના પ્રમુખ મહેન્દ્ર પટેલે પોતાની પ્રતિક્રિયા આપતા આ પહેલને આવકારી છે. મહેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, "ચૌધરી સમાજ અને પાટીદાર સમાજ, જેમાં લેઉવા અને કડવા બંનેનો સમાવેશ થાય છે, અમારો મૂળભૂત ઈતિહાસ એક જ છે. વડવાઓ ધીરે ધીરે સ્થળાંતર કરીને જુદા જુદા વિસ્તારોમાં વસ્યા, પરંતુ બધા ખેતી સાથે સંકળાયેલા છીએ. બનાસકાંઠા, સાબરકાંઠા કે મહેસાણામાં જુઓ તો આજે પણ બંને સમાજની સામાજિક અને રાજકીય પરિસ્થિતિ એકસરખી જ લાગશે." બંને સમાજ આવનારા દિવસોમાં કેવી રીતે એક થઈ શકે તે અંગે મહેન્દ્ર પટેલે સ્પષ્ટ સૂચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, બંને સમાજ વચ્ચે રોટી-બેટીનો વ્યવહાર ચાલુ થાય અને સામાજિક રીતે જોડાય તે જરૂરી છે. આટલા વર્ષો પછી પણ લગ્ન અને સામાજિક રિવાજો એકસરખા જ છે, તેથી જો આ વ્યવહાર શરૂ થાય તો બંને સમાજ ઝડપથી નજીક આવી શકે છે." આ ઉપરાંત તેમણે ઉમેર્યું હતું કે, અન્ય રાજ્યોમાં વસતા કુર્મી સહિતના મૂળ પાટીદાર સમાજો પણ જો એક થાય તો તેમાં કંઈ ખોટું નથી. આ બાબતે શંકર ચૌધરીએ પણ ટેકો આપતા કહ્યું કે 'બધી દેવીઓ જે છે, મા ખોડલ હોય, મા ઉમા હોય, મા અર્બુદા હોય, મા જગદંબાના બધા અલગ અલગ સ્વરૂપો છે. વળી દરેકને સાથે રાખીને આગળ વધીશું, તો દરેકનું કલ્યાણ થશે, દરેકનું ભલું થશે અને નવી પેઢીનું પણ મન લાગે છે કે એની અંદર ઉજ્જવળ ભવિષ્ય હું જોઈ રહ્યો છું."

અત્રે ઉલ્લેખનીય છે કે પાટીદાર-ચૌધરીને એક કરવાના નિવેદન પહેલા ભાજપના જ દિગ્ગજ નેતા પબુભા માણેકે કોળી સમાજના મુખ્યમંત્રીની વાત છેડતા રાજનીતિ ગરમાઈ હતી.

પ્રફુલ પટેલનું નિવેદન ૧૦૦ ટકા રાજકીય : વસોયા

દીવ-દમણ અને દાદરા નગર હવેલીના પ્રશાસક પ્રફુલ પટેલના નિવેદનને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. ત્યારે પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાએ પ્રફુલ પટેલના નિવેદન સામે અસહમતિ વ્યક્ત કરી પલટવાર કર્યો છે અને જણાવ્યું હતું કે, પ્રફુલભાઈ જાહેર મંચ પરથી મા ઉમિયા, મા ખોડલ અને મા અર્બુદાને સગી બહેનો ગણાવે તે યોગ્ય નથી. ઈતિહાસ અને તથ્યોના આધારે ત્રણેય દેવીઓનું અલગ-અલગ અસ્તિત્વ છે. આવી વાતો તમને શોભતી નથી અને અમે તેની સાથે સંપૂર્ણ અસહમત છીએ. તેમણે સ્પષ્ટતા કરી હતી કે લેઉવા પટેલ, કડવા પટેલ અને આંજણા પટેલ સહિતના ખરેખર પાટીદારો તો એકજૂથ છે જ. વર્ષો બાદ ચૌધરી સમાજના મંચ પરથી આ પ્રકારનું નિવેદન સામે આવ્યું છે, જેમાં ૧૦૦ ટકા રાજકીય ગંધ આવે છે.

નાસીરનગર ડિમોલિશન કેસમાં નવો વળાંક

હાઈકોર્ટના રૂબરૂ હાજર રહેવાના આદેશ સામે સુરત મ્યુનિ. કોર્પો.ની અપીલ; આજે સુનાવણી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૨૫

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલિશન અને અસરગ્રસ્તોને વૈકલ્પિક આવાસ ન આપવાના મામલે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટના આદેશ સામે અપીલ દાખલ કરવામાં આવી છે. અગાઉ હાઈકોર્ટના જસ્ટિસ નિખીલ કારીયેલે આ મામલે કડક વલણ અપનાવીને સુરત મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સામે ક્રિમિનલ કન્ટેમ્પ્ટની કાર્યવાહી શરૂ કરી હતી અને બંનેને આગામી ૨૭ નવેમ્બરના રોજ કોર્ટ સમક્ષ રૂબરૂ હાજર રહેવા આદેશ કર્યો હતો. હવે એસએમસીએ અધિકારીઓને કોર્ટમાં વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ અપાવવા અને આ આદેશને પડકારવા માટે અપીલ કરી છે, જેના પર આવતીકાલે મહત્ત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવશે.

આ સમગ્ર વિવાદ નાસીરનગરના એ રહીશોની અરજી પરથી શરૂ થયો હતો, જેમણે આક્ષેપ કર્યો હતો કે કોઈપણ પ્રકારની પૂર્વ સૂચના કે કાયદાકીય પ્રક્રિયાના પાલન વિના તેમના મકાનો તોડી પાડવામાં આવ્યા હતા. પીડિતોનો આરોપ છે કે ખાનગી જમીન માલિકોના ઈશારે રસ્તા પર બાધારૂપ હોવાનું બહાનું આગળ ધરીને આ કાર્યવાહી કરવામાં આવી છે. અગાઉની સુનાવણી દરમિયાન રાજ્યના એડવોકેટ જનરલ દ્વારા કોર્ટને ખાતરી આપવામાં આવી હતી કે ડિમોલિશનના અસરગ્રસ્તોને યોગ્ય વૈકલ્પિક રહેઠાણ પૂરું પાડવામાં આવશે.

જોકે, ત્યારબાદ સુરત મ્યુનિસિપલ કમિશનર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને અચાનક વલણ બદલીને બાંધકામો જાહેર રસ્તા પર હોવાની દલીલ સાથે વૈકલ્પિક આવાસ આપવાનો સ્પષ